## શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ

# ઉપકારસ્મૃતિ-અંક



ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતભાઈ
(પરમાગમશાસ્ત્રનો અનુવાદ કરતા)



પૂજ્ય ગુરુદેવના પ્રતાપે નિર્મિત પરમાગમમંદિરના શિલાન્યાસ અવસરે
પં. શ્રી હિંમતભાઈ દ્વારા તામ્રપ્રશસ્તિ-વાચન



અનુવાદક પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા ગુજરાતી સમયસારની
ત્રીજી આવૃત્તિની પૂજ્ય ગુરુદેવશ્રીને અર્પણવિધિ

કહાન
સંવત-૨૩
વર્ષ-૫૯
અંક-૮-૯
[૭૧૨-૭૧૩]




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૨૯
સં. ૨૦૫૯
feb.-mar.
A.D. 2003

**પંચપરમાગમના અનુવાદક, કુંદકુંદભારતીના પનોતા પુત્ર, ઊંડા આદર્શ આત્માર્થી, કહાનગુરુ-શાસનનભના તેજસ્વી નક્ષત્ર પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહનો**

# સંક્ષિપ્ત જીવનપરિચય

*—પ્રસ્તુત કર્તા : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ*

અધ્યાત્મયુગપ્રવર્તક ચિદાનંદરસાસ્વાદી પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની કૃપાભીની પવિત્ર આજ્ઞા ઝીલીને અને સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની કલ્યાણી પ્રેરણાથી, અધ્યાત્મવિદ્યાના ઉત્કૃષ્ટ જ્યોતિર્ધર પરમપૂજ્ય શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવનાં મહાકલ્યાણકારી સમયસાર આદિ પંચપરમાગમોનો અતિભક્તિપૂર્વક ભાવવાહી ગુજરાતી અનુવાદ કરવાનું મહાન સૌભાગ્ય જેમને સાંપડ્યું હતું એવા, પંચપરમાગમોનાં હાર્દને પ્રકાશનાર, પૂજ્ય બહેનશ્રીના વડીલ બંધુ, આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતભાઈનો શુભ જન્મ સૌરાષ્ટ્રના વઢવાણ શહેરમાં વિ. સં. ૧૯૬૪, શ્રાવણ વદ ૧૪ (તા. ૨૫-૮-૧૯૦૮)ને મંગળવારના શુભ દિને થયો હતો. તેમનાં માતુશ્રીનું નામ 'તેજબા' અને પિતાશ્રીનું નામ જેઠાલાલભાઈ હતું.

તેમના કુટુંબમાં પહેલેથી જ સદાચારનું તેમ જ ધર્મનું વાતાવરણ તો હતું જ. પિતાશ્રી સ્વભાવતઃ સરળ, શુદ્ધ નૈતિક જીવનવાળા, અત્યંત પ્રામાણિક અને ધર્મપ્રેમી હતા. માતુશ્રી તેજસ્વી બુદ્ધિવાળાં, વિશેષ ધાર્મિક વૃત્તિવાળાં અને વીર્યવાળાં હતાં; ધાર્મિક ક્રિયાઓમાં સારો રસ લેતાં. આવા સદાચારી અને ધર્મપ્રેમી કુટુંબમાં જન્મેલા શ્રી હિંમતભાઈને પહેલેથી જ ધર્મના સંસ્કાર હતા. તેમણે પ્રાથમિક તેમ જ માધ્યમિક કેળવણી વઢવાણમાં જ લીધેલી. શાળાના અભ્યાસમાં ગણિત તેમનો પ્રિય વિષય હતો. બુદ્ધિપ્રતિભા તેજસ્વી હોવાથી વિ. સં. ૧૯૮૧ (ઈ. સ. ૧૯૨૫)માં તેઓ મેટ્રિકની પરીક્ષામાં અમદાવાદકેન્દ્રમાં પ્રથમ આવ્યા હતા.

હિંમતભાઈ નાનપણથી જ ખૂબ વિચારક, વૈરાગી, નિર્માની અને સત્યના શોધક હતા. પહેલેથી જ એમની વૃત્તિ ધર્મ તરફ વળેલી હોવાથી, તેમનું જીવન એકધારું સાદું, પવિત્ર, સત્યનું આગ્રહી તથા ધાર્મિક હતું. તેઓ સત્ય વાતને ઊંડાણથી સમજવાના જિજ્ઞાસુ હતા અને સત્ય નક્કી કર્યા વગર તેમને સંતોષ થતો નહિ. તેઓ દરેક વાતનો બધાં પડખેથી વિચાર કરીને, તેનાં ઊંડાણમાં જઈને જ, પછી નિર્ણય કરતા. તેઓ સ્વભાવે શાંત, નમ્ર, વિવેકી, ગંભીર, નિખાલસ અને એકાંતપ્રિય તેમ જ સિદ્ધાન્તવાદી હતા; સિદ્ધાંતને દૃઢપણે વળગી રહેવાની તેમની પ્રકૃતિ હતી.

તેઓ આજન્મ-વૈરાગી હતા. તેમનું ચિત્ત વૈરાગ્યથી ઘણું જ ભિંજાયેલું હોવાથી તેમને પહેલેથી જ વૈરાગી પદો ગાવાનો રસ હતો; અને અંતરથી આ જ ભવમાં આત્માનું કરી લેવું છે એવી તેમની તીવ્ર ભાવના હતી. તેમની મુખમુદ્રા સદા ગંભીર અને વિચારમગ્ન રહેતી, તથા તેઓ જાહેરપ્રવૃત્તિ અને ધમાલથી બિલકુલ અળગા રહેતા. બહાર પડવાની–પ્રસિદ્ધિની તેમને જરા પણ ઇચ્છા નહોતી. બાહ્ય જીવનમાં તેમને નીરસતા લાગતી અને અંતરમાં તેમને ખેદ રહ્યા કરતો કે—'આ જીવન આત્મા મેળવ્યા વિના આમ ને આમ ચાલ્યું જાય છે !' તેઓ પ્રાયઃ આત્મપ્રાપ્તિના વિચારની ધૂનમાં રહ્યા કરતા.

તેમનું જીવન પ્રથમથી જ સાધ્યલક્ષી હતું, અને તે સાધ્ય મોક્ષપ્રાપ્તિ હતું; તેથી તેઓ તત્ત્વ સ્પષ્ટ કરે અને વૈરાગ્ય–ઉપશમ દૃઢ કરે એવાં ધાર્મિક પુસ્તકોનું વાંચન કરતા, અને તેમનાં નાનાં બહેનને (પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને) નાનપણમાં તે પુસ્તકોનું વાંચન કરવાનું કહેતા. વળી, તેઓ પૂજ્ય બહેનશ્રીને કહેતા કે—''આપણે સ્વતંત્રપણે ને નિષ્પક્ષપણે વિચારવું જોઈએ. 'જૈન'માં જન્મ્યાં એટલે તે ધર્મ સાચો છે એમ માનીને ન ચાલવું, નિષ્પક્ષપણે વિચારવું.'' —આમ પહેલેથી દરેક વાતની પરીક્ષા કરી તેઓ પોતે પોતાથી નિર્ણય કરતા. તેઓ પૂજ્ય બહેનશ્રી સાથે ધાર્મિક વાંચન તેમ જ તત્ત્વચર્ચા ઘણી કરતા.

અધ્યાત્મયુગપુરુષ સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પવિત્ર દર્શનનો અને તેમનાં અધ્યાત્મરસમય વ્યાખ્યાનોનાં સાક્ષાત્ શ્રવણનો અનુપમ લાભ શ્રી હિંમતભાઈને સૌ પ્રથમ વિ. સં. ૧૯૮૨ (ઈ. સ. ૧૯૨૬)માં ૧૮ વર્ષની લઘુ વયે વઢવાણમાં થયો હતો. તે વખતે પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનું ચાતુર્માસ વઢવાણમાં હતું. ત્યારે હિંમતભાઈ અમદાવાદની ગુજરાત-કોલેજમાં ઇન્ટરસાયન્સનો અભ્યાસ કરતા હતા; અને તેમના મોટાભાઈ શ્રી વજુભાઈ વઢવાણ હતા. વજુભાઈએ, પૂજ્ય ગુરુદેવશ્રીનાં વ્યાખ્યાનો સાંભળીને, તેમને અમદાવાદ પત્ર લખ્યો કે—''અહીંયાં એક મહારાજ આવ્યા છે; તેઓ વ્યાખ્યાન વાંચતાં, શરૂઆતમાં 'સ્વાનુભૂતિ કોઈ અપૂર્વ ચીજ છે'—એમ કહીને સમ્યગ્દર્શનની અદ્‌ભુત વાત કરે છે. 'ચામડાં ઊતરડીને ખાર છાંટે છતાં પણ ક્રોધ ન કરે—એવી ક્ષમા જીવે અનંત વાર પાળી, છતાં ભવભ્રમણ ટળ્યું નહિ. આત્માનુભવ સહિત સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે તો જ ભવભ્રમણ ટળે.'—આમ કહી સમ્યગ્દર્શનનો અદ્‌ભુત મહિમા સમજાવે છે.'' આ પત્ર વાંચતાં હિંમતભાઈ તરત જ વઢવાણ આવ્યા. પૂજ્ય ગુરુદેવશ્રીની તર્કશુદ્ધ સચોટ જોરદાર અધ્યાત્મવાણીથી તેમ જ તેઓશ્રીનાં પ્રત્યક્ષ દર્શનથી હિંમતભાઈના જીવનમાં સારો પ્રભાવ પડ્યો, અને અંતરમાં તેમને એવો અહોભાવ આવ્યો કે 'અહા ! આ મહાપુરુષ કોઈ જુદા જ છે, આત્માનું કોઈ અપૂર્વ સ્વરૂપ બતાવી રહ્યા છે !'—આમ સત્યના શોધક શ્રી હિંમતભાઈને સન્માર્ગદર્શક સાચા ગુરુની પ્રાપ્તિ થતાં, તેમના પ્રત્યે એમનું હૃદય આકર્ષાયું.

તેઓ નાની યુવાન વયે પણ પૂજ્ય ગુરુદેવને ઘણી વાર તાત્ત્વિક પ્રશ્નો પૂછતા. રાજકોટના ચોમાસામાં એક વાર તેમણે પૂજ્ય ગુરુદેવશ્રીને પૂછ્યું : ''સાહેબ ! આપ સમકિતની વાત દૃઢતાપૂર્ણ આટલા જોરથી કહો છો તે અનુભવથી કહો છો કે શાસ્ત્રના આધારે ?'' તેના ઉત્તરમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ કહ્યું : ''વ્યક્તિગત તો શું કહેવાય ? પણ છૂટો છે, છૂટી રહ્યો છે, છૂટો થવાનો છે.''—આ જવાબ સાંભળતાં જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે એક આત્માનુભવી મહાપુરુષ મળ્યાનો ને પૂજ્યપણાનો ભાવ અનુભવાયો. અંતરથી તેમને એવો અનેરો પ્રમોદ આવ્યો કે 'અહો ! હું આત્માનુભવી સત્પુરુષની શોધમાં હતો તે મને સાક્ષાત્ મળ્યા, તેમની વાણી અક્ષરશઃ સત્ય છે.' આ પ્રસંગથી પૂજ્ય ગુરુદેવશ્રીના નિકટના કાયમી સહવાસ માટે એમનું હૃદય સદાય ઝંખતું.

વિ. સં. ૧૯૮૯ (ઇ. સ. ૧૯૩૨)ના કારતક માસમાં પૂજ્ય ગુરુદેવનાં દર્શન અને વાણીનો લાભ લેવા હિંમતભાઈ પૂજ્ય બહેનશ્રી સાથે જામનગર ગયા હતા. ત્યાં તેમણે પૂજ્ય ગુરુદેવને પ્રશ્ન કર્યો કે–'મહારાજ સાહેબ ! બે જીવોને આઠેય કર્મનાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગ ને ઉદય વગેરે બધું સરખું હોય તો તે બે જીવો તે સમયે સરખા ભાવ કરે કે જુદા ભાવ કરે ?' ગુરુદેવે કહ્યું : 'જુદા ભાવ કરે.' હિંમતભાઈએ કહ્યું : 'સ્વભાવ તો સરખા છે અને બંનેને કર્મના પ્રકારોમાં પણ બધું સરખું છે તો પછી શું કામ જુદા ભાવ કરે ?' તેનો જવાબ આપતાં પૂજ્ય ગુરુદેવે કહ્યું : 'અકારણ પારિણામિક દ્રવ્ય છે'; અર્થાત્ જેનું કોઈ કારણ નથી એવા ભાવે સ્વતંત્રપણે પરિણમતું દ્રવ્ય છે, તેથી તેને પોતાના ભાવ સ્વાધીનપણે કરવામાં ખરેખર કોણ રોકી શકે ? તે સ્વતંત્રપણે પોતાનું બધું કરી શકે છે.

પૂજ્ય ગુરુદેવનો ઉત્તર સાંભળીને હિંમતભાઈને અંતરમાં આનંદ સહ એવો મહિમા આવ્યો કે 'વાહ ! પૂજ્ય મહારાજ સાહેબે જીવની સ્વાધીનતાનું કેવું સુંદર સ્પષ્ટીકરણ કર્યું !' આ વાત તેમણે પૂજ્ય બહેનશ્રીને કરી; તે સાંભળીને બહેનશ્રી પ્રમુદિત થયાં, કારણ કે બહેનશ્રીનો પણ, પૂજ્ય ગુરુદેવશ્રીની જેમ, પુરુષાર્થ જ જીવનમંત્ર હતો.

—આમ વિવિધ પ્રકારના આત્માર્થભીના પ્રશ્નો પૂછીને પૂજ્ય ગુરુદેવશ્રીના અમૃતસમ શીતળ આશ્રયતળે શ્રી હિંમતભાઈ પોતાના આત્માર્થનું પોષણ કર્યા કરતા.

તેમનું ધ્યેય એકમાત્ર આત્માની ઉન્નતિ સાધવાનું હોવાથી તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીનો ચારેય બાજુથી વિચાર કરતા, અને તે સંબંધી પૂજ્ય બહેનશ્રી સાથે ચર્ચા કરતા. પૂજ્ય ગુરુદેવશ્રીનાં વ્યાખ્યાનમાં સાંભળેલી તત્ત્વજ્ઞાનની યથાર્થ ઝીણી વાતોની— સમ્યગ્દર્શનનું માહાત્મ્ય, આત્માનો શુદ્ધ સ્વભાવ, કર્મ અને આત્માનું સ્વતંત્ર પરિણમન વગેરે ઘણી વાતોની—ચર્ચા તેઓ પૂજ્ય બહેનશ્રી સાથે કરતા. તદુપરાંત તેઓ પૂજ્ય બહેનશ્રી સાથે ધાર્મિક પુસ્તકોનું વાંચન અને ચિંતન કરતા. બહેનશ્રીને તેઓ કહેતા : ''આપણે જે શાસ્ત્ર વાંચીએ તેના એકેએક શબ્દના ઊંડાણમાં જઈને અર્થ સમજવો જોઈએ, ઉપલક ઉપલક કાઢી ન નાખવું. દા. ત. 'મુમુક્ષુ' શબ્દ આવતાં— 'મુમુક્ષુ કોને કહેવાય ?—કે મોક્ષની ઇચ્છાવાળો તે મુમુક્ષુ. મોક્ષની ઇચ્છાવાળો કોને કહેવાય ?—મોક્ષસ્વરૂપે કે મોક્ષના અંશરૂપે પરિણમેલા, નિર્વિષયી, નિર્વિકારી, ઉપશાંતમૂર્તિ, શાંતમુદ્રાધારી મહાત્માને જોઈને તેમના જેવા થવાનો નિષ્કારણ શોખ જેને હોય તે 'મુમુક્ષુ'. આમ હિંમતભાઈ સ્વતંત્રપણે વિચારીને અર્થ બેસાડતા. તેઓ, પૂજ્ય ગુરુદેવે કહેલી આશ્ચર્યકારી વાત કે, 'જીવ અશુદ્ધિ કરે ત્યારે પણ સામર્થ્ય-અપેક્ષાએ તેમાં શુદ્ધિ રહે છે.'—તે વાત સંબંધી ઊંડી ચર્ચા પૂજ્ય બહેનશ્રી સાથે ઘણી કરતા. તત્ત્વસંબંધી વિચારો સ્પષ્ટ થાય અને તેનું ઘૂંટણ રહ્યા કરે તે હેતુથી તેઓ તાત્ત્વિક વિષયો ઉપર લેખ–નિબંધો લખતા. આ મનુષ્યભવમાં જલદી મોક્ષ માટેનો પુરુષાર્થ પ્રગટ કરી, ભવભ્રમણ ટાળવાની તેમને તીવ્ર ઝંખના રહેતી હોવાથી આત્મા પ્રાપ્ત કરવા તરફના તેઓ ઉગ્ર પુરુષાર્થી હતા.

હિંમતભાઈ B.Sc. થયેલ. તદુપરાંત તેમને સંસ્કૃત ભાષાનો તેમ જ જૈન તત્ત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ હતો. જૈન ધર્મનું એમનું જ્ઞાન અગાધ હતું. જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતો વિષેની ઘણી જ ઊંડી તથા પ્રતીતિકર ચર્ચા તેઓ અત્યંત ઉત્સાહથી રસપૂર્વક કરતા. તેમનું જૈન ધર્મનાં મૂળ અધ્યાત્મ શાસ્ત્રોનું વાંચન ગહન હતું; અને તેના સિદ્ધાંતો જીવનમાં ઉતારવાનો તેમણે સફળ પ્રયત્ન કર્યો હતો. તેઓ વિ. સં. ૧૯૮૭ (ઇ. સ. ૧૯૩૧)માં સુરતની સાર્વજનિક હાઈસ્કૂલમાં, ગણિત અને વિજ્ઞાનના

શિક્ષક તરીકે, જોડાયા હતા. વેકેશનમાં પૂજ્ય ગુરુદેવ જ્યાં બિરાજતા હોય ત્યાં સત્સંગનો લાભ લેવા તેઓ પહોંચી જતા. તેઓ સુરત રહેતા હતા તે દરમ્યાન વિ. સં. ૧૯૮૯ (ઇ. સ. ૧૯૩૩)માં વાંકાનેર મધ્યે એક મંગલકારી અભૂતપૂર્વ ઘટના બની; તેના આનંદદાયી સમાચાર તેમને સુરત પ્રાપ્ત થયા. તેમની નાનકડી બહેન (પૂજ્ય બહેનશ્રી) ચંપાનો પત્ર આવ્યો કે, ''સંસાર દુઃખમય છે. માટે આત્માને પુરુષાર્થ કરી તેમાંથી તારી લેવાની જરૂર છે. પ્રમાદ કરવો યોગ્ય નથી; જૈન દર્શન સત્ય છે એમ મેં તો જાણ્યું છે. તમે પણ પ્રમાદ છોડી, વૈરાગ્ય વધારી વિચારશો તો એમ જ જણાશે. પ્રમાદ કર્તવ્ય નથી.'' પૂજ્ય બહેનશ્રી પહેલેથી જ ખૂબ જ તોળી-તોળીને શબ્દો બોલતાં હોવાથી, તીક્ષ્ણ બુદ્ધિના ધારક હિંમતભાઈને થયું કે, "**જૈન દર્શન સત્ય છે એમ મેં તો જાણ્યું છે.**"—એમ લખનાર બહેન ચંપાને શું સમ્યગ્દર્શન થયું હશે ? આથી આ બાબત પુછાવતાં પૂજ્ય બહેનશ્રીનો જવાબ આવ્યો કે, "**આ આત્માને પરિભ્રમણનો કિનારો આવી ગયો છે.**" આવા મંગલકારી સમકિતના પ્રથમ સમાચાર તેમને સુરતમાં મળતાં તેઓ દિંગ જ થઈ ગયા અને અંતરમાં તેમને ઘણો જ પ્રમોદ થયો. પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય બહેનશ્રી જેવા બબ્બે મહાન આત્માનુભવીનો આ કાળમાં પોતાને યોગ બનતાં અંદરથી કોઈ અદ્‌ભુત ઉલ્લાસ વેદાયો અને આત્મપ્રાપ્તિનો પુરુષાર્થ કરવાની પ્રબળ પ્રેરણા મળી. તેમને અંદરમાં એવું વેદન રહ્યા કરતું કે—આ કાળે પરમાર્થને અનુકૂળ સર્વ યોગ સંપ્રાપ્ત થયા તે આપણું પરમ સદ્‌ભાગ્ય છે; બાહ્ય યોગ મળવામાં તો કાંઈ ન્યૂનતા રહી નથી; હવે પુરુષાર્થ તો આપણે પોતે જ કરવાનો રહે છે. આવું પુરુષાર્થમય–વૈરાગ્યમય હિંમતભાઈનું જીવન હતું.

વિ. સં. ૧૯૯૧ (ઇ. સ. ૧૯૩૫)માં સૌરાષ્ટ્રના સોનગઢમાં એક આશ્ચર્યકારક પ્રસંગ બન્યો. પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ સોનગઢ મધ્યે સંપ્રદાયના ત્યાગરૂપ 'પરિવર્તન' કર્યું. પૂજ્ય ગુરુદેવના સ્વાધ્યાય અને પ્રવચન માટે ભક્તો તરફથી 'સ્વાધ્યાયમંદિર' બંધાવવામાં આવ્યું. તેનું ઉદ્‌ઘાટન વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ આઠમના દિને થયું હતું. તે ઉદ્‌ઘાટનનો પ્રસંગ હિંમતભાઈના જીવનમાં યાદગાર બન્યો. તે પ્રસંગે સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના પવિત્ર હસ્તે શ્રી સમયસાર શાસ્ત્રની સ્થાપનાવિધિ હતી. તે પ્રસંગને અનુરૂપ શ્રી હિંમતભાઈ તત્ત્વરસપૂર્ણ તેમ જ અતિભાવવાહી 'સમયસાર-સ્તુતિ' બનાવીને લાવ્યા હતા. તે દિવસે પૂજ્ય ગુરુદેવશ્રીએ વ્યાખ્યાનમાં સમયસાર શાસ્ત્રનો ખૂબ મહિમા કર્યો, અને અનેક વાર કહ્યું કે—'આ સમયસારની મૂળ પ્રાકૃત ગાથાઓનું કોઈએ ગુજરાતી (પદ્ય) નહિ કર્યું હોય ? પૂજ્ય ગુરુદેવની ભાવના સાંભળીને અંદરથી ભાવ આવતાં હિંમતભાઈએ તે દિવસે પોતાના નિવાસસ્થાને લાઠીના ઉતારામાં જઈને સમયસારની પહેલી પાંચ પ્રાકૃત ગાથાઓનું ગુજરાતી હરિગીત બનાવ્યું, અને સૌ પ્રથમ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને ગાઈ સંભળાવ્યું; તે સાંભળતાં જ પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સહજ હૃદયોદ્‌ગાર નીકળ્યા કે—'વાહ ! જાણે સાક્ષાત્ કુંદકુંદાચાર્ય ગાતા હોય તેવું લાગે છે.' તેમણે કહ્યું : 'તમે આ હરિગીત પૂજ્ય ગુરુદેવશ્રીને સંભળાવો.' રાત્રે તત્ત્વચર્ચા વખતે હિંમતભાઈએ પૂજ્ય ગુરુદેવશ્રી સમક્ષ પહેલી પાંચ ગાથાઓનું આ હરિગીત ગાઈ સંભળાવ્યું. તે સાંભળીને પૂજ્ય ગુરુદેવ ખૂબ જ પ્રમુદિત થયા, અને કહ્યું કે ''બહુ સરસ છે, હવે તમે બધીયે ગાથાઓનું હરિગીત બનાવો.'' હિંમતભાઈએ કહ્યું : 'સાહેબ ! મને ન આવડે, આ તો મને સહજ ભાવ આવ્યો તેથી પાંચ ગાથા સહેજે બની ગઈ.' ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ કહ્યું : 'આવડશે....આવડશે.' ત્યારથી પૂજ્ય ગુરુદેવશ્રીની ભાવનાથી પ્રેરિત હિંમતભાઈએ સમયસારની મૂળ પ્રાકૃત ગાથાઓનું ગુજરાતી હરિગીત બનાવવાનું શરૂ કર્યું. આશ્ચર્યની વાત તો એ છે કે

ભગવત્કુંદકુંદાચાર્યદેવના સમયસારની પ્રાકૃત ગાથાઓનો હિન્દી કે ગુજરાતી પદ્યાનુવાદ શબ્દશઃ બે હજાર વર્ષમાં કોઈએ કરેલ ન હતો, જે સર્વપ્રથમ શ્રી હિંમતભાઈએ મૂળ ગાથાઓના ભાવો જાળવીને ગુજરાતી પદ્યાનુવાદ કર્યો. સુરતથી તેઓ હરિગીત બનાવીને સોનગઢ મોકલતા ગયા, તેનાં પાનાં છપાતાં ગયાં, અને પૂજ્ય ગુરુદેવે તે ગુજરાતી હરિગીતનો જાહેરમાં સ્વાધ્યાય કરવાનું શરૂ કરાવ્યું. આમ સમયસારનાં હરિગીતનો સ્વાધ્યાય સમૂહરૂપે કરવાની પ્રથા શરૂ થઈ.

બંધ અધિકારનું–૨૮૭ ગાથા સુધીનું–ગુજરાતી હરિગીત બન્યા પછી દિવાળીના વેકેશનમાં હિંમતભાઈ સોનગઢ આવ્યા. તે અરસામાં, પૂજ્ય ગુરુદેવની મંગલ ઉપસ્થિતિમાં, કેટલાક મુમુક્ષુઓ વચ્ચે સમયસારનું—પં. જયચંદ્રજી કૃત હિન્દીનું—બીજા કોઈએ કરેલ ગુજરાતી ભાષાંતર વંચાતું હતું. તેમાં ૨૦–૨૧–૨૨મી ગાથાની ટીકામાં અગ્નિ અને ઈંધનના દૃષ્ટાંત દ્વારા 'આત્મા પરદ્રવ્યનો (પુદ્ગલાદિનો) ત્રણેય કાળમાં નથી'–એ સમજાવવા આચાર્યદેવે કહ્યું છે કે– ''.....અગ્નિનું ઈંધન પહેલાં હતું નહિ, ઈંધનનો અગ્નિ પહેલાં હતો નહિ,—અગ્નિનો અગ્નિ પહેલાં હતો, ઈંધનનું ઈંધન પહેલાં હતું; અગ્નિનું ઈંધન ભવિષ્યમાં થશે નહિ, ઈંધનનો અગ્નિ ભવિષ્યમાં થશે નહિ, અગ્નિનો અગ્નિ જ ભવિષ્યમાં થશે, ઈંધનનું ઈંધન જ ભવિષ્યમાં થશે.''–એમ મૂળમાં કહેવું છે તેને બદલે ભાષાંતર એમ કરવામાં આવ્યું હતું કે 'અગ્નિ પહેલાં ઈંધન નહોતું, ઈંધન પહેલાં અગ્નિ નહોતો; તેમ આત્મા પહેલાં પરદ્રવ્ય (પુદ્ગલાદિ) નહોતું અને પરદ્રવ્ય પહેલાં આત્મા નહોતો.' તે ભાષાંતર બરાબર નહોતું. અહીં પહેલાં કોણ કે પછી કોણ ?—તે વાત જ નથી. અહીં તો બે દ્રવ્યો વચ્ચે પરમાર્થે સ્વસ્વામીસંબંધ નથી—એમ કહેવું છે. આવી ગંભીર ભૂલ તરફ હિંમતભાઈનું ધ્યાન જતાં, તેમણે પૂજ્ય બહેનશ્રીને વાત કરી કે—હિન્દીમાંથી ગુજરાતી ભાષાંતર કરતાં આ ગાથાઓમાં કહેલા આચાર્યદેવના મૂળભૂત ભાવો જળવાતા નથી, અને આવી ગંભીર ભૂલો થાય છે. પૂજ્ય બહેનશ્રીએ કહ્યું : 'તમે પૂજ્ય ગુરુદેવને વાત કરો.' હિંમતભાઈએ પૂજ્ય ગુરુદેવને વાત કરી કે—'સાહેબ ! હિન્દીમાંથી ગુજરાતી ભાષાંતર કરતાં ગંભીર ભૂલો રહી જાય છે. આ ગાથાઓમાં આચાર્યદેવના ભાવ જળવાતા નથી.' તે સાંભળીને પૂજ્ય ગુરુદેવે હિંમતભાઈને કહ્યું : 'તો સમયસારનો ગુજરાતી ગદ્યાનુવાદ પણ તમે જ કરો.' પૂજ્ય બહેનશ્રીએ, આ વાત જાણીને હિંમતભાઈને કહ્યું : 'આવું મહાન પવિત્ર કાર્ય તમારા હાથે થાય તે તો મહાભાગ્ય હોય તો જ બને, તો ના પાડશો નહિ; પૂજ્ય ગુરુદેવની કૃપાથી બધું સારું જ થશે.' આમ પૂજ્ય ગુરુદેવની પવિત્ર નિશ્રામાં, તેમની કૃપાભીની આજ્ઞાથી અને પૂજ્ય બહેનશ્રીની પવિત્ર પ્રેરણાથી, શ્રી હિંમતભાઈએ વિ. સં. ૧૯૯૫ (ઈ. સ. ૧૯૩૯)માં સમયસારની શ્રી અમૃતચંદ્રાચાર્ય કૃત મૂળ સંસ્કૃત ટીકાનો સીધો ગુજરાતી અનુવાદ કરવાનું ૩૦ વર્ષની નાની વયે શરૂ કર્યું. તે ટીકામાં આચાર્યદેવના મૂળ ભાવો ઘણા જ ઊંડા છે, તેથી તેમનું મુખ્ય ધ્યેય એ હતું કે અનુવાદમાં તેની ઊંડપ બરાબર જળવાવી જોઈએ. જૂના હિન્દી ભાષાંતરમાં જે 'ઔર કૈસા હૈ ?'.....'ઔર કૈસા હૈ ?'–એમ કરીને વાક્યના ટૂકડા થતાં કાર્ય-કારણની શૃંખલા જળવાતી નથી; અને તેથી આચાર્યદેવના મૂળ ભાવ બરાબર ઊઠતા નથી. માટે હિંમતભાઈએ આચાર્યદેવની મૂળ સંસ્કૃત ટીકાને અડીને, તેમના ભાવોની ઊંડપ અને ગંભીરતા બરાબર જાળવીને, સીધો ગુજરાતી અનુવાદ કર્યો છે. આ અનુવાદ સંસ્કૃતનું માત્ર ગુજરાતી ભાષાંતર જ નથી, પરંતુ શાસ્ત્રકાર અને ટીકાકાર આચાર્યભગવંતોને શું કહેવું છે ? તેમના હૃદયના ભાવોનું ઊંડાણ શું છે ?—તે ગહન ભાવો પણ હિંમતભાઈએ આ અનુવાદ દ્વારા ગુજરાતી ભાષામાં મૂક્યા છે. અનુવાદ આગળ થતો જતો હતો અને સાથે સાથે થયેલા અનુવાદનાં પાનાં સોનગઢમાં છપાતાં જતાં હતાં. તે પાનાં વાંચતાં વાંચતાં ગુરુદેવ ખૂબ જ પ્રમુદિત થઈને બોલ્યા

હતા : ''હિંમતભાઈનો આ સ્વતંત્ર અનુવાદ છે, હિન્દીનું ભાષાંતર નથી, મૂળ સંસ્કૃત ઉપરથી સીધો અનુવાદ છે. વાહ ! વાહ ! કાઠિયાવાડનાં પણ ભાગ્ય છે ને !''

સમયસારના જૂના હિંદી સંસ્કરણમાં અનેક સ્થળે સંસ્કૃત ટીકામાં છાપવાની અશુદ્ધિ છે, જે પાઠ સાથે સુસંગત નથી. આવા સ્થળે હિંમતભાઈ અનુવાદ કરતાં ખૂબ વિચારતા અને સ્વકીય સૂઝથી આગળ-પાછળનો મેળ કરીને તેનો અર્થ બેસાડતા. સંસ્કૃત ટીકાની હસ્તલિખિત જૂની પ્રતો મગાવીને જોઈ જતા, અને તેમાંથી તેમની સૂઝ પ્રમાણે પાઠને યોગ્ય સંસ્કૃત શબ્દો મળી આવતા. દા.ત. :–૨૧૬મી ગાથાની સંસ્કૃત ટીકામાં 'तत्र यो भावि कांक्षमाणं' છપાયેલું છે. જૂના હિંદી ભાષાંતરમાં પણ 'भावि' શબ્દ પ્રમાણે અર્થ કરેલ છે, જે આચાર્યદેવના ભાવ સાથે સુસંગત નથી. હિંમતભાઈને, ખૂબ વિચારતાં, ત્યાં 'भावि'ને બદલે 'भाव:' શબ્દ યોગ્ય લાગ્યો, જેનો પાઠ સાથે બરાબર મેળ બેસતો હતો. અહીં, બીજી જૂની સંસ્કૃત પ્રતો તપાસતાં એક પ્રતમાંથી 'तत्र यो भाव: कांक्षमाणं'–એમ હિંમતભાઈની સ્વયં સૂઝ પ્રમાણે બરાબર મળી આવ્યું. તેવી રીતે ૩૦૭મી ગાથાની સંસ્કૃત ટીકામાં પ્રેસની ભૂલથી જૂના હિન્દી સંસ્કરણમાં 'श्रुतिरूपा जयति' છપાયેલ છે. ખરેખર ત્યાં 'श्रुतिस्त्याजयति' જોઈએ. આ ગાથાનો અનુવાદ કરતાં, હિંમતભાઈને છપાયેલ પાઠ બરાબર ન લાગ્યો. અહીં, દ્રવ્યપ્રતિક્રમણને છોડવાનું નથી કહેતાં, પણ શ્રુતિ (–શાસ્ત્ર) દ્રવ્યપ્રતિક્રમણાદિથી છોડી દેતું નથી (–અટકાવી દેતું નથી, સંતોષ મનાવી દેતું નથી); પરંતુ તે સિવાય બીજું પણ, પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી અગોચર અપ્રતિક્રમણાદિરૂપ, શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે એવી ત્રીજી ભૂમિમાં જવાનું કહે છે. છેવટે બીજી હસ્તલિખિત પ્રાચીન પ્રતો જોતાં તેમાં 'श्रुतिस्त्याजयति' નીકળ્યું.—આ રીતે હિંમતભાઈએ સમયસાર શાસ્ત્રનું સંસ્કૃત ટીકામાંથી માત્ર ગુજરાતી ભાષાંતર જ નથી કર્યું, પરંતુ આચાર્યદેવના ભાવ, ગંભીરતા અને ઊંડપ જળવાય તે ધ્યેય મુખ્ય રાખ્યું છે.

વિ. સં. ૧૯૯૬, આસો સુદ ૧૦ (દશેરા)ના દિને શ્રી હિંમતભાઈએ સુરતમાં પરમાગમ શ્રી સમયસારનો ગુજરાતી અનુવાદ પૂરો કર્યો, અને વિ. સં. ૧૯૯૭, કારતક સુદ પૂનમ (ઇ. સ. ૧૯૪૦)ના દિને સોનગઢમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક ધામધૂમથી ગુજરાતી અનુવાદ સહિત સમયસારનું ભવ્ય પ્રકાશન થયું. સમયસાર પ્રકાશિત થવાના થોડા દિવસ પહેલાં, પૂજ્ય ગુરુદેવે પોતાના હસ્તાક્ષરમાં સમયસાર વિષે મહિમાવંત લખાણ લખ્યું ત્યારે તેમણે હિંમતભાઈ વિષે 'આ તો નિકટ મોક્ષગામી જીવ છે'—એમ કહ્યું. પૂજ્ય ગુરુદેવના શ્રીમુખેથી નિકટ મોક્ષગામી સાંભળતાં હિંમતભાઈને પોતાના મનુષ્યજન્મનું સાફલ્ય ભાસ્યું, અને તેથી પોતાના નિવાસસ્થાને (લાઠીના ઉતારામાં) આવીને દિવાલ ઉપર લખ્યું :

''આજ કૃતપુણ્ય ધન્ય દિન માહરો થયો,
આજ નરજન્મ મેં સફળ ભાવ્યો.''

હિંમતભાઈ વિષે 'આ તો નિકટ મોક્ષગામી જીવ છે' એવા પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી નીકળેલ આ મંગલ હૃદયોદ્‌ગારની વાત સાંભળીને પૂજ્ય બહેનશ્રી અત્યંત આનંદિત થયા.

સમયસારના અનુવાદ પછી, વિ. સં. ૧૯૯૯ (ઇ. સ. ૧૯૪૩)માં પૂજ્ય બહેનશ્રીએ હિંમતભાઈને સુરત પત્ર લખ્યો :—''શ્રી પ્રવચનસાર શાસ્ત્રની ટીકા (અનુવાદ) વિષે પરમકૃપાળુ ગુરુસાહેબ વારંવાર કહે છે કે 'પ્રવચનસારની ટીકા (અનુવાદ) કરે તો હિંમતભાઈ, બીજું કોઈ નહિ.' પ્રવચનસારની ટીકા કરવા વિષે કોઈ એક પંડિતનો કાગળ આવેલો હતો. પૂજ્ય સાહેબ કહે કે—'કરે તો હિંમતભાઈ જ,

બીજું કોઈ નહિ.' વળી કેટલાકને પૂજ્ય સાહેબ કહ્યા કરે છે કે 'પ્રવચનસારનો અનુવાદ થવાનો છે.' કેટલાક એમ સમજી જાય છે કે 'પ્રવચનસારનો અનુવાદ થઈ રહ્યો છે', તેથી છાપામાં એમ આવ્યું હતું કે 'શ્રી પ્રવચનસારનો અનુવાદ થઈ રહ્યો છે.' માટે આ વિષે લક્ષ ઉત્સાહભાવે ખેંચવા જેવું છે.'' આ રીતે પૂજ્ય બહેનશ્રી ચંપાબેન હિંમતભાઈને પ્રવચનસારનો ગુજરાતી અનુવાદ કરવાની પ્રેરણા આપતાં. હિંમતભાઈએ પ્રવચનસારનો ગુજરાતી ગદ્યપદ્યાનુવાદ વિ. સં. ૧૯૯૯માં શરૂ કર્યો. તેનો 'ચરણાનુયોગસૂચક ચૂલિકા' અધિકાર શરૂ થતાં પહેલાં (જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપનના અંતમાં)—

> द्रव्यानुसारि चरणं चरणानुसारि
> द्रव्यं मिथो द्वयमिदं ननु सव्यपेक्षम् ।
> तस्मान्मुमुक्षुरधिरोहतु मोक्षमार्गं
> द्रव्यं प्रतीत्य यदि वा चरणं प्रतीत्य ॥

—આ શ્લોક આવે છે. તેમાં ચરણ દ્રવ્યાનુસાર હોય છે અને દ્રવ્ય ચરણાનુસાર હોય છે—એમ કહ્યું છે. દ્રવ્ય એટલે આત્માની શુદ્ધ પરિણતિ અને ચરણ એટલે શુદ્ધિની સાથે ભૂમિકાનુસાર વર્તતો સહજ (હઠ વગરનો) શુભભાવ—એમ આચાર્યદેવનું કહેવું છે. અહીં 'દ્રવ્ય' એટલે ત્રિકાળિક ધ્રુવ દ્રવ્યની વાત નથી, પરંતુ શુદ્ધ પરિણતિની વાત છે—એમ હિંમતભાઈએ અર્થ કર્યો, જે પૂજ્ય ગુરુદેવને ઘણો જ ગમ્યો. મોક્ષમાર્ગી જીવને દ્રવ્ય અને ચરણ, એટલે કે ભૂમિકાનુસાર અંતરંગ શુદ્ધિ અને બાહ્ય શુભભાવ—તે બંને પરસ્પર અપેક્ષા સહિત હોય છે. શુદ્ધિ વિનાનો શુભભાવ હઠયુક્ત હોય છે. તે વ્યવહારે પણ મોક્ષમાર્ગ કહેવાતો નથી. આમ હિંમતભાઈ અનુવાદ કરતી વખતે બહુ વિચારીને ને આચાર્યદેવના હૃદયના ભાવ ખોલીને અર્થ કરતા, જેથી પૂજ્ય ગુરુદેવ ઘણા પ્રસન્ન થતા.

આવો જ એક બીજો પ્રસંગ ચરણાનુયોગસૂચક ચૂલિકાની ૨૩૯મી ગાથાનો છે. ત્યાં, મથાળામાં અને ટીકાના અંતમાં કહ્યું છે કે—આત્મજ્ઞાનશૂન્યને સર્વઆગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન તથા સંયતત્ત્વનું યુગપદપણું પણ (મોક્ષ માટે) અકિંચિત્કર છે. અહીં આત્મજ્ઞાનશૂન્ય એટલે શું ? કોની વાત ચાલે છે ? મુનિરાજની કે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિની ? તે સંબંધી પૂજ્ય ગુરુદેવ સમક્ષ ઘણી ચર્ચા ચાલી. હિંમતભાઈએ તો 'વાત મુનિરાજની ચાલે છે' એમ કહ્યું; પરંતુ એક પક્ષ એમ કહેતો હતો કે 'મુનિરાજને આત્મજ્ઞાનશૂન્ય કહેવાય નહિ; અહીંયાં અજ્ઞાની મિથ્યાદૃષ્ટિની વાત છે.' જ્યારે હિંમતભાઈનું કહેવું એમ હતું કે અહીં આ ગાથાઓમાં મુનિરાજની ચડતી સ્થિતિની વાત આચાર્યદેવે કરી છે. અહીં 'આત્મજ્ઞાન' એટલે શ્રેણી માંડે એવી ઉગ્ર આત્મલીનતા. જ્ઞાની મુનિરાજને સર્વઆગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન ને સંયતત્વ—એ ત્રણેયનું યુગપદપણું હોવા છતાં જો તેમને શ્રેણી માંડે એવી ઉગ્ર આત્મલીનતા નથી અને બુદ્ધિપૂર્વક અસ્થિરતાનો રાગ રહે છે, તો ત્યાં સુધી તેમને 'આત્મજ્ઞાનશૂન્ય' કહ્યા છે. સર્વઆગમજ્ઞાન આદિ ત્રણેય હોવા છતાં જો ઉગ્ર આત્મ લીનતારૂપ 'આત્મજ્ઞાન' નથી તો ત્યાં સુધી ત્રણેયનું યુગપદપણું પણ મોક્ષ માટે અકિંચિત્કર છે. થોડાક સમય પછી પ્રવચનસાર પર પૂજ્ય ગુરુદેવનાં પ્રવચનો ચાલતાં હતાં. તેમાં આ ૨૩૯મી ગાથા આવી ત્યારે પૂજ્ય ગુરુદેવને, પ્રવચન આપતાં પહેલાં તેમની રૂમમાં આ ગાથાઓનો સ્વાધ્યાય કરતાં, આગળપાછળના વિષયની સંધિનો વિચાર આવતાં, તેમણે હિંમતભાઈને બોલાવીને કહ્યું : ''તમે અહીં મુનિને 'આત્મજ્ઞાનશૂન્ય'ની જે વાત કહો છો તે બરાબર છે. અહીં મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીની વાત જ નથી, મુનિની ચડતી દશાની વાત છે''. આમ પૂજ્ય ગુરુદેવને હિંમતભાઈ ઉપર શાસ્ત્રનાં અર્થઘટન સંબંધી

પૂરેપૂરી શ્રદ્ધા–વિશ્વાસ હોવાથી તેમની વાત માન્ય રાખતા. શાસ્ત્રના ગહન ભાવોના આવા અદ્ભુત ખુલાસા સાંભળીને પૂજ્ય ગુરુદેવ હિંમતભાઈ ઉપર ઘણા જ પ્રસન્ન થતા.

આ રીતે હિંમતભાઈએ પ્રવચનસારનો ગુજરાતી અનુવાદ, ઘણું જ વિચારીને આત્મવિશ્વાસસહિત કર્યો છે, જેનું પ્રકાશન વિ. સં. ૨૦૦૪ (ઇ. સ. ૧૯૪૮)માં થયું.

ત્યાર પછી હિંમતભાઈએ શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવનાં પરમાગમ શ્રી નિયમસાર અને પંચાસ્તિકાયસંગ્રહનો ગદ્યપદ્યાનુવાદ અને અષ્ટપ્રાભૃતનો ગુજરાતી પદ્યાનુવાદ કર્યો.

શ્રી પંચાસ્તિકાયસંગ્રહનો અનુવાદ કરતા હતા ત્યારે ગાથા ૧૩૨, ૧૩૫ ને ૧૩૯ની ટીકામાં 'तदास्रवक्षणादूर्ध्वं' આવે છે. ત્યાં 'ઊર્ધ્વ' શબ્દનો અર્થ ઉકેલવામાં–વિચારવામાં ઘણો સમય લાગ્યો હતો; કેમ કે 'ઊર્ધ્વ' શબ્દનો અર્થ 'પછી' થાય છે. 'ततः ऊर्ध्वं' 'ત્યાર પછી'—એમ શાસ્ત્રમાં ઘણે ઠેકાણે આવે છે. અહીં 'ઊર્ધ્વ'નો કાળ-અપેક્ષાએ સમયભેદ—એ અર્થ હિંમતભાઈને બંધબેસતો લાગતો નહોતો. અહીં તો જીવ જેવા ભાવ કરે તે સમયે તેવાં નવાં કર્મ બંધાય, 'શુભ' ભાવ કરે તો 'પુણ્ય' કર્મ બંધાય ને 'અશુભ' ભાવ કરે તો 'પાપ' કર્મ બંધાય. જીવના શુભ ભાવથી જે જડ 'પુણ્ય' કર્મ બંધાય તેને અનુસરીને—તેની પાછળ પાછળ—જીવના તે શુભ ભાવને પણ પુણ્ય કહેવાય. અહીં પાછળ પાછળ (ઊર્ધ્વ)નો અર્થ પહેલાં કે પછી—એમ સમયભેદ ન સમજવો, કેમ કે ભાવકર્મ અને દ્રવ્યકર્મ બન્ને એકસાથે જ હોય છે, તેમાં સમયાન્તર નથી હોતું. સમય-અપેક્ષાએ 'પછી' એમ નહિ, પરંતુ ભાવ-અપેક્ષાએ 'પાછળ પાછળ', એટલે કે જડ 'પુણ્ય'ને અનુસરીને—તેની પાછળ પાછળ— જીવના શુભ ભાવને પણ 'પુણ્ય' કહે છે.—એમ સમજવું.

આવો અર્થ કરીને હિંમતભાઈએ અનુવાદની નોટબૂક પૂજ્ય ગુરુદેવને વાંચી જવા આપી. તે અર્થ વાંચી ગુરુદેવ અતિશય પ્રસન્ન થયા. બીજે દિવસે એક મુમુક્ષુ ભાઈના નવા મકાનના 'વાસ્તુ' નિમિત્તે પૂજ્ય ગુરુદેવ વ્યાખ્યાન આપવા જતા હતા; ત્યારે હિંમતભાઈને, સ્વાધ્યાયમંદિરે વહેલાં આવી જતાં, તેમણે કહ્યું કે—"હિંમતભાઈ! તમે તો 'ઊર્ધ્વ'નો ભારે અર્થ શોધી કાઢ્યો! 'तदास्रवक्षणादूर्ध्वं'માં આવેલ 'ઊર્ધ્વ' શબ્દનો અર્થ બરાબર શોધ્યો છે." આવો અદ્ભુત અર્થ મળી જતાં તેની જ ધૂનમાં પૂજ્ય ગુરુદેવે, વ્યાખ્યાન વાંચતાં વાંચતાં, અત્યંત આનંદ સહ કહ્યું કે—પેશવા રાજા શંકરાચાર્યના પગ ધોતા હતા; ત્યારે શંકરાચાર્યનું મુખ મલક્યું. તે જોઈને રાજાએ પૂછ્યું : સાહેબ! આપ કેમ હસ્યા? પેશવા જેવો મોટો રાજા આપના પગ ધૂએ છે માટે? ત્યારે શંકરાચાર્યે કહ્યું : અરે, પેશવા! તું પગ ધૂએ છે તેની સામે ધ્યાન જ કોનું છે? અમારે તો શાસ્ત્રનો કોઈ અર્થ ન બેસતો હોય, તેના માટે દિવસો ને દિવસો ચર્ચા–વિચારણા ચાલતી હોય, ત્યાં અચાનક સાચો અર્થ સૂઝી જાય—તેનો ઉકેલ મળી જાય, ને અમને જે આનંદ આવે તેની શી વાત કરવી! એવું આજે અમને થયું. પંચાસ્તિકાયસંગ્રહમાં હિંમતભાઈએ 'ઊર્ધ્વ'નો અર્થ ભારે સરસ શોધી કાઢ્યો! 'ઊર્ધ્વ'નો બંધબેસતો સાચો ઉકેલ મળી જતાં પૂજ્ય ગુરુદેવ ઘણા જ પ્રમુદિત થયા. આ રીતે હિંમતભાઈની તેજસ્વી બુદ્ધિ, અર્થ-ઉકેલની અસાધારણ સૂઝ અને આત્મવિશ્વાસપૂર્ણ દૃઢતા ઉપર પૂજ્ય ગુરુદેવ વારી જતા.

આવો જ એક બીજો પ્રસંગ પંચાસ્તિકાયસંગ્રહનો અનુવાદ પ્રકાશિત થયા પછી બન્યો. હિંમતભાઈએ ૧૭૦મી ગાથાનો અર્થ "સંયમતપસંયુક્ત હોવા છતાં, નવ પદાર્થો તથા તીર્થંકર પ્રત્યે જેની બુદ્ધિનું જોડાણ વર્તે છે અને સૂત્રો પ્રત્યે જેને રુચિ (પ્રીતિ) વર્તે છે, તે જીવને નિર્વાણ દૂરતર (વિશેષ દૂર)

છે.''—એમ કર્યો છે. આ વાંચીને કોઈએ છાપામાં આપ્યું કે—સોનગઢવાળાએ 'દૂરતર નિર્વાણ'નો અર્થ 'વિશેષ દૂર' છે એમ કર્યો છે, પરંતુ બીજી એક પ્રતિષ્ઠિત વ્યક્તિએ તેમના પુસ્તકમાં 'તેને મોક્ષ કાંઈ દૂર નથી'—એમ કર્યો છે. પૂજ્ય ગુરુદેવે ચાલુ વ્યાખ્યાનમાં જ હિંમતભાઈને પૂછ્યું : 'શું બીજાએ આવો અર્થ કર્યો છે ? છતાં તમે આવો અર્થ કર્યો ?' હિંમતભાઈએ કહ્યું : 'હા જી.' પૂજ્ય ગુરુદેવે કહ્યું : અનુવાદ કરતી વખતે તમને બીજાએ કરેલ આ અર્થની ખબર હતી ? હિંમતભાઈએ કહ્યું : 'હા જી; સાહેબ ! જે શાસ્ત્રનો અનુવાદ કરું, તે વખતે તેને લગતું બધુંય સાહિત્ય મેળવીને હું વાંચું, અને પછી જ સ્વતંત્રપણે વિચારીને વધુ બંધબેસતો અર્થ કરું.'

પૂજ્ય ગુરુદેવ કહે : ''છે તમારો અર્થ સાચો; 'જેને શુભ રાગની સૂક્ષ્મ પણ વૃત્તિ છૂટતી નથી તેને નિર્વાણ વિશેષ દૂર છે'—એ જ અર્થ બરાબર છે.''

આ ૧૭૦મી ગાથામાં સંયમ, નિયમ અને તપધારી મુનિને પણ જો સૂત્રો, જિનો વગેરે પ્રત્યે સૂક્ષ્મ પણ રાગ રહે તો તેને મોક્ષ વિશેષ દૂર છે, એટલે કે તેને તરત જ મોક્ષ પ્રાપ્ત ન થાય. તે સૂક્ષ્મ રાગ, પીંજણને ચોંટેલાં 'રૂ'ની જેમ, મોક્ષપ્રાપ્તિમાં વિઘ્ન કરે છે, રાગનો જરાક અંશ પણ મોક્ષને દૂર કરે છે.—આમ પૂજ્ય ગુરુદેવને હિંમતભાઈની ઘણી પ્રતીતિ–વિશ્વાસ હતો.

એ રીતે ક્રમશઃ એક એક પરમાગમનો ગુજરાતી અનુવાદ કરવામાં તેમણે ઘણાં વર્ષો સુધી અથાગ પરિશ્રમ લીધો. તેમણે ખૂબ જ વિચારીને, આચાર્યદેવના મૂળભૂત ભાવોને બરાબર જાળવીને, મુમુક્ષુઓને અતિ ઉપયોગી થાય એવા, ઊંડા ભાવોવાળા અદ્‌ભુત અનુવાદ કર્યા.

'પ્રવચનસાર' અને 'પંચાસ્તિકાયસંગ્રહ'ની શ્રીમદ્‌અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત મૂળ સંસ્કૃત ટીકાનો એક હજાર વર્ષમાં હજુ સુધી કોઈએ હિન્દી કે ગુજરાતી શબ્દશઃ અનુવાદ કર્યો જ નહોતો. સર્વપ્રથમ શ્રી હિંમતભાઈએ શબ્દશઃ તેનો ગુજરાતી અનુવાદ કર્યો; અને અનુવાદમાં અનેક સ્થળે ભાવવાહી સુંદર 'ફૂટનોટ' (પદટિપ્પણ) લખીને અદ્‌ભુત સ્પષ્ટીકરણ કર્યું; અને તેથી મુમુક્ષુ જગત તેમના પ્રત્યે વારંવાર ઉપકૃતભાવભીના અહોભાવની લાગણી વ્યક્ત કરે છે.

'અષ્ટપ્રાભૃત' શાસ્ત્ર ઉપર કોઈ આચાર્યદેવની ટીકા નહિ હોવાને કારણે હિંમતભાઈએ માત્ર મૂળ ગાથાઓનું સુંદર તેમ જ અતિ ભાવવાહી હરિગીત ગુજરાતીમાં બનાવ્યું. આ રીતે બે હજાર વર્ષ પછી ભગવત્‌કુંદકુંદાચાર્યદેવનાં પંચ પરમાગમોનો, હિંમતભાઈએ પોતાના કલ્યાણાર્થે, સંપૂર્ણ નિઃસ્પૃહભાવે સર્વપ્રથમ ગદ્યપદ્યાત્મક ગુજરાતી અનુવાદ કરીને આખા મુમુક્ષુ જગત ઉપર મહાન ઉપકાર કર્યો છે.

તેમને પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી ઉપર અપાર શ્રદ્ધા અને ભક્તિ હતી. તેમનું જીવન ઘડવામાં પૂજ્ય ગુરુદેવનો અનન્ય ફાળો હતો. પૂજ્ય ગુરુદેવના આધ્યાત્મિક જીવનની અસરથી તેમનું જીવન રંગાયેલું હતું. જ્યારે જ્યારે તેઓ સુરતથી સોનગઢ આવે અને પૂજ્ય ગુરુદેવશ્રીનાં દર્શનાર્થે જાય ત્યારે ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શાસ્ત્રસ્વાધ્યાયાદિ કરતા જોતા. એક વખત સુરતથી આવીને હિંમતભાઈ પૂજ્ય ગુરુદેવશ્રીનાં દર્શન કરવા ગયા ત્યારે તેઓ આંખો બંધ કરીને ધ્યાનાવસ્થ મુદ્રામાં બિરાજેલા હતા. હિંમતભાઈ તેમના દર્શન કરતા હતા, ત્યાં ગુરુદેવ આંખ ખોલીને બોલ્યા : 'કોણ ? હિંમતભાઈ ! આમાં 'ઉપયોગ ઉપયોગમાં છે, ને ક્રોધ ક્રોધમાં છે'—એમ આવ્યું. આ સાંભળીને હિંમતભાઈને અંદરમાં એમ થયું કે—'વાહ ! આ જ ખરું જીવન છે; જીવનની એક ક્ષણ પણ તેમને વ્યર્થ જતી નથી. ક્યાં આ મહાપુરુષનું જીવન ! અને ક્યાં અમારું જીવન! કે થોડાક ફૂકા (પૈસા) માટે આવા મહાપુરુષનો સત્સંગ ગુમાવીએ છીએ. આમ

અંદરમાં તેમને સત્સંગના વિરહનો ખેદ રહ્યા કરતો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીના સત્સંગનો વિરહ ખૂબ ખટકતો હોવાથી, તેમણે સુરત છોડી સોનગઢ આવી વસવાનો નિર્ણય કર્યો. સોનગઢ આવવા માટે તેમણે સુરતની સ્કૂલમાંથી રાજીનામું આપ્યું. ત્યારે પ્રિંસીપાલે તેમનું રાજીનામું ન સ્વીકારતાં, કહ્યું કે—'મિસ્ટર શાહ ! તમે વિચારો તો ખરા, એક થોડાક (સત્સંગના) લાભના હેતુ માટે આવી કાયમી સારા પગારની નોકરી ગુમાવો છો; મને તમે વિચારમૂઢ લાગો છો.'—એમ કહી એક શ્લોકાંશ બોલ્યા.

'अल्पस्य हेतोर्बहु हातुमिच्छन्,
विचारमूढः प्रतिभासि मे त्वम् ॥

—એના પ્રત્યુત્તરમાં હિંમતભાઈએ આ જ શ્લોકાંશનો એવો અર્થ કર્યો કે 'હું અલ્પ એવા બે-ચાર ફૂકા (પૈસા) રળવાના હેતુ માટે મહાન કીમતી એવો સત્સંગ ગુમાવી રહ્યો છું —પૂજ્ય ગુરુદેવશ્રીના નિરંતર સત્સંગથી દૂર વસી રહ્યો છું. તેથી હું મને વિચારમૂઢ લાગું છું.'

ત્યાર બાદ પ્રિંસીપાલે ફરી બીજો શ્લોક કહ્યો :

"यो ध्रुवाणि परित्यज्य अध्रुवं परिसेवते ।
ध्रुवाणि तस्य नश्यन्ति अध्रुवं नष्टमेव च ॥"

—એટલે તમે આ ધ્રુવ–નિશ્ચિત નોકરી છોડીને સોનગઢની અધ્રુવ–અનિશ્ચિત નોકરી સ્વીકારો છો, તો તમારી કાયમી નોકરી તો જાય છે અને અનિશ્ચિત નોકરી તો ક્યારે છૂટી જશે તે કહેવાય નહિ. માટે મિસ્ટર શાહ ! તમે વિચાર કરો અને રાજીનામું પાછું ખેંચી લો. તેના જવાબમાં હિંમતભાઈએ કહ્યું કે—'ધ્રુવ એવો પૂજ્ય ગુરુદેવશ્રીનો કાયમી સત્સંગ ગુમાવીને હું અધ્રુવ એવી નોકરી માટે, એટલે કે થોડાક પૈસા રળવા માટે, અહીં રહું છું, તો ધ્રુવ એવા કાયમી સત્સંગ દ્વારા આત્મપ્રાપ્તિનો સમય તો ચાલ્યો જાય છે જ, અને અધ્રુવ એવી નોકરી તો ક્ષણિક છે, જે સ્વયમેવ નષ્ટ છે.—આમ, અંતરમાં પૂજ્ય ગુરુદેવશ્રીથી દૂર રહેવાનો ઘણો જ ખેદ હોવાથી, સુરતની નોકરી છોડીને સોનગઢના ગુરુકુળની અનિશ્ચિત નોકરી સ્વીકારી. આ રીતે હિંમતભાઈને પૂજ્ય ગુરુદેવશ્રીના આત્મસાધનામય પવિત્ર જીવનની અસર હૃદયમાં તીવ્રપણે વર્તતી હોવાથી, પોતાના આત્માની અનુત્તર ઉન્નતિ સાધવા તથા તેમનો કાયમી નિકટનો સહવાસ સેવવા તેમ જ તેમના સત્સંગનો લાભ લેવાના શુભ આશયથી વિ. સં. ૨૦૦૨ (ઇ. સ. ૧૯૪૬)માં સુરતની સ્કૂલમાંથી છૂટા થઈ તેઓ સોનગઢ આવીને વસ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રીના નિત્ય સત્સંગથી, તેમણે શાસ્ત્રોના ગંભીર આશયો પોતાના હિત માટે ગ્રહણ કર્યા હતા, અને પોતાની વિશાળ બુદ્ધિથી તથા તત્ત્વ સમજાવવાની સરળ, ન્યાયયુક્ત તેમ જ અદ્ભુત શૈલીથી તેઓ પૂજ્ય ગુરુદેવનું તાત્ત્વિક હૃદય જિજ્ઞાસુઓને સમજાવતા. તેમને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અપાર ભક્તિ હોવાને લીધે તેઓ તેમના આધ્યાત્મિક જીવન વિષે વારંવાર કહેતા હતા કે—"પૂજ્ય ગુરુદેવશ્રીએ, સ્વાનુભૂતિના વજ્ર ખડક ઉપર ઊભા રહીને, આખી જિંદગી નિઃશંકપણે જગતના જીવોનાં ભવભ્રમણ ટાળવાનો અપૂર્વ માર્ગ પ્રવર્તાવ્યો છે. તેમનું જ્ઞાન અનેકાંતમય છે. તેમની દૃષ્ટિ મલિનતા વખતે પણ ચૈતન્યને નિર્મળ અવલોકે છે, એટલે કે તેમનું મુખ્ય જોર જ્ઞાયક....જ્ઞાયક.....જ્ઞાયક, ધ્રુવ....ધ્રુવ....ધ્રુવ ઉપર છે, છતાં પ્રમાણજ્ઞાનમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, દ્રવ્ય-ગુણ-પર્યાય, નિશ્ચય-વ્યવહાર બધાંને જાણે છે."—આમ વિવિધ પ્રકારે પૂજ્ય ગુરુદેવશ્રીનું હૃદય શું છે ? અને તેમના આશયો શું છે ? તે સુગમ અને સરળ રીતે બતાવીને હિંમતભાઈ જિજ્ઞાસુ જીવો ઉપર મહાન ઉપકાર કરતા હતા.

પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં જ્યારે જ્યારે ગંભીર તાત્ત્વિક ચર્ચા ચાલતી હોય ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રી ચર્ચાના અંતમાં પંડિત શ્રી હિંમતભાઈનું મંતવ્ય જાણવાની હંમેશાં અપેક્ષા રાખતા, કેમ કે હિંમતભાઈની પ્રકૃતિ પહેલેથી જ તોળી-તોળીને બોલવાની હોવાથી તથા તેઓ જે કાંઈ વાત કહે તે ચારેય પડખેથી બરાબર ઊંડો વિચાર કરીને ન્યાય અને આગમના આધારે દૃઢતાથી કહેતા હોવાથી, પૂજ્ય ગુરુદેવશ્રી પ્રભાવિત તેમ જ સંમત થતા. પૂજ્ય ગુરુદેવશ્રી તેમને 'મૂંગા પંડિત' કે 'સહદેવ જોષી' કહેતા, કેમ કે સભામાં બીજા ચર્ચા કરતા હોય ત્યારે હિંમતભાઈ પૂછ્યા વગર પોતાનો અભિપ્રાય આપતા જ નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રીની તેમના પર અપાર કૃપા હોવાને કારણે હિંમતભાઈ તેમની સાથે સંકોચ વિના છૂટથી ચર્ચાવાર્તા કરી શકતા. સોનગઢમાં એક વખત ગુરુદેવ આત્માનુભવના અદ્‌ભુત આનંદની કાંઈક વાત કરતા હતા—મુનિરાજના આત્મ-અનુભવની વાત કરતાં કરતાં પ્રમોદમાં આવીને બોલ્યા : 'અહા ! કેવી આનંદદાયક વાત છે ?' તે વખતે હિંમતભાઈએ કહ્યું : 'સાહેબ ! રાજા સિંહાસન પર બેઠો બેઠો ખાજાં ને ખાંડ ખાતો હોય અને તેને જોનારા ક્ષુધાવંત રાંકાઓને જેવો આનંદ આવે, તેવો આનંદ અમને આવે છે.' તે સાંભળી ગુરુદેવે મુક્તહાસ્યપૂર્વક કહ્યું : 'આનંદ તમારી પાસે પણ છે જ; તમારો ડબ્બો ખોલો ને ! તમારી પાસે પણ ખાજાં ને ખાંડ ભરપૂર છે; તે બધા ખાઓ ! કોઈ ભૂખ્યા ન રહો ! ક્ષુધાવંત કોઈ ન રહો ! બધા પરિતૃપ્ત રહો ! અક્ષીણમહાનસઋદ્ધિ બધા પાસે પડી છે.'' પૂજ્ય ગુરુદેવશ્રીનાં આવાં વાત્સલ્યપૂર્ણ સહૃદય પ્રેરક વચનો સાંભળીને હિંમતભાઈ ખૂબ જ પ્રમુદિત થયા અને તેમના હૃદયમાંથી સહજ ઉદ્‌ગાર સરી પડ્યા કે 'ગુરુદેવની આવી મીઠી કૂણી નજર શીઘ્ર આપણાં ભવદુઃખ ટાળો !'

હિંમતભાઈ મુમુક્ષુ ભાઈઓ સાથે શાસ્ત્રોક્ત તાત્ત્વિક ચર્ચામાં જૈન તત્ત્વજ્ઞાનના મૂળભૂત પાયાના સિદ્ધાંતો સરળતાથી, સરલતાથી, વિશ્વાસપૂર્વક, યુક્તિ-ન્યાય અને આગમના આધારે સચોટપણે સમજાવતા. જેમ કે : 'તું (આત્મા) વર્તમાનમાં શક્તિ-અપેક્ષાએ પરિપૂર્ણ સામર્થ્યથી ભરેલો, પોતાની ધ્રુવ ધરીની આસપાસ ફરતો એક શાશ્વત પદાર્થ છે. તે પરિપૂર્ણ સામર્થ્યનું વર્તમાનમાં ભાન થઈ શકે છે. તે, ખેંચેલા તીરના દૃષ્ટાંત દ્વારા બતાવતા :—

ગતિયુક્ત જે તીર હોય તેમાં પ્રાણઘાતક શક્તિ વ્યક્ત હોય છે, તેમ મુક્ત આત્મામાં કેવળજ્ઞાન વ્યક્ત છે. ધનુષ પર ખેંચાયેલા તીરમાં પણ એટલી જ ઘાતક શક્તિ છે, પણ અવ્યક્ત છે. તેમ બદ્ધ આત્મામાં પણ કેવળજ્ઞાન છે, પણ અવ્યક્ત છે. સમકિતીને પોતાનો આત્મા ધનુષ પરના ખેંચાયેલા તીર જેવો ભાસે છે, અને અજ્ઞાનીને તેનો આત્મા જમીન પર પડેલા તીર જેવો લાગે છે. આ રીતે અજ્ઞાનીની માન્યતામાં કેવળજ્ઞાનનો નાશ આવે છે અને સમકિતીની માન્યતામાં કેવળજ્ઞાનની અવ્યક્તિ જ આવે છે. જમીન પર પડેલું તીર અને ધનુષ પર ખેંચાયેલું તીર બંને જેમ ગતિહીન દેખાય છે, છતાં બંનેમાં આકાશ-પાતાળનું અંતર છે. એકમાં ઘાતકશક્તિનો અભાવ છે જ્યારે બીજામાં ઘાતકશક્તિની માત્ર અવ્યક્ત સ્થિતિ છે. એ જ રીતે આત્મામાં રાગદ્વેષ થતાં પણ જ્ઞાન-દર્શન વગેરેનાં ઉત્પત્તિ-વિનાશ થતાં નથી, માત્ર વ્યક્તિ-અવ્યક્તિ જ થાય છે. જ્યારે આત્મામાં અવ્યક્ત એવો કેવળજ્ઞાનસ્વભાવ ભાસે ત્યારે જ મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. ધનુષ પર ચઢાવેલા તીરમાં ઘાતકશક્તિ વ્યક્તરૂપે નહિ હોવા છતાં એટલી ને એટલી જ ઘાતકશક્તિ અવ્યક્તરૂપે છે એમ અનુભવાય છે. તેમ બદ્ધદશામાં પણ આત્મામાં અવ્યક્તરૂપે (શક્તિરૂપે) કેવળજ્ઞાન વર્તે છે એમ અનુભવી શકાય છે.

આ ઉપરાંત 'અશુદ્ધતા વખતે પણ પરિપૂર્ણ શુદ્ધતા મોજૂદ છે' તે સિદ્ધાંત વારંવાર સ્ફટિકમણિના દૃષ્ટાંત દ્વારા તેઓ ખૂબ જ સરળતાથી સ્પષ્ટ કરતા :—સ્ફટિકમણિ લાલ વસ્ત્રના સંયોગે લાલ થાય છે ત્યારે પણ તેની નિર્મળતા સર્વથા નષ્ટ થઈ ગઈ નથી, સ્વભાવ-અપેક્ષાએ —સામર્થ્ય-અપેક્ષાએ— શક્તિ-અપેક્ષાએ તે નિર્મળ જ રહ્યો છે. તે લાલાશરૂપે અવશ્ય પરિણમ્યો છે, તે લાલાશ સ્ફટિકની જ છે, વસ્ત્રની બિલકુલ નહિ; પરંતુ તે લાલાશ લાલ રંગના ભૂકાની, હિંગળાની કે કંકુની લાલાશ જેવી નથી; લાલ દશા વખતે પણ સામર્થ્યરૂપ નિર્મળતા મોજૂદ છે. તેવી રીતે આત્મા કર્મના નિમિત્તે શુભભાવરૂપ કે અશુભભાવરૂપ થાય છે ત્યારે પણ તેની શુદ્ધતા સર્વથા નષ્ટ થઈ ગઈ નથી, સ્વભાવ-અપેક્ષાએ— સામર્થ્ય-અપેક્ષાએ—શક્તિ- અપેક્ષાએ તે શુદ્ધ રહ્યો છે. તે શુભાશુભ ભાવરૂપે અવશ્ય પરિણમ્યો છે. તે શુભાશુભપણું આત્માનું જ છે, કર્મનું બિલકુલ નહિ; પરંતુ શુભાશુભ દશા વખતે પણ સામર્થ્યરૂપ શુદ્ધતા મોજૂદ છે. આ મોજૂદ રહેલી શુદ્ધતાને જ્ઞાની મુખ્યતાપૂર્વક જાણતો હોવાથી વિશેષોમાં પણ સામાન્યના આવિર્ભાવપૂર્વક સ્વાદ લે છે. આ સામાન્ય અથવા અન્વયનો અર્થ માત્ર 'તે.....તે.....તે' એટલો જ નહિ, પરંતુ કેવળજ્ઞાનના સામર્થ્યથી ભરપૂર, અનંત સુખ-સામર્થ્યથી ભરપૂર, અનંત વીર્યાદિ સામર્થ્યથી ભરપૂર એવું 'તે... તે...તે', એવો અન્વય, એવું સામાન્ય, એવો પારિણામિકભાવ, એવો જ્ઞાયક. આવા જ્ઞાયકને જ્ઞાની સતત અનુભવે છે, તેથી તેમને નિરંતર આંશિક શુદ્ધ પરિણતિ વર્તતી હોય છે.—આમ, તત્ત્વજ્ઞાનમાં ઊંડા અને આત્માર્થિઓના આદર્શરૂપ એવા 'ઊંડા આદર્શ આત્માર્થી' શ્રી હિંમતભાઈના આવા, અદ્ભુત, તાત્ત્વિક, ઊંડા અને રહસ્યગંભીર ખુલાસા સાંભળેલ, અને તેથી મુમુક્ષુ જગત તેમના પ્રત્યે ઉપકૃતતાની લાગણી અનુભવે છે.

શ્રી હિંમતભાઈએ આત્માના પ્રયોજન અર્થે ભગવત્કુંદકુંદાચાર્યનાં પંચપરમાગમોનો મૂળ પ્રાકૃત-સંસ્કૃત ભાષામાંથી ગુજરાતી હરિગીત સહિત સીધો અનુવાદ કરીને આખા મુમુક્ષુ સમાજ ઉપર મહાન મહાન ઉપકાર કર્યો છે; અને તે પંચપરમાગમોની શરૂઆતમાં તેમણે જે મધુરા ઉપોદ્ઘાત લખ્યા છે તે ઘણા જ તત્ત્વગંભીર, પરમાગમોના હાર્દને પ્રકાશનાર અને ઊંડા આત્માર્થપ્રેરક છે. તેમના જીવનમાં પંચપરમાગમ વણાઈ ગયા હોવાથી, તેઓ વારંવાર કહેતા હતા કે—''આત્મપ્રાપ્તિનો પુરુષાર્થ કરવાનો રસ્તો પ્રાપ્ત કરવો હોય તો સમયસાર આદિ પંચપરમાગમનો—મૂળ શાસ્ત્રોનો—ઊંડાણથી અભ્યાસ કરવો જોઈએ.''—એ એમનું હૃદય અને કલ્યાણી શિખામણ હતી. પંચપરમાગમોના ગુજરાતી અનુવાદ ઉપરાંત તેમણે પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનું જીવનચરિત્ર, સમયસાર-સ્તુતિ, સીમંધરભગવાનની સ્તુતિ, સમવસરણ-સ્તુતિ, જિનવાણી-સ્તુતિ, સદ્ગુરુદેવ-સ્તુતિ, માનસ્તંભ-સ્તુતિ, પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી ચંપાબેન વિષે અધ્યાત્મ તેમ જ તત્ત્વરસથી તરબોળ સુમધુર કાવ્યો વગેરે ગદ્યપદ્યાત્મક અનેક રચનાઓ કરી છે. આવાં અનેક અધ્યાત્મ કાવ્યો રચવાની આશ્ચર્યકારી કવિત્વશક્તિ તેમનામાં રહેલી હતી, જેના દ્વારા સમગ્ર મુમુક્ષુ જગત ઉપકૃત થયું છે.

પંડિત શ્રી હિંમતભાઈની આત્માર્થતા તથા તત્ત્વજ્ઞાનની ઊંડપ જોઈને, કેટલાક મુમુક્ષુ ભાઈઓએ સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂછ્યું : ''આપ હિંમતભાઈ સંબંધી કાંઈક પ્રકાશ પાડો.'' ત્યારે, તેના ઉત્તરરૂપે પૂજ્ય બહેનશ્રીના હૃદયમાંથી સહજપણે એમ આવ્યું કે–"ભાઈ 'નિકટ ભવી છે'. **તેઓ પૂર્વના સંસ્કાર અને વિશિષ્ટતા સહિત આત્માર્થતા લઈને આવ્યા છે. તેમની પરિણતિ સમ્યક્ત્વ-સન્મુખ છે. તેમનો બધોય ક્ષયોપશમ આત્મા માટે જ છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીની સભાના વિશિષ્ટ પુરુષ છે; તેમાં ભૂતકાળ અને ભવિષ્યની વિશિષ્ટતા સમાયેલી છે. તીર્થંકરપુરુષ હોય ત્યાં તેમની સભામાં આવા**

વિશિષ્ટ પુરુષ હોય જ. બીજું તો શું કહેવાય? બધોય પ્રતાપ પૂજ્ય ગુરુદેવશ્રીનો છે. જેને અંદરથી આત્માની લગની લાગી છે તે જ હિંમતભાઈને ઓળખશે.''

પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી નીકળેલ 'વિશિષ્ટ પુરુષ છે' એવા હૃદયોદ્ગાર સાંભળીને હિંમતભાઈ ખૂબ જ ગંભીર થઈને ઉદાસીન ભાવે બોલ્યા : ''રહના નહિં, દેશ વિરાના હૈ'',—આ વેરાન દેશમાં મારે રહેવું નથી. જેમ બળતા ઘરમાં ફસાયેલો માણસ એમ કહે કે 'મને આમાંથી જલદી બહાર કાઢો.... કાઢો...કાઢો. મારે કોઈ શોભા કે શણગાર નથી કરવા, મારે જલદી આ અગ્નિમાંથી બહાર નીકળવું છે; તેમ આ ભવભ્રમણનાં દુઃખમાંથી મારે જલદી છૂટવું છે; મારે કોઈ વિશેષતા કે પદવી ધારણ કરવી નથી; મારે જલદી આ સંસારપરિભ્રમણરૂપ દાવાનળમાંથી છૂટીને મોક્ષ પ્રાપ્ત કરવો છે.'—આવી શ્રી હિંમતભાઈની અંદરની વેદનભીની પરિણતિ હતી.

પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના મહાન કૃપાપાત્ર, કુંદકુંદભારતીના પનોતા પુત્ર, ઉચ્ચ આદર્શ આત્માર્થી એવા પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહનો આપણને અમૂલ્ય સત્સમાગમ પ્રાપ્ત થયો તે આપણું મહાન પરમ સૌભાગ્ય છે. જેમની અંતરની પરિણતિ આત્મપ્રાપ્તિના પુરુષાર્થ તરફ સતત વળી રહી હતી એવા 'નિકટ મોક્ષગામી' અને 'નિકટ ભવી'ને અમારાં હાર્દિક અભિવાદન.

આવા અનેક સદ્ગુણોના ધારક, આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહના જીવન વિષે સ્વલ્પ લખવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે બદલ અમે ધન્યતા અનુભવીએ છીએ.

*

## જ્ઞાનવૈભવના પ્રકાશન તથા પૂજ્ય પંડિતજીના ૮૮મા જન્મદિવસે તેમના હૃદયોદ્ગાર

આ રીતે દર વખતે મારા જન્મદિવસને દિવસે મારો ઉપકાર માનવો ને એ જે પ્રણાલિકા શરૂ કરી છે એ બરાબર યોગ્ય નથી. હું તમારા માંહેનો એક છું. તમે અમુક કામ કરો છો, હું અમુક કામ કરું છું. એ રીતે એક બીજાનું કામ કરીએ એમાં કાંઈ મોટું કામ કરી નાખ્યું છે એમ નથી. રામજીભાઈએ વજુભાઈને જ્યારે સોનગઢનાં સ્થાપત્ય બદલ ખાસ પ્રશંસાપત્રનું કહ્યું ત્યારે વજુભાઈએ કહ્યું કે આ હું મારું અપમાન કર્યું એમ ગણીશ. તમારો દીકરો સુમન હોય ને કાંઈક કામ કરે તો તમે તેનો આભાર માનો છો? તમે મને જુદો ગણો છો એવી જાતની લાગણી જ્યારે આભાર માનવામાં આવે ત્યારે મને થાય છે.

આ જે અનુવાદની શક્તિ ને એ ગુરુદેવ પાસેથી મૂળ એની ભૂમિકા પ્રાપ્ત થઈ અને જે અનુવાદ કર્યો ને કાંઈક ક્ષયોપશમ હોય તો એ કાંઈ મોટું કામ નથી. હંમેશાં આ મનુષ્યભવ તો ભવભ્રમણ ટાળવાનું કાંઈક કામ થાય તો તે એની યોગ્ય મૂલ્ય ચૂકવણી કરી કહેવાય. જ્યાં સુધી જ્ઞાનસ્વભાવ આત્માનો નિર્ણય કરીને મતિજ્ઞાનતત્ત્વને અંદર વાળી, શ્રુતજ્ઞાનતત્ત્વને અંદર વાળી, પરમાત્મા સમયસાર એને જ્યાં સુધી જીવ પ્રાપ્ત કરી અંદર આનંદના ઉછાળા ઊછળે એવી સ્થિતિ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી એણે કાંઈ નથી કર્યું. ચાર ગતિનાં ભવભ્રમણ માથે ઊભા છે એ આપણે હંમેશાં યાદ રાખવાનું.

જે અરિહંતને દ્રવ્યગુણપર્યાયથી જાણે તેને સમ્યગ્દર્શન થાય અને ભવભ્રમણનો અંત આવે. એ પ્રકારનું તત્ત્વજ્ઞાન આપણે પામીએ, એ પ્રમાણે પ્રયત્નશીલ રહીએ અને અનંતકાળનું દુઃખ ટાળીએ એ

જ ઝંખના હંમેશાં રાખીએ. એ આ મનુષ્યભવમાં કરવાનું છે. તમને અમુક ક્ષયોપશમ હોય અને મને અમુક જાતનો ક્ષયોપશમ હોય, બીજાને બીજી જાતનો ક્ષયોપશમ હોય એમાં કાંઈ વિશેષ નથી. મનુષ્યભવની પાછળ કેટલાય ભવો ઊભા છે એ ટાળવાનો પુરુષાર્થ કરવો જોઈએ. આ દુર્લભ મનુષ્યપણું પામીને જે વિષયોમાં નહીં પણ શુભ ભાવોમાં રમે છે તે પણ રાખને માટે આ રતન જેવો મનુષ્યભવ એળે ગુમાવે છે. માટે એ રીતે હંમેશાં આપણે આપણું હિત નજર સમક્ષ રાખીએ, મનુષ્યભવને યોગ્ય કાંઈક કાર્યો કરીએ, સામાન્ય કાર્યોમાં સંતોષાઈ ન જઈએ, અને એને માટે લેશ પણ મહાત્મ્ય કે માન અંદરમાં ન સેવીએ તે કરવા જેવું છે. એ કરવાની આપણને શક્તિ મળે અને મનુષ્યભવ સાર્થક કરીએ. દુર્લભ મનુષ્યપણું પામીને પણ જો કાંઈ ન કરી શકીએ તો રતનની પોટલીને રાખને માટે બાળવા જેવી છે.

હું ફરી ટ્રસ્ટને વિનંતી કરું છું કે હવે જે આ જાતની પ્રણાલિકા—દર વર્ષે આવીને માન આપવું, અભિવાદન કરવું એ—મને લેશમાત્ર પસંદ નથી. એમાં મને કાંઈ સંતોષ થતો નથી અને ઉલટું દુઃખ થાય છે. અને તમારે પણ મને જુદો ગણી એવું ન કરવું જોઈએ. અંદર પ્રેમ રહે તો રહેવા દેવો જોઈએ. એ રીતે મારી અંતરની લાગણી હું વ્યક્ત કરું છું.

બાકી આજનો દિવસ તો આ તુચ્છ આપણા જીવનની પાસે ઘણો મહાતમવાળો છે. જાતિસ્મરણ જેવી ઉત્તમ ચીજ બહેનશ્રીએ પ્રગટ કરી. બહેનશ્રીએ જિંદગીમાં બે મહાન કાર્યો કર્યાં. એક આનંદ ઉછાળતી સ્વાનુભૂતિ પરિણતિ પ્રગટ કરી. અને બીજું એ જાતિસ્મરણજ્ઞાન કે જે અનંત રહસ્યોથી ભરપૂર છે. અને વિવિધતાથી ભરેલું છે.

અમને એ જાતિસ્મૃતિજ્ઞાનની વાતની પ્રાપ્તિ કઈ રીતે થઈ એ ટૂંકાણમાં કહી જાઉં. સંવત ૧૯૯૪માં વૈશાખ વદ ૮ને દિવસે આ સ્વાધ્યાયમંદિરનું ઉદ્‌ઘાટન થયું ત્યારે ગુરુદેવને બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાનનો પ્રમોદ ખૂબ હતો. એમનાથી રહેવાયું નહીં. એ કહેતા કે, ''કોઈને કહેતા નહીં કેમ કે લોકો તૈયાર નથી, લોકો જીરવી નહીં શકે.'' માટે એ રીતે કહેતા નહોતા તોપણ એમને ઊભરો આવી ગયો અને કહ્યું : ''આ વાત જે કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં સીમંધર ભગવાન પાસે ગયા હતા તે વાત યથાતથ્ય છે, અક્ષરશઃ સત્ય છે, જોયેલી વાત છે. એમાં કોઈ તર્કવિતર્ક કરશો નહીં, આ વાતમાં કાંઈ ફરે એવું નથી''. એમ કહ્યું એટલે આની પાછળ કોઈ ગંભીર આશય હોય એમ મને અને વજુભાઈને લાગ્યું. વ્યાખ્યાન છૂટયું અને અમે બન્ને મળ્યા. આજે ગુરુદેવે કહ્યું, 'નજરે જોયેલી વાત છે' આ શું જોયું હશે ! ભાઈ કહે, મનેય એમ થાય છે, આપણે ગુરુદેવને પૂછીએ. અમે બહેનશ્રીને પણ કહ્યું કે અમારે ગુરુદેવને પૂછવું છે કે આ ગુરુદેવે શું કહ્યું ? બહેનશ્રી કહે પૂછો. બહેનશ્રીને એ ઈષ્ટ હતું કે આ વાત જાતિસ્મરણની મહાપુરુષાર્થ પ્રેરક છે અને આત્માના અસ્તિત્વના ને એ વાતના બધા ખુલાસા કરી દે એવી છે. માટે ભાઈઓ જાણે તો એમને આત્મહિતમાં ઉપયોગી થાય. એટલે એમને ઈષ્ટ હતું, પણ મારે મારી વાત કહેવી નથી. એટલે એમણે રજા આપી અને અમે ગુરુદેવ પાસે ગયા.

ગુરુદેવ ઓસરીમાં આંટા મારતા હતા. વજુભાઈએ કહ્યું, સાહેબ ! આજે તમે જે કહ્યું કે ''આ નજરે જોયેલી વાત છે'' તે તમે શું કહ્યું ? ગુરુદેવે તડાકાથી કહ્યું, એવી અંગત વાત ન પુછાય. તે અંગત વાત છે. એટલે અમે તો મૌન થઈને ગુરુદેવની સાથેસાથે આંટા મારવા માંડ્યા. પછી ગુરુદેવ પાટ પર બેસી ગયા. અમે એમની સામે બેઠા. પછી ગુરુદેવને સહેજ રહીને મન થયું. બહેનને જાતિસ્મરણજ્ઞાન ૯૩ના ચૈત્ર વદ આઠમના દિવસે થયેલું છે. એમાં એમ આવ્યું છે કે કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં

સીમંધર ભગવાનની સભામાં ગયા હતા. તે વખતે બહેન તથા હું, બધાં ત્યાં હાજર હતા. તે વખતે નજરે જોયેલી આ વાત છે એમ બહેનશ્રીને સ્મરણમાં આવ્યું છે. એમણે મને કહ્યું કે આ પ્રમાણે સ્મરણ થયું છે. ગુરુદેવે કહ્યું કે મને તો અંદરમાંથી આવતું જ હતું એટલે તરત જ મને દૃઢતા ઘણી થઈ. બહેન...બહેન...એ જ હું...હું...એ.. આપ રાજકુમાર હતા ને..એ હું.. બરાબર.. મને વારે ઘડીએ આવતું. મખમલના કપડાં પહેર્યા હતા, અંદર ઝરી ચોડેલી હતી એવાં કપડાં મેં પહેર્યા હતા, અને એ બધી થોડી થોડી વાતો બધી ઘણું ગોપવીને અને થોડું રાખીને એ કહેતા.

બસ આટલી વાતો કહી છે. વિશેષ નહીં. આ વાત કોઈને કહેવાની નહીં. વજુભાઈને એટલા બધા ભાવ આવી ગયા એટલે એમની આંખમાં હર્ષના આંસુ આવી ગયા અને સાથે કહ્યું, ''સાહેબ ! બહેનને વંદણા કરવાની છૂટ આપો !''

ગુરુદેવે કહ્યું, ''નહીં, નહીં, કોઈને નહી. કોઈને નહીં. કો'કને ખબર પડે કે આ વંદના કરે છે તે શેની કરે છે ? શું છે આ ? કાંઈ ગુપ્ત રહસ્ય છે.'' એ ગુપ્ત રહસ્ય આટલા વર્ષનું આજે ખુલ્યું એ વખતે તો બહુ અલ્પ હતું. ત્યારપછી ધીમે ધીમે કોઈ યોગ્ય પાત્ર જીવો હોય, જિજ્ઞાસુ હોય તેને ગુરુદેવ થોડું થોડું કહેતા. કો'કની આગળ અમુક ને કો'કની આગળ અમુક કહેતા. એ પ્રમાણે કરીને એ વાત ફેલાતી. પોરબંદર નેમિદાસભાઈનાં પત્ની માંદા હતા ત્યારે દર્શન દેવા ગયા હતા, ત્યારે વળતાં રાજકોટમાં ગુરુદેવે વિગતવાર કહ્યું હતું. પણ આટલું અક્ષરે અક્ષર બધું બહાર પડયું એ તો આજે જ વિમોચન થયું ત્યારે ખબર પડી. આવું જાતિસ્મરણજ્ઞાન બહેનશ્રીએ પ્રગટ કરી આપણા ઉપર ઘણો ઉપકાર કર્યો છે. હું અહીંથી જે પ્રમાણે સાંભળીને ગયો ત્યાં એવો વૈરાગ્ય થઈ ગયો. ઓહો ! શું હું એક શાશ્વત પદાર્થ છું ! જ્ઞાનશક્તિનો ધારક એવો શાશ્વત પદાર્થ છું ! ને આમને આમ ચાલ્યા જ કરું છું. આ રીતે એવો વૈરાગ્ય આવ્યો કે જમીન ઉપર ચાલતો હતો તો હું જાણે અદ્ધર છું, હું ધરતીને અડતો નથી. જમવા ગયો તોપણ કોળિયો આમ જાય એવા વૈરાગ્યથી હું...ત્યારે મને થયું આપણે આત્મા માનીએ છીએ. આત્મા નથી માનતા એમ નહિ, પણ આ પ્રત્યક્ષ પુરાવો તો આજના ભાવો આટલા બધા ફરી ગયા એટલી ખાત્રી આત્માના અસ્તિત્વની, અનાદિઅનંત પદાર્થપણાની પણ નહોતી એમ એમાંથી સાબિત થાય છે. આવું જાતિસ્મરણજ્ઞાન લોકોને ઘણું હિતનું કારણ થાય.

ત્યારપછી તાત્ત્વિકવાતને આગળનું તો એના માટે કહ્યું. તાત્ત્વિકવાત માટે તો જ્ઞાનસ્વભાવ આત્માનો નિર્ણય કરવો, અરિહંત ભગવાનને ઓળખવા. પ્રથમ ભૂમિકામાં તો અમે જોઈને કહીએ છીએ કે આવી વાત લોકોને ખૂબ અસરકારક નીવડે. આ રીતે પોતાના જીવનથી, પોતાના નિર્મળજ્ઞાનથી આપણા પર મહાન ઉપકાર કરનાર પૂ. ગુરુદેવ તેમજ પૂ. બહેનશ્રીનાં ચરણકમળમાં આજના મંગળ પવિત્ર દિવસે આપણે વંદન કરીએ છીએ.

*

## આદરણીય પં. શ્રી હિંમતભાઈ ઉપર તેમના વડીલ બંધુનો પત્ર

*ભાવનગર, તા. ૩-૭-૩૦*

ભાઈ હિંમત,

તારું પોસ્ટકાર્ડ મળ્યું. વાંચીને થયેલ લાગણી વ્યક્ત કરી શકતો નથી. બાકી એટલું તો કહું જ છું કે આધ્યાત્મિક દૃષ્ટિએ તું એટલો આગળ વધી ગયો છે કે તે બાબત કાંઈપણ કહેવાની હું ધૃષ્ટતા

કરી શકતો નથી. I read your letter over and over again and simply wonder. સંસાર પર આટલી ઉદાસીનતા પરભવના સંસ્કાર વિના ન જ સાંપડે. તારા આ પત્રમાંના ઉદ્દગારો મને કેટલેક અંશે શ્રીમદ્દ રાજચંદ્રના ઉદ્દગારોને મળતા આવતા હોય એમ લાગે છે. હું હમણાં કેટલાક દિવસથી નોંધપોથી લખું છું. તેમાં તા. ૨૫-૬-૩૦ના રોજ લખ્યું છે કે, ''ભાઈ હિંમતનો પત્ર આવી ગયો. એડમીશન મળી ગયું. ઉપાધિ મટી. તેને આ વખતે ખૂબ ચિંતા રહેતી. રહેજ ને ! બે વર્ષ બગડ્યાં. જિંદગીનાં બે વર્ષ એટલે શું ? પણ મને લાગે છે કે તેના આ બે વર્ષ નિષ્ફળ નથી ગયાં. તેણે આ બે વર્ષમાં જે મેળવ્યું છે તે કદાચ જન્મોજન્મ ન મળે તેવું નીવડે'' આ વાક્ય મને તારા આજના પત્રથી સાવ સાચું લાગે છે.

પરણ્યા પછી અને તે પણ એક ઉત્તમ જોડીદાર મળ્યા પછી બે જ મહિને ''કેટલીક વાર સ્પષ્ટ સમજાય છે કે મુમુક્ષુએ પરણવું ન જ જોઈએ'' એ ઉદ્દગારો નીકળવા પરમ દુર્લભ છે. પરમ સૌભાગ્યની વાત છે. હળુકર્મીપણાની નિશાની છે.

કેટલીક વાર મને લાગે છે કે અમે તારા પર જુલમ કર્યો હોય પણ તેમાં થોડો તારો પણ વાંક ગણાય. તું છેલ્લી ઘડી સુધી નિશ્ચય પર ન જ આવી શક્યો. આવ્યો ત્યારે સઘળું બફાઈ ગયું હતું. તેમાં તારો દોષ પણ ન હતો. તું કાકાને કે અમને કેટલેક અંશે નાખુશ જોવા રાજી ન હતો. તે વખતનું તારું મંથન જોઈ મને બહુ જ લાગી આવતું. એક ભાઈ તરીકે નહિ પણ આધ્યાત્મિક દૃષ્ટિએ, સાક્ષી ભાવે. પણ છતાં હજુ કાંઈ બગડી ગયું નથી. તું પરમ ભાગ્યશાળી છો. અ. સૌ. સુશીલા જેવા સુશીલ અને આજ્ઞાંકિત પત્ની પામવા માટે પ્રભુનો ઉપકાર માનવો ઘટે. અ. સૌ. શાંતિ મારે મોઢે તેમનાં મોંફાટ વખાણ કરતી. મને તે સાંભળી અત્યંત ગર્વ થતો. આવું અનુકૂળ સ્ત્રીરત્ન પામી તેમને સન્માર્ગે દોર. તારે નિમિત્તે એક આત્માનું કલ્યાણ થવું સર્જ્યું હશે તેમ કેમ ન બને ? xxx

xxx તારે માટે હવે અત્યારે એક જ રસ્તો છે કે વાંચીને પાસ થઈ જવું. બને તો ઊંચે નંબરે. અલબત્ત આત્મા અપ્રમત્ત દશામાં આવે તો બીજું કાંઈ ન સૂઝે. પણ વડોદરે જવું, ભણવું છે વગેરે વિચારો જ બતાવે છે કે હજુ એટલી અપ્રમત્ત દશા નથી. છતાં મંથનકાળ છે એમ કહેવાય. સંસાર તરફ બને તેટલો ઉદાસીન ભાવ રાખી કાર્ય કર્યે જવું, શું કર્તવ્ય છે તે તરફ લક્ષ્ય રાખવું.

*લિ. વ્રજલાલના આશીર્વાદ*

*

## Editorial Note of CHHATRATEJ-April 1947

Janardan R. Joglekar - Editor-Chhatratej

Tapidas & Tulsidas Varajdas Sarvajanik Highschool - Surat

Mr. H. J. Shah B.Sc., S.T.C., worked for fifteen years as a Mathematics Teacher in the upper classes and left this school in November 1946 to take up a similar appointment at Songadh (kathiawar). He did this in obedience to that "still small voice within" which urged him to accept a post with much lower emoluments yet affording him the invaluable advantage of daily contact with his Guru - Shree Kanji Swami. A graduate in science and gifted with a keen intellect and sound practical sense, Mr. Shah was still a deeply religious man who believed in the ideal

of plain living and high thinking and lived up to it. He had a praiseworthy command of Sanskrit Language. He was a deep and discriminating student of the "Jain Philosophical lore". He was kind and courteous towards all, and quiet and unassuming; he avoided all rivalries and display, and presented a not-very-usual spectacle of a man, who in the midst of all the trevails and turmoil of the ever-shifting modern professional life had secured sound footing and a real peace of mind.

He was eminently successful as a teacher. His grasp of a matter of his subjects and of the methods of imparting it was complete. His exposition was simple and lucid. He was always kind and brotherly towards his pupils whose spontaneous expression of deep regret at the news of his departure for Songadh was touching.

We sincerely wish him full attainment of his cherished spiritual goal and a long, healthy and peaceful life as a means to that attainment.

*

# શ્રીયુત હિંમતલાલ જેઠાલાલ શાહ

ખંડુભાઈ ગોપાળજી દેસાઈ (છાત્રતેજ-સુરત એપ્રિલ ૧૯૪૭માંથી)

xxx શ્રી શાહ સને ૧૯૩૧ના જુલાઈની બીજી તારીખે આ શાળામાં જોડાયા. સને ૧૯૩૬માં તેઓ એસ. ટી. સી. થયા અને સને ૧૯૩૭માં કાયમ થયા. શિક્ષક તરીકેની સંપૂર્ણ સિદ્ધિ મેળવી. આત્માની અનુત્તર ઉન્નતિ સાધવા તથા ગુરુનો શાશ્વત સહવાસ સેવવા તેમના સાન્નિધ્યમાં સદા રહેવાના શુભ આશયથી તેઓ ૧૯૪૬ના નવેમ્બર માસમાં આ શાળામાંથી છૂટા થયા.

સને ૧૯૨૭માં શ્રી શાહને એક આત્માનુભવી મુનિ કાનજીમુનિનો પ્રથમ પરિચય થયો હતો; અને એમનું જીવન ઘડવામાં શ્રી કાનજીમુનિનો અનન્ય ફાળો છે. એમની અસરથી શ્રી શાહનું જીવન રંગાયેલું હતું; તથા તેમની પ્રત્યે એમનું હૃદય આકર્ષાયેલું રહેતું.

જૈનધર્મનું એમનું જ્ઞાન અગાધ હતું. જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતો વિષેની ઘણી જ ઊંડી તથા પ્રતીતિકર ચર્ચા શ્રી શાહ અત્યંત ઉત્સાહથી તથા ઉત્કટભાવે કરી સકતા. જૈનધર્મના પુસ્તકોનું એમનું વાંચન વિશાળ હતું; તથા સઘળાં સિદ્ધાંતો જીવનમાં ઉતારવાનો એમણે સફળ પ્રયત્ન કર્યો હતો. આચારવિચારે તેઓ ચુસ્ત જૈન હતા. વળી જૈનધર્મનાં અર્ધમાગધી ભાષામાં લખેલાં અનેક ધર્મપુસ્તકોનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરવાનો પ્રશસ્ય પ્રયત્ન એમણે કર્યો. એ રીતે એઓ એમના ગુરુને પોતાની પરોક્ષ સેવાનો નિરંતર લાભ આપતા રહેતા.

પ્રથમથી જ એમની વૃત્તિ ધર્મ તરફ વળેલી હતી એટલે એમનું જીવન એકધારું, સાદું, પવિત્ર, સત્યાગ્રહી તથા ધાર્મિક હતું. તેઓ સ્વભાવે શાંત, નમ્ર, વિવેકી તથા ગંભીર અને એકાંતપ્રિય હતા. જાહેર પ્રવૃત્તિ અને ધમાલથી બિલકુલ અળગા રહેતા. ક્રોધ ભાગ્યે જ એમને સ્પર્શતો. શાળાના સૌ શિક્ષકભાઈઓમાં શ્રી શાહ અનેક રીતે નિરાળા લાગતા. કારણ કે એમનું જીવન અનેક રીતે ઘણું જ સંયમી હતું. તેઓ બોલતા પણ જરૂર પૂરતું જ. એમની મુખમુદ્રા સદા ગંભીર તથા વિચારમગ્ન માલૂમ પડતી. તેઓ હંમેશા કોઈ ગંભીર તથા વિચારમાં લીન હોય એમ એમના ચહેરા પરથી ભાસતું. તેમ છતાં તેઓ શાળાના શિક્ષકભાઈઓથી તદ્દન અલિપ્ત રહેતા નહિ. સમયાનુસાર સૌ સાથે ભળી જતા. સૌ પ્રત્યે તેમને સમભાવ હતો.

આમ વિદ્યાર્થી તથા શિક્ષકભાઈઓમાં શ્રી શાહ ઘણા જ પ્રિય થઈ પડયા હતા. જેમ દરેક વિદ્યાર્થીને એમને માટે સારું માન હતું, તેમ સૌ શિક્ષકભાઈઓનો પણ એમને માટે અતિ ઉચ્ચ અભિપ્રાય હતો.

એમના ગુરુ પ્રત્યે એમના હૃદયનું સદા આકર્ષણ રહેતું, અને એમની સેવા માટે તથા તેમની નિકટના શાશ્વત સહવાસ માટે એમનું હૃદય હંમેશા ઝંખતું. એમનું ધ્યેય આત્માની ઉન્નતિ સાધવાનું હતું. એ દુર્લભ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે તેમને તેમના સંપર્કની આવશ્યકતા જણાઈ. ગુરુના સાન્નિધ્યમાં માનસિક એકતા વિશેષ સાધી શકાય તથા ગુરુની પ્રત્યક્ષ સેવાનો અને જ્ઞાનનો તથા તેમના પવિત્ર સંપર્કનો ઉમદા લાભ સાધ્ય થાય, અને એ રીતે ઉચ્ચ સિદ્ધિ ગ્રહણ કરી આત્માની ઉન્નતિ સરળતાથી સાધી શકાય, એવી એવી ઉચ્ચ ભાવનાથી એમણે સુરત છોડ્યું. એમનો એ પવિત્ર આશય વિના વિક્ષેપે પાર પડે અને જે ઉચ્ચ સિદ્ધિ માટે તેઓ નિરંતર સતત મંથન સેવી રહ્યા છે, તે એમને સુલભ બને એવી મારી નમ્ર વાંછના છે.

*

## શત શત નમોઽસ્તુ : ઉપકારીને

*—બ્ર૦ ચંદુભાઈ ઝોબાળિયા*

'નમોઽસ્તુ ! પંડિતજી ! નમોઽસ્તુ !' કહીને જેમને હું ઉપકૃતભાવભીના વેદનથી મારી પ્રણામાંજલિ સમર્પિત કરતો તે ઊંડા આદર્શ આત્માર્થી, કુંદકુંદ-ભારતીના ભવ્યોત્તમ ઉપાસક, કહાનગુરુના અનન્ય ભક્ત, બહેનશ્રી ચંપાબેનના વડીલ બંધુ, 'નિકટ મોક્ષગામી', સ્વાનુભૂતિના ઉપકંઠે પહોંચેલ, મારા ઉપકારી, પંડિતરત્ન આદરણીય શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહનો, સમયસાર આદિ પરમાગમના ગદ્યપદ્યાનુવાદ તેમ જ અન્ય અધ્યાત્મરસપ્રધાન ગદ્યપદ્ય-રચના દ્વારા સમગ્ર મુમુક્ષુસમાજ ઉપર વિશિષ્ટ ઉપકાર તો છે જ. તેમાં મારા ઉપર તો વ્યક્તિગત અનેરો ઉપકાર છે.

પરમાગમ શ્રી સમયસારનો અનુવાદ કર્યા બાદ અમુક વખત પછી હિંમતભાઈએ પૂજ્ય ગુરુદેવની ભાવનાથી પ્રેરાઈને પ્રવચનસારનો ગુજરાતી અનુવાદ કરવાનું શરૂ કર્યું. શરૂ કરવા પહેલાં તેઓ મૂળ ગાથા તથા સંસ્કૃત ટીકા અનુવાદ કરવાની દૃષ્ટિએ વાંચી ગયા. તેમાં તેમને કેટલેક ઠેકાણે અશુદ્ધિઓ જણાઈ. સુરતથી તેમની સૂચના આવી કે હસ્તલિખિત પ્રતિઓ મગાવીને, તપાસીને અશુદ્ધિના ઠેકાણે શુદ્ધ પાઠ શું છે, તે સુધારીને મોકલો. પૂના, આરા, બ્યાવર વગેરે અનેક સ્થળથી પ્રતો આવી ગઈ. તે તપાસવાનું કામ મને સોંપવામાં આવ્યું. બ્રહ્મચર્યાશ્રમમાં માર્ગોપદેશિકાના દસેક પાઠ શીખેલ તેથી સંસ્કૃતનું થોડું જ્ઞાન પ્રાપ્ત થયું હતું. પ્રતો તપાસવી, છપાયેલ પાઠ સાથે મેળવણી કરવી વગેરે કારણે પંડિત શ્રી હિંમતભાઈ સાથે મને ઘણો સંપર્ક થયો. તેમના અનુવાદો મૂળ ટીકા સાથે મેળવીને તપાસી જવા, છપાતી વખતે પ્રૂફ તપાસવા અને તેમાં મને ન સમજાય ત્યાં પંડિતજીને પૂછવાના અનેક પ્રસંગો બનતા, તેથી તેમના દ્વારા તત્ત્વ સમજવામાં મને ઘણો લાભ થયો.

પ્રવચનસારની ૧૨૬ ગાથા-ટીકાના અનુવાદ પછી, પંડિતજી સુરતની શિક્ષક તરીકેની નોકરી છોડીને, કાયમ માટે સોનગઢ આવી ગયા. ત્યાર પછી તત્ત્વ સમજવા માટે તેમની સાથે સંપર્ક ઘણો વધી ગયો. અનુવાદમાં આવતા વિધવિધ વિષયો સંબંધી રાત્રે કલાકો સુધી વિસ્તારથી ચર્ચા ચાલતી. ખૂબ જ વાત્સલ્યભાવથી તત્ત્વનું ઊંડાણ મને સમજાવતા. શ્રી કુંદકુંદાચાર્યદેવ અને શ્રી અમૃતચંદ્રાચાર્યના મૂળ પાઠને સ્પર્શીને તેનું ઊંડાણ સમજવાનો જે મને અદ્ભુત લાભ મળ્યો છે તે ખરેખર પૂજ્ય પંડિતજીનો મારા ઉપર અનુપમ ઉપકાર છે.

જિનવાણીનાં કે ગુરુદેવનાં કથનો, તત્ત્વજ્ઞાનના ગમે તે વિષય પર હોય તે, અનેકાંતસ્વરૂપ વસ્તુને સ્યાદ્‌વાદની શૈલીથી પ્રમાણની આધાર ભૂમિ રાખીને પ્રયોજનવશ નયયોજનાનો આશય સમજવો. એ રીતે જિનેન્દ્રભગવંતે કહેલા મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત અનેક તાત્ત્વિક વિષયોની સાથે સાથે સર્વ તત્ત્વજ્ઞાનમાં મુખ્ય જે નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય એટલે કે નિજ કારણપરમાત્મા અર્થાત્ દ્રવ્યદૃષ્ટિના વિષયભૂત જ્ઞાયકસ્વભાવી નિજ શુદ્ધાત્માનો સાતિશય અચિંત્ય મહિમા નિજ પરિણતિમાં સર્વશ્રેષ્ઠપણે ઉત્કીર્ણ કરવો, કેમ કે તે જ અર્થાત્ નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યનું આવલંબન, તેનું પ્રતીતિમાં ઉગ્ર જોર, વેદનભીનું યથાર્થ ભાવભાસન જ સ્વાનુભૂતિ પ્રગટવાનું સમર્થ કારણ છે. શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય જ સમ્યગ્દર્શનનો આશ્રય ને મોક્ષમાર્ગનું આલંબન છે. મોક્ષમાર્ગમાં અનુક્રમે પ્રગટતી બધી શુદ્ધિઓનો આધાર તે એક પરમતત્ત્વનું વેદનભાવથી ઉગ્ર આલંબન જ છે. તે પરમતત્ત્વના સમ્યક્ આલંબનથી જ અતીન્દ્રિય આનંદમય નિજ આત્માનુભૂતિ તથા મોક્ષમાર્ગની બધી શુદ્ધિઓ પ્રાપ્ત થાય છે.—આ ગુરુચાવી (master key), પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય ભગવતી માતાના ઉપકારતળે, પૂજ્ય પંડિતજી થકી જ મને વધુ સ્પષ્ટપણે સમજાઈ છે. આ ગુરુચાવીના બળે જ જિનવાણીનાં કે ગુરુવાણીનાં કથનોનો ઉકેલ સમજવામાં મને સહાયભૂત થાય છે.—આ રીતે પંડિતજીનો મારા ઉપર વ્યક્તિગત અનેરો ઉપકાર છે.

તાત્ત્વિક ચર્ચાવાર્તા કરતાં પંડિતજી અનેક વાર કહેતા કે—પૂજ્ય ગુરુદેવ આખી જિંદગી, શુદ્ધતા પ્રગટ કરવા માટે, ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકતત્ત્વ પર જ જોર આપવાનું કહેતા હતા. ગુરુદેવે મોક્ષમાર્ગને જાજ્વલ્યમાન કર્યો છે. લાખો વર્ષ સુધી બાહ્ય ક્રિયાકાંડ કરે તેનાથી મુક્તિ મળતી નથી. અંદરનું સામર્થ્ય જાજ્વલ્યમાનરૂપે દેખાય - અનુભવાય તે મોક્ષમાર્ગ છે. શુભભાવથી ધર્મ નથી, પણ શુભાશુભભાવ વખતે પણ અંદરમાં સામર્થ્યરૂપે શુદ્ધતા ભરી પડી છે–તેવું કહીને પૂજ્ય ગુરુદેવે ધર્મનો સોનેરી યુગ પ્રવર્તાવ્યો છે.

આત્મા અજરઅમર તત્ત્વ છે. તેની શ્રદ્ધા કરવાથી અનુક્રમે સર્વ દુઃખનો નાશ થાય છે. અંદર આનંદનિધાન શાશ્વત પદાર્થ છે. તે શાશ્વત પદાર્થને ઓળખીને, તેનો અનુભવ કરી શાશ્વત આનંદ પ્રગટ કરવો. પ્રમાદ ટાળી, પુરુષાર્થ કરી શાશ્વત સુખનો માર્ગ અપનાવવો તે જ કરવાનું છે. તેનાથી વર્તમાન દુઃખ તો ટળે જ છે, ને ભવિષ્યનું દુઃખ પણ ટળે છે. ગુરુદેવનું તત્ત્વજ્ઞાન જાજ્વલ્યમાન રહેશે અને આપણું જીવન ઉજાળશે.

તત્ત્વ સમજવાની જિજ્ઞાસા તે પ્રથમ ભૂમિકા છે. તત્ત્વજ્ઞાન ઉપર અંદરથી પ્રેમ આવવો જોઈએ. તત્ત્વનું મૂળ સ્વરૂપ જાણવું જોઈએ. તત્ત્વનું જ્ઞાન યથાર્થ થાય તો મોહ છૂટી જાય. આત્મતત્ત્વની યથાર્થ ઓળખાણથી જ શુદ્ધતા પ્રગટે છે. આત્મતત્ત્વ કઈ રીતે રહેલું છે તે બરાબર જણાય તો જાણવાયોગ્ય બધું જાણ્યું ને કરવાયોગ્ય બધું કરી લીધું. તત્ત્વજ્ઞાનનો હકાર આવે તે પણ સારું છે. અંદરથી ઉછાળો આવે, પડકાર આવે, અંદર સોંસરવટ ઉપદેશ ઊતરી જાય તે પાત્ર છે. તત્ત્વજ્ઞાનની ઓળખાણ મુખ્ય છે, તે જ કરવા જેવું છે. અંદરમાં શુદ્ધાત્મતત્ત્વ તે જ હું છું. તેને ઓળખી, શ્રદ્ધા-જ્ઞાન કરી, તેમાં લીનતા કરવી તે જ આ મનુષ્યભવમાં કરવાનું છે.

તત્ત્વનો નિર્ણય મુખ્ય છે. કષાયની મંદતા ને વિષયનો ત્યાગ—એ બધું મુખ્ય નથી. વિષય-કષાયને જીતવાનું તો અન્ય દર્શનો પણ કહે છે. મારું (-આત્માનું) સ્વરૂપ–મારું તત્ત્વ કેવું છે ? તેનો યથાર્થ નિર્ણય થવો જોઈએ. ધ્યાન ને ખટકની વાતો પણ બધા દર્શનવાળા કરે છે; પરંતુ ખરેખર તો પ્રયોજનભૂત

તત્ત્વનો યથાર્થ નિર્ણય કરવો તે જ મુખ્ય છે. બાહ્ય ક્રિયાકાંડથી ને કષાયને પાતળાં પાડવાથી કાંઈ ન થાય. એ તો સ્થૂલ છે. નિર્ણયની સૂક્ષ્મતા વિચારતાં વિચારતાં, એકત્વ-વિભક્તસ્વરૂપ નિજ શુદ્ધ આત્માનું લક્ષ થાય–એવો પ્રયત્ન નિરંતર ચાલુ રાખવો.

કષાયને મંદ પાડવા તે વાસ્તવિક માર્ગ નથી. તત્ત્વવિચાર છે તે તત્ત્વનિર્ણયનો યથાર્થ માર્ગ છે. કષાયને પાતળા પાડવાથી આત્મદર્શનની નજીક જવાતું નથી; તત્ત્વજ્ઞાન સમજવાથી સમ્યગ્દર્શનની નજીક જવાય છે. મહિમા મૂળ તત્ત્વવિચારનો છે. પં. શ્રી ટોડરમલજીએ પણ એમ જ કહ્યું છે.

પ્રશ્ન :—સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ કઈ રીતે થવાય ?

ઉત્તર :—જેટલી અને જેવી અધૂરાશ છે એટલો અને એવો વિકલ્પ (ભૂમિકા અનુસાર) આવી જાય. જેટલું કામ કરે છે તે તત્ત્વનિર્ણય જ કામ કરે છે, વિકલ્પ નહિ. નિર્ણય પાકો કરવો જોઈએ; વિકલ્પ પાકો કરવો જોઈએ એમ નહિ. નિર્ણય પાકો થતાં મતિ ને શ્રુતજ્ઞાન (Automatic) તે તરફ વળે. નિર્ણયમાં જે વસ્તુ નક્કી કરી કે–આ જીવવસ્તુ છે તે જ 'આ હું છું'–એમ જો નિર્ણયમાં પાકું હોય તો તે નિર્ણય રહ્યા ને રહ્યા જ કરે. એમાં વિકલ્પનો ભાગ નીકળી જાય ને નિર્ણય રહી જાય. નિર્ણયથી નક્કી કર્યા પછી, તર્કમાં બેઠા પછી, Feelingમાં એમ બેસે કે પુણ્ય અને પાપ પરમાર્થે બંને સમાન છે. પુણ્ય સારું છે ને પાપ ખરાબ છે.–એમ નહિ.

નિર્વિકલ્પ અનુભવ પ્રાપ્ત થયા પહેલાં તત્ત્વને તર્કથી નક્કી કરે. શુદ્ધ સ્વભાવની પ્રતીતિ તર્ક દ્વારા કરવી. હું દેહ નથી, વર્તમાન પર્યાય જેટલો નથી, હું તો અનંત સ્વભાવસામર્થ્યથી ભરચક જ્ઞાયક–જાણનાર છું–એમ પ્રથમ તર્કથી બરાબર બેસે. જ્ઞાનસ્વભાવ આત્માનો નિર્ણય થાય, તો પછી પરિણતિને ખેંચવી ન પડે, પરિણતિ તે બાજુ જ વળી જાય. પ્રતીત અર્થાત્ નિર્ણય પછી લક્ષ થાય. એટલે કે—'આ જે તત્ત્વ અંદર છે તે આવું જ છે—એવું મને લાગણીમાં Feelingમાં લાગે છે. માત્ર તર્કથી જ ઊભું રહે–બેસે એમ નહિ, પણ મને લાગણીમાં Feelingમાં આમ Feel થાય છે—એવું લક્ષ થાય. અને પછી લક્ષ્ય તરફનું અંદરથી જોર આવતાં, વિકલ્પ તૂટતાં, નિર્વિકલ્પ અનુભવ થાય.

પ્રશ્ન :—તત્ત્વજ્ઞાનની Theory તો અમે જાણીએ છીએ; હવે કેવી રીતે પ્રયોગ કરવો—practical કરવું તે બતાવો ?

ઉત્તર :—Theoryની દઢતા તે જ પ્રયોગ છે. Theoryનું ઘુંટવું એ જ પ્રયોગ છે; બીજો કોઈ જુદો પ્રયોગ કરવાનો નથી. પહેલાં ન્યાયથી–તર્કથી વસ્તુસ્વરૂપ બેસાડે, પછી શ્રદ્ધાથી બેસાડે, જ્ઞાનથી બેસાડે. અરૂપી તત્ત્વનું practical પણ અરૂપી જ હોય. અરૂપીનું રૂપી practical ન હોય. શ્રદ્ધા-જ્ઞાન દઢ થતાં જાય એટલે એને પોતાને એ ખબર પડે–એ practical, ને એ પછી અનુભવ થાય.

નિર્ણયનું જોર એ જ એનો પ્રયોગ છે. જ્ઞાનસ્વભાવ આત્માનો જો બરાબર નિર્ણય કરે તો તેને પકડીને, મતિજ્ઞાનના વિચારોને અને શ્રુતજ્ઞાનના વિચારોને પકડીને અંદર આત્મા તરફ લઈ જવા ન પડે. જો નિર્ણય પાકો હોય તો ઉપયોગ આત્મા તરફ વળી જ જાય. Experimental side એ આવી જ જાય. Experimental અને Theoratical બે જુદું નથી, એક જ છે.

Theoryની દઢતા એ જ એનો પ્રયોગ છે. એ સિવાય બીજો પ્રયોગ કરવા જાય તેને primary stageની પણ ખબર નથી.

એક વાર બહેનશ્રીની સમ્યક્ત્વજયંતીના પ્રસંગે, અમુક બ્રહ્મચારિણી બહેનોની ઉપસ્થિતિમાં,

ભાઈ-બહેન વચ્ચે નાની ઉંમરમાં કરેલ તત્ત્વજ્ઞાનની સાધના સંબંધી થયેલી ચર્ચાઓ અને તેને લગતી બીજી અનેક વાતોને યાદ કરીને રસમય રીતે વાગોળતા હતા. તે સાંભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવાથી બ્ર૦ બહેનોને ખૂબ જ આનંદ થતો હતો. તેમાં એક બ્ર૦ બહેનથી સહજપણે બોલાઈ ગયું : 'લો....બહેન પામી ગયા અને ભાઈ રહી ગયા.' બહેનશ્રીએ ગંભીરતાપૂર્વક કહ્યું : 'ભાઈ કાંઈ રહી ગયા નથી હો'; બીજા અનેક પ્રસંગે પૂજ્ય બહેનશ્રીએ કહ્યું છે કે : હિંમતભાઈની અંત:પરિણતિ સમ્યક્ત્વસન્મુખ છે....નિજ શુદ્ધાત્મ-અભિમુખ તેમનો પ્રયત્ન– પુરુષાર્થ છે. તેઓ ભૂતકાળમાં વિશિષ્ટ પુરુષ હતા, વર્તમાનકાળે પણ પૂજ્ય ગુરુદેવની સભાના એ વિશિષ્ટ પુરુષ છે અને તેમનો આગામી કાળ પણ વિશિષ્ટતાથી ભરપૂર છે. તેઓ ઊંચા આદર્શ આત્માર્થી છે. તેમને બહાર પડવાનો જરાય રસ નથી. જે આત્માર્થી હશે તે જ હિંમતભાઈની ઊંડપને સમજી શકશે. પૂજ્ય બહેનશ્રીના પંડિતરત્ન શ્રી હિંમતભાઈ વિષેના મંગલ ઉદ્ગારો સ્પષ્ટપણે સંકેત કરે છે કે—પંડિતજીની વેદનભીની પરિણતિ નિજ શુદ્ધાત્માભિમુખ છે એટલે કે તેઓ સ્વાનુભૂતિના ઉંબરે પહોંચેલ છે. પંડિતજીને પૂછવામાં આવતું કે મામા ! આપ આખો દિવસ શેના વિચાર કરો છો ? પંડિતજી નિખાલસપણે સહજતાથી ઉત્તર આપતા કે : હું મારા તારકતત્ત્વના–જ્ઞાયકતત્ત્વના સાક્ષાત્કાર માટે નિરંતર પુરુષાર્થ-પ્રયત્ન-ઉદ્યમ કરી રહ્યો છું. અહા ! ધન્ય છે તેમની પરિણતિને–પુરુષાર્થને.

પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખથી પંડિતજી વિષે 'વિશિષ્ટ પુરુષ'ની વાત નીકળી ત્યારે કોઈએ ઉલ્લાસમાં આવીને પંડિતજીને વાત કરી કે 'પૂજ્ય બહેનશ્રીએ તમારા વિષે આવી બહુ સુંદર વાત કહી.' તે સાંભળી પંડિતજીએ ગંભીર થઈને, વૈરાગ્યભાવથી ગાયું કે—'રહના નહિ, દેશ વિરાના હૈ' ત્યારે તેમને કહ્યું કે 'આવું શું ગાઓ છો, આ વાત સાંભળીને આનંદ આવવો જોઈએ, તેના જવાબમાં પંડિતજીએ ઉદાસભાવે વૈરાગ્યથી કહ્યું : તેમાં મને ક્ષણિક આનંદ તો આવે, પરંતુ મને આવી વિશેષતા કે વિશેષણોનું કાંઈ મહત્ત્વ નથી, મારે તો, જેમ સળગતા ઘરમાં કોઈ માણસ ફસાઈ ગયો હોય અને તેને બચવાનો—બહાર નીકળવાનો કોઈ માર્ગ મળે તો તે કાંઈ શરીરની સજાવટ કરવા ઊભો ન રહે, એ તો જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં ભાગી નીકળે; તેમ મારે આવી વિશેષતા કે બીજી સજાવટ કાંઈ જોઈતી નથી, મારે તો સંસારરૂપ સળગતા ઘરમાંથી જલદી ભાગી છૂટવું છે, અને તેના માટે જ મારું લક્ષ અને પ્રયત્ન છે. જ્ઞાનીઓની કૃપાથી એ પુરુષાર્થ કરતા આવડી જાય અને જલદી આત્મકલ્યાણ કરી લઉં—એ એક જ અંતરમાં ભાવના છે. અહા ! કેવી અદ્ભુત આત્માર્થિતા !

એ મહાન આત્મા શુદ્ધાત્માના સાક્ષાત્કારની—સાધનાની પ્રગતિ માટે આગળ પ્રયાણ કરી ગયા, પરંતુ તેમના વિના આપણે તત્ત્વજ્ઞાનના અનેકવિધ સ્પષ્ટીકરણ માટે નોધારા થઈ ગયા. પૂજ્ય ગુરુદેવ આપણા પરમ-તારણહાર–પરમ આધાર હતા. આપણા ભાગ્યદોષે તેમનો સદેહે ચિરવિયોગ થતાં, પૂજ્ય ભગવતી માતા અનન્ય આધાર હતા. તેમનો પણ વિયોગ થતાં, આદરણીય પંડિતજી આપણા માટે તત્ત્વ સમજવાનો એકમાત્ર આધાર હતો. ખરાબાથી બચવા માટે તેઓ આપણી દીવાદાંડી હતા. એ ત્રણેય ઉપકારી આત્માઓના સમાગમના વિયોગમાં આપણો આધાર કોણ ? ખરેખર, આપણે નોધારા થઈ ગયા. ઉપકારીના વિયોગથી અંતરમાં ખૂબ દુ:ખ વેદાય છે; પણ તેનો ઉપાય શો ? એ દુ:ખવેદનને હળવું કરવાનો એક જ ઉપાય છે કે–તે મહાપુરુષોનો ભૌતિક દેહથી આપણને વિયોગ થવા છતાં તેમના ઉપકારોનો વિયોગ કદી થવાનો નથી. તેમના ઉપકારો આપણી પરિણતિમાં વણીને રાખશું તો તે મહાપુરુષોનો–વિદેહી મહેમાનોનો–મોક્ષગામી આત્માઓનો, ઉપકારની દૃષ્ટિએ કદી વિયોગ થવાનો નથી. એ જ આપણા માટે સમાધાન છે.

ધન્ય છે તે આત્માઓને ને તેમની સાધનાને. શત શત નમોઽસ્તુ તે પવિત્ર આત્માઓને.

*

# એ દેવપુરુષને શત શત પ્રણામ

*વ્રજલાલ ગિ. શાહ–વઢવાણ શહેર*

સુવર્ણપુરીના સંત શ્રી કાનજીસ્વામીની ધર્મસભાના એક માત્ર પંડિતરત્ન તે શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ. પૂજ્ય ગુરુદેવશ્રીનો તેમનામાં સંપૂર્ણ વિશ્વાસ. આપ પણ શ્રી સદ્‌ગુરુદેવ પ્રત્યે પૂર્ણ સમર્પિત.

બાળપણથી જ તેઓ શાન્ત, વિરક્ત અને ઘરના ધાર્મિક વાતાવરણથી ઓતપ્રોત. માતૃભક્ત, પિતૃભક્ત ગુરુભક્ત અને કુટુંબવત્સલ. તેમનાથી છ વર્ષ નાના ચંપાબેન સાથે તેમને રમતમાં, વાતોમાં ધાર્મિક ચર્ચામાં ખૂબ જ ફાવે. બેનનું હૃદય તેઓ બરાબર જાણે. તેમની દસેક વર્ષની ઉમરે માતાજીનો વિયોગ થયો; તેથી સાડાત્રણ વરસના નાના બેનને તેમનાથી જુદા પડી મોટાબેન પાસે કરાંચી જવાનું થયું. બન્નેનું લૌકિક શિક્ષણ જુદા સ્થળે થયું. બન્ને ભણવામાં હોશિયાર, ધર્મનાં સંસ્કારવાળા, મૃદુભાષી, અલ્પભાષી અને પોતાના નિર્દોષ આચરણથી સૌને પ્રસન્ન કરનારા. બન્ને નીતિ અને ધર્મને ચાહનાર, તટસ્થપણે વિચારપૂર્વક સત્ય અને ન્યાયને સમજવાને--સ્વીકારવાને તત્પર.

પં શ્રી હિંમતભાઈનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વઢવાણમાં પૂરું થયું તે વખતે હિંમતભાઈને પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ધાર્મિક વ્યાખ્યાનો સાંભળવાનો અવસર મળ્યો. તેઓશ્રી ખૂબ જ અભિભૂત થયા અને જૈનધર્મના તત્ત્વને સમજવા જૈનશાસ્ત્રોનો અભ્યાસ કર્યો. દરમ્યાનમાં બહેનશ્રી ચંપાબેન પણ દેશમાં આવ્યા અને ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં વ્યાખ્યાન સાંભળતાં. પૂર્વના સંસ્કારી જીવ હોવાથી તેમને શ્રી કાનજીસ્વામીની વાત ખૂબ રુચી. તેમણે અથક પુરુષાર્થ કરીને નિર્મળ સમ્યગ્દર્શન માત્ર સાડા અઢાર વર્ષે પ્રગટ કર્યું. પૂ. બેનશ્રીએ સાંકેતિક શબ્દોમાં પોતાની આ વિરલ સિદ્ધિની વાત પોતાના વહાલા મોટાભાઈને કરી અને હિંમતભાઈના જીવનમાં અકથ્ય આનંદભાવ અને આશ્ચર્યભાવ પ્રગટ થયો. હવે તો ભાઈબહેનનું જીવન અદ્‌ભુત રીતે ખીલવા લાગ્યું.

પૂ બહેનશ્રીની જ પ્રેરણા અને આગ્રહથી તેમણે સમયસાર પરમાગમનો અપૂર્વ અનુવાદ કર્યો. શરૂઆતમાં નિરાશ થવાય એવી ઘટના બનવા છતાં પૂ. બહેનશ્રીના હિંમત પ્રેરક અને પ્રેમપૂર્ણ આગ્રહથી તેમણે શ્રી કુંદકુંદાચાર્યદેવના બીજા ગ્રન્થોનો પણ પૂરેપૂરી રીતે ગ્રંથકાર અને ટીકાકાર આચાર્યોનો આશય પ્રકટ થાય તેવો સફળ અનુવાદ કર્યો. પંચપરમાગમનો બધી પ્રાકૃત ગાથાઓનો ગુજરાતી ભાષામાં હરિગીત છંદમાં શ્રેષ્ઠ પદ્યાનુવાદ કર્યો. પંડિતજીની નમ્રતા તો જુઓ કે આ બધા ઉત્કૃષ્ટ સર્જનોનું શ્રેય તેઓએશ્રી સદ્‌ગુરુદેવે આપેલા અણમોલ ઉપદેશને આપ્યું છે. તેઓ સફળ ગદ્ય લેખક હતા, કવિ હતા ગાયક હતા, વક્તા હતા પણ આ સમસ્ત શક્તિઓનું મૂળ સ્રોત પૂ. ગુરુદેવશ્રીનો આધ્યાત્મિક ઉપદેશ સદ્‌ભાવના અને આશીર્વાદમાં તેઓ માનતા. આવા હતા આપણા પંડિતજી ભવભવથી ડરનાર અને પરમ ગુરુભક્ત. પૂ. ગુરુદેવશ્રી પણ તેમની નિષ્ઠા, ઊંડી તર્કણા અને વિરલ બૌદ્ધિક સજ્જતાને સમજતા માનતા અને પ્રશંસા દ્વારા પ્રગટ કરતા. તેઓશ્રીના મુખમાંથી સહજ ઉદ્‌ગાર સરેલા કે આવા ઉત્કૃષ્ટ અનુવાદનું કાર્ય સાંગોપાંગ પાર પાડનારનો સંસારનો કિનારો નજીક છે.

પંડિતજીએ આ શબ્દો સાંભળ્યા તે દિવસ તેમના જીવનનો સૌથી અદ્‌ભુત ધન્ય બન્યો. પોતાના હૃદયનો સંતુષ્ટ ભાવ તેમણે પોતાના ઘરની દિવાલ ઉપર એક પદ્ય પંક્તિ લખીને પ્રગટ કર્યો. પૂ. બહેનશ્રીએ પણ પોતાના આ સુયોગ્ય ભાઈ માટે 'ઊંડા આદર્શ આત્માર્થી' એવા સાર્થક વિશેષણો વાપર્યાં. બન્ને ભાઈબહેન એકબીજાનું હૃદય જાણતા હતા. બન્ને ધીર અને ગંભીર તેમ જ અલ્પભાષી હોવાથી બહારમાં એનો પ્રકાશ ઓછો થતો.

પંડિતજી અજાતશત્રુ હતા. તેમની વાણી અને વર્તન એવા મધુર, વિવેકશીલ અને શિષ્ટ હતાં કે તેઓ કોઈના દ્વેષ—ઈર્ષ્યા, અણગમાનું નિમિત્ત ન બને. તેઓ સજ્જન અને સંસ્કારમૂર્તિ હતા. તેમણે જ્યાં જ્યાં કામ કર્યું ત્યાં પૂરી સફળતા અને પ્રશંસા પ્રાપ્ત કરી. સહકાર્યકરોનો ભરપૂર પ્રેમ અને આદર તેમણે મેળવ્યા. તેમની નિકટમાં રહેનારને પોતાની ચાતુરી, નિખાલસતા, તત્ત્વજ્ઞાન અને પ્રસન્ન હળવાશભરી વાતચીતથી તેઓ પોતાને વશ કરી લેતા. તેમને વશ થવામાં પણ અપૂર્વ આનંદ આવતો.

તેમના તત્ત્વજ્ઞાનનું ચિંતન તેમના વિશિષ્ટ વ્યક્તિત્વના દ્યોતક પ્રજ્ઞાપારમિતાનો પ્રસાદ હતો.

દીર્ઘ, નિરામય, સાર્થક, પ્રસન્નતામય જીવન જીવી જનાર સરલ દેવપુરુષને મારા શત શત પ્રણામ !

*

## ઉપકારી ! ઉપકાર તારા શું કથું ?

*—આણંદભાઈ જસાણી (ટ્રસ્ટી), તથા જસાણી-પરિવાર, મુંબઈ*

પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ભક્તશિરોમણિ, ઊંડા આદર્શ આત્માર્થી, પંડિતરત્ન શ્રી હિંમતભાઈની (પૂજ્ય મામાની) અમારા જસાણી કુટુંબ ઉપર ધર્મવાત્સલ્યભીની ઘણી જ અકારણ કૃપા હતી. પૂજ્ય બહેનશ્રી તથા પૂજ્ય મામાની અમારા પરિવાર ઉપર સદૈવ પારાવાર અમીદૃષ્ટિ હતી. અમે તેમના સત્સમાગમમાં રહીને ઘણો ધર્મલાભ મેળવ્યો છે. અમારા માટે તેમનાં દ્વાર સદા ખુલ્લાં હતાં. તત્ત્વજ્ઞાનના ઘણા પ્રસંગો બન્યા છે, બધા ક્યાંથી લખી શકાય ? બધા સંકલનાબદ્ધ યાદ પણ ન હોય. જ્યાં તેમના સ્વર્ગગમનના પંદર દિવસ પહેલાં જ પૂજ્ય મામાએ મારા ઉપર ગહન તાત્ત્વિક અમીવર્ષા વરસાવી હતી, તે સંક્ષેપમાં નીચે મુજબ છે :—

પૂજ્ય મામા :—"અહો ! કોણ ? આણંદભાઈ ! આત્માના આનંદમાં રહેવું; તેમાટે ધ્રુવ સામાન્ય ઉપર જોર આપવું. પોતે જ્ઞાનનો પિંડ છે. તે વાત પ્રવચનસારમાં આવે છે. આ પ્રવચનસાર પોતાનું (—આત્માનું) અસ્તિત્વ બતાવનારું અદ્‌ભુત શાસ્ત્ર છે.

આણંદભાઈ—મામા ! આપને કેમ છે ? મને આશીર્વાદ આપો.

મામા—આણંદભાઈનું સૌ કુટુંબ આનંદમાં રહે અને શુદ્ધાત્માનું ધ્યાન રાખે, તેવા મારા આશીર્વાદ છે. સુખી રહો; તે માટે સર્વ પ્રયત્ન કરવા, એટલે કે શાશ્વત સુખ પ્રાપ્ત કરવા માટે, પોતાના શુદ્ધાત્માને પ્રાપ્ત કરવા સર્વ પ્રકારે પ્રયત્ન કરવો જોઈએ. અંદરમાં એમ થવું જોઈએ કે મારે મારો પ્રયત્ન કરવો છે, કોઈના પ્રયત્નથી કાંઈ તરી ન જવાય; મારા સુખ માટે મારે જ પ્રયત્ન કરવો જોઈએ.

પ્રશ્ન—મામા ! આપ શું કરી રહ્યાં છો ?

પૂ. મામા—શુદ્ધ આત્માને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ એટલે કે હું જ્ઞાનમૂર્તિ ભગવાન છું તેવા ભાવે પરિણમવાનો પ્રયત્ન કરું છું.

આણંદભાઈ ! આનંદસ્વરૂપ આત્મા છું, તેવા ભાવે પરિણમવાનો પ્રયત્ન કરવો જોઈએ. શુદ્ધાત્માને પ્રાપ્ત કરતાં નિર્વિકલ્પ થવાય અને નિર્વિકલ્પ થતાં અનુક્રમે મોક્ષ થાય.

પ્રશ્ન—મામા ! નિર્વિકલ્પ થવા શું કરવું ?

મામા—નિર્વિકલ્પ થવા વિકલ્પો તોડી નાખવા. આત્માને મેળવવા અવિરત પ્રયત્ન કરવો જોઈએ. એક બ્રહ્મસ્વરૂપ આત્માને પ્રાપ્ત કરવો જોઈએ.

પ્રશ્ન—મામા ! આપ શું કરી રહ્યા છો ?

મામા—હું મોક્ષ પ્રાપ્ત કરવા માટેનો પ્રયત્ન કરી રહ્યો છું. આત્માનો અનુભવ પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરી રહ્યો છું.

પ્રશ્ન—મામા ! તે માટે શું કરવું ?

મામા—આત્માનો અનુભવ કરવા માટે, તું જેવો છે તેવો પ્રગટ કરવા માટે, તું પ્રયત્ન કર તો જરૂર પ્રાપ્ત થશે જ.

સદાય મોક્ષમાર્ગમાં સાથે રહીએ તેવો પ્રયત્ન આપણે બધા કરીએ.

તરુબહેન—મામા ! આપ થાકી ગયા હશો; ઘડીક આરામ કરો !

મામા—સાચો આરામ તો આત્મામાં થાય. પુરુષાર્થ કરી, વૈરાગ્ય લાવીએ તો આત્મામાં આરામ થાય. મારે તો આત્મા–જ્ઞાયકમાં જાગૃત રહેવું છે. બહારમાં ઘણું સૂતા, હવે અંદર જાગૃત થવું છે. ત્રણ (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય)માંથી ધ્રૌવ્ય તારવી લેવું—મુખ્ય કરવું. આશ્રયમાં ધ્રૌવ્ય આવે, જ્ઞાનમાં ધ્રૌવ્ય આવે અને આચરણમાં ધ્રૌવ્ય આવે તો મોક્ષ થાય. શાસ્ત્રાભ્યાસ કરી જ્ઞાયકનો અભ્યાસ કરવો, જ્ઞાયક ઉપર આશ્રયનું જોર આપવું.

પ્રશ્ન—જોર આપવું એટલે શું ?

પૂ. મામા :—અંદર કાયમી જ્ઞાયકતત્ત્વ, કિંમતભાવે—આશ્રયભાવે—જોરભાવે—દઢતાભાવે ભાસવું જોઈએ. આ જ ખરું છે....અહા ! હું તો જ્ઞાન ! ત્રણમાંથી જ્ઞાયક ધ્રૌવ્ય તત્ત્વ તારવે; તેમાં જ્ઞાનતત્ત્વ છે તેનાથી મોક્ષ મળે. ''હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનાં કામ જો ને...''

પ્રશ્ન—કાયર એટલે શું ?

ઉ૦—આ શે પમાય ? તેમ કરે તે કાયર... જ્ઞાયક તરવરી આવે તે શૂરવીર. આ રહ્યો હું ધ્રુવ તત્ત્વ તેમ થાય, મને જરૂર થાય. જ્ઞાયકને મજબૂત રીતે પકડ્યો છે તેથી મોક્ષ થાય જ; ને તે શૂરવીર તેને આનંદના સાગર ઊછળે, વિકલ્પ તો જુદા લાગે. ઓલામાં (જ્ઞાયકને પકડવામાં) તો બળ આવે ત્રણમાંથી ધ્રુવ જ્ઞાયક પકડી લે તો મોક્ષ થાય.

આ રહ્યો જ્ઞાયક; વાહ રે વાહ, જ્ઞાયક ! તેમ થતાં સુખ પ્રગટ થાય. જોરનય કહો કે શુદ્ધનય કહો, બધું એક જ છે.

પ્ર૦—ચોવીશે કલાક જ્ઞાયક છું તેમ ચાલે ?

ઉ૦—અંદર જે જ્ઞાયક તત્ત્વ પકડ્યું છે, તેથી ચોવીશે કલાક જ્ઞાયક છું તેમ ઘોલન ચાલે. જ્ઞાયક મને તાર્યો તેમ અંદરમાં થાય તેનો મોક્ષ થાય. બધા શુભનો પ્રચાર વધારે કરે છે પરંતુ મારી નજર તો હાયર (HIGHER) જ્ઞાયક તરફ જાય છે. મારું તારકતત્ત્વ જ્ઞાયક છે. તેથી તેના પર નજર જા

છે. મને તો અંદરમાં પૂરો જ્ઞાયક, આ રહ્યો જ્ઞાયક, તેમ જ ખ્યાલમાં આવે છે. એ જ્ઞાયકતત્ત્વનો—તારકતત્ત્વનો સાક્ષાત્કાર થાય એવો પુરુષાર્થ કર્તવ્ય છે. તેનો પ્રયત્ન હું કરી રહ્યો છું.

પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય ભગવતી માતાની અનુપમ ઉપકારછાયામાં, આવો અમૂલ્ય આધ્યાત્મિક હિતોપદેશ આપનાર એવા મહાન ઉપકારી પૂજ્ય મામાના ચિરવિયોગથી અમને સમગ્ર જસાણી પરિવારને ખૂબ જ દુઃખદ આઘાત લાગ્યો છે. હવે આવો અમૂલ્ય લાભ અમને ક્યાં મળશે ? તાત્ત્વિક મુંઝવણ થાય ત્યારે પૂજ્ય મામા પાસે દોડી જતા હતા, અને પૂજ્ય મામા સાદી સુગમ શૈલીથી મુંઝવણ દૂર કરી દેતા હતા. હવે એ તાત્ત્વિક સમાધાન ક્યાં અને કોની પાસે મળશે ? પૂજ્ય મામાનો વિયોગ થતાં, અધ્યાત્મ તત્ત્વજ્ઞાનના વિશ્વસનીય સમાધાનક્ષેત્રે અંધકાર વ્યાપી ગયો ! સમાધાનકારી એ પ્રકાશપુંજ અસ્ત થઈ ગયો, તેનું અમને દુઃખ છે.

પોતાની અસાધારણ આધ્યાત્મિક સાધનાના બળે સાધના પૂર્ણ કરીને પૂજ્ય મામાનો આત્મા શીઘ્ર પૂર્ણાનંદમય પરમાત્મદશા પ્રાપ્ત થાઓ—એવી મંગલ કામના સહ તેમને અને તેમના ઉપકારોને કોટિ કોટિ પ્રણામ.

*

## ગુરુદેવનું અણમૂલ વિદ્વદ્રત્ન : પંડિત

*—હસમુખલાલ પોપટલાલ વોરા*

*પ્રમુખ : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ*

અધ્યાત્મવિદ્યાનો અનુપમ યુગ પ્રવર્તાવનાર, પરમોપકારી, પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત, તેમની પ્રવચનસભાના અણમૂલ વિદ્વદ્રત્ન, ભગવતી કુંદકુંદ-સરસ્વતીના સમર્થ ઉપાસક, ઊંડા આદર્શ આત્માર્થી, પંડિતરત્ન, આદરણીય વડીલ શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહને 'બાપુજી ! નમસ્કાર' કહીને હું મારી પ્રણામપૂર્વક વિનયાંજલિ, તેમના પ્રત્યે ખૂબ આદરભાવથી, સમર્પિત કરતો હતો. 'બાપુજી' તરીકે સંબોધન કરતો, કેમ કે તેઓ મારા બાપુજીના નાનપણથી મિત્ર હતા. બંને એક જ ગામ વઢવાણના રહીશ, ધાર્મિક પાઠશાળામાં સાથે જ અભ્યાસ કરતા હતા. પાઠશાળાના વિશેષ પ્રસંગે સંવાદના આયોજન વખતે, શિક્ષક તેમને અને મારા બાપુજીને ખાસ બોલાવીને, તેમને વિદ્યા અને તેના ગુણ-લાભ વિષે અને મારા બાપુજીને લક્ષ્મી અને તેના ગુણ-લાભ વિષે બોલવાનું કહેતા. શ્રી હિંમતભાઈ ખૂબ પ્રભાવક રીતે, અસરકારક શૈલીથી વિદ્યાના ગુણ, તેની મહત્તા, તેના લાભ અને સર્વોપરીતા રજુ કરતા, જેથી શ્રોતાગણ પ્રભાવિત થતો. કુદરતના ક્રમે હિંમતભાઈનું ભવિષ્ય, પૂજ્ય ગુરુદેવની કૃપાપૂર્ણ ઉપકારછાયામાં ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રરૂપિત અધ્યાત્મ-વિદ્યાના સમર્થ ઉપાસકરૂપ પંડિતરત્ન તરીકે ફળીભૂત થયું.

શરૂઆતમાં અમને ધર્મ વિષે બહુ લક્ષ કે જ્ઞાન ન હતું. પરંતુ મારા બાપુજીને યોગાનુયોગ, શ્રી હિંમતલાલભાઈ ઝોબાળિયાની પ્રેરણાથી સોનગઢ આવવાનું થયું. તેમને પૂજ્ય ગુરુદેવનાં દર્શન તેમ જ પ્રવચનની સારી અસર થઈ, તત્ત્વ સમજવાની જિજ્ઞાસા વધી. તેમના અનુગ્રહથી મને પણ સોનગઢ આવવાનો યોગ અવારનવાર બન્યો. તે વખતે પરમાગમમંદિરમાં અક્ષરો મશીનથી કોતરાવવાની ભાવના થતાં, તે માટે મશીન લેવા ઇટાલી જવાનો મને પ્રસંગ પ્રાપ્ત થયો અને તે મશીન દ્વારા સોનગઢમાં પરમાગમોના અક્ષરો કોતરાવવા વખતે આદરણીય પંડિતજીના સમાગમનો વિશેષ યોગ પ્રાપ્ત થયો. પરમાગમની ગાથાના તથા ટીકાના અક્ષરો ક્યા માપના કરવા ? બે શબ્દો વચ્ચે અને બે લીટી વચ્ચે તથા પારેગ્રાફની શરૂઆતમાં, શ્લોકો વચ્ચે કેટલી ખાલી જગ્યા રાખવી અને બધુ લખાણ બરોબર આવી

જાય; જરાય જગ્યા વધે નહિ અને તૂટો આવે નહિ—એવી ચોકસાઈ પૂર્વક સૂક્ષ્મ ગણતરીની પંડિતજીની કુશાગ્ર બુદ્ધિથી હું ખૂબ જ પ્રભાવિત થયો હતો. અનુક્રમે મને પણ પૂજ્ય ગુરુદેવનાં પ્રવચનમાં રસ પડ્યો, પરંતુ વિશેષ સમજાય નહિ; છતાં પૂજ્ય ગુરુદેવ અને સોનગઢ પ્રત્યે આકર્ષણ તેમ જ આદર વધતો ગયો. અમુક વર્ષો પછી સોનગઢ-ટ્રસ્ટના પ્રમુખ તરીકેની જવાબદારી મને સોંપવામાં આવી. તેના કારણે સોનગઢ તીર્થ પ્રત્યે અર્પણતા ખૂબ વધી ગઈ.

એક વાર મારાં ધર્મપત્ની શ્રીમતી કળાવતીએ મીઠી ટકોર કરી કે—પ્રમુખપણામાં તો પરમુખપણું છે, સ્વમુખ થવું તે જ પૂજ્ય ગુરુદેવનો ઉપદેશ છે અને તે જ કર્તવ્ય છે. પ્રસંગોપાત્ત સુરતમાં જિનમંદિરની વેદીપ્રતિષ્ઠા વખતે સમયસાર પરમાગમની સ્થાપના કરવાનો મને ભાવ થયો. મારાં ધર્મપત્નીને વાત કરી, તેણે કહ્યું કે પહેલાં સમયસારનો સ્વાધ્યાય-અધ્યયન કરવાનું નક્કી કરો, અને સમયસારની સ્થાપના કરો. ત્યાંથી ગુજરાતી અનુવાદના અભ્યાસ દ્વારા સમસારનો અભ્યાસ શરૂ કર્યો. જેમ જેમ અભ્યાસ વધતો ગયો તેમ તેમ તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં, તે સંબંધી વિચારો તથા ઊંડપમાં મારા જીવન વિષે કોઈ ચમત્કારી પરિવર્તન થયું. હવે મને સમયસાર, પ્રવચનસાર વગેરે પરમાગમોના સ્વાધ્યાયમાં ખૂબ રસ પડે છે. તે બધો ઉપકાર છે—ગુરુદેવની ઉપકારછાયામાં—ગુજરાતી અનુવાદોનો. એ રીતે આદરણીય પંડિતજીનો આખા મુમુક્ષુ સમાજ ઉપર અને ખાસ તો મારા જીવનપરિવર્તન ઉપર પંડિતજીનો અને તેમના અનુવાદોનો પણ વિશેષ ઉપકાર છે. પરમાગમોનાં કથનોમાં જ્યાં જે કાંઈ ન સમજાય ત્યારે પંડિતજીને પૂછવાથી બહુ જ સહેલી ભાષામાં, સરળ રીતે ને સુગમતાથી તેનો ઉકેલ થઈ જતો અને તાત્ત્વિક સમાધાન પ્રાપ્ત થતું.

પંડિતજી ટ્રસ્ટની કે બીજી કોઈ બહારની વાતોમાં હસ્તક્ષેપ કરતા નહિ, તેમને પહેલેથી એ પ્રકારનો રસ હતો નહિ; છતાં અમે ટ્રસ્ટની પ્રગતિની ગતિવિધિ તેમને અવારનવાર જણાવતા, અને માર્ગદર્શન માટે પ્રાર્થના કરતા, ને તેઓ સોનગઢ તીર્થનું હિત થાય તેવું ઉચિત માર્ગદર્શન આપતા.

એ રીતે આદરણીય પંડિતજીનો આપણા સમાજ ઉપર, પરમાગમોના અનુવાદ તેમજ અન્ય અનેક ગદ્યપદ્યમય અધ્યાત્મરસભરી રચનાઓ દ્વારા, અનેરો અવિસ્મરણીય ઉપકાર છે, તે ઉપકાર કેમ ભુલાય ?

આવા અનેક સદ્‌ગુણવિભૂષિત ઉપકારી પંડિતજીનો આપણને ચિર વિયોગ થયો છે તેનું આપણને દુ:ખ છે. હવે આપણે પરમાગમોના સૂક્ષ્મ હાર્દરૂપ વિષયોના ખુલાસા માટે ક્યાં જશું ? કોણ આપણને સુગમ સમાધાન કરાવશે ? આધ્યાત્મિક વિષયનું—શુદ્ધાત્મસાધના સંબંધનું—સાચું માર્ગદર્શન કોણ આપશે ? પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય ભગવતી માતાની ઉપસ્થિતિમાં તે બંને દ્વારા આપણને તત્ત્વલાભ તેમ જ સાધનાનું સાચું માર્ગદર્શન મળતું હતું. તે બંને ઉપકારીના વિયોગમાં આદરણીય પંડિતજીનો આપણને આધાર હતો, તે પણ આપણા દુર્ભાગ્યે કરાળ કાળે લૂંટી લીધો ! તેનું આપણને દુ:ખ છે. તેઓ તો પોતાની સાધનામાં પ્રગતિ કરવા આગળ નીકળી ગયા, પણ આપણે નોધારા થઈ ગયા ! હવે તો તેમણે સમજાવેલ અધ્યાત્મપ્રમુખ તત્ત્વજ્ઞાન અને તેમના ઉપકારોને જીવનભર વાગોળીને આપણે સ્વયં આપણી મેળે કલ્યાણ કરવાનું છે. તે અનુપમ આત્મબળ આપણે તે ઉપકારી મહાપુરુષોના મહાન ઉપકારપ્રતાપે પ્રાપ્ત થાવ અને સાધ્યની સિદ્ધિ સુધી સાથ આપ્યા કરો, તે જ આ વિરહવેદનના દુ:ખદ પ્રસંગે, અંતરની પ્રાર્થના છે.

*લી. હસમુખ પોપટલાલ વોરાની*
*વિરહવેદનાભીની ભાવાંજલિ.*

*

મુમુક્ષુસમાજના અનન્ય ઉપકારી આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહને

# ○ ઉપકૃતભાવભીની શ્રદ્ધાંજલિ ○

*ચિમનલાલ ઠાકરશી મોદી (ટ્રસ્ટી-મંત્રી), લાભકુંવર ચિમનલાલ મોદી*
*વિજય ચિમનલાલ મોદી, ડીના વિજય મોદી, પારસ વિજય મોદી,*

આપણા તારણહાર પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા તદ્ભક્તશિરોમણિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો મુમુક્ષુજગત ઉપર સર્વાંગી અનુપમ ઉપકાર પ્રવર્તે છે. આવો જ કેટલાક અંશે ઉપકાર પૂજ્ય પંડિતજીનો (પૂજ્ય મામાનો) આપણાં સમગ્ર મુમુક્ષુસમાજ ઉપર છે. વ્યક્તિગત વિશેષ ઉપકાર પણ મારા જેવા અનેક ઉપર છે, જેનું મૂલ્ય થઈ શકે તેમ નથી. તેમના ચિરવિયોગથી આત્માર્થી મુમુક્ષુઓને વજ્રાઘાત અનુભૂત થયો છે. તેમના વિયોગથી મુમુક્ષુઓને ઘણા પ્રકારે ક્ષતિ અનુભવાય છે, જે પૂરવી શક્ય નથી, માત્ર તેમના તાત્ત્વિક ઉપકારોનું ઘોલન કરીને આપણે આપણા આત્માર્થને સેવવો એ જ શક્ય છે.

શ્રી સમયસાર આદિ પંચપરમાગમનો ગુજરાતી અનુવાદ તેમ જ સમયસાર, સદ્ગુરુદેવ, સમવસરણ, માનસ્તંભ, જિનવાણી વગેરેનાં અનેક સ્તુતિકાવ્યો રચીને પંડિતજીએ મુમુક્ષુજગત ઉપર અનેરો ઉપકાર કર્યો છે. ત્રીસ વર્ષની નાની ઉંમરમાં પૂજ્ય ગુરુદેવના કૃપાભીના આદેશથી પરમાગમ શ્રી સમયસાર તથા તેની 'આત્મખ્યાતિ' સંસ્કૃત ટીકાના ગુજરાતી અનુવાદની મોટી ગંભીર જવાબદારી આવી. પ્રથમ તો મૂંઝવણ થઈ કે આ ભગીરથ કાર્ય મારથી કેમ થશે ? પરંતુ પૂજ્ય ભગવતી માતાની પ્રેરણાથી તેમણે સર્વાંગ સુંદર તેમ જ મુમુક્ષુજગતને પરમ-ઉપકારભૂત આ ગદ્યપદ્યાનુવાદરૂપ શ્રુતભક્તિનું અનુપમ કાર્ય સંપન્ન કર્યું. ત્યાર બાદ ક્રમશઃ પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહનો ગદ્યપદ્યાનુવાદ અને અષ્ટપાહુડનો પદ્યાનુવાદ કરીને, ભગવાન મહાવીરસ્વામી તથા ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મમાર્ગનો પંડિતજીએ, પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય ભગવતી માતાની ઉપકારછાયામાં, અનન્ય ઉદ્યોત કર્યો છે. એ રીતે પંડિતજીએ પોતાનું મનુષ્યજીવન સફળ કર્યું છે અને મુમુક્ષુજગત ઉપર ચિરસ્થાયી અમૂલ્ય ઉપકાર કર્યો છે.

પૂજ્ય ગુરુદેવે તો સમયસાર વગેરે પરમાગમોનાં ગંભીર રહસ્યો અનુપમ રીતે સમજાવેલ છે જ. પરંતુ સમયસારની ૧ થી ૧૫ ગાથાટીકાનું સંકલનાબદ્ધ રહસ્ય સમજવામાં અમારા ઉપર વ્યક્તિગત પંડિતજીનો વિશેષ ઉપકાર છે. તેવી જ રીતે પ્રવચનસાર, પંચાસ્તિકાયસંગ્રહ તથા નિયમસારની કેટલીક રહસ્યગંભીર ગાથાટીકાના ભાવો પંડિતજીએ અમને અતિ સ્પષ્ટપણે સમજાવ્યા છે. પાંચેય પરમાગમોની મૂળ ગાથાઓનો હરિગીત પદ્યાનુવાદ ખૂબ જ ભાવવાહી છે, તેનો સ્વાધ્યાય કરતાં મૂળ ગાથાના ભાવો બહુ સ્પષ્ટ સમજાય છે. પાંચેય પરમાગમોના આદિમાં તેમણે જે મધુરા ઉપોદ્ઘાત લખ્યા છે તે પણ સર્વાંગ સુંદર છે. તે વાંચતાં તે તે પરમાગમનો રહસ્યભૂત સાર સારી રીતે સમજી જવાય છે.

—આ રીતે સમગ્ર મુમુક્ષુસમાજ ઉપર પંડિતજીનો મહાન ઉપકાર તો છે જ. પરંતુ મારા ઉપર વ્યક્તિગત વિશેષ ઉપકાર તેમ જ કૃપાદૃષ્ટિ હતી. મુમુક્ષુસમાજ ઘણાં વર્ષોથી ઝંખતો હતો તે 'બહેનશ્રીનો જાતિસ્મૃતિરૂપ જ્ઞાનવૈભવ'ના પ્રકાશનનું કામ મને જ સોંપ્યું; તે તેમનો મારા ઉપર અનન્ય ઉપકાર છે; તે ઘટના મારા જીવનનો અમૂલ્ય લહાવો છે. તેમના પવિત્ર તત્ત્વસમાગમનો મહત્ત્વપૂર્વ લાભ મને તેમના

તરફથી અવારનવાર મળતો હતો. અમારા કુટુંબ ઉપર પણ પંડિતજીનો ધર્મવાત્સલ્યપૂર્ણ ઉપકાર હતો. તેઓ ગુરુદેવશ્રીના તાત્ત્વિક ગંભીર આશયો સુંદર રીતે સમજાવતા હતા. ભક્તિમાં આવે છે ને—

ગંભીર તારી વાણીમાં ભાવાર્થ બહુ ઊંડા છતાં,
જે હૃદય તારું જાણતા તે ભાવ તારો ખેંચતા.

એ રીતે પંડિતજી, પૂજ્ય ગુરુદેવનું તાત્ત્વિક હૃદય જાણતા હોવાથી, તેમના ગંભીર આશયો સ્પષ્ટ કરીને સમજાવતા, તેથી તેમનો આપણા ઉપર ચિરસ્મરણીય ઘણો જ ઉપકાર છે.

'નય'ના વિષય ઉપર મેં એક લંબાણથી લેખ લખ્યો હતો. તેમાં 'નય'નું પ્રાયઃ સર્વાંગી લખાણ વાંચીને પ્રસન્ન થનારે કહ્યું : વાહ ! ચિમનભાઈને સારો શાસ્ત્રાભ્યાસ છે. પછી મેં પંડિતજીને પૂછ્યું : આમાં કાંઈ ક્ષતિ હોય તો બતાવો. તેમણે વાંચીને 'ઠીક છે' એટલું કહીને ટાળવાનું રાખ્યું. મને જવાબથી સંતોષ ન થયો, અને ફરીથી આગ્રહપૂર્વક વિનંતી કરી કે કાંઈ ભૂલ થતી હોય તો બતાવો. ત્યારે પંડિતજીએ ઊંડા વિચારપૂર્વક ગંભીર થઈને કહ્યું : 'આમાં શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય પ્રત્યેના, તેના આશ્રયના જોરવાળો શુદ્ધનય, કે જે સમ્યગ્દર્શન અને મોક્ષમાર્ગની બધી શુદ્ધિઓનું કારણ છે, તે આવતો નથી. તે વિષય તેમણે મને સમયસારના નિમ્નોક્ત કળશ દ્વારા સમજાવ્યો—

इदमेवात्र तात्पर्यं हेयः शुद्धनयो न हि ।
नास्ति बन्धस्तदत्यागात्तत्त्यागाद्बन्ध एव हि ॥१२२॥

અહીં આજ તાત્પર્ય છે કે શુદ્ધનય ત્યાગવાયોગ્ય નથી; કારણ કે તેના અત્યાગથી (કર્મનો) બંધ થતો નથી અને તેના ત્યાગથી બંધ જ થાય છે.

—આ સાંભળી મને સમજાયું કે નયના જ્ઞાનમાં મારી 'મૂળમાં ભૂલ' છે, અને આત્મસાધનામાં ખાસ ઉપયોગી 'શુદ્ધનય' વિષે મને નવો પ્રકાશ મળ્યો. અશુદ્ધતા વખતે પણ આત્મામાં શક્તિ-અપેક્ષાએ શુદ્ધતા રહેલી છે તે વિષય પંચાધ્યાયીના નવ દૃષ્ટાંતો આપીને બહુ જ સુંદર રીતે સમજાવતા હતા. પંડિતજી એટલા બધા નિખાલસ હતા કે કોઈ વિષય પોતાને ખ્યાલમાં ન આવે તો નિઃસંકોચપણે સરળતાથી કહી દેતા કે 'મને આ ખ્યાલ નથી'. તત્ત્વજ્ઞાન સંબંધી તો તેમની પાસેથી ઘણો લાભ મળ્યો જ છે; તદુપરાંત ગુરુદેવની શાસનપ્રભાવનાનાં અનેકવિધ કાર્યોમાં તેમનું માર્ગદર્શન પણ બહુ ઉપયોગી થતું. આ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની શાસનપ્રભાવનામાં પૂજ્ય બહેનશ્રી તથા મુ. શ્રી વજુભાઈની જેમ પૂજ્ય પંડિતજીનો પણ ઘણો જ કીમતી ફાળો છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવના સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મમાર્ગની પૂજ્ય ગુરુદેવ દ્વારા થયેલ સાતિશય પ્રભાવનામાં કુંદકુંદભારતીના પનોતા પુત્ર (પંડિતજી) ના ગુજરાતી અનુવાદોનો પણ અસાધારણ ફાળો છે—એમ માનવું તે અનુચિત નથી.

પંડિતજીની મારા ઉપર સારી કૃપાદૃષ્ટિ હતી. મુંબઈથી સોનગઢ આવું ત્યારે પૂજ્ય પંડિતજીને, 'નમસ્કાર મામા' કહીને અચૂક વંદન કરું. સાંભળીને પંડિતજી પ્રસન્નતાથી મુક્ત કંઠે 'કોણ ? ચિમનભાઈ ! આવી ગયા ? આવો ! આવો !' એમ કહી ધર્મવાત્સલ્યપૂર્ણ મીઠો આવકાર આપી સ્નેહભીની કૃપા વરસાવતા હતા. આ રીતે તેમનો મારા ઉપર વ્યક્તિગત અનેકવિધ અસાધારણ ઉપકાર છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના શાસનમહેલના વજ્રસ્તંભ આદરણીય પંડિતજીના વિયોગથી આપણને ન પૂરી શકાય એવી મોટી ખોટ પડી છે, અને તેથી સમગ્ર મુમુક્ષુસમાજને આઘાત લાગ્યો છે. તેમાં તેમના નિકટ પરિચયીને, પ્રાપ્ત થતા તાત્ત્વિક ઉપકારો ગુમાવવાથી, તીવ્ર વજ્રાઘાત અનુભવાયો છે. તેને શમાવવાન

ઉપાય શો ? સદેહે તેમનું આપણી સમક્ષ કાયમ હોવું તો અશક્ય છે. તેમના ઉપકારોને જીવનમાં ઉતારી આત્મસાધના સાધવી તે એક જ ઉપાય છે. તેમના ઉપકારો આપણા જીવનમાં છે તો પંડિતજી સદાય ઉપકારીરૂપે આપણી સમક્ષ છે.

તેઓશ્રી તેમની સમ્યક્ત્વસન્મુખતારૂપ સાધનાના ફળરૂપે શીઘ્ર આત્માનુભૂતિ પામી, ક્રમશઃ શાશ્વત સુખને પામે—એવી પવિત્ર ભાવના સહિત, તેમને ઉપકૃતભાવભીની શ્રદ્ધાંજલિ હું તથા મારો પરિવાર સમર્પિત કરીએ છીએ.

*

# કોટિ કોટિ પ્રણામઃ ઉપકારીને

*—ડૉ. પ્રવીણભાઈ દોશી (ઉપપ્રમુખ-ટ્રસ્ટી), રાજકોટ*

કોઈ વિરલ વ્યક્તિ વિદાય લે છે ત્યારે તેના સદ્‌ગુણો સવિશેષપણે યાદ આવે છે. તેમના જીવન દરમ્યાન તેમને યથાર્થ ઓળખીને, તેમનો પરિચય કરીને, તેમની પાસેથી ગ્રાહ્ય હોય તે ગ્રહણ કરી લેવું એ જ ઉત્તમ છે. આવી વિરલ વ્યક્તિ એટલે ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ. તેમનું આત્મસાધનામય જીવન આત્માર્થીઓ માટે ઊંચો આદર્શ છે. તેઓશ્રી, ઉપકારી જીવનના કારણે બધા મુમુક્ષુઓ માટે આદરણીય હતા. ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના વડીલ બંધુના નાતે મુમુક્ષુઓ તેમને 'મામા' કહીને સંબોધતા હતા.

સત્પ્રિય, ધર્મરુચિવંત, ગુણિયલ જૈન કુટુંબમાં જન્મ તથા કોઈ પૂર્વસંસ્કારના યોગે બંને ભાઈબહેનને ધર્મ પ્રત્યે વિશેષ રુચિ હતી. બંને પ્રથમથી જ પ્રકૃતિએ સૌમ્ય, નરમ, સૌજન્યપૂર્ણ, વૈરાગી, બુદ્ધિશાળી, મિતભાષી તેમ જ મિષ્ટભાષી હતા. આવા સુપાત્ર ભાઈબહેનને પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં અધ્યાત્મતત્ત્વપ્રચુર પ્રવચનો સાંભળવાનો યોગ પ્રાપ્ત થયો. પ્રવચનો સાંભળીને પૂજ્ય ગુરુદેવે કહેલા અધ્યાત્મના અદ્‌ભુત ન્યાયો વિષે બંને પરસ્પર ચર્ચા તથા વિચારણા કરી, કથનનો ઊંડો મર્મ સમજવાનો પ્રયત્ન કરતાં.

શ્રી હિંમતભાઈ વ્યવસાયે ગણિત અને વિજ્ઞાનના શિક્ષક હતા. તે વિષયમાં તેઓ પૂર્ણ નિષ્ણાત હતા. પૂજ્ય ગુરુદેવશ્રીનો સદુપદેશ અને પૂર્વના ધાર્મિક સંસ્કાર બધું સાથે થતાં, ભૌતિક વિજ્ઞાનના સ્થાને તેઓ આધ્યાત્મિક વિજ્ઞાનના અભ્યાસી થયા અને તેમાં નિપુણ બન્યા. વિજ્ઞાનના સ્નાતક હોવા છતાં તેમને ભાષા ઉપર સારું પ્રભુત્વ હતું. સંસ્કૃત ભાષા ઉપર તેમનો કેટલો કાબુ હતો તે તેમની અનુવાદરૂપ કૃતિઓ ઉપરથી સારો ખ્યાલ આવી જાય છે. યોગાનુયોગ પૂજ્ય ગુરુદેવશ્રીની ભાવના અને પૂજ્ય બહેનશ્રીની પ્રેરણાથી તેમને ભગવત્કુંદકુંદાચાર્યદેવનાં સમયસાર વગેરે પરમાગમોની મૂળ ગાથાઓ અને સંસ્કૃત ટીકાઓનો ગુજરાતી અનુવાદ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. શરૂમાં તેમને લાગતું હતું કે આવડું કામ મારાથી કેમ થઈ શકશે ? પણ પૂજ્ય ગુરુદેવશ્રીના શાસનની ભાવિ પ્રભાવનામાં હેતુભૂત હશે એવો દુર્લભ યોગ તેમના સૌભાગ્યમાં નિહિત હશે તેથી પૂજ્ય બહેનશ્રીની કૃપાભીની પ્રેરણાથી તે કાર્ય સાંગોપાંગ પાર ઊતર્યું. સર્વપ્રથમ તેમણે પરમાગમ શ્રી સમયસારનો અનુવાદ કર્યો; અનુવાદનાં છપાયેલ પાનાં જેમ જેમ પૂજ્ય ગુરુદેવના હાથમાં આવ્યા તેમ તેમ તેમને પરમાગમના ઊંડા ભાવોની પંડિતજીની ભાવભાસનશક્તિનો અને તેને ગુજરાતી ભાષામાં વ્યક્ત કરવાની તેમની આશ્ચર્યકારી બુદ્ધિ-પ્રતિભાનો વિશેષ વિશેષ ખ્યાલ આવતો ગયો; અને તેનાથી પ્રભાવિત થઈને, સમયસારમાં પોતાના હસ્તાક્ષરમાં સમયસારનો મહિમા લખતી વેળાએ તેમના દ્વારા સહજ ઉદ્‌ગાર નીકળ્યા કે : ''હિંમતભાઈનો

આત્મા નિકટ મોક્ષગામી છે.'' પૂજ્ય ગુરુદેવના શ્રીમુખથી 'નિકટ મોક્ષગામી' સાંભળતાં પંડિતજીને પોતાના મનુષ્યજન્મનું સાફલ્ય અનુભવાયું; અને તેથી પોતાના નિવાસસ્થાને (લાઠીના ઉતારામાં, જ્યાં હાલમાં અમે રહીએ છીએ ત્યાં) આવીને દિવાલ ઉપર પોતાનો વેદનભીનો પ્રમોદ લખ્યો :

'આજ કૃતપુણ્ય ધન્ય દિન માહરો થયો,
આજ નરજન્મ મેં સફળ ભાવ્યો.'

પં. શ્રી હિંમતભાઈ વિષે 'આ તો નિકટ મોક્ષગામી જીવ છે' એવા, પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખથી નીકળેલ આ મંગલ હૃદયોદ્‌ગારની વાત સાંભળીને પૂજ્ય બહેનશ્રી અત્યંત આનંદિત થયાં.

પછી અનુક્રમે પ્રવચનસાર, નિયમસાર અને પંચાસ્તિકાયસંગ્રહનો ગુજરાતી ગદ્યપદ્યાનુવાદ પણ અતીવ સફળતાપૂર્વક કર્યો. પૂજ્ય ગુરુદેવ અનેક વાર કહેતા હતા કે 'ગુજરાતી અનુવાદ થવાથી, વ્યાખ્યાનમાં જે સ્પષ્ટતા અને જે ભાવો નીકળે છે એવા પહેલાં નહોતા આવતા.' ખરેખર ગુજરાતી અનુવાદનો તથા તેના રચયિતા પંડિતજીનો મુમુક્ષુ સમાજ ઉપર અવર્ણનીય અપાર ઉપકાર છે.

આદરણીય પંડિતજીની બુદ્ધિપ્રતિભાજનિત ગહનતા, તેમનું આત્માભિમુખ મહાન વ્યક્તિત્વ અને મુમુક્ષુજગતને ઉપકારભૂત તેમના કૃતિત્વની ઊંડપ આભને આંબે એટલાં વિશાળ છે, કે તેને લેખનમાં ઉતારવા મારી લેખની અસમર્થ છે. પરમાગમના અનુવાદો ઉપરાંત તેમની કાવ્યકૃતિ પણ અદ્‌ભુત છે. કાવ્યોમાં જિનવાણી, ગુરુદેવ અને બહેનશ્રી પ્રત્યે ઉછળતા ભક્તિભાવ સાથે અધ્યાત્મતત્ત્વ તેમણે એવું વણી લીધું છે કે જેથી તે કાવ્યો પુનઃ પુનઃ ગાવાની ભાવના થયા કરે, એવી તે EVERGREEN કૃતિઓ બની ગઈ છે. પરમાગમોનો હરિગીતમાં ગુજરાતી પદ્યાનુવાદ મૂળને સ્પર્શીને એવો સુંદર બન્યો છે કે તેનો પાઠ સાંભળતાં ગીતસુધાના સ્વાદ જેવું મીઠું લાગે છે, અને મૂળ પ્રાકૃત ગાથાના ભાવોને આપણી માતૃભાષામાં અતિ સુગમપણે સ્પષ્ટ સમજાવે છે. આવી અલૌકિક રચનાઓ ઉપરાંત પંડિતજીએ મૌખિક ચર્ચાવાર્તામાં પણ અધ્યાત્મ તત્ત્વજ્ઞાનના તેમ જ દ્રવ્યના બંધારણ સંબંધી ઘણા ખુલાસા કર્યા છે. તેમના ગહન સ્પષ્ટીકરણથી આપણા માટે તત્ત્વાભ્યાસની સાચી દિશા ખૂલે છે. મને પણ તેમના સમાગમથી તત્ત્વવિચારણા માટે અનેક સ્પષ્ટતાઓ મળી છે. મારાં પૂ. માસી (બ્ર૦ કુંદનબેન પારેખ) નિવૃત્તિપૂર્વક સોનગઢ વિશેષ રહેતા હોવાથી અને અન્ય મુમુક્ષુઓ સાથે, પંડિતજીના તાત્ત્વિક સત્સમાગમનો ઘણો લાભ લીધો હોવાથી, તેમના દ્વારા પણ પંડિતજીના તત્ત્વવિવેચનનાં અનેકવિધ પડખાંઓ જાણવાનો મને પણ લાભ મળ્યો છે. એ રીતે વસ્તુનું અનેકાંતમય નિર્દોષ બંધારણ તથા આત્મસાધના માટે મુખ્ય બાબતો જેવી કે સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય દૃઢ કરવામાં સહાયભૂત તત્ત્વજ્ઞાનનો, અને સર્વ તત્ત્વજ્ઞાનમાં મુખ્ય જે શુદ્ધદ્રવ્યસામાન્ય એટલે કે નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યનો કે જે સ્વાનુભૂતિનો આધાર છે, સમ્યગ્દર્શનનો આશ્રય છે, મોક્ષમાર્ગનું આલંબન છે, તેનો દિવ્ય મહિમા હૃદયમાં સર્વાધિકપણે સેવવા યોગ્ય છે. આવી તત્ત્વજ્ઞાનની અનેકવિધ સ્પષ્ટતાઓ પંડિતજીએ આપણને આપી છે. આવા ઉપકારીનો ચિરવિયોગ ખરેખર આપણે માટે દુઃખદ છે.

તેઓશ્રીના શુદ્ધાત્માભિમુખ જીવનના આદર્શને ગ્રહણ કરીને આપણે તે પ્રકારનું પોતાનું જીવન બનાવવા માટે પ્રયત્ન કરીએ તો અવશ્ય આત્મલાભ થાય. પોતાને હંમેશાં શુદ્ધાત્માની મુખ્યતા રહે, અને તે માટે તે પ્રકારનું વાંચન, વિચાર, ચિંતવન, મનન, ઘોલન રહ્યા કરે તો ભવના અભાવના કાર્ય માટે પુરુષાર્થ ઊપડ્યા વિના રહે નહિ. પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય બહેનશ્રીની અકારણ મહાન કૃપાથી તથા

પંડિતજીની પ્રશસ્ત પ્રેરણા તથા શુભાશિષથી તે પુરુષાર્થ ઉપાડવાની કળા આપણને આવડી જાય એવી અંતરની ભાવના સાથે તે ઉપકારી મહાપુરુષોને કોટિ કોટિ વંદન. *

## ૦ મારા 'બાપુજી' ૦

*—જિતેન્દ્ર વ્રજલાલ શાહ (ટ્રસ્ટી) ઘાટકોપર,*
*નિજેશ જિતેન્દ્ર શાહ, મુદિત નિજેશ શાહ*

આપણા આત્માર્થ માટે જેઓ અસાધારણ ઊંચા આદર્શ હતા તે ઊંડા આદર્શ આત્માર્થી, ઊંચા અધ્યાત્મતત્ત્વજ્ઞાની, કહાનગુરુશાસનના સજાગ પ્રહરી, અમારા કુળનો રત્નદીપક, પંડિતરત્ન પૂજ્ય શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ મારા સગા કાકા થાય; પણ મારા પૂજ્ય બાપુજીના સ્વર્ગવાસ પછી, મારા બાપુજી તુલ્ય મારા કાકાને અચૂકપણે 'બાપુજી' તરીકે સંબોધન કરતો. તેમનો મારા ઉપર અને મારા પરિવાર ઉપર એવો અસાધારણ ઉપકાર છે કે તે બધું યાદ કરતાં તેમના વિયોગથી મારું હૈયું ભરાઈ જાય છે—હૃદય રડી પડે છે.

હું સોનગઢ જાઉં ત્યારે હીંચકા ઉપર તેમની પાસે બેસી કલાકો સુધી વાતું કરીએ. મુખ્યપણે પૂજ્ય ગુરુદેવના શાસનની પ્રભાવનાના વિવિધ વિષયો સંબંધી વાતો હોય. હું કેટલું કમાઉં છું ? મારું વ્યવસાયિક કામકાજ કેવું ચાલે છે ? તે વિષે જાણવાની–એવી બહારની વ્યવહારુ વાતો જાણવાની—તેમને કોઈ ઈંતેજારી ન હતી. તેઓ મને અવારનવાર બહુ ભારપૂર્વક પ્રેરણા આપ્યા કરતા કે—જિતુ ! પૂજ્ય ગુરુદેવના શાસનની પ્રભાવનાના–સેવાના તને બહુ ભાવો વર્તે છે અને તેમાં તારી રુચિ વિશેષપણે ઝળકી રહેલી હોય છે, પરંતુ તેની મર્યાદા શુભભાવ પૂરતી છે. તેની સાથે સાથે પૂજ્ય ગુરુદેવે બતાવેલ અને પૂજ્ય બહેનશ્રીએ આરાધેલ યથાર્થ ઊંડું તત્ત્વજ્ઞાન અને તેનાથી થતી આત્માની સમ્યક્ અનુભૂતિ, તેની રુચિ અને અભ્યાસની જીવનમાં મુખ્યતા હોવી જોઈએ; અને તેનો પુરુષાર્થ કર્તવ્ય છે. બાપુજી મને શિખામણ આપતા કે 'જિતુ ! જિંદગીના આડા ચાર ભાગ નહિ, પરંતુ ઊભા ચાર ભાગ કરવા જોઈએ. અન્ય ધર્મમાં આડા ચાર ભાગ કરીને બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સન્યાસાશ્રમ–એમ જિંદગીની પ્રવૃત્તિની વહેંચણી કરી છે. તેમ કરવાથી ગૃહસ્થાશ્રમના એવા સંસ્કાર દૃઢ થઈ જશે કે જેનાથી છૂટી નહિ શકાય. આપણે રોજે રોજની પ્રવૃત્તિના ચાર ભાગ પાડી, ચોથો ભાગ પોતાના આત્મહિત માટે કાઢવો જરૂરી છે. તેમનો આશય એમ હતો કે આત્મહિતનો સમય માત્ર પાછલી જિંદગીમાં જ નહિ, પણ પૂરું જીવન આ માટે ગાળવાનું છે. આવી અકારણ કૃપા પૂર્વક હિતકારી પ્રેરણા એકવાર નહિ, પરંતુ પ્રાયઃ દરેક વાર આપ્યા કરી છે. અને હું સ્વીકાર કર્યા કરતો કે—બાપુજી ! આપની કૃપા બરાબર યથાર્થ છે, અને તત્ત્વજ્ઞાનના અભ્યાસ માટે વ્યવસાયથી થોડી વધુ નિવૃત્તિ લઈને પૂજ્ય બેનજીના (પૂજ્ય બહેનશ્રીના) તથા આપના સમાગમમાં રહી આત્માનું હિત કરી લેવાની ભાવના છે; પણ કેટલીક વ્યાવહારિક જવાબદારીથી નિવૃત્ત થવાના વિકલ્પો રહ્યા કરે છે. પછી હું જરૂર નિવૃત્તિ લઈને તત્ત્વજ્ઞાનનો વિશેષ અભ્યાસ કરીશ. આ પ્રમાણે હું વાયદા કરતો જ રહ્યો. મારા ઘરમાં જ બબ્બે અધ્યાત્મ-કલ્પવૃક્ષ મળવા છતાં હું તેમના વિશેષ તાત્ત્વિક સમાગમના લાભથી વંચિત રહ્યો. તેમની મંગલમય શીતળી છાયામાં તે કલ્પવૃક્ષનાં ભવોદધિતારણહાર મંગલ ફળોનો લાભ હું લઈ ન શક્યો. હવે એ વિચારે મારું હૃદય રડી પડે છે—કે હવે મારું સાવ નિકટનું હિતસ્વી કોણ ? હવે એવી કલ્યાણી પ્રેરણા કોની પાસેથી મળશે ? એ બધા વિચારોથી મારું હૃદય ભાંગી પડ્યું છે. તેમની આધ્યાત્મિક

મહાનતા, તેમનો શુદ્ધાત્માભિમુખ પુરુષાર્થ, તેમની અમારા ઉપર અસાધારણ તાત્ત્વિક કૃપા તથા અપાર ઉપકાર કયા શબ્દોમાં વ્યક્ત કરું તે કાંઈ સૂઝતું નથી. તેમના વિરહના દુઃખવેદનનો તીવ્ર આઘાત હળવો કરવા માટે માત્ર એક જ ઉપાય છે કે—તેમની પ્રેરણાઓને હું શીઘ્ર મારા જીવનમાં સાકાર કરું. મને વિશ્વાસ છે કે સ્વર્ગમાં બેઠા પણ, આત્માર્થના મારા પ્રયત્નોથી તેમને જરૂર સંતોષ થશે અને પ્રસન્નતાપૂર્વક મારા ઉપર મંગલ આશિષ વરસાવ્યા કરશે. તે મારા ઉપકારી 'બાપુજી'ને મારા કોટિ કોટિ પ્રણામ.

*

## અનન્ય આદર્શઃ પૂજ્ય મામા

*બ્ર૦ દયાબેન શિવલાલ મહેતા, સોનગઢ*

પૂજ્ય મામા (આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતભાઈ) સૌના એક આદર્શરૂપ હતા. પરમ પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય ભગવતી માતાના શાસનમાં એક વિરલ વ્યક્તિ હતા. એમના જીવનમાં કેટલી નિઃસ્પૃહતા ! નિખાલસતા અને નિરભિમાનીપણું હતું !–ક્યાંય બહાર પડવાની તો વૃત્તિ જ નહિ. તેમની જ્ઞાનની શક્તિ પણ કોઈ વિશિષ્ટ હતી. તત્ત્વના ઊંડાણમાં શું ભાવ કહેવા માગે છે તે એટલું બધું સ્પષ્ટ કરીને બધાને સમજાવતા કે જેથી સૌના હૃદયમાં સહેલાઈથી બેસી જાય. તેમની કાવ્યરચના પણ એવી !–કે સાંભળી સૌ મુગ્ધ બની જાય. બીજાઓ ગમે તેટલી પ્રશંસા કરે, છતાં તેમને માનનો અંકુર પણ આવે નહિ. મારે પણ ઘણું કરવાનું બાકી છે—એમ નિખાલસપણે કહેતા. એ જ એમની ખરી આત્માર્થિતા દેખાડે છે. નાનપણથી જ વૈરાગી સાદુ જીવન હતું. 'કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ'–એવું એમનું જીવન હતું. પૂજ્ય માતાજીએ પણ કહ્યું છે ને !–'હિંમતભાઈ ઊંડા આદર્શ આત્માર્થી છે'. એમનું આદર્શ જીવન આપણને સૌને આદર્શરૂપ હો. તેઓ શીઘ્ર શાશ્વત સુખને પામો—એ જ ભાવના.

*

## આધ્યાત્મિક ડૉક્ટર : પૂ. મામા

*ડૉ. ઉપેન્દ્રભાઈ કોઠારી તથા ડૉ. પ્રવીણાબેન કોઠારી, જામનગર*

પૂ. મામા ! એવું સંબોધન જ આત્મીય લાગે છે. લગભગ ૧૫ વર્ષના તેમના પરિચય પછી ભૂતકાળની તેમની સાથે વિતાવેલી ક્ષણો, એક એક પ્રકરણ જેવી લાગે છે. મીતભાષી, સરળ, આદરણીય વ્યક્તિ પ્રત્યેની અવ્યક્ત લાગણીઓને શાબ્દિક રૂપ આપવું અઘરું છે, મુશ્કેલ છે, અરે ! અશક્ય છે. મારા પિતા તુલ્ય, સહૃદયી, હેતથી તરબોળ એવા "આપણા સહુના મામા" આજે આપણી વચ્ચે નથી એ કલ્પી શકાતું નથી. તેમનાં આવો....અને.....વહેલા વહેલા પાછા આવજો' એ શબ્દો હજુએ હૃદયમાં ગુંજે છે અને વારંવાર યાદ કરવાનું મન થયા કરે છે.

પંડિતવર્ય, પૂજ્ય કુંદકુંદભારતીના પનોતા પૂત્ર, અધ્યાત્મરસિક, ઊંડા આદર્શ આત્માર્થી, ગંભીર, શાંત, તટસ્થ, તત્ત્વચિંતક, વિવેકી, સત્યવક્તા અને સજ્જનતા અને બીજા ઘણાયે અગણિત ગુણોના ભંડાર, એવા પૂજ્ય મામા આજે સોનગઢમાં નથી તેવા વિચાર માત્રથી જ છાને ખૂણે, તેમના પ્રત્યેની અશ્રુભીની અંજલિ અર્પિત થઈ જાય છે.

સુશીલા મામી અને તેમની તબિયતના નિમિત્તે મને અનેક વાર સોનગઢ, અમદાવાદ, ભાવનગર વગેરે સ્થળોએ તેમના નિકટ સંપર્કમાં આવવાનો અને તેમના અસાધારણ લોકોત્તર વ્યક્તિત્વનો અભ્યાસ

કરવાનો અવસર પ્રાપ્ત થયો અને મારી તેમના તરફની માનભરી લાગણી આમ પ્રબળ બનતી જ રહી અને મનોમન નક્કી કર્યું કે મારાથી શક્ય તેવી બધી જ સારવાર તેમને મળવી જોઈએ, કારણ કે હું તેમને દિગંબર જૈન ધર્મના, ગુરુદેવના, સોનગઢના પાયાના, નિર્મળ, નિસ્વાર્થી, નિરાભિમાની, કુશળ, તત્ત્વજ્ઞાની અને વચન-અતિશયતા ધરાવતી વ્યક્તિ, પંડિતવર્ય તરીકે ઓળખી શક્યો હતો અને મનોમન તેમને હરક્ષણે નમસ્કાર કરતો રહ્યો અને તેમના નિમિત્તે મને પણ સોનગઢમાં વારંવાર જવાનું અને ત્યાં ધર્મની ચર્ચા તેમના મુખેથી સાંભળવાનો લાભ મળ્યો. પ્રથમ પૂજ્ય મામીની પછીથી તેમની નાદુરસ્ત તબિયતને કારણે લગભગ મહિને બે મહિને તેમની સાર-સંભાળનું આલેખન સૂચના વગેરે કરવાનું પ્રયોજન થતું અને તેમના આશીર્વચનો....''આત્માનું કરી લેવા જેવું છે'' તે નિરંતર યાદ કરીને વાગોળુ છું. તેમની છેલ્લી શારીરિક પરિસ્થિતિ વખતે પણ તેમને ક્યારેય પોતાની અનુભૂતિ ભૂલાવી દે તેવી દવાનો ઉપયોગ ન કરવાનો તેમનો આગ્રહ આજે પણ યાદ આવે છે. હવે આજે તેમનાં વિષે ''કંઈક'' લખવું તે તેમના લોકોત્તર વ્યક્તિત્વની અભિવ્યક્તિને અન્યાય કરવા જેવું થશે અને મારો આ પ્રયાસ પણ અધૂરો જ રહેશે.

તીર્થંકર ભગવાનથી વારસામાં આવેલા અને કુંદકુંદાચાર્યે જેને ચીવટથી સંઘરેલા પરમાગમ શાસ્ત્રોને અંતરસૂઝથી ઉકેલનાર, મોક્ષમાર્ગનાં યથાર્થ જ્ઞાતા પ. પૂ. સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ હજારો આધ્યાત્મિક પ્રવચનો દ્વારા આ પરમાગમ શાસ્ત્રોનાં રહસ્યો ખોલ્યાં છે. જે આપણને સૌ મુમુક્ષુઓને વિદિત છે જ. મામા ! માતાજીના અને પૂ. ગુરુદેવશ્રીના પરિચયના, ચર્ચાના ફળસ્વરૂપે, આપે તેમના સાંભળેલા પ્રવચનો દ્વારા અને આપની આંતરસૂઝ દ્વારા આ રહસ્યોને યોગ્ય સમજદારીપૂર્વક ગુજરાતી ભાષામાં આલેખીને, અનુવાદ કરીને, હરિગીતોનો શણગાર સજીને, કાવ્યોનું રૂપ આપીને કંઠસ્થ કરી શકાય, સમજી શકાય, તેવી રચનાઓ કરીને અમારા જેવા ઘણાએ મુમુક્ષુઓ ઉપર આપે અગણિત ઉપકાર કર્યો છે. જેનાથી દરેકને આ ભવાટવીમાંથી મુક્ત થવાની સાચી દિશા મળી છે, મળે છે અને મળતી રહેશે.

પૂ. ગુરુદેવશ્રીની પ્રેરણા ઝીલીને પંચપરમાગમનું આપે સુંદર, સરળ ગુજરાતી ભાષામાં, ભાવવાહી શૈલીમાં અનુલેખન, અનુવાદ કર્યો તે તો આપણા સમાજને ''મામા''નો અણમોલ વારસો છે. અને તેની યથાર્થતા તો તે મહાન શાસ્ત્રોનો અભ્યાસ કરી તે ''જેમ છે તેમ જ'' જાળવી રાખવાની આપણી સૌની ફરજ છે. માનવસહજ મિથ્યાભિમાનથી દૂર રહીને, આ બધા તેમનાં અનુવાદ કરેલા શાસ્ત્રો, 'જેમનાં તેમ જ' રહે, સચવાઈ રહે, તેવી મારી દરેકને વિનંતી છે અને તે જ તેમનાં પ્રત્યેની શત શત અંજલિ છે.

*

## 'ભાણિયાઓના ભાવ'

*—ડૉ. હિતેશ જે. શાહ, અમદાવાદ*

હતાં તે ગંભીર મુખ, સંસારથી જેને લાગ્યું દુઃખ,
લૌકિકથી થયા વિમુખ, અલૌકિક અભિમુખ.

જ્ઞાનીની ચરણ આજ્ઞા, જેણે ધરી શિરોમુખ,
નિજ આત્મહિત વિના, ભાખ્યું ન જેણે ક્યાંય સુખ.

એક રૂડું વચન મહા, આવ્યું'તું શ્રીમદ્ મુખ,
'જ્ઞાની કહ્યું સર્વ સંમત', કરવું આપણે એ પ્રમુખ.

એ જ જ્ઞાની તણાં હૃદયની, જ્યોતિ જગાવી અલખ,
સત્યને વળગી રહ્યા, છો આંચ આવી હજાર લખ.
નિજસ્વરૂપ સંસ્કાર વિશેષે, વલણ વળ્યું અંતર્મુખ,
ઉદાસીનતા વધતી ચાલી, લોક પ્રવાહથી ઉન્મુખ.
તારકતત્ત્વ પ્રતિ વળ્યા, પામવા સ્વરૂપ સુખ,
'નિકટભવિ' કહ્યાં અહો, માત ગુરુએ શ્રીમુખ.
ભૂત ભવિષ્યની વિશિષ્ટતા, તરતી આવી ઉર્ધ્વમુખ,
એવામાં સ્વર્ગે સિધાવ્યા, માત ગુરુની સન્મુખ.
એમ થયા પુણ્ય સમર્થ, દર્શ કરવા જિન 'ચતુર્મુખ',
અશરણ થઈ ગયા અમે, કઈ રીતે એ કહીએ દુઃખ.
માર્ગદર્શન મામા વિના, ગુંચ કેમ ટળે અમ મૂર્ખ,
આપ પંથે ચાલવાની, હવે લાગી છે તરસ ભૂખ.
આપ છો સદા 'હિતૈષી', સંગ સદા રાખજો અમેખ,
ધર્મસભામાં ભાણિયાઓના, ઓળખી લેજો ઝટ મુખ.

—લીલાવતી જે. શાહ, અમદાવાદ

## પૂ. મામા "મહાવિદેહનું રત્ન"

હજુ તો આંખો ખોલી દર્શનમાત્ર કર્યા ને ધર્મપિતા પરમપૂજ્ય ગુરુદેવશ્રીનો વિરહ થયો, પૂ. ભગવતીમાતા પાસે કાલીઘેલી ભાષામાં ભક્તિ બોલતાં થયાં ને તેઓશ્રી પણ ચાલ્યા ગયા ! એવા સમયે અલ્પપુણ્યવશ મોડાં જન્મેલાં અમ બાળમુમુક્ષુઓ માટે શરણરૂપ મોસાળ—'વિદેહી-મોસાળ' એટલે પૂ. મામા

'મામા' એટલે મા-મા. જેમ લૌકિક રીતે પણ 'મા' શબ્દ બેવડાઈને તેનું મહત્ત્વ વધારે છે, તેમ અલૌકિક રીતે જોઈએ તો 'મામા' એટલે ''માર્ગાનુસારી મહાપુરુષોના મર્મના માર્ગદર્શક.''

વીતરાગ સર્વજ્ઞદેવપ્રરૂપિત જૈનસિદ્ધાંતદર્શક અધ્યાત્મસાહિત્યસૃષ્ટિના ગગનમાં દૂર સુધી નજર કરીએ તો અર્ધમાગધી, પ્રાકૃત ને સંસ્કૃત સૂત્રો દ્રશ્યમાન થાય અને માનસપટ પર જાણે સમજવાની અસમર્થતાનો ધૂંધળો અંધકાર છવાવા માંડે !.....કે જો આ પંચપરમાગમનો ગુર્જર- ભાષાનુવાદ ન થયો હોત તો આજે જે અમૂલ્ય અધ્યાત્મવારસો અમારા ખોબામાં છે તે ક્યાંથી હોત ?

જ્ઞાનીઓની આજ્ઞાતળે રહી, આચાર્ય દેવોનાં કથનોનાં હાર્દ સુધી પહોંચી, અત્યંત સાવધાનીપૂર્વક આપે કરેલ ભાવપ્રધાન પંચપરમાગમ-અનુવાદ તે આપનો અમારા પર અત્યંત ઉપકાર છે. વળી, ભરતક્ષેત્રમાં આ કાળમાં થયેલ સમ્યક્ત્વઋદ્ધિવંત સંતો પૂ. ગુરુદેવશ્રી અને પૂ. માતાજીના હૃદયતળે જઈ તેમની વાણીમાં રહેલા ભાવો-આશયો પર તત્ત્વચર્ચા દ્વારા સુગમ રીતે પ્રકાશ પાડી અનેક જિજ્ઞાસુઓને સત્યમાર્ગે વળગી રહેવામાં નિમિત્તરૂપ વિશિષ્ટ પુરુષ પણ આપ જ છો ! આપે Simple Logic દ્વારા દર્શાવેલ 'પૂર્ણસામર્થ્યવંત આત્મદ્રવ્ય (Potentially Perfect)', 'જીવસામાન્યમાં તરતા તારકતત્ત્વને જોવું', 'સમુદ્રનાં જલમાં રહેલું જલત્વ તે ધ્રૌવ્ય'—વગેરે અનેક સિદ્ધાંતો અમને તત્ત્વજ્ઞાનનો પાયો મજબૂત કરવામાં ઉપકારી બનેલ છે.

અહો ! વિદેહીનાથ શ્રી સીમંધરભગવાનની અમીદૃષ્ટિની પણ દાદ દેવી પડે કે જેમણે ભરતક્ષેત્રમાં

આ કાળમાં તીર્થંકરની ખોટ પૂરવા પૂ. ગુરુદેવશ્રીને મોકલ્યા, ગણધરદેવની ખોટ પૂરવા પૂ. માતાજીને મોકલ્યા, તો પ્રતિષ્ઠાની ખોટ કેમ ચાલે ? પૂ. મામા ! આપે સ્વાનુભૂતિપ્રધાન શ્રુતને લોકભોગ્ય બનાવી શ્રુતની પ્રતિષ્ઠાને પ્રાણવંતી કરેલ છે.

જ્ઞાનીઓનો અંગત પરિચય કે તેમના જીવનને નજીકથી જોવા અમે અલ્પપુણ્ય હતા, પરંતુ સમ્યક્ત્વસાધનારત આદર્શ આત્માર્થી કેવા હોય અને વૈરાગ્ય, નિસ્પૃહતા, પારદર્શિતા, નિર્માનીપણું વગેરે ગુણો આત્માર્થીમાં કઈ રીતે આકાર લે છે તે આપશ્રીની મુદ્રામાં અમને જીવંત દૃષ્ટિમંત થયું. વળી, પૂ. માતાજીની સમક્તિ પહેલાં અને પછીની પ્રબળ સાધનાના રહસ્ય- પૂર્ણ રુચિપ્રેરક અનેકવિધ પ્રસંગોનો પણ આપે અમને પરિચય કરાવ્યો. જેમ સુવર્ણપુરીનાં કણ- કણમાં અધ્યાત્મ ભરેલું છે તેમ આપશ્રીનાં જીવનની ક્ષણ ક્ષણમાં પુરુષાર્થપ્રેરક મંત્રો રહેલા છે.

પૂ. મામા ! આપના અમારા પર થયેલા સ્વતંત્ર ઉપકારોને યાદ કરતાં હૃદય નતમસ્તક થઈ જાય છે ! અધ્યાત્મક્ષેત્ર બહાર રહી તત્ત્વરુચિ કઈ રીતે જાળવી રાખવી તે અંગે આપે આપેલ માર્ગદર્શન, આપના હસ્તે પ્રસાદીરૂપ મળેલ શ્રી પ્રવચનસાર, મધુરા ઉપોદ્‌ઘાત....વગેરે શાસ્ત્રો, પ્રસંગોપાત્ત અનેકવાર આપના તરફથી મળેલા આશિર્વચનો તેમજ આપની સાથે પ્રત્યક્ષ અધ્યાત્મચર્ચા કરવાનો અનેક વાર મળેલો અમૂલ્ય લ્હાવો-વગેરે યાદ કરતાં ધન્યતા અનુભવીએ છીએ. જેમ આપ કહેતા કે "Songadh is a place of beauty and joy for ever" તેમ "Your life is a source of inspiration for us to work on pathway of Salvation forever."

પૂ. મામા ! પૂ. માતાજીના જાતિસ્મરણજ્ઞાન દ્વારા પ્રસિદ્ધિ પામેલ મહાવિદેહમાંથી આવેલ જ્ઞાનીઓમાં આપ અંતિમ હતા. આપનાં વિરહથી સોનગઢમાં મહાવિદેહ જાણે અસ્ત થયું !

તત્ત્વાન્વેષક, સત્યને વળગી રહેનાર, મહાન શ્રુતભક્ત અને નિકટ મોક્ષગામી એવા આપની ગુણપ્રતિષ્ઠા તો જ્ઞાની મહાત્માઓએ કરેલ છે તો અમે અલ્પબુદ્ધિ આપનો શું ગુણાનુવાદ કરીએ ? છતાં આપે અમારા પર કરેલા ઉપકારોને લીધે સહજ લાગણીવશ આપનાં ચરણોમાં શ્રદ્ધાસુમન અર્પણ કરીએ છીએ.

*

## ભક્તિ-પુષ્પ

*બ્ર૦ કોકિલાબેન તથા રૂપાબેન ખારા–સોનગઢ*

'નિકટ મોક્ષગામી'ના ભાવિ મંગળતાસૂચક વિશેષણથી જેમને પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીએ નિવાજ્યા અને 'નિકટ ભવિ'ના ભાવિચિતારથી પ્રશમમૂર્તિ ભગવતી માતાએ સન્માનિત કર્યા, જેમની સાથે આખોયે સમાજ વાત્સલ્યતાથી 'પૂજ્ય મામા'ના મીઠા સંબોધનથી જોડાયેલ હતો તે પંડિતરત્ન શ્રી હિંમતભાઈની ચિરવિદાયથી આપણા સમાજને ન પૂરી શકાય એવી મોટી ખોટ પડી ગઈ છે.

મુમુક્ષુસમાજનું એક વિશિષ્ટ 'શ્રુતરત્ન'—જેમનું ભૂત, વર્તમાન અને ભાવિ વિશિષ્ટતાઓથી જ ભરપૂર હતું. નાનપણથી જ પ્રકૃતિ સહજ, ઉદાસીન, વૈરાગી, નિસ્પૃહ, શાંત, ગંભીર અને વિચારક હતી; સત્યગવેષક, સિદ્ધાન્તવાદી હતા. તેમનું જીવન સાધ્યલક્ષી હતું. સાધ્ય હતું ''મોક્ષપ્રાપ્તિ''..તે માટે સદા સત્ય જ્ઞાન વધારે તેવું વાંચન ચિંતવન ખૂબ કરતા. અધ્યાત્મકવિ હતા. પરીક્ષકબુદ્ધિને કારણે ખૂબ

વિચારીને નિર્ણય લેતા. જૈનમાં જન્મ્યા માટે જૈન એમ નહીં. પોતે અન્યદર્શનના ગ્રંથો પણ વાંચતા અને પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સાથે ચર્ચા કરતા, પોતે વિચારતા અને નિર્ણય કરતા. પૂજ્ય ગુરુદેવશ્રી (કાનજીસ્વામી)ના પરિચયમાં આવ્યા બાદ નાની ઉંમરમાં જ એક વાર પૂ. ગુરુદેવશ્રીને પૂછ્યું : સાહેબ ! આપ સમકિતની વાત આવી દૃઢતાથી કહો છો તે અનુભવથી કહો છો કે શાસ્ત્ર-આધારે ? પૂજ્ય ગુરુદેવશ્રીએ નિઃશંકપણે કહ્યું—આત્મા છૂટો છે, છૂટી રહ્યો છે, છૂટો થવાનો છે. આ વાત સાંભળી એક આત્મજ્ઞ મહાત્માનો ભેટો થયો છે તેવો અંતરથી અહોભાવ જાગ્યો.

ત્યારબાદ પંચપરમાગમ શાસ્ત્રોના અનુવાદ કરવાનું સૌભાગ્ય શ્રુતભક્ત પૂજ્ય મામાશ્રીને સાંપડ્યું. તેમણે તો તેના ઉપોદ્‌ઘાતમાં લખ્યું : 'આ અનુવાદ મેં પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણાથી પ્રેરાઈ ભવભયથી ડરતાં ડરતાં નિજકલ્યાણાર્થે કર્યો છે.' અત્યંત નિસ્પૃહી....શ્રી સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય, નિયમસારનો અનુવાદ કર્યો. તથા તેની ગાથાઓ હરિગીત ગુજરાતીમાં રચી, શ્રી અષ્ટપાહુડનાં ગુજરાતી હરિગીતની રચના કરી.

પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તેમના આ બંધુ સાથે ઘણી વાર તત્ત્વચર્ચા કરતાં; આનંદપૂર્ણ વાર્તાલાપ કરતાં તે સાંભળવાનો ક્યારેક પ્રસંગ બનતો ત્યારે અમે આનંદવિભોર બની જતાં. નિખાલસપણે વાતો કરે. પૂ. બહેનશ્રીની ૪૪મી સમ્યક્ત્વજયંતી પ્રસંગે વાંકાનેર જવાનું બન્યું. ત્યાં બેસી બન્ને ભાઈ-બહેને સમકિત સંબંધી વાતો કરી જે અમે પહેલી જ વાર સાંભળી. ભાઈ—બહેન ! સમકિત કેટલું દૂર ? બહેને કોણી સુધી હાથ બતાવ્યો—આટલું. બીજી વાર મળ્યા ત્યારે ભાઈએ પૂછ્યું કે ચંપા ! હવે સમકિત કેટલું દૂર ? બહેને કાંડા સુધી હાથ બતાવી કહ્યું આટલું છેટું અને ભાઈને એમ થાય કે બહેનને આ સમકિતની ગંભીરતા સમજાતી હશે ? શું હશે ? ત્યાં તો ફાગણ વદ દસમીની મંગળ ઘડીએ બેન 'આત્મ-સાક્ષાત્કાર' પામ્યા અને સુરત ભાઈને જણાવ્યું ''જૈન દર્શન સત્ય છે એમ મેં તો જાણ્યું છે. તમે પણ પ્રમાદ છોડી, વૈરાગ્ય વધારી વિચારશો તો એમ જ જણાશે.'' 'આ આત્માને પરિભ્રમણનો કિનારો આવી ગયો છે.' આ વાતો પૂજ્ય મામાશ્રીના શ્રીમુખે સાંભળવાનો એક લહાવો હતો. તેઓશ્રીની ચર્ચા અદ્‌ભુત હતી. પરિપૂર્ણ આત્મા, સ્વભાવોથી અભિન્ન-પરભાવોથી ભિન્ન, ભરચક ભરેલો આત્મા, તારક આત્મા આદિ વિષયો પર ખૂબ જ ગંભીર રહસ્યપૂર્ણ તત્ત્વચર્ચા સાંભળવાનો ક્યારેક ક્યારેક અવસર મળતો. લક્ષ્યોન્મુખ પ્રતિપાદન શૈલી અદ્‌ભુત હતી.

તું વર્તમાનમાં જ શક્તિ અપેક્ષાએ પરિપૂર્ણ ભરેલો પદાર્થ છો. આ વાત અંતરના વેદનભીના ભાવોથી પ્રસ્તુત કરતા. પરિપૂર્ણ સામર્થ્યનું ભાન અત્યારે પણ થઈ શકે છે તેના માટે ખેંચેલા તીરનું દૃષ્ટાંત આપતા :—

જે તીર ધનુષમાંથી છોડેલ ગતિમાન હોય ત્યારે તેની મારવાની શક્તિ પ્રગટ હોય છે. ધનુષ પર ચડેલા તીરમાં પણ એટલી જ, શક્તિ હોય પણ અપ્રગટ હોય છે. નીચે પડેલા તીરમાં પણ શક્તિ એટલી જ પણ સાવ અપ્રગટ હોય છે.

તેવી રીતે મુક્તિ પામેલાને કેવળજ્ઞાન પ્રગટ છે. સમકિતી ધર્માત્માને ધનુષ પર ચડેલા તીરની જેમ શક્તિ અથવા જોર વેદનમાં ભાસે છે, કેવળજ્ઞાન સ્વભાવ વેદનમાં આવે છે પણ પ્રગટ નથી. અજ્ઞાનીને નીચે પડેલા તીરની જેમ શક્તિ છે છતાં ભાસતી નથી, તેની માન્યતાઓમાં કેવળજ્ઞાન આવતું નથી. ધનુષ પર ચડાવેલ તીર અને નીચે પડેલ તીરમાં શક્તિ અપ્રગટ છે છતાં બન્નેમાં ઘણો ફેર છે.

સમકિત પ્રગટે અને જોર ખ્યાલમાં આવે તો કેવળજ્ઞાન સ્વભાવ ખ્યાલમાં આવે છે, મોક્ષમાર્ગનો પ્રારંભ થાય છે. અધૂરીદશામાં પણ આત્મા પરિપૂર્ણ સામર્થ્યથી ભરેલો છે તે અનુભવમાં આવે છે. આવી રીતે દૃષ્ટાંતપૂર્વક સિદ્ધાન્તોને સચોટપણે સમજાવવાની અનોખી શૈલી હતી.

પરમકૃપાળુ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી સાથે ચર્ચા–વાર્તાલાપની ઘણી છૂટ હતી. એક વખત પ્રવચન બાદ પૂજ્ય ગુરુદેવશ્રી થોડા ભાઈઓ વચ્ચે આનંદકારી અનુભવની વાત કરતા હતા. પૂ. ગુરુદેવ કહે : કેવી આનંદદાયક વાત છે ? પૂ. મામાશ્રી કહે—સાહેબ ! રાજા સિંહાસન પર બેઠો હોય, ખાજા ને ખાંડ ખાતો હોય અને જોનારા ને—ભૂખ્યા ટળવળતા હોય તેમને જેવો આનંદ આવે તેવો આનંદ અમને આવે છે. તે સાંભળી પૂજ્ય ગુરુદેવશ્રી ખૂબ મુક્તકંઠે હસ્યા અને કહ્યું : આનંદ તો તમારી પાસે પણ છે, તમારો ડબ્બો ખોલો ને ! બધા ખાઓ, કોઈ ભૂખ્યા ન રહો, બધા પરિપૂર્ણ છો...આવી આવી પૂ. ગુરુદેવશ્રીની અસીમ કૃપાની વાતો ખૂબ આનંદથી કહેતા.

એ શ્રુતપુત્રની શ્રુતભક્તિએ સમાજને અનુવાદો દ્વારા શ્રુતામૃત ઘણું આપ્યું છે. તત્ત્વજ્ઞાનરસિકોને જેમ જેમ પરમાગમોના ભાવોની સૂક્ષ્મતા સમજાતી જાય તેમ તેમ પૂજ્ય મામાશ્રી પ્રત્યે વધુ ને વધુ અહો-ભાવ જાગે છે અને એ જ પરમાગમોના અનુવાદદેહથી પૂજ્ય મામાશ્રી આપણી વચ્ચે સદા જીવંત જ છે.

ઊંડા આદર્શ આત્માર્થી છે, નિકટ મોક્ષગામી છે;

સિદ્ધાંતોના પારગામી છે, ગુરુકહાનચરણ-અનુગામી છે.

*

—*ડૉ. ચંદુભાઈ કામદાર, રાજકોટ*

આસન્નભવ્ય પૂજ્ય પંડિતજી !

આપણા પૂજ્ય પંડિતજીએ વિદાય લીધી તેનું ખૂબ દુ:ખ થાય છે. તેઓનું જીવન દૃષ્ટિમાં તરવરે છે. કેવું સરલ, સત્ય, સદાચારી, ધર્મપરાયણ જીવન હતું ! આપણા સૌ ઉપર, સમસ્ત સંઘ ઉપર તેઓનો અનંત ઉપકાર છે. તેમના જ્ઞાનનો ક્ષયોપશમ, તત્ત્વ સમજવાની શક્તિ, આગમ ઉકેલ કરવાની દૃષ્ટિ અને જીવનમાં ઊતરેલું આપણને સૌને સ્પષ્ટ દેખાતું હતું. ઘણા જ આસન્નભવ્ય જીવ હતા. પૂજ્ય ગુરુદેવશ્રી પણ તેમને માટે અવારનવાર ખૂબ પ્રશંસા—તેમની યોગ્યતા, પાત્રતા, મુમુક્ષુતા વગેરે વિશે—કરતા હતા. એ યાદ કરતાં એ જીવ બહુ ઉચ્ચ કક્ષાનો પાત્ર હતો એમ ખ્યાલ આવે છે. તેઓ પોતાનું જલદી ઈષ્ટ કાર્ય પૂરું કરશે અને પૂજ્ય ગુરુદેવશ્રી સાથે જ મોક્ષ પધારશે. આપણે સૌ એમના જીવનમાંથી એમના ગુણો પ્રાપ્ત કરીએ એવી ભાવના ભાવું છું. મેં તો તેમનો ખૂબ લાભ લીધો છે, ખૂબ ચર્ચાઓ કરી છે, માર્ગદર્શન મેળવ્યું છે જે મારા જીવનનો લ્હાવો છે. ખૂબ યાદ આવે છે તેમ તેમ તેમના માટે બહુમાન થાય છે. આપણે સૌ તેમની સાથે, પૂ. ગુરુદેવ તેમ જ પૂ. બેનશ્રી સાથે જ, એક નાવમાં બેસી સાથે હોઈએ એવી પાત્રતા કેળવીએ, તેવા લાયક બની તેવો જ પુરુષાર્થ ઉપાડીએ એ જ ભાવના.

*

## અમ જીવનના ઘડવૈયા : પૂ. મામા

*ડૉ. સ્મિતા બી. શાહ તથા ડૉ. ભરત જે. શાહ–અમદાવાદ*

પૂ. મામા અમારાં જીવનના પ્રેરણામૂર્તિ હતા. જીવન કેવી રીતે જીવવું તેનું યોગ્ય માર્ગદર્શન પૂ.

મામાએ આપ્યું છે. તેમનો અમારાં પર ખૂબ ખૂબ ઉપકાર છે. એમનાં સંસ્મરણો યાદ કરું છું ત્યારે આંખમાં આંસુ આવી જાય છે. અરે ! એ દિવ્યમૂર્તિનાં દર્શન કદીયે નહીં થાય ?

જ્યારે હું સોનગઢ આવું ત્યારે પૂ. મામાને કહું કે—મામા મને આશીર્વાદ આપો. ત્યારે પૂ. મામા ખૂબ જ વાત્સલ્યથી કહેતા. તે વાક્યો મારા હૃદયમાં સોંસરવટ ઊતરી ગયાં છે. તેને યાદ કરું છું ત્યારે ખૂબ જ શાંતિ લાગે છે. પૂ. મામાનાં તે વાક્યો હું થોડાક લખું છું જે મને ભૂલાતાં નથી.

✍ પંચપરમાગમમાં બધું જ બતાવ્યું છે, તે લાઈન ઉપર પુરુષાર્થ કરો તો બધું જ મળે. પંચપરમાગમમાં આખો મોક્ષમાર્ગ બતાવ્યો છે માટે પંચપરમાગમનો અભ્યાસ કરવો.

✍ તત્ત્વજ્ઞાન વગરનું જીવન ધૂળધાણી છે.

✍ આ જીવનમાં ધર્મનું સ્થાન ન હોય તો આ મનુષ્યભવ આમને આમ ચાલ્યો જાય છે. પોતાની દિનચર્યામાં મુખ્યપણે તત્ત્વજ્ઞાન આવવું જોઈએ.

✍ આ રતન જેવો મનુષ્યભવ મળ્યો છે તે આત્મકલ્યાણ માટે છે. આત્મામાં શૂરવીરતા કરવાની છે અને આધ્યાત્મિકતાને મુખ્યતા આપવાની છે.

✍ સત્સંગ એ તો નોળવેલ છે તેમાંથી સુગંધ સ્ફુરે અને સંસારના વિષયવિકારને તોડી આત્માની ધુન લગાડે છે.

✍ પર્યુષણની વ્યાખ્યા કરતા તેઓ કહેતા, સમસ્ત પ્રકારે આત્મામાં વસવું એટલે પર્યુષણ.

✍ મુનિરાજ દશલક્ષણરૂપી ધર્મોને વિકસાવીને આત્મામાં Apply કરીને આત્મામાં શાશ્વત Appointment થાય છે અને સુખ આનંદરૂપી salary માણે છે.

✍ પર્યુષણ પર્વમાં અંદર વીતરાગતા, પવિત્રતા પ્રાપ્ત કરવી તે જ અનશન, ઉણોદરી તપશ્ચર્યા છે. મુનિરાજે અંદરમાં શુદ્ધતારૂપી અનશન-ઉણોદરીના દીવડા પ્રગટાવ્યા છે.

✍ આત્મારૂપી officeમાં જવા માટે પુરુષાર્થરૂપી ટેક્ષ ન ભરે તો ચારગતિમાં રખડવાની શિક્ષા (punishment) થાય છે.

✍ પોતાનામાં ભરપૂરપણું ભાસે અને પરમાં ખાલીપણું લાગે તો આ સંસાર પ્રત્યે વિરક્તિ આવે.

✍ જીવનમાં એક આત્માનું કરી લેવા જેવું છે તે ધ્યેયે ભવભ્રમણ ટળે.

✍ પૂ. મામા ગાતા : ''હજી છે હાથમાં બાજી કરીલે રામને રાજી, તારી મૂડી થશે તાજી રે, ચેત તો ચેતાવું તુને, રે પામરપ્રાણી !''

આમ મામાના હૃદયપ્રેરક મંગળ વચનો ડગલે ને પગલે યાદ આવે છે. ઊંડા આદર્શ આત્માર્થી એવા પૂ. મામાનાં ચરણોમાં કોટી કોટી વંદન.

*

## વાત્સલ્યમૂર્તિ પૂ. મામા

—બ્ર૦ તરુબેન ડી. મોદી
—બ્ર૦ નીલાબેન ડી. મોદી

એ અમારા સોનેરી દિવસો....અમૂલ્ય દિવસો ચાલ્યા ગયા કે, જ્યારે મામા સાથે રહેવાનો, તેમના

સત્‌સંગનો, તેમની અમારા ઉપરની અસીમ કૃપાનો લાભ મળતો હતો !

અરે ! હજુ તો વર્તમાન મામા બિરાજે છે ને ! અને હું કહી રહી છું કે, ''મામા, આપ જમી લો, મામા ! આપને મંદિર જવું છે ! મામા...મામા...બોલાવી રહી છું, ત્યાં અચાનક આ શું થઈ ગયું ?... હજુ મારું 'મન' કાંઈ માનતું જ નથી કે મામા આપણી વચ્ચે અહીંયા નથી.''

ના...! ના !... હજુ તો મામા આરામ કરે છે, તેઓ વિચારમગ્ન સૂતા છે....પણ રે..... કુદરત ! તેં આ શું કર્યું ? મારાં પુણ્ય ખૂટી ગયાં. અમારા વાત્સલ્યમૂર્તિ મામા ! અમને નોંધારા મૂકીને ચાલ્યા ગયા ! હજુ તો અત્રે બધા પાસે ઊભા છીએ ને, ત્યાં તો મામા શાંતિથી તારકતત્ત્વનાં ચિંતનમાં લીન થઈ ગયા.

હે ભગવાન ! સવારે ઊઠીને હું શું કરીશ ? મામા વગરનું જીવન કેવું દિશાહીન લાગશે ! મામા મને વારંવાર છેલ્લે સુધી કહેતા કે તરુ ! આ મનુષ્ય જીવનમાં આત્માનું કરી લેવું છે તે ધ્યેયે જીવન જીવવું. હવે ક્યાં આવા વાત્સલ્યપૂર્ણ વચનો સાંભળવા મળશે ?

તેઓ વારંવાર મને કહેતા, ''તરુ માને ચડવાના પ્રસંગોથી દૂર રહેજે અને જ્ઞાયકના લક્ષે પંચપરમાગમનો હૃદયના ઊંડાણથી અભ્યાસ કરજે. એ જ જીવનમાં કરવા જેવું છે.'' આવી હૃદયપૂર્વકની કૃપાભીની શિખામણ હવે ક્યાં સાંભળવા મળશે !

મામા, દિવસ દરમ્યાન ઘણું જ ઓછું બોલતા, તેઓ સદાય વિચારમગ્ન રહેતા અને જ્યારે બોલે ત્યારે તોળેલા શબ્દો...વચનો નીકળતાં.

—''મૂળ શાસ્ત્રોનો અભ્યાસ કરો.'',—અબદ્ધસ્પષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત આત્માનો સદાય આશ્રય કરો.—આ તો તેમનું મુખ્ય સૂત્ર હતું. તેઓ કહેતા કે ''આમાં તો આખું જૈનશાસન સમાયેલું છે.''

'મામા' એક પારસમણિ હતા. જેમ પારસમણિ લોઢાને સોનુ કરે તેમ પૂ. મામાના સત્‌સંગે આખું જીવન પલટાઈ જાય. મારું તો આખું જીવન પૂ. મામાનાં ચરણોમાં રહીને બદલાઈ ગયું. હું સોનગઢ આવી ત્યારે મને આ તત્ત્વજ્ઞાન કાંઈ જ સમજાતું નહોતું. મને થતું કે હું જે લૌકિક ભણતર ભણી તે બધું જ નકામુ છે. પૂ. મામા આગળ તો સાવ અભણ છું. પરંતુ પૂ. મામા ખૂબ જ સરળ અને સહેલી ભાષામાં ઊંચા તત્ત્વજ્ઞાનની વાત સમજાવતા અને કહેતા કે, ઝાઝું ન આવડે તો કાંઈ નહીં, મુંઝાવું નહીં, મૂળ પ્રયોજનભૂત તત્ત્વજ્ઞાન ગ્રહણ કરવું. બહુ ભેદાનુભેદમાં, બહુ તર્કોમાં અટવાવું નહીં. ''પરદ્રવ્યથી જુદો અને પોતાના સ્વભાવથી અભિન્ન એવા જ્ઞાયકનો આશ્રય કરવો''એ મૂળભૂત વાત ગ્રહણ કરવી એટલે કે પોતાના દરેક ભાવમાં જે પોતાનું પરિપૂર્ણ સામર્થ્ય રાખીને રહેલ જ્ઞાયકને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવો; તે જ મુખ્ય પ્રયોજનભૂત છે.

'મામા' દરેક પ્રસંગને અધ્યાત્મમાં જ ઊતારતા. લૌકિક હોય કે લોકોત્તર, વૈરાગ્યનો હોય કે માંગલિક પ્રસંગ, પ્રતિષ્ઠામહોત્સવનો હોય કે પર્યુષણપર્વનો બધા પ્રસંગોમાં તેઓ તાત્ત્વિક અર્થો કાઢતા. તેઓ વારંવાર કહેતા કે, તત્ત્વજ્ઞાનમૂલક પૂજા, ભક્તિ હોવી જોઈએ.

તેઓ ઘરમાં હિંચકા પર બેઠા બેઠા વૈરાગ્યના પદો ગાતા.... ''રહના નહીં દેશ વિરાના હૈ; ઈસ તન ધનકી કૌન બડાઈ, દેખત નૈનોમેં મિટ્ટી મિલાઈ;'' તે સાંભળવાનો અને તે સમયની તેમની મુદ્રા પરના ભાવો જોવાનો અમૂલ્ય લાભ મળતો.

પૂ. મામા દરેકને સત્સંગનો મહિમા સમજાવતા. હું સોનગઢમાં પૂ. મામાના ઘરે આવી ત્યારે શરૂઆતમાં સ્કૂલની નોકરી માટે ઈન્ટરવ્યુ દેવા જતા પહેલાં પૂ. મામાના આશીર્વાદ લેવા આવી. તે સમયે મામા સહજભાવે બોલ્યા કે, 'તને સત્સંગનાં પુણ્ય હશે તો નોકરી નહીં મળે અને કાવડિયાં (પૈસાના)નાં પુણ્ય હશે તો નોકરી મળશે'... અને ખરેખર મને તો પૂ. મામાના વચનો ફળ્યાં. મારા સત્સંગનાં પુણ્ય જાગ્યાં જેથી નિરંતર પૂ. મામાનાં ચરણોમાં રહીને તેમના સત્સંગનો અમૂલ્ય લાભ મળ્યો. ભગવત્ કુંદકુંદાચાર્યના મહાન પંચપરમાગમના અનુવાદક, ઊંડા આદર્શ આત્માર્થી, નિકટ મોક્ષગામી પૂ. મામાનાં ચરણોમાં રહેવાનું મળતાં મારું જીવન ધન્ય થયું. સમયસારાદિ પંચપરમાગમ વાંચતાં પૂ. મામાએ શીખવ્યું. એવા વાત્સલ્યમૂર્તિ, કરુણાસાગર મામા એક ક્ષણ ભુલાય નહીં. તેમના વગર કેવી રીતે જીવન જીવશું ? પંચપરમાગમ વાંચતાં મને કાંઈક ન સમજાય તો તુરત જ પૂ. મામાને પૂછતાં, ખૂબ જ સ્પષ્ટ અને સરળ ભાષામાં સમજાય તેવો જવાબ મળતો. અરે ! હવે ક્યાં પૂછશું ? એવા મામા શે ભુલાય ? મામા ! ભુલાય તો આત્મા ભુલાય !

પૂ. મામાની તો અમારા પર અસીમ કૃપા વરસતી હતી. પૂ. ગુરુદેવના વ્યાખ્યાન અમને સમજાય નહીં તો પૂ. ગુરુદેવને શું કહેવું છે, તેમનો આશય શું છે ? તે બધું મામા ખૂબજ સરળતાથી સમજાવતા અને કહેતા કે, 'સૌ પ્રથમ દ્રવ્યનું બંધારણ સમજવું જોઈએ.' તે તત્ત્વજ્ઞાનનો પાયો છે. તેના આધારે તત્ત્વજ્ઞાનમાં આગળ વધાય. દ્રવ્યનું બંધારણ સમજવા માટે દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યનું સ્વરૂપ બધું પ્રવચનસારમાં છે તે વાંચવું જોઈએ અને કોના પર જોર દઈને આગળ વધવું તે સમયસાર શાસ્ત્રમાં કહ્યું છે. પ્રવચનસાર સમજાતા સમયસાર સમજવું સહેલું લાગશે.

પૂ. ગુરુદેવે અને પૂ. બહેનશ્રીએ બતાવેલા અધ્યાત્મના માર્ગને તે યથાર્થપણે સમજાવીને તે માર્ગે કેમ ચાલવું તે પૂ. મામાએ બતાવ્યું. તે મુજબ તે તત્ત્વજ્ઞાનના માર્ગે ચાલીને સૌ આપણે શિવપુરીમાં જઈએ તે જ ભાવના. એ સત્પુરુષો સ્વર્ગમાંથી અમારા ઉપર કૃપાદૃષ્ટિ વરસાવતા રહે તેવી તેમને ભાવભીની હૃદયના ઊંડાણપૂર્વક પ્રાર્થના....

*

## આદર્શ આત્માર્થી પૂજ્ય મામા

*—કુમુદ કે. દોશી તથા સુરેખા દોશી-પરિવાર*

પરમકૃપાળુ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના અનન્ય ભક્ત, વૈરાગી, મિતભાષી, ઊંડા આદર્શ આત્માર્થી, આપણા માર્ગદર્શક પૂજ્ય મામાએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે એ અત્યંત દુઃખદ પ્રસંગ છે. પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરહ પડ્યો ત્યારે પૂજ્ય ભગવતીમાતાનો આપણને સહારો હતો. પૂજ્ય માતાજીનો વિરહ પડ્યો ત્યારે પૂજ્ય મામા સહારો બન્યા હતા. પરંતુ અત્યારે મામાના વિરહથી આપણે નિઃસહાય થઈ ગયા છીએ.

મામા વિષેના ઘણા પ્રસંગો અત્યારે મારા સ્મૃતિપટ પર આવતા જાય છે. લગભગ ૩૦ વર્ષ પહેલાં હું ભણતો હતો ત્યારે અમે કેટલાક મિત્રો પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનથી આકર્ષાઈ એમાં રસ લેતા થયેલા. ધાર્મિક વાંચન તથા તત્ત્વજ્ઞાનના સ્પષ્ટીકરણની ચર્ચાઓ ઘણી થતી. એમાં એક દિવસ એવી ચર્ચા ચાલી કે, ''પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી તો આત્માનુભવી–સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માઓ છે. પરંતુ ગુરુદેવશ્રીના ભક્તગણોમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે વધુમાં વધુ પાત્ર–યોગ્ય વ્યક્તિ કોણ ?''

અમે તો નાના હતા. પરંતુ એ વખતે પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો સાંભળેલાં એમાંથી, મુમુક્ષુઓમાં અગ્રગણ્ય વ્યક્તિઓની જે છાપ હતી એમાંથી, પૂજ્ય મામાનો ઓછો પરિચય હોવા છતાં એમનો વૈરાગ્ય, તત્ત્વસ્પષ્ટતા, પૂજ્ય ગુરુદેવશ્રી સાથેની એમની ધાર્મિક ચર્ચાઓ, પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા એમના માટે ઉચ્ચારાયેલાં વચનો વગેરેના કારણે અમે એવા મંતવ્ય પર આવેલા કે પૂજ્ય મામા–પંડિતરત્ન શ્રી હિંમતભાઈ જ વધુમાં વધુ યોગ્ય વ્યક્તિ છે. તેઓ જ આપણા માટે ઊંડા આદર્શ આત્માર્થી છે.

પૂજ્ય મામાના જીવનના પ્રસંગો–સુરતની નોકરી છોડી સોનગઢ આવવું, શાળાના ઇન્સ્પેક્શન માટે આવેલ ઓફીસરને આ સ્વર્ગભૂમિ જ નહીં પણ મોક્ષભૂમિ છે એમ કહેવું, સોનગઢની જમીન ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી જેવા ધર્માત્માનાં ચરણ પડ્યાં છે આથી પવિત્ર બની છે એટલું જ નહીં અહીંનો કણેકણ–એનું વાયુમંડળ પણ તેઓશ્રીના શ્વાસોશ્વાસથી પવિત્ર બન્યું છે એમ કહેવું મામાની પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની અનન્ય ભક્તિ અને સર્વોત્કૃષ્ટતા પ્રસ્થાપિત કરવાની ચેષ્ટા, ગુરુદેવશ્રી પ્રત્યેની અત્યંત અર્પણતા બતાવે છે.

એક વખત એવો વિચાર આવેલો કે પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વર્ગવાસ પછી તેઓશ્રીના ભક્તગણમાં ઘણા વાંચનકાર હતા, વક્તા હતા, અભ્યાસી હતા. મામા તો અન્યના પરિચયમાં બહુ ઓછા આવતા હતા. વાંચનકાર પણ ન હતા. છતાં અમે મામા તરફ કેમ આકર્ષાયા ? કારણ કે સમયસાર, પ્રવચનસાર, નિયમસાર આદિ શાસ્ત્રોની કેટલીય ગાથાઓ જે સમજાતી ન હતી, આચાર્ય ભગવંતનું હાર્દ સમજમાં આવતું ન હતું, આગળ-પાછળનો પાઠ મેળવવામાં મુશ્કેલી પડતી હતી એ બધાનો ઉકેલ મામા દ્વારા–મામાનાં સ્પષ્ટીકરણથી મળ્યો. પુરુષાર્થ અને સર્વજ્ઞતાનો મેળ મામા પાસેથી સમજવા મળ્યો. મામા દ્વારા અપાયેલા કેટલાય દૃષ્ટાંતો–ખેંચેલા તીરનું, સ્ફટિકમણિનું, બગલા જેવું સફેદ દુધ ગળે ન ઊતરે વગેરે તત્ત્વ સમજવામાં ઘણા અસરકારક રહ્યાં. મામા દ્વારા સમજાયું કે—જિનાગમનાં રહસ્યો સમજવા માટે તેનું કોઈ પડખું દુભાવુ ન જોઈએ. આપણે નિશ્ચયનયના કે વ્યવહારનયના એકપક્ષીય તત્ત્વજ્ઞાનમાં ખેંચાઈ જતા તો નથી ને ? જ્ઞાયકસ્વભાવનું મહત્ત્વ–કિંમત ન ચુકાય તે રીતે જ્ઞાનમાં બંનેનું બેલેંસ રાખીને આગળ વધવું.

મને મામાની તત્ત્વસ્પષ્ટતાનો લાભ તો મળતો હતો. પરંતુ વિધિની કોઈ ધન્ય પળે મારો પુણ્યરાશિ ફળ્યોને મામાની સેવાનો અલભ્ય લાભ મળ્યો. હું મામા જેવી વિરલ વ્યક્તિનો પ્રીતિપાત્ર બની શક્યો. મામાની સેવાના લાભના કારણે તેઓશ્રીની નજીક રહેવાનું બનતું. આથી તેઓની સાધના, વિચાર, મનન, ઘોલન, તત્ત્વજિજ્ઞાસાથી પુછાયેલા પ્રશ્નોના સાહજીકતાથી, સમાધાનકારક અપાતા જવાબો વગેરેનો લાભ મારા અહોભાગ્યે મળ્યો. ધર્માત્માઓનો સંગ મળવો અતિ દુર્લભ છે.

અંતમાં, હે મામા ! એવા આશીર્વાદ આપો કે અમે આપે બતાવેલ તત્ત્વજ્ઞાનના સ્પષ્ટીકરણરૂપ દીપકના પ્રકાશમાં આગળ વધી, આપની સાથે જ રહી મોક્ષસુખને પામીએ.

*

## વિશ્વના વિરલ તત્ત્વવેત્તા : પૂ. મામા

*—પ્રવીણ સારાભાઈ શાહ તથા ધર્મિષ્ટા પ્રવીણ શાહ*

કોઈ વિશાળ વનમાં અતિ સુંદર અને શાંતિ આપનારું એવું એક જ વૃક્ષ હોય, તે વૃક્ષમાં નિશંકતાથી અને શાંતિથી પંખીઓ મલકતાં હોય, તે વૃક્ષ એકાએક દાવાગ્નિથી બળી જાય, તે વૃક્ષથી

આનંદ પામનારાં પંખીઓને કેટલું દુઃખ પ્રાપ્ત થાય ? તે દુઃખનું વર્ણન કવીશ્વરો પણ કરવાને અસમર્થ છે. તેવું અપાર દુઃખ પૂ. ગુરુદેવના શાસનની કલ્પવૃક્ષ એવી વિરલ વિભૂતિ પૂ. મામાના વિયોગથી અમને થયું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી પ્રવચનમાં ઘણી વાર કહેતા કે તત્ત્વજ્ઞાનના અભ્યાસ માટે નિવૃત્તિ જોઈએ. તદ્અનુસાર તેવી ભાવનાથી મારી નિવૃત્તિની ભાવના ફળી ને કોઈ પુણ્યના ઉદયથી પૂ. મામાની નિકટમાં રહેવાનો લાભ મળ્યો અને તેમના દ્વારા તત્ત્વજ્ઞાન સંબંધી ચોખવટ અમને થઈ અને તેમની સેવાનો લાભ મળ્યો તે અવિસ્મરણીય છે. પૂજ્ય ગુરુદેવની વાણી ગંભીર ને ઊંડાણવાળી હતી. પૂ. મામા ગુરુદેવનું હૃદય જાણતા હોવાથી, આવી ગંભીર વાણીનો આશય પૂ. મામા પાસેથી સ્પષ્ટ થયેલ. પૂ. મામા મુખ્યપણે સાચા તત્ત્વજ્ઞાન પર જોર આપતા અને તેની સાથે ભક્તિ, પૂજા, વૈરાગ્ય, ઉપશમ જોડાયેલાં છે. તેઓ પદાર્થનું બંધારણ દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદવ્યયધ્રૌવ્ય અપૂર્વ રીતે સમજાવતા. શાસ્ત્રમાં આગળપાછળની ગાથાઓનો યથાર્થ સંબંધ વિચારી આચાર્યદેવનું શું હૃદય છે તે સમજાવતા. દ્રષ્ટાંત તરીકે પદાર્થના ઉત્પાદવ્યયધ્રૌવ્યનું સ્વરૂપ તેઓ સમુદ્રના દ્રષ્ટાંતે અદ્ભુત રીતે સમજાવતા હતા. તેમાં પદાર્થ એટલે સમુદ્ર અને તેના ઉછળતા તરંગો તે ઉત્પાદવ્યય અને જલત્વ તે તેનું ધ્રૌવ્ય. ગમે તેટલા તરંગો ઊછળે તોપણ સમુદ્ર 'જલત્વરૂપ' પોતાની સ્વજાતિ છોડીને પેટ્રોલરૂપે ન થાય. તેમ અનાદિઅનંત જીવની ઊછળતી પર્યાયોમાં 'જીવત્વ' એ ધ્રૌવ્ય છે. તેના પર શ્રદ્ધા-જ્ઞાનનું જોર આપવાથી મોક્ષમાર્ગ પ્રગટે.

તેઓ આત્મપ્રાપ્તિના સરળ રસ્તા માટે કહેતા કે, આ લાકડી છે એમ શ્રદ્ધા કરવાની છે, એમાં અઘરું શું ? તેમ હું આત્મા છું એમ શ્રદ્ધા કરવાની છે. જેમ બે ને બે ચાર માનવામાં શું અઘરું લાગે ? બે ને બે પાંચ માનવા અઘરા લાગે. અત્યારે આપણને બે ને બે પાંચ જેવું પાકું થઈ ગયું છે એટલે અઘરું લાગે છે.

પૂ. મામા કહેતા હતા કે, જૈન દર્શનમાં સાચું તત્ત્વજ્ઞાન જ મુખ્ય છે ને તેના આધારે જ આગળ વધાય છે. વૈરાગ્ય, અર્પણતા, નિસ્પૃહતા, લગની ને ધૂનની વાત બીજા દર્શનમાં પણ છે પણ સાચું તત્ત્વજ્ઞાન ત્યાં નથી. તત્ત્વજ્ઞાનનું વાંચન, વિચાર, સમજણને માહાત્મ્ય તે જ ગુરુદેવનું હૃદય હતું અને તેના આધારે આખો મોક્ષમાર્ગ છે. પૂ. ગુરુદેવશ્રીને તત્ત્વજ્ઞાનની લબ્ધિ હતી. તેઓ તત્ત્વજ્ઞાનની વાત જાણે કથાનુયોગ કહેતા હોય તેવા રસબસતા ભાવે કહેતા હતા.

વસ્તુનું માનસિક ચિત્ર બરાબર ખ્યાલમાં આવે ત્યારે જ સાચા પુરુષાર્થની ગતિ સમજાય. હજુ યથાર્થ નિર્ણયમાં જ ગોટાળા હોય તો પુરુષાર્થની ગતિ ન સમજાય. કેટલા કલાક વંચાયું તેના કરતાં નિર્ણયમાં કેટલું આગળ વધાયું તે જોવું જોઈએ. મુખ્ય પુરુષાર્થ નિર્ણય માટેનો જ હોય છે. પ્રમાણના વિષયભૂત આત્માને નક્કી કરીને ધ્રુવ તરફ જોર આપે તો શુદ્ધ પર્યાય પ્રગટે. એકાંત ધ્રુવની વાતો કરે તો આનંદની પર્યાયનું વેદન ન આવે અને એકાંત પર્યાય તરફ વજન આપે તો આનંદ ન આવે.

પરિણામ, પારિણામિકભાવ ને પરમપારિણામિકભાવ વિષે તેઓ કહેતા હતા કે :

પ્રશ્ન :—પરિણામ એટલે શું ?

ઉત્તર :—સમયસારમાં ૪૭ શક્તિનું વર્ણન છે; તેમાં ૧૯મી પરિણામ શક્તિ છે. પરિણામ એટલે અસ્તિત્વ, ટકીને બદલવું. પરિણામને પ્રમાણદૃષ્ટિથી જુઓ તો ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્યરૂપે છે, તે જ પરિણામને પર્યાયાર્થિકનયથી જુઓ તો ઉત્પાદવ્યયરૂપે છે ને દ્રવ્યાર્થિકનયથી જુઓ તો ધ્રૌવ્યરૂપે છે. જેમ

ઉષ્ણતા અગ્નિનો સ્વભાવ છે તેમ પરિણામ વસ્તુનો સ્વભાવ છે. પરિણામને કર્મ નિરપેક્ષથી જોઈએ તો તે માત્ર ઉત્પાદવ્યયરૂપે છે, તે જ પરિણામને કર્મ સાપેક્ષથી જુઓ તો શુભ, અશુભ ને શુદ્ધ ઈત્યાદિ વિભાવરૂપ છે. રાગ ઉપાધિ છે, પરિણામ ઉપાધિ નથી.

પારિણામિકભાવ સંબંધી તેઓ કહેતા, ''परिणामे भवः पारिणामिकः।'' ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ પરિણામમય ભાવ તે પારિણામિકભાવ. પારિણામિકભાવ સત્, અહેતુક અને નિરપેક્ષ છે. દ્રવ્યનું અસ્તિત્વ તે પારિણામિકભાવ છે. પારિણામિકભાવને ત્રણ વિવક્ષાથી જોવામાં આવે છે.

૧. પારિણામિકભાવને પ્રમાણદૃષ્ટિથી જોતાં તે ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક છે.

૨. પારિણામિકભાવને દ્રવ્યાર્થિકનયથી જોતાં પરમપારિણામિકભાવ અર્થાત્ ધ્રૌવ્યરૂપ છે.

૩. પારિણામિકભાવને પર્યાયાર્થિકનયથી જોતાં તે ઉત્પાદવ્યયરૂપે છે.

જ્યારે પારિણામિકભાવને કર્મ-નિરપેક્ષ જુઓ તો ઉત્પાદવ્યયધ્રૌવ્ય આખું પ્રમાણનું દ્રવ્ય ખ્યાલમાં આવે છે, અને પારિણામિકભાવને ઉત્પાદવ્યય નિરપેક્ષ જુઓ તો પરમપારિણામિકભાવ ખ્યાલમાં આવે છે, જે દ્રવ્યદૃષ્ટિનો વિષય છે.

સમયસારદિ શાસ્ત્રોનો ગુજરાતી ગદ્ય ને પદ્યમાં અનુવાદ થયા પછી પૂ. ગુરુદેવશ્રીને મામાનો ફોટો તથા અભિનંદન પત્ર પંચાસ્તિકાયસંગ્રહના પ્રકાશન પ્રસંગે નાખવાનો ભાવ રહ્યા કરતો હતો અને તેને માટે ફોટો પડાવી લેવાનો વારંવાર આગ્રહ કરતા હતા; પણ મામા ફોટો તથા અભિનંદનપત્રને યોગ્ય તો પૂ. ગુરુદેવશ્રી જ છે, હું તો પામર છું એમ ભાવના હોવાથી હા નહોતા પાડતા, અને તેનાથી દૂર ભાગતા હતા. મામા એટલા બધા નિસ્પૃહ હતા કે પોતાની પ્રસિદ્ધિ કોઈ પણ પ્રકારે થાય તે તેમને ઈષ્ટ ન હતું. મામા આ માટે અત્યંત અસહમત હોવાથી, પૂ. ગુરુદેવે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને, હિંમતભાઈને સમજાવવા માટે કહ્યું. પૂ. બહેનશ્રીએ 'મામા' ને કહ્યું કે તમને કોઈ પણ પ્રકારની સ્પૃહા નથી, તે બધા જાણે છે. પરંતુ પૂ. ગુરુદેવનો અતિઆગ્રહપૂર્વકનો ભાવ હોવાથી તમે કાંઈક રસ્તો કાઢો. પછી વજુભાઈએ (તેમના મોટા ભાઈએ) એ રસ્તો કાઢ્યો કે તમે સામે ગુરુદેવનો ફોટો રાખી અનુવાદ કાર્ય કરતા હો એવો ફોટો પડાવીએ, જેથી ગુરુદેવની આજ્ઞાથી અને તેમની છત્રછાયામાં આ બધાં અનુવાદકાર્ય થયાં છે એમ બધાને લાગે. છેવટે એ રીતે મામા મૌન રહ્યા, અને ફોટો પડાવવાનું તથા અભિનંદનપત્રનું કાર્ય મુરબ્બી શ્રી રામજીભાઈ દ્વારા થયું.

નિસ્તુષ યુક્તિઓના ભંડાર, 'સિદ્ધાંતના રક્ષક' પૂ. મામાના લૌકિક કે અલૌકિક કોઈ પણ શબ્દોમાં નિષ્પક્ષતા, સરળતા ને ન્યાયાદિ સહજ રહેતા. તેઓનું જીવન નિશ્ચયવ્યવહારની સંધીવાળું હતું. આ ઉંમરે પણ અંતરમાં પંચપરમાગમ ઘોળાયા જ કરતા, ને તેમના મુખથી અણમોલ વચનામૃત નીકળી જતા; જેથી આપણને એમના જેવું જીવન જીવવાની પ્રેરણા રહ્યા કરતી. પૂજ્ય મામા આપણી સાથે જ છે. તેમણે બતાવેલા તત્ત્વમૂલક માર્ગે ચાલીને આ દુ:ખદ પ્રસંગને વૈરાગ્યનું નિમિત્ત બનાવી, સમ્યક્ પુરુષાર્થને પહોંચી ભવભ્રમણના દુ:ખથી છૂટીએ એજ ભાવના. પૂજ્ય મામાને શત શત વંદન.

## મારું જીવન પલટનાર એવા પૂ. મામા

*— પવનકુમાર ચંદ્રસેન જૈન તથા ચિરંગ પવનકુમાર જૈન, ભાવનગર*

પોતાની SHARP PIN-POINTED ગ્રહણશક્તિથી, આચાર્યદેવોના ગ્રંથોમાં ભરેલા સૂક્ષ્મ, ગૂઢ,

ગંભીર રહસ્યોની સાથે સાથે શ્રુતલબ્ધિવંત પૂ. ગુરુદેવશ્રીના વિશાળ શ્રુતમાંહે સમાયેલ, આત્માર્થપોષક અવિરોધ માર્ગને ગ્રહણ કરી, પોતાના જીવનને જેઓ પૂ. ગુરુદેવશ્રીના પ્રિયપાત્ર એવા એક વિશિષ્ટ ઊંડા આદર્શ આત્માર્થી બનાવી, કુંદકુંદ ભારતીના પનોતા પુત્રનું બિરૂદ પામેલ છે, 'તે એક પં. હિમ્મતલાલ જેઠાલાલ શાહ' જ છે. તેઓ માટે જેટલું પણ કાંઈ કહીએ, તે ઓછું છે. તેઓ પોતાની વિચક્ષણ આત્માર્થ પોષક જિજ્ઞાસા વૃત્તિથી, અધ્યાત્મજ્ઞાનના સિદ્ધાંતોને પોતાની વિશિષ્ટ પ્રજ્ઞાથી ગ્રહીને તેનો 'દૃઢ નિર્ણય' માત્ર પોતાના હિત માટે કરતા હતા. પૂ. ગુરુદેવશ્રીની અનુપસ્થિતિ પછી, પૂ. બહેનશ્રીની નાજુક તબિયતના લીધે, પૂ. બહેનશ્રી પર વધુ ભાર ન આવી જાય, તેથી તેઓને નોધારા મુમુક્ષુઓને ઊઠતા પ્રશ્નોની સ્પષ્ટતાઓ કરવી પડતી હતી. તે તત્ત્વચર્ચામાં આવતી સ્પષ્ટતાઓએ મારું જીવન જ બદલી નાખ્યું હતું. તે તત્ત્વચર્ચાઓ આજે પણ મારા હૃદયપટ પર મઘમઘતી રહે છે. જેવી કે :—

(૧) મોક્ષમાર્ગનો મુખ્ય આધાર 'મોહ-ક્ષોભ રહિત જીવના ઉજમાળ પરિણમન' હોય છે, નહીં કે 'ઉપયોગ કોના ઉપર ટકેલો છે'. જો ઉપયોગ આત્મા ઉપર હોય તો જ મોક્ષમાર્ગ કે મોક્ષમાર્ગની શરૂઆત થતી હોય તો પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનવર્તી જીવનો ઉપયોગ બહાર હોય છે અને ચોથા ગુણસ્થાનવર્તી જીવનો ઉપયોગ ભલે નિર્વિકલ્પ ધ્યાનમાં સ્વઆત્મા તરફી જ હોવા છતાં, તેની મોક્ષમાર્ગરૂપ પરિણતિ પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનવર્તી કરતાં ઘણી નીચી જ હોય છે. આથી મોક્ષમાર્ગ કે મોક્ષમાર્ગની શરૂઆત 'ઉપયોગના વિષયફેર આધીન' નથી, પરન્તુ પોતાની રત્નત્રય પરિણતિની ઉજમાળતા આધારિત હોય છે. (એ જરૂર છે કે, જેમ જેમ ઉજમાળ વીતરાગ પરિણતિ વિશેષ ઉગ્ર થાય છે, ત્યાં રાગ-દ્વેષ ઘણા જ નિવૃત્ત થતા હોઈ, ઉપયોગનો વિષય, બહારમાં કોઈ રહેતો નહીં હોઈ, ઉપયોગ પણ સહેજે સ્વાભાવિક સ્વસ્વરૂપરૂપ બનતો જાય છે. પરન્તુ તે સ્વાભાવિકતા ઉપયોગને આત્મવિષયી કરવાથી નહીં, પરન્તુ રત્નત્રયની વીતરાગી વૃદ્ધિતાથી છે).

(૨) વળી 'દૃષ્ટિ' વિશે સમજાવતાં કહ્યું કે 'દૃષ્ટિ' કાંઈ ઉપયોગાત્મક પરિણામને સ્વ તરફ વાળવારૂપ ક્રિયાથી નથી. 'દૃષ્ટિ' તો મુમુક્ષુ જીવના પોતાના આત્માનું સ્વરૂપ, પદાર્થનું તાત્ત્વિક સ્વરૂપ યથાર્થ સમજીને, અંતરંગ ઉહાપોહ દ્વારા યથાતથ્ય 'કિંમત સહ નિર્ણય' છે—એવું થતાં, અન્તરંગ પરિણતિમાં એવું થાય કે 'વાહ !' આ તો અદ્ભુત છે—એવું લાગે,—એવો પોતાનો જ્ઞાયક સ્વભાવ અત્યંત CHARMING લાગવો-એવા યથાર્થ 'પ્રતીતિભાવ', 'જોરરૂપભાવ'નું નામ 'દૃષ્ટિ' છે. પોતાના જ્ઞાયક સ્વભાવની 'કિંમત— માહાત્મ્ય' લાગે નહીં, અને માત્ર કહેવાતા ધ્યાન દ્વારા ઉપયોગને પોતાની કલ્પના અનુસાર 'જ્ઞાયકસ્વભાવ' ઉપર જમાવવારૂપ પરિણતિનું નામ કાંઈ 'દૃષ્ટિ' આત્મા તરફ લાવવાનો પ્રયત્ન નથી. (પોતાના 'જ્ઞાયકસ્વભાવ'ની 'કિંમત–માહાત્મ્ય–અહોભાવ', 'વાહ' થતાં ઉપયોગ સહેજે 'કિંમત–CHARMING વસ્તુ તરફ જ જાય, તેમ સહેજે પોતા તરફ જાય છે,—તે જુદી વાત છે.)

(૩) વળી એક વાર સામાન્ય સ્થૂળ પ્રશ્ન કે પૂ. ગુરુદેવશ્રીના ફોટાને પગે લાગવાથી 'મિથ્યાત્વ' કે 'પાપ' થાય ? તેનું સહજ નિષ્પક્ષ સમાધાન કરતાં જણાવ્યું કે 'મિથ્યાત્વ' તો 'અદેવમાં દેવબુદ્ધિ' 'અગુરુમાં ગુરુ બુદ્ધિ' અને અશાસ્ત્રમાં 'શાસ્ત્ર બુદ્ધિ' થતાં થાય છે. જ્યારે 'પૂ. ગુરુદેવશ્રીને' યથાર્થપણે માનનાર દરેક 'મુમુક્ષુ'ને 'પંચપરમેષ્ઠી'નું સ્વરૂપ અત્યંત સ્પષ્ટ હોવાથી, પૂ. ગુરુદેવશ્રીએ તે ભારોભાર સ્પષ્ટ કર્યું હોવાથી, કોઈ પૂ. ગુરુદેવશ્રીને પંચપરમેષ્ઠી નહી માનતો હોઈ, તેમાં કાંઈ 'મિથ્યાત્વ' થતું નથી. વળી 'પૂ. ગુરુદેવશ્રી' આપણા 'પરમ તારણહાર' છે, આપણું જે કાંઈ પણ ધાર્મિક જીવન છે તે માત્ર એક તેમના પ્રતાપે છે, તેથી આપણા 'ધર્મપિતા'—'સર્વસ્વ' ને વંદન કાંઈ પાપ નથી. વળી, ત્યાં

કાંઈ 'પાંચ ઈન્દ્રિયના ભોગ' ના હેતુએ વંદના નહીં હોઈ, ત્યાં 'પાપ' પણ નથી, પણ 'શુભભાવરૂપ પુણ્ય' પરિણામ છે. (માત્ર 'ક્રિયા' કે 'વિષય'ના આધારે 'બંધ'નો પ્રકાર પડતો નથી, પરન્તુ તે પાછળ 'હેતુ' શો છે–તે 'બંધ' માટે મહત્વની બાબત છે.)

(૪) પૂ. મામા ઘણી વાર કહેતા કે 'દ્રવ્યાનુયોગ ઘણું ગંભીર અને સૂક્ષ્મ છે....મહાભાગ્ય વડે તેની પ્રાપ્તિ થાય છે....' (આવી કિંમત આપણા મુમુક્ષુ સમાજમાં, તત્ત્વની યથાર્થ સમજણના અભાવે ઘણી ઓછી છે. તે આત્માર્થતાની ઓછપને લીધે છે.) તે બાબત દૃષ્ટાંત આપતા સમજાવ્યું કે જેમ કોઈ ભિખારીને મહાભાગ્યે કોઈ 'પાંચ' રૂપિયા આપે, તેનાથી તે 'બે–પાંચ' રૂપિયા કમાવે, તો તે કાંઈ ઘરે ઘરે લહાણી કરવા ન જાય. માત્ર પોતાના ઘરને આર્થિક રીતે સદ્ધર કરે. તેમ અનાદિ ભવસમુદ્રનાં દુઃખોમાં દુઃખી આપણા જેવા ભિખારીને મહાભાગ્યે પૂ. ગુરુદેવશ્રીના નિમિત્તે થોડું 'તત્ત્વજ્ઞાન' મળ્યું, તે પોતાના જીવનને, પોતાના આત્મસ્વભાવને ઓળખવામાં સદ્ધર ન કરે અને (માત્ર બે ચાર શબ્દ બોલતા આવડ્યે–) લોકોમાં પ્રચાર–પ્રસારની ઓથ લઈને બીજાને શિખવાડવામાં અમૂલ્ય તત્ત્વજ્ઞાનને વાપરે–તેને 'મહા ગંભીર અને સૂક્ષ્મ તત્ત્વજ્ઞાનની' પાંચ રૂપિયા જેટલીય કિંમત તેના જીવનમાં નથી તે સ્પષ્ટ થાય છે.

(૫) વળી ઘણીવાર પૂ. ગુરુદેવશ્રીના આધારે કહેતા કે 'હળદરને ગાંઠિયે ગાંધી (–કરીયાણાનો વેપારી) ન થવાય' અર્થાત્ જેમ હળદરના બે–ચાર ગાંઠિયા રાખ્યે કાંઈ ગાંધીની દુકાન ન થઈ જાય. તેમ તત્ત્વજ્ઞાનના દ્રવ્ય–ગુણ–પર્યાય વગેરે બે–ચાર ઘડિયા આવડ્યે, કાંઈ તત્વજ્ઞાની ન ગણાય. ખરેખર તો તત્ત્વજ્ઞાનની ગંભીરતા અને સૂક્ષ્મતાની ઊંડી સમજણ દ્વારા, પોતાના 'જ્ઞાયકસ્વભાવ'ની પોતાના ભાવોમાં મહિમા–વાહ ! થાય–તેવું પોતાનું 'પરિણમન' –સહેજે લાગણીમાં લાગે કે જેના બળે જીવન આત્મા તરફી થાય, ત્યારે તે તત્ત્વજ્ઞાની થાય છે.

ચર્ચા દરમિયાન આવી ઘણી–ઘણી સ્પષ્ટતાઓ કરીને, મારું જીવન પલટનાર, એવા 'પૂ. મામા' ! હું સદા આપનો ઋણી રહીશ. આપ આપના આદર્શો અને તત્ત્વજ્ઞાનની ઊંડપથી મને ભવસમુદ્ર તરવામાં ભવોભવ સદા મદદ કરતા રહેશો–એવી જ મારી અંતરંગ ભાવના છે–તે જરૂર પૂરી કરશો. એ જ અભ્યર્થના.

*

—રમેશ કે. મહેતા, સલાલ

પૂજ્ય ગુરુદેવશ્રીના ધર્મદરબારના અણમૂલા રત્ન, આપણા સૌના આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતભાઈ જે. શાહના વ્યક્તિત્વનાં અદ્ભુત પાસાંઓનું તેઓશ્રી સાથે વિતાવેલી યાદગાર ક્ષણોનું, તેઓશ્રીના વિરહમાં વારંવાર સ્મરણ રહ્યા કરે છે. તેઓ સાથે ચર્ચા-વાર્તા થતાં, આગમનાં તથા પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનોનાં એવા તો સરસ સ્પષ્ટીકરણ જાણવા મળ્યાં કે જેથી પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેઈપ પ્રવચનો તથા આગમોના સ્વાધ્યાયમાં વિશેષ આનંદ આવવા લાગ્યો અને તેથી માર્ગ અને વસ્તુસ્વરૂપ વિષેના અણસમજથી ઊભા થયેલા ઘણા ભ્રમ દૂર થયા.

પંચપરમાગમોના તેઓએ કરેલા અદ્ભુત અનુવાદો વિશે, અનુવાદો કરતાં કરેલ મનોમંથન અને ચિંતન વિશે, તેઓના શ્રીમુખે થયેલી વાતો સાંભળવાનો તો લહાવો જ કોઈ અનેરો હતો. તે સંબંધી વાત કરતાં તેમના અંતરમાં જિનાગમો અને આચાર્ય ભગવંતો પ્રત્યેનો અનેરો ભક્તિભાવ સહજ વ્યક્ત થતો. તેમનો શાસ્ત્રાભ્યાસ ઘણો જ ગહન અને આત્માર્થપૂર્વકનો હતો, જેની પૂજ્ય ગુરુદેવશ્રીના અંતરમાં

પણ ઊંડી છાપ હતી. તેથી ક્યારેક શાસ્ત્રના અર્થ સંબંધી કોઈ શંકા જાગે તો તેઓશ્રી તે બાબતે પંડિતજીનો અભિપ્રાય અવશ્ય પૂછતા, અને તેનો પ્રમોદથી સ્વીકાર કરીને કહેતા કે ''અમારા તો આ એક જ પંડિત છે''. પંડિતજીનો પૂ. ગુરુદેવશ્રી પ્રત્યેના વિનયનો એવો પ્રકાર હતો કે કોઈ ગાથાના અર્થ સંબંધમાં પૂજ્ય ગુરુદેવશ્રી તેમને પૂછે તો જ તેઓ વિનયપૂર્વક પોતાનો અભિપ્રાય જણાવતા. તેમણે પરમાગમોમાં લખેલા ઉપોદ્‌ઘાત પણ ખરેખર જિજ્ઞાસુને સાચા માર્ગદર્શક છે. તેથી જે મુમુક્ષુઓ પરમાગમ વાંચતા પહેલાં આ ઉપોદ્‌ઘાત વાંચે છે તેમને તે સત્‌શાસ્ત્રની સમગ્ર વિષયવસ્તુ તથા તેનો મધ્યવર્તી વિચાર સહેલાઈથી સમજાય છે અને પરમાગમનું રસાસ્વાદન કરવામાં અત્યંત ઉપયોગી થાય છે.

તેમની કાવ્ય રચનાના ભાવમાધુર્યની તો વાત જ શી કરવી ? ગુજરાતી જૈન સાહિત્યમાં આવી રચનાઓ અન્ય કોઈએ કરેલી દૃષ્ટિગોચર થતી નથી.

બાહ્યથી આટલી વિવિધતાયુક્ત પ્રતિભાના ધણી હોવા છતાં અંતરંગમાં તેઓએ માનાદિની કે બહાર પડવાની કોઈ અપેક્ષા રાખી નથી; એનો તો સમગ્ર સમાજ સાક્ષી છે. તદ્‌ઉપરાંત તેમનો આત્માર્થ સદાય જાગ્રત રહ્યો છે. તેમણે હંમેશાં નિજ આત્મ-સાધનાના પુરુષાર્થને જ પોતાના જીવનમાં મુખ્યતા આપી છે. પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની પાવન નિશ્રામાં તેમનો નિજકલ્યાણનો પુરુષાર્થ, અંતર સંશોધન, આત્મમંથન સદાય કાર્યરત હતું, તેવો અનુભવ તેમના સંપર્કમાં આવનાર સર્વે મુમુક્ષુઓને અવશ્ય થતો; અને પૂજ્ય ગુરુદેવશ્રી એ તેમની નિકટ મોક્ષગામીની જે વાત કરી હતી તેની યથાર્થતાનો અનુભવ તેમના પવિત્ર જીવનથી જ થતો. ઊંડા આદર્શ આત્માર્થીને સાદર પ્રણામ.

*

—*હિંમતલાલ વાલજીભાઈ ડગલી.*

પૂજ્ય ગુરુદેવશ્રીને વિકલ્પ હતો કે આ સમયસાર શાસ્ત્રનો ગુજરાતી ભાષામાં અનુવાદ થાય તો પ્રભાવનાનું મહાન કાર્ય વિશેષરૂપે થઈ શકે. પૂજ્ય ગુરુદેવની ભાવના અને પૂજ્ય બહેનશ્રીની પ્રેરણાથી પં. શ્રી હિંમતભાઈએ આ મહામંગળ કાર્ય કરવાનું સ્વીકાર્યું. ગુજરાતી સમયસારના પ્રકાશન વખતે પૂ. ગુરુદેવશ્રીએ પંડિતજીને મંગળ આશીર્વાદ આપતા કહ્યું કે 'હિંમતભાઈ નિકટ મોક્ષગામી છે'—આમ તેમના ઉપર પૂ. ગુરુદેવશ્રીની અપાર કૃપાદૃષ્ટિ થઈ. તેના ફળસ્વરૂપે શ્રી કુંદકુંદઆચાર્યદેવ રચિત બીજા ચાર શાસ્ત્રોનો અનુવાદ પણ તેમના દ્વારા થયો અને એ રીતે ધર્મ-પ્રભાવનાનું કાર્ય આનંદ-ઉલ્લાસ સાથે વૃદ્ધિગતરૂપે થતું ગયું. શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ અને અષ્ટપ્રાભૃત એમ પાંચે શાસ્ત્રોનો ગુજરાતી અનુવાદ થઈને તેનું પ્રકાશન થયું. આમ શ્રી કુંદકુંદભારતીના પનોતા પુત્ર શ્રી હિંમતભાઈનો સમસ્ત જૈન સમાજ ઉપર મહાન ઉપકાર વર્તે છે. તેઓશ્રીની સ્મૃતિરૂપે ભવ્ય સ્મારક કરવાના નિર્ણયની જાહેરાત સંસ્થાના ટ્રસ્ટીગણ દ્વારા થઈ છે તે યોગ્ય જ છે. તેઓશ્રીનું સ્મારક થાય-તેમાં સર્વ મુમુક્ષુ સમાજનું સંપૂર્ણ અનુમોદન હોય જ. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે 'ઉપકારીના ઉપકારને સજ્જન પુરુષો કદી પણ ભૂલતા નથી'.

પંડિતજી દ્વારા સમવસરણ સ્તુતિની રચના થઈ છે તે એટલી બધી સુંદર થઈ છે કે વાંચનારને જરૂર લાગે કે તેઓશ્રીએ સમવસરણ સાક્ષાત્ નજરે નિહાળ્યું છે. અને ભવિષ્યમાં પણ સમવસરણ સભામાં જઈને 'ૐ' ધ્વનિના રણકાર સાંભળી તેઓશ્રી નિજ-આરાધનાના દોરનું અનુસંધાન કરી મોક્ષપંથના પથિક બની અવશ્ય પરમપદની પ્રાપ્તિ કરશે જ.

તે ઉપરાંત તેઓશ્રી દ્વારા માનસ્તંભની સ્તુતિનું ભક્તિગીત પણ ઘણું જ અલૌકિક રચાયું છે. વળી શ્રી સમયસારની સ્તુતિ અને પૂ. સદ્‌ગુરુદેવશ્રીની સ્તુતિ તો ગામોગામ સ્વાધ્યાય શરૂ કરતા રોજ બોલવામાં આવે છે. તે બન્ને સ્તુતિ તેઓ દ્વારા રચાયેલ અનુપમ અમરકૃતિ છે.

પૂજ્ય બહેનશ્રી પ્રત્યે અહોભાવ—પોતાના હૃદયના ભાવ ભક્તિગીતોમાં તેઓશ્રીએ સુંદર રીતે વ્યક્ત કર્યા છે.

પૂજ્ય બહેનશ્રીના શબ્દોમાં તેઓશ્રી 'ઊંડા આત્માર્થી' વિદ્વાન હતા. તેઓ શાંત, વૈરાગ્યવંત, તત્ત્વરસિક, સુશીલ ઊંચા સંસ્કારી વિદ્વાન હતા. પંડિતરત્ન શ્રી હિંમતભાઈને આ પ્રસંગે નમ્રભાવે શ્રદ્ધાસુમન સમર્પિત કરું છું.

*

## જૈનધર્મના ગહનચિંતક, પ્રાકૃત તથા સંસ્કૃતના પ્રકાંડ પંડિત, આદર્શ-આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ

*—શાંતિલાલ વનમાળીદાસ શેઠ પરિવાર, દિલ્હી*

''मृत्योर्माऽमृतं गमय''

''મૃત્યુથી અમૃત તરફ લઈ જવાનો અર્થ જ મૃત્યુંજય બનવાના માર્ગનું અનુસરણ કરવું છે.''

પ્રસ્તુત સૂક્તિને પંડિતજીએ પોતાના જીવનમાં ચરિતાર્થ કરી હતી. તેમના અવસાનના દુઃખદ સમાચાર સાંભળી ખૂબ આઘાત લાગ્યો. જૈન સમાજે આવા પંડિતરત્નને ગુમાવ્યા છે. તેઓએ 'શ્રી સમયસાર' આદિ સર્વોત્કૃષ્ટ પંચપરમાગમોનો આપણી માતૃભાષા ગુજરાતીમાં ગદ્ય તેમ જ સરસ, સરળ, સુગમ, સુમધુર હરિગીત છંદમાં પદ્યાનુવાદ કરી આપણા સર્વે ઉપર અનંત ઉપકાર કરેલ છે.

અમો બધા ઘણા શરૂઆતથી જ તેઓના પરિચયમાં રહ્યા છીએ,. અમારી સાથે તેમને ઘણી આત્મીયતા હતી. તેમની સાથે ધર્મચર્ચા તથા પ્રશ્નચર્ચા કરવામાં અમોને ખૂબ આનંદ આવતો. તેઓનું વ્યક્તિત્વ જ ગંભીર, વૈરાગ્યશાળી તથા શાંત હતું. તેઓ શાસ્ત્રોનાં ઊંડા ને મર્મજ્ઞ અભ્યાસી હતા. તેમનું જીવન પણ વિવેકી, નિશ્ચલ તથા નિષ્કલંક હતું. કુદરતી જ પરિચયમાં આવ્યા ત્યારથી તેમના આ વ્યક્તિત્વથી અમો વધુ આકર્ષાયા હતા. તેઓ કર્મઠ અને પ્રખર ચિંતક, વક્તા તથા પ્રતિભાસંપન્ન, સૌજન્યમૂર્તિ સમા હતા.

શ્રી સદ્‌ગુરુદેવાદિ સ્તુતિની શૈલી તથા ભાવ એટલા સુંદર રીતે વણી લીધા છે કે તે યાદ કરતાં કરતાં પૂ. સદ્‌ગુરુદેવ પ્રત્યે આપોઆપ અહોભાવ થાય છે. એમની કલમમાં તથા અંતરંગ હૃદયના ભાવોમાં અનોખો જાદુ હતો. તેઓ પરમ ઉપકારી સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત તથા ગુરુદેવના તત્ત્વના અડગ શ્રદ્ધાવાન વિદ્વાન હતા. તેઓ જૈનદર્શના પ્રખર વેત્તા તથા ચિંતક હતા. તેઓએ પોતાનું સમસ્ત જીવન ધાર્મિક પ્રવૃત્તિમાં જ વ્યતીત કર્યું હતું. સમાજે એક ઉચ્ચકોટિના વિદ્વાન તથા કર્મઠ વ્યક્તિને ગુમાવ્યા છે. તેઓએ આપણા જૈનસમાજને જે કાંઈ આપ્યું છે, તે તેમની બૌદ્ધિક પ્રતિભા તથા સંતુલિત લેખનનું પરિણામ છે. તેઓ નિષ્કામ, કર્મયોગી તથા ત્યાગી પ્રતિમૂર્તિ હતા. જીવનની અંતિમ ક્ષણો સુધી તેઓ અધ્યાત્મધારાથી જોડાયેલા રહ્યા. અંતિમ સમય સુધી જાગૃત ચેતનાસહિત, કોઈ વિષાદ નહીં, શાંતિપૂર્વક મૃત્યુનું આલિંગન કર્યું.

તેમનું સંપૂર્ણ જીવન ધર્મસેવા, સાહિત્યનિર્માણ, જિજ્ઞાસુઓને જ્ઞાનદાન આપવામાં, યુવાનોને માર્ગદર્શન આપવામાં વ્યતીત થયું હતું. તેઓ અનેકના હૃદયોમાં જ્યોતિ-સ્તંભ સમાન હતા. અનેક માનવના શ્રદ્ધાકેન્દ્ર હતા. તેઓ સભ્યતા, સંસ્કૃતિ, કળા-સૌંદર્ય, સાહિત્ય, ધર્મ-દર્શન, ન્યાયનીતિના મર્મજ્ઞ વિદ્વાન હતા. તેઓ જૈનદર્શનના પારંગત પંડિત હતા. તેમની વાણીમાં ઓજસ્વીતા, જ્ઞાનમાં ગંભીરતા, હૃદયમાં પવિત્રતા, સ્વભાવમાં સરળતા ઝળકતી હતી. તેઓ એ પ્રકારની દૃષ્ટિવાળા હતા કે, તેમની પાસે ગમે તેવા નાના કે મોટા વિદ્વાન આવે, પંડિત કે અભ્યાસી આવે તેઓ સર્વની સાથે અતિ નમ્રતાથી મળતા. આ તેમની વિદ્યા-સમ્પન્નતાની મહાન ઉપલબ્ધિ હતી. તેઓએ પોતાની વિશાળ દૃષ્ટિને પોતાના જીવનમાં સાચા અર્થમાં સાધર્મ્યભાવ તથા બંધુત્વરૂપે અપનાવી લીધી. શાસ્ત્રોની ભાષા તથા અનુવાદ દ્વારા તેઓ ઈચ્છતા હતા કે આપણાં આગમો લોકો સમજે. એ માટે તેઓ સદા તત્પર રહેતા હતા. તેમની સંપૂર્ણ શક્તિ તથા આસ્થા, જાણે એકમાત્ર જ્ઞાન-આરાધનામાં રોકાયેલી હોય એવું લાગતું હતું. સ્વાધ્યાય, સાહિત્ય તથા લેખન તેમના રગેરગમાં પેસી ગયું હતું. વિશેષમાં અધ્યયન તથા અનુવાદ એ એમના જીવનનો પ્રમુખ ઉદ્દેશ હતો. પંડિતજીનો વિદ્યાભ્યાસ, જ્ઞાનદાનની સમાજ પ્રત્યે સેવા માટે સમગ્ર જૈનસમાજ તેમનો ચિર ઋણી રહેશે. તેમની સાધના અભિનંદનીય તથા વંદનીય છે. પંડિતજીની અમારા પરિવાર ઉપર અપાર કૃપા, સ્નેહ, આત્મીયતા અને ઉત્કૃષ્ટ વાત્સલ્ય રહ્યું. તેમના સ્નેહને અમે અમારા જીવનની અમૂલ્ય નિધિ સમજીએ છીએ.

પંડિતજી ભગવતી માતા, પ્રશમમૂર્તિ પૂજ્ય શ્રી ચંપાબેનના અગ્રજ હતા. તેમના બંન્નેના પરસ્પર પત્ર-વ્યવહારોમાં અધ્યાત્મિકતાના ઉત્કૃષ્ટ ભાવો ઝળકે છે, ને તે જીવનમાં પ્રેરણાસ્પદ બની રહે છે.

ગુણીજનોંકો દેખ હૃદયમેં, મેરા પ્રેમ ઉમડ આવે,
બને જહાઁ તક ઉનકી સેવા કરકે યહ મન સુખ પાવે.

'જ્ઞાનીગુરુચરણ-અનુરાગી' એવા પંડિતજી જેવા દિવંગત પવિત્ર આત્માને અમારાં શત- શત વંદન. તેમનામાં એક અનોખી આભા, ચમક, તેજ, પ્રખરતા, મહેક અને આકર્ષણ હતા. આ પૃથ્વી પર આવા મહામના વ્યક્તિ કોઈ વિશેષ ભાગ્યયોગે જ સમાજને પ્રાપ્ત થાય છે.

આવા વિરલ વ્યક્તિના નિધનના સમાચારથી હૃદય કંપિત થઈ ઊઠે છે. અમે પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે આવી પવિત્ર વ્યક્તિને પૂ. ગુરુદેવની સંચિત તત્ત્વની શક્તિથી ભવાંતરમાં પણ શુદ્ધતત્ત્વ તથા અસીમ અંતર્બાહ્ય, સુખસમૃદ્ધિની ઉપલબ્ધિ થાય. અમે અમારા પરિવાર તરફથી શ્રદ્ધાના અગણિત સુમન તેમના પાવન વ્યક્તિત્વને સમર્પિત કરીએ છીએ.

લખવા માટે જેટલું પણ લખીએ, પંડિતજી માટે ઓછું જ છે. અતઃ આપણે એમની જીવન-શૈલીને આંશિકરૂપે પણ ચરિતાર્થ કરવાનો પુરુષાર્થ કરીએ તો તે જ એમના પ્રત્યે સાચી શ્રદ્ધાંજલિ હશે.

*

*—બ્ર૦ લલિતા કે. શાહ, જામનગર*

કુંદામૃત-કહાન ભારતીના મર્મજ્ઞ, સંસ્કૃત–પ્રાકૃત ગિરાના પ્રકાંડ પંડિત, છતાં નમ્રતાની મૂર્તિ એવા પંડિતજીના આ મહત્તમ પ્રદાન માટે સમસ્ત મુમુક્ષુ જગત તેઓશ્રીનો કાયમી ઋણી રહેશે.

કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવ તથા આપણા પરમ ઉપકારી પૂજ્ય ભગવતી માતાની અનુપસ્થિતિમાં તેઓશ્રીએ પૂજ્ય ગુરુદેવશ્રીના ધર્મશાસનની શોભા વધારી છે. પૂજ્ય ગુરુદેવના અનુભૂતિ પ્રધાન

ધર્મશાસનને જીવંત રાખી, આપણા સહુ પર અપરંપાર ઉપકાર કર્યો છે. આવા ઉપકારીના જેટલા ગુણાનુવાદ કરીએ તેટલા ઓછા છે. તેઓશ્રીના જવાથી આપણને સહુને કદી ન પૂરાય એવા માર્ગદર્શકની ખોટ પડી છે.

સંતોની શીતળ છાયામાં પોતાનું જીવન વિતાવીને જીવનને ખરેખર સાર્થક બનાવ્યું.

આવું ધન્ય જીવન જીવનાર પૂ. પંડિતજીને કોટિ કોટિ વંદન

*

## શ્રુત-ઉપાસક સમર્થ વ્યક્તિ : પંડિતજી

*—રસિકલાલ વિકમચંદ સંઘવી, કલકત્તા*

પૂજ્ય પંડિતજી શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહના સ્વર્ગવાસના સમાચાર મળ્યા ત્યારે મને, દુઃખદ આઘાત સાથે, પહેલાં તો એમ જ થયું કે—આત્માનુભૂતિપ્રધાન અધ્યાત્મ જૈન શાસનની, પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય ભગવતીમાતા પછીની, આ ત્રીજી કડીનો પણ વિયોગ થતાં હવે અધ્યાત્મ વિષયનાં ગહન રહસ્યોનો સાચો ઉકેલ હું કોને પૂછીશ ? તેમને અવારનવાર હું તાત્ત્વિક પ્રશ્નો પૂછતો. તેમના તર્કશુદ્ધ ઉત્તરોથી મને તેમના ઉપર એટલો બધો દૃઢ વિશ્વાસ હતો, જેથી મને એમ થયું કે શાસ્ત્રોના અર્થો સંબંધી, પંડિતજી જેવા Authentic જવાબ કોઈ આપી શકશે કે નહિ ? એવો હવે કોઈ નથી. શ્રી પ્રવચનસાર, સમયસાર વગેરે અધ્યાત્મ શાસ્ત્રોનાં કથનોના આશય સમજવાનો મને જે અનુપમ લાભ મળ્યો છે તે પંડિતજીને આભારી છે. તેમનો મારા ઉપર ઘણો ઉપકાર છે. મને તેમની સાથે અંગત પરિચય એટલો બધો થયો કે કેટલીક વાર તેમના જીવનોપાય વગેરે સંબંધી વ્યવહારુ પ્રશ્નો પણ પૂછી લઉં. તેઓ એટલા બધા નિખાલસ કે બધાના જવાબ આપે. તે સાંભળી આશ્ચર્ય સાથે તેમના પ્રત્યે વિશેષ માનની અનુભૂતિ થઈ કે આવા મહાન તત્ત્વજ્ઞાની આપણા પંડિતજી તેમનો જીવનવ્યવહાર Economically કેટલી સાદાઈથી ચલાવે છે સ્કૂલમાં ઊંચા પગારવાળી હેડમાસ્તરની પોસ્ટ આપતા છતાં, પંડિતજીએ તે ન સ્વીકારી અને એક સામાન્ય શિક્ષક રહેવાનું પસંદ કરેલું, જેથી વિશેષ નિવૃત્તિપૂર્વક તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં જ ગુંથ્યું રહેવાય. એક વાર મેં પૂછ્યું : પંડિતજી ! આપે થોડા વખતમાં આટલા બધા 'હરિગીત' છંદ બનાવ્યા, તો એક છંદ બનાવતા કેટલી વાર લાગે ? તેમણે કહ્યું : આચાર્યદેવની ગાથાનો ભાવ મગજમાં ગ્રહણ કરીને, સ્કૂલે જાઉં ત્યારે રસ્તામાં તેના વિચારો ચાલે, શબ્દો ગોઠવવાની ગડમથલ ચાલે, જ્યાં સુધી પૂરેપૂરું ન બેસે ત્યાં સુધી તેનું રટણ ચાલ્યા જ કરે. અને એ રીતે આચાર્યદેવના ભાવ બરાબર જળવાઈ રહે તો જ મને સંતોષ થાય. પંડિતજીના ગદ્યાનુવાદ પણ એટલા સુંદર ને perfect કે તેમાંથી કોઈ એક પણ ભૂલ કાઢી શકે નહિ. દિગંબર જૈન સંપ્રદાયના મોટા પંડિત શ્રી કૈલાશચંદ્રજી સિદ્ધાન્તાચાર્યે આપણા પંડિતજીના અનુવાદ વાંચીને, તેમના સંપાદકીયમાં લખેલું કે 'સોનગઢથી પ્રકાશિત પરમાગમોના અનુવાદ એટલા બધા પ્રમાણભૂત છે કે તેમાંથી કોઈ એક ભૂલ કાઢી શકે તેમ નથી, અનુવાદમાં અનુવાદકે પોતાના ઘરનો એક શબ્દ પણ નાખ્યો નથી. સ્પષ્ટીકરણ માટે કૌંસમાં અથવા ફૂટનોટમાં ખુલાસો કરેલ છે.' પ્રવચનસારની શ્રી અમૃતચંદ્રાચાર્યની ગહન ટીકાનો શબ્દશઃ અનુવાદ કરવાનું દિગંબર સમાજમાં કોઈએ સાહસ કરેલું નહિ; તે આપણા પંડિતજીએ પૂજ્ય ગુરુદેવના આદેશ તેમ જ કૃપાતળે સર્વાંગ સુંદર કર્યો છે. કુંદકુંદ ભગવાનના પરમાગમોના અનુવાદરૂપ અમૂલ્ય ભેટણું પૂજ્ય પંડિતજીએ આપણને આપ્યું છે, તે તેમનો આપણા મુમુક્ષુ સમાજ ઉપર મહાન મહાન ઉપકાર છે.

પૂજ્ય ગુરુદેવે જૈન ધર્મની આ મહા રહસ્યમય વાત ખોલી કે–દરેક આત્મામાં અમાપ જ્ઞાન શક્તિ છે, જે ખીલે તો કેવળજ્ઞાનરૂપ થાય; તેનામાં 'પરનું કાંઈ કરી શકે' એવી એકેય શક્તિ નથી. આ રીતે પ્રત્યેક આત્મામાં 'ભગવાનરૂપ સામર્થ્ય'નું સાચું અનેકાંતસ્વરૂપ જગત સામે જોરશોરથી મૂક્યું. આ વાત પૂજ્ય પંડિતજી વારંવાર 'potentially perfect' શબ્દનો ઉપયોગ કરીને કહેતા. ત્યારે જ 'અનેકાંત'ની Beuty તેમ જ તેનો સાચો અર્થ ખ્યાલમાં આવ્યો.

પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય ભગવતી માતાની ઉપકારછાયામાં, આદરણીય પંડિતજીએ તાત્ત્વિક સ્પષ્ટીકરણના જે અનેકવિધ ઉપકારો કર્યા છે તેનો સંપૂર્ણ ઉલ્લેખ કરવા જતાં શ્રદ્ધાંજલિ-લેખ ખૂબ લાંબો થાય; તેથી તે વૃત્તિને સંક્ષેપીને, ઉપકારી પંડિતજી પ્રતિ, વિયોગના દુ:ખવેદન સહ હુ મારી ઉપકૃતભાવભીની શ્રદ્ધાંજલિ ખૂબ જ આદરપૂર્વક સમર્પિત કરું છું. બાકી ખરી અંજલિ તો, તેમનું ભવ્ય સ્મારક રચાય ત્યારે જ અપાણી કહેવાશે. બધા ટ્રસ્ટીઓને મારો નમ્ર અનુરોધ છે કે આવું સ્મારક રચાવે. પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય બહેનશ્રી પાછળ આવી એક સમર્થ વ્યક્તિ થઈ ગઈ કે જેણે 'જિનવાણી'ને પોતાની માતા સમાન જ સમજીને, તેના ખોળામાં જ આળોટીને અપૂર્વ શાંતિ પ્રાપ્ત કરી હતી. જે સ્મારક થાય તે ભવ્ય અને પરમાગમમંદિરની સામે જ થાય, જેમાં જૈન દર્શનનાં બધાં પુસ્તકો હોય. પૂજ્ય ગુરુદેવનાં પ્રવચનો વગેરે કાર્યક્રમ પછી ફુરસદના સમયે જિજ્ઞાસુ જીવો ત્યાં બેસીને વાંચી શકે. ત્યાં હોલમાં એકદમ શાંતિપૂર્ણ વાતાવરણ રહે. મુમુક્ષુઓ ત્યાં શાંતિથી તત્ત્વ-અભ્યાસ કર્યા કરે એવો વાંચવાનો રૂમ (મોટો હોલ) બને તે જ પૂજ્ય પંડિતજી પ્રતિ ખરી શ્રદ્ધાંજલિ કહેવાશે. *

## 'જિંદગીના ઊભા ભાગ કરવા આડા નહીં'

*વિકાસ એમ. શાહ, ડૉ. જયશ્રી વિ. શાહ, ભાવનગર*

પૂજ્ય પંડિતરત્ન શ્રી હિંમતભાઈ મારાં માતુશ્રીના સગા મામા હતા.

પૂ. મામાના ઉપરોક્ત શબ્દો તેમણે શ્રી રામનારાયણ પાઠકના ભાષણમાં સાંભળેલા. હિન્દુ ધર્મની માન્યતા પ્રમાણે જિંદગીના ચાર ભાગ બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સન્યાસાશ્રમ. આમ જીવનના ચાર આડા ભાગમાં ચાર પ્રકારની પ્રવૃત્તિઓની વહેંચણી કરેલ છે. પૂ. મામાએ જિંદગીના આવા આડા ભાગને બદલે ઊભા ભાગ કરવાની ભલામણ કરી છે. આપણે આપણી રોજે રોજની ૨૪ કલાકની પ્રવૃત્તિના ચાર ભાગ પાડી, ચોથો ભાગ પોતાના આત્મહિત માટે કાઢવો જરૂરી છે. તેમના જણાવવા પ્રમાણે આત્મહિતનો સમય પાછલી જિંદગીમાં જ નહી, પણ પુરું જીવન આ માટે ગાળવાનું છે.

પૂ. મામા કહેતા કે ગંગાનું પાણી પીવા માટે વપરાય, કપડા ધોવા માટે નથી, તેમ આ મનુષ્ય જન્મ શુભભાવ માટે નથી, તેથી આગળ જઈ શુદ્ધતા પ્રગટ કરવાની છે. આવા ઉત્તમ સંયોગો મળ્યા એનો આત્મહિત માટે ઉપયોગ ન કરીએ તો તે મનુષ્ય જીવન ધિક્કારને પાત્ર છે. ઉપરોક્ત વાત પૂ. મામાને પગની તકલીફ થઈ અને અમારા ઘરે ભાવનગર રહેવાનું બની ગયું ત્યારે કહેતા હતા, જે વાત મને ખૂબ જ અસર કરી ગઈ છે. એ સોનેરી દિવસો હતા; અમારા ઘરમાં તત્ત્વચર્ચા, વૈરાગ્ય-ભજનો અને ભક્તિમય દિવસો હતા. આ સમય દરમ્યાન માગસર મહિનામાં શ્રી કુંદકુંદ-આચાર્યપદવીના દિવસે હે કુંદકુંદસ્વામી આકર જરા દિખાજા; સ્વાત્મોપયોગી બાતેં ઇક બાર ફિર સુના જા. આ ભક્તિ પૂ. મામા આખો દિવસ ગાયા જ કરતા, અને એના અર્થો સમજાવતા. સમયસારનો કેન્દ્રવર્તી વિચાર, સાચું

તત્ત્વજ્ઞાન ક્રિયાકાંડમાં નથી, પૂ. માતાજીના નાનપણના સંસ્મરણો વગેરે મંત્રોથી અમારું ઘર પવિત્ર બની ગયું હતું અને અમારા કુટુંબીજનો મારાં પૂ. બા, માસી, મારી બંને બહેનો અમે મારાં બાળકો—બધા માટે એ અમૂલ્ય દિવસો હતા.

અંતમાં પૂ. ગુરુદેવની સભાના વિશિષ્ટ પુરુષ, સિદ્ધાંતોના પારગામી, ત્રીસ વર્ષની વયમાં જ જેમણે તત્ત્વનું હાર્દ જાણી લીધું એવા નિડર, પ્રમાણિક, ઉદાર ઉપકારી મામાને અમારાં કોટી કોટી વંદન, સાથે તેમણે આપેલી શીખને અનુસરીએ તે જ તેમના પ્રત્યેની સાચી શ્રદ્ધાંજલિ છે.

*

## ઊંડા આદર્શ આત્માર્થી : પૂજ્ય મામા

*—સુભાષ શેઠ, વાંકાનેર*

એમ વિચારી અંતરે, શોધે સદ્‌ગુરુ યોગ;
કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ.

જેને પોતાનો આત્મા જ પોષાય છે તે જીવ આત્માર્થી કહેવાય છે. સર્વ પ્રકારની મોહાસક્તિથી મુંઝાઈ આત્મહિતનો જ યત્ન કરનાર આત્માર્થીનું આત્મવીર્ય આત્મા તરફ રોકાયેલું હોય છે. તેથી તેને પોતાના આત્માનું હિત સધાય એવા સદ્‌ગુરુના સત્સંગ સિવાય બીજો કોઈ વિકલ્પ કે ઇચ્છા મનમાં હોતી નથી. સાચો આત્માર્થી મોક્ષમાર્ગ માટે ખાસ પ્રકારની પાત્રતા ધરાવે છે, અને તેથી તે ક્યાંય પણ અટક્યા વિના મોક્ષમાર્ગે આગળ વધી મોક્ષને પામે છે.

સાંપ્રત કાળમાં સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા તો દુર્લભ છે જ, પણ સાચા આત્માર્થી પણ સુલભ નથી. તેવા સમયે ખારા સમુદ્રમાં મીઠી વીરડી સમાન આપણા આદરણીય પંડિતરત્ન હિંમતલાલ જેઠાલાલ શાહ કે જેઓ પૂજ્ય 'મામા'ના નામે પ્રસિદ્ધ છે તેઓ એક ઊંડા આદર્શ આત્માર્થીનું ઉત્તમ ઉદાહરણ છે. તેમણે ૨૪ વર્ષની નાની ઉંમરે પૂજ્ય બહેનશ્રીને લખેલા પત્રમાં 'આત્માર્થીની યોગ્યતા' વિષે પોતાના વિચારો રજૂ કરતા જણાવ્યું હતું કે—''જે કોઈ મોક્ષસ્વરૂપે કે મોક્ષના અંશરૂપે પરિણમેલા, નિર્વિષયી, નિર્વિકારી, ઉપશાંતમૂર્તિ, શાંતમુદ્રા ધારી માહાત્માને જોઈને તેમના જેવા થવાનો નિષ્કારણ શોખ જેને હોય તે સાચો મુમુક્ષુ કે આત્માર્થી થવાને યોગ્ય છે.''

પૂજ્ય મામાના આદર્શ ગુરુદેવ હતા, પણ આપણા માટે પૂજ્ય મામા પોતે પણ એક ઊંચા આદર્શ છે. જગતના જીવો કાં ધનાર્થી હોય, કાં આત્માર્થી હોય. જે પોતાના આત્મહિતની પણ ખેવના ન રાખે તેવા ધનાર્થી જીવો આ જગતમાં ઠેરઠેર છે; પણ જ્ઞાનધનને આદર્શ બનાવી આત્મહિત માટે ધનની પણ દરકાર ન રાખે તેવા આત્માર્થી જીવો વિરલ હોય છે. પૂજ્ય મામા તે માંહેના એક છે. પૂજ્ય મામાનું સમગ્ર જીવન આત્માર્થિતાથી ભરપૂર છે. તેમના જીવનનો કોઈ પણ પ્રસંગ એવો નથી કે જેમાં આત્માર્થિતા ભરપૂર છલકતી ન હોય. તેમના જીવનનો કોઈ પણ પ્રસંગ જુઓ, તે આદર્શ આત્માર્થિતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

ભાવિ તીર્થંકર પૂજ્ય ગુરુદેવ અને ભાવિ ગણધર પૂજ્ય બહેનશ્રીએ જેમને ઊંડા આદર્શ આત્માર્થી, નિકટ મોક્ષગામી, વિશિષ્ટ પુરુષ જેવાં વિશેષણોથી બિરદાવીને જેમના વિષે આત્માર્થીપણાની મહોરછાપ મારી છે તેવા પૂજ્ય મામાનું સમગ્ર જીવન આત્માર્થીપણાથી સુશોભિત અને સુવાસિત છે. તેમના જીવનમાંથી

પ્રેરણા મેળવીને આપણે પણ આત્માર્થીપણું સુદૃઢ કરીએ એ જ તેમના પ્રત્યેની સાચી ભાવાંજલિ બની રહેશે. જે દિવસે આવી દશા પ્રગટશે ત્યારે આપણું મનુષ્યજીવન સાર્થક થશે. આપણો મનુષ્યજન્મ સફળ ગણાશે.

''આજ કૃતપુણ્ય ધન્ય દિન માહરો થયો;
આજ નરજન્મ મેં સફળ ભાવ્યો.''

*

## * મોક્ષયાત્રી *

—બ્ર૦ ગુણીબેન અજમેરા તથા લલિતા બા

પૂ. ગુરુદેવશ્રીના શ્રીમુખે 'નિકટ મોક્ષગામી' આશીર્વચન સાંભળી પોતાના ઘરની ભીંતમાં મામાએ કંકુથી લખ્યું....

'આજ કૃત પુણ્ય ધન્ય દિન માહરો થયો,
આજ નરજન્મ મેં સફળ ભાવ્યો.'

આજ પણ આ કડી ભીંત પર લખેલી છે. પૂ. માતાજી મામા સાથે બેસી ગંભીર તત્વચર્ચા કરતાં; તેમનું હૃદય એક હતું. વિદેહક્ષેત્રમાં મામા માતાજીના ઘરની સામે રહેતા હતા, ત્યાં તેમનું નામ 'જૈનંદભાઈ' હતું. માતાજી કહેતા ભાઈ નાનપણથી વૈરાગી છે, ઊંડા તત્ત્વવિચારક છે. તેમના વિશે મારે તો શું કહેવું ? તમે લોકો પોતાની મેળે ઓળખો તો સારું....

પૂજ્ય મામા 'કુંદકુંદભારતીના પનોતા પુત્ર' હતા, તેમના હૃદયે શ્રુત વણાયું છે. તેઓ કુંદકુંદાચાર્ય અને ગુરુદેવના હૃદયમાં પેસી તેમનાં કથનોનું હાર્દ ખોલાવનાર કુંદકુંદ-કહાન શ્રુત-ઉપાસક હતા. સમયસારની પ્રથમ પાંચ ગાથા હરિગીતમાં ગુજરાતીમાં બનાવી પૂ. માતાજી પાસે ગાઈ, ત્યારે માતાજીએ કહ્યું કે જાણે સાક્ષાત કુંદકુંદાચાર્ય ગાતા હોય એવું લાગે છે. પૂજ્ય ગુરુદેવનો તીર્થબાગ, આ સુવર્ણપુરીનાં ધર્માયતનો એમ ને એમ ઊભા છે પણ તેમાં કોયલકંઠે ગાનાર 'મામા' આપણી વચ્ચેથી ચાલ્યા ગયા એનું ઘણું દુ:ખ છે.

મામા કહેતા કે આ પંચમકાળમાં આવા સંતપુરુષો મળ્યા તે આપણા મહાભાગ્ય છે. આપણને સત્પુરુષોનો લાભ મળ્યો, હવે તો પોતે કરવાનું છે. તેમને અમારા શત શત વંદન.

*

## પૂજ્ય મામા પ્રત્યે ઉપકૃતભાવભીની અંજલિ

—અજિતભાઈ પ્રેમચંદ શાહ તથા પરિવાર, નાઈરોબી

આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ (પૂજ્ય મામા)ના નિકટના પરિચયમાં ઈ. સ. ૧૯૮૪/૮૫માં, સોનગઢમાં પંચમેરુ-નંદીશ્વર દિગંબર જિનાલયના શ્રી જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા-મહોત્સવ વખતે આવેલ. તે વખતે ૩ાા મહિનાનો પરિચય, અને ત્યાર બાદ ઈ. સ. ૨૦૦૧ સુધી અવાર-નવાર તેમના સમાગમનો લાભ મળેલ.

પૂજ્ય મામાના પરિચયમાં આવ્યા પહેલાં, પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીનાં કથનોનાં

એકલા શબ્દો જ પકડ્યા હતા, પણ બંને ધર્માત્માઓની વાણીની ઊંડપ જ પકડાણી ન હતી; અને માની લીધું કે સાચી સમજણને રસ્તે છીએ; એકાંત ભૂલમાં જ હતા. વસ્તુસ્વરૂપના મૂળ બંધારણની સમજણમાં જ ખામી હતી. પૂજ્ય મામાના પરિચયમાં આવ્યા બાદ અનેક પ્રકારે તત્ત્વની સમજણ માટેના ખુલાસા મળેલ, તેમાંથી કેટલાક નીચે મુજબ છે :—

૧. દ્રવ્ય અને પર્યાયના પ્રદેશો સંબંધી મુમુક્ષુઓમાં ભાંજગડ ચાલતી હતી. તે વિષય મને સમજાતો ન હતો, મને તે સંબંધી મુંઝવણ હતી. બીજે દિવસે મારે નાઈરોબી જવાનું હતું. મુંઝવણ મને સતાવતી હતી. મામાનો પરિચય નહિ, તોપણ હિંમત કરીને મેં તે વિષે પ્રશ્ન કર્યો. તેમણે તે વિષય અને પૂજ્ય ગુરુદેવના કથનનો આશય સ્વલ્પ શબ્દોમાં એવી સુંદર રીતે સમજાવ્યો કે મારી મુંઝવણ તરત જ ટળી ગઈ. પહેલા જ પરિચયમાં મને ખૂબ સંતોષ થયો.

૨. અનુભૂતિ પાસે ક્ષયોપશમ જ્ઞાનની (જાણપણાની) બિલકુલ કિંમત નથી.

૩. સમજણમાં 'originality' આવ્યા વિના મોક્ષમાર્ગમાં એક ડગલું પણ આગળ ભરી શકાશે નહિ.

૪. પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનાં વચનોની ઊંડપ સુધી પહોંચવાનો તથા આચાર્યભગવંતો તેમ જ મુનિવરોના હૃદય સુધી પહોંચી મૂળ પરમાગમોના અભ્યાસનો મુમુક્ષુઓ જે પ્રયત્ન કરી રહ્યા છે તે પૂજ્ય મામાને આભારી છે.

૫. થોડી ઘણી પરીક્ષક શક્તિ ખીલી છે તે પણ તેમને જ આભારી છે.

૬. પૂજ્ય મામા પાસેથી તત્ત્વસમજણની દિશાસૂઝ ન મળી હોત તો આજે ધર્મના નામે ભૂલમાં ભટકતા હોત એવું લાગે છે.

પૂજ્ય મામાનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. તેમના ઉપકારનો બદલો વાળવા આપણે અસમર્થ છીએ. તેમણે તત્ત્વસમજણની દિશાસૂઝ આપી છે, તે પ્રમાણે તત્ત્વનો પાકો નિર્ણય કરી, પૂજ્ય ગુરુદેવે તથા પૂજ્ય બહેનશ્રીએ બતાવેલ અનુભૂતિની કળા સમજી, અનુભૂતિને પ્રાપ્ત કરીએ એ જ ભાવના.

અંતમાં, પૂજ્ય મામાનો આત્મા શીઘ્ર દેવગુરુનાં શરણે આત્મસાધના વૃદ્ધિગત કરી પૂર્ણતાને પામે એ જ ભાવના.

*

## ત્રિકાળ વિશિષ્ટ પુરુષ : પંડિતરત્ન પૂ. શ્રી હિંમતભાઈ

*—શ્રી નિરંજન સી. શાહ-સુરત*

પંડિતરત્ન શ્રી હિંમતભાઈએ શ્રી સમયસારાદિ પંચપરમાગમનો, આચાર્ય ભગવાનના હૃદયમાં પેસી જઈને તેમના ભાવોને અક્ષરશઃ શુદ્ધ ગુજરાતી ભાષામાં અનુવાદ કરીને આપણા ઉપર મહાન ઉપકાર કર્યો છે તે તો શ્રી સમયસારનો સ્વાધ્યાય કરતા ખ્યાલ આવે.

આદરણીય પંડિતજી પૂ. ગુરુદેવશ્રીના શાસનના ઝગમગતા તારા હતા. અનેક સદ્‌ગુણોના નિકેતન એવા પંડિતજીના નિરાભિમાનતા, નિસ્પૃહતા અને નીડરતા આદિ ગુણો ઊડીને આંખે વળગે તેવા છે. ખરેખર પૂ. ભગવતી માતાએ તેમને 'ઊંડા આદર્શ આત્માર્થી' એવું બિરુદ આપ્યું તે ઘણું યોગ્ય જ છે. જેમ સમ્યગ્દર્શન એ મોક્ષનું મૂળ છે તેમ આદર્શ આત્માર્થિતા એ સમ્યગ્દર્શનનું મૂળ છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવાની ગમે તેટલી ઉત્કટ ભાવના હોવા છતાં પણ આત્માર્થિતા વગર તે પ્રગટી શકે નહીં.

પંચ પરમાગમોના ઉપોદ્ઘાત લખીને તો તેમણે કમાલ કરી છે. ઉપોદ્ઘાત વાંચતાં જ આખા શાસ્ત્રનો સાર નજર સમક્ષ તરવરવા લાગે છે.

અમારા સુરત શહેરમાં તેઓ સાડા પંદર વર્ષ રહ્યા હતા અને અહીં જ તેમણે શ્રી સમયસારનો ગુજરાતી અનુવાદ પૂર્ણ કર્યો હતો તે અમારા માટે ઘણી ગૌરવપ્રદ બીના છે.

પ્રશમમૂર્તિ ભગવતીમાતાનો તેમના ઉપર સુરતમાં પત્ર આવ્યો કે, 'જૈન દર્શન સત્ય છે એમ મેં તો જાણ્યું છે....' માત્ર એક વાક્યમાં રહેલા વજન અને ભાવ ઉપરથી તેમણે પારખી લીધું કે ચોક્કસ બહેન ચંપાને સમકિત થયું હોય તેમ લાગે છે. નહીંતર આટલા જોરપૂર્વક શબ્દો નીકળે નહીં. વાહ ! શી તેમની શબ્દોની પાછળ રહેલાં રહસ્યોને પારખવાની ઊંડી સૂઝ !

એક વાર સમવસરણસ્તુતિની વાત થતા કહ્યું કે મામા આપે સમવસરણસ્તુતિની રચના અદ્ભુત કરી છે તો તરત આપે શ્રી સમયસારજીનો અંતિમ કળશ યાદ કર્યો કે, 'स्वशक्तिसंसूचितवस्तुतत्त्वै' કહીને અત્યંત નિરભિમાનતાથી કહ્યું તે આ તો શબ્દોની રચના છે.

પૂ. ગુરુદેવશ્રી પ્રત્યે શ્રદ્ધાંજલિ અર્પતા પૂ. મામાએ ગાયેલ.

"મધુરાધિપતિ ગુરુદેવસ્ય સર્વં મધુરં.
મધુરાધિપતિ કાનજીસ્વામી અખિલઃ મધુરઃ"

આ મધુરાધિપતિનું કાવ્ય ગાઈને પૂ. ગુરુદેવશ્રી પ્રત્યે તો અત્યંત ભક્તિભાવ તથા સર્વાર્પણતા તેમણે રજૂ કરી છે એ આપણા મુમુક્ષુ સમાજ માટે અજોડ છે !

અંતમાં એ કુંદકુંદભારતીના પનોતા પુત્ર અને પ. પૂ. ગુરુદેવશ્રી તથા પૂ. ભગવતીમાતાના અત્યંત કૃપાપાત્ર ઊંડા આદર્શ આત્માર્થી, નિકટ મોક્ષગામી, આદરણીય પંડિતરત્ન પૂ. શ્રી હિંમતમામાને અંતરના ઊંડાણથી લાખ લાખ વંદન હો ! તેમની આદર્શ આત્માર્થિતાને આપણા જીવનનું ધ્યેય બનાવી આપણે પણ આપણો અમૂલ્ય મનુષ્યભવ સફળ કરીએ એ જ અભ્યર્થના. *

## "પંડિતરત્ન, નિકટ મોક્ષગામી"

**[અધ્યાત્મરસિક, શ્રુતભક્ત, ગુરુભક્ત, સદ્ધર્મરુચિવંત વિશિષ્ટ ક્ષયોપશમવંત પ્રતિભાસંપન્ન, વિદ્વાન આત્માર્થી ભાઈશ્રી 'અમારા પંડિતજીનું' બિરૂદ પૂ. ગુરુદેવશ્રીના મુખેથી મેળવનાર, શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ : પૂ. મામા]**

*—ગુણવંતરાય પ્રેમચંદ ભાયાણી તથા*
*વાસંતીબેન ગુણવંતરાય ભાયાણી*

અધ્યાત્મવિદ્યાના ઉત્કૃષ્ટ જ્યોતિર્ધર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનાં મહાકલ્યાણકારી સમયસારાદિ પંચપરમાગમોનો અતિભક્તિપૂર્વક ભાવવાહી ગુજરાતી અનુવાદ કરવાનું મહાન સૌભાગ્ય જેમને સાંપડ્યું એવા બહેનશ્રીના વડીલબંધુ પૂ. હિંમતભાઈ કે જેમના જીવનમાં પંચ- પરમાગમ વણાઈ ગયા હતા ને કહેતા હતા કે 'આ મૂળ શાસ્ત્રોનો ઊંડાણથી અભ્યાસ તે આત્મ- પ્રાપ્તિનો પુરુષાર્થ છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પરિચયમાં રહી, તેમના શ્રીમુખે આત્મસ્પર્શી પ્રવચનો સાંભળી આપની આત્માર્થી અને ઉલ્લાસી વિદ્વતા, અધ્યાત્મરસિકતાના ઓપથી શોભી ઊઠી. શ્રી સમયસારાદિ સંસ્કૃત ટીકાનું

ઊંડું અવગાહન કરી, આચાર્યદેવના હાર્દ સુધી પહોંચી, પૂર્વાપર યથાર્થ સંબંધ વિચારી, અત્યંત સાવધાની અને અતિશ્રમપૂર્વક આપે સાંગોપાંગ સુંદર, સરળ અને પૂરેપૂરો ભાવવાહી અનુવાદ ગુર્જર ગિરામાં કર્યો, અને અધ્યાત્મ જિજ્ઞાસુ સમાજને અધ્યાત્મનિધાનની અણમોલ ભેટ આપી. આવી પ્રવચન- ભક્તિવત્સલતા અને અનુપમ અધ્યાત્મસાહિત્ય સેવા ભારતના ધાર્મિક ઈતિહાસમાં ચિરસ્મરણીય રહેશે, જેના દ્વારા જૈનસાહિત્યસૃષ્ટિમાં આપે સોનગઢને ઉજ્જ્વળ બનાવ્યું છે. આવી મહાન સેવા માટે આપ કોટિ કોટિ ધન્યવાદને પાત્ર છો.

આપ સ્વભાવે ગંભીર, શાંત, વૈરાગ્યશાળી, સદ્ધર્મરુચિવંત તેમ જ તત્ત્વાન્વેષક હતા. આપની અધ્યાત્મજ્ઞાનપિપાસા અતિતીવ્ર હોઈ તેનો અવિરત પ્રયત્ન, વૈરાગ્ય સાથે આત્મહિત- સાધના અત્યંત પ્રશંસનીય અને અનુકરણીય હતી.

મુમુક્ષુઓની વિનંતીના ઉત્તરરૂપે પૂ. બહેનશ્રીના હૃદયમાંથી સહજપણે આવ્યું કે, ''ભાઈ નિકટ ભવી છે''; તેઓ પૂર્વનાં સંસ્કાર અને વિશિષ્ટતા સહિત આત્માર્થીતા લઈને આવ્યા છે. તેમની પરિણતિ સમ્યક્ત્વસન્મુખ છે. તેમનો બધોય ક્ષયોપશમ આત્મા માટે જ છે. પૂ. ગુરુદેવશ્રીની સભાના વિશિષ્ટ પુરુષ છે. તેમાં ભૂતકાળની અને ભવિષ્યકાળની વિશિષ્ટતા સમાયેલી છે. તીર્થંકર પુરુષ હોય ત્યાં તેમની સભામાં આવા વિશિષ્ટ પુરુષ હોય જ. આ બધો પ્રતાપ પૂજ્ય ગુરુદેવશ્રીનો જ છે.

આમ પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીના મહાન કૃપાપાત્ર, કુંદકુંદભારતીના પનોતાપુત્ર, ઊંડા આદર્શ આત્માર્થી એવા શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહનો આપણને અમૂલ્ય સત્સમાગમ પ્રાપ્ત થયો હતો તે આપણું મહાન પરમ સૌભાગ્ય હતું. આવા મહાન આત્માને વિરહવેદન સહ, શત શત પ્રણામ.

*

## ભવ્યોત્તમને ભાવભીની શ્રદ્ધાંજલિ

*અકલંકભાઈ કોઠારી, જગદીશભાઈ પંચાલ તથા વડોદરાનો મુમુક્ષુવર્ગ*

પરમ પૂજ્ય કહાનગુરુદેવ તેમ જ ઉપકારમૂર્તિ પૂજ્ય ભગવતી માતા દ્વારા પ્રવર્તિત સ્વાનુભવપ્રધાન આધ્યાત્મિક શાસનના આધારસ્તંભ, તત્ત્વરસિક મુમુક્ષુ જીવોના એક આદર્શ, અનોખા આધ્યાત્મિક કવિ અને આપણા સૌના આદરણીય એવા પંડિતરત્ન શ્રી હિંમતભાઈ (પૂ. મામા)ની ચિરવિદાયથી વણપુરાય એવી ખોટ અમ મુમુક્ષુજીવોને પડી છે.

પંચપરમાગમોના ગુજરાતી પદ્યાનુવાદ દ્વારા ભગવત્ કુંદકુંદઆચાર્યદેવ પ્રણીત ભાવોને અમારે હૃદયગમ્ય કરીને તેમ જ ગદ્યાનુવાદ દ્વારા ટીકાકાર આચાર્યોના ભાવોને અતિસરળ દેશભાષામાં પ્રરૂપિત કરીને પૂ. મામાએ અમારા જેવા હજારો-લાખો મુમુક્ષુ જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. આ ભાષાંતરો એટલા રસિક અને ભાવાત્મક છે કે વાંચતાં એમ જ લાગે કે જાણે આચાર્યલિખિત શબ્દો જ વાંચતા હોઈએ. આવા મધુર પદ્યાનુવાદનો જોટો ક્યાંય મળે તેમ નથી.

છેલ્લા કેટલાય વર્ષોમાં પૂ. મામા દ્વારા જે તત્ત્વજ્ઞાનના ખુલાસા થયા છે તે અમ મુમુક્ષુજનોને ખૂબ જ ઉપકારી થયા છે. તે દ્વારા શાસ્ત્ર સમજવાની ચાવી હાથ આવી ગઈ હોય તેમ લાગે છે. પૂ. મામાની તત્ત્વ સમજાવવાની રીત તેમ જ સરળ દૃષ્ટાંતો દ્વારા ગહન સિદ્ધાંતો સમજાવવાની એમની શૈલી ખૂબ જ સચોટ અને પ્રશંસનીય હતી. એ અમારું પરમ સૌભાગ્ય છે કે અમને પૂ. મામાની તત્ત્વચર્ચાનો લાભ મળ્યો.

પૂ. મામાનો ભવ્યોત્તમ આત્મા અત્યારે આ ક્ષેત્રથી ભલે દૂર હોય પરંતુ એમના વિશિષ્ટ વ્યક્તિત્વ ને કર્તૃત્વ દ્વારા એ અમારા હૃદયથી દૂર નથી. એમના અગણિત ઉપકારના અમે ઋણી છીએ અને ભવોભવ ઋણી રહીશું.

*

## પારમાર્થિક પંથના પુરુષાર્થી પથિક : પૂ. મામા

*—ધનપાળ, ભદ્રા, મિલન, સમીર*

પૂજ્ય ભગવતી માતાના વડિલબંધુ આદરણીય પંડિતરત્ન હિંમતમામાના સ્વર્ગવાસથી સુવર્ણપુરીમાં જ નહીં પણ આખા ભારતવર્ષમાં સૂનકાર છવાઈ ગયો. સમસ્ત મુમુક્ષુઓ નિરાધાર થઈ ગયા. પૂજ્ય ગુરુદેવના શાસનના એ અજોડ, અનન્ય અદ્વિતીય પંડિતરત્ન હતા. તેઓ વિચક્ષણ, વૈરાગી, ગંભીર, સજ્જન અને નિરભિમાની હતા. તત્ત્વજ્ઞાનના કોઈ પણ પ્રશ્નના ઉકેલ માટે સમસ્ત મુમુક્ષુઓ માટે તેઓ એકમાત્ર આધાર હતા.

પૂજ્ય ગુરુદેવ, પૂ. બહેનશ્રી તથા પૂ. મામા આત્મસ્વભાવની પ્રાપ્તિ પુરુષાર્થથી જ થાય છે એમ દૃઢતાથી કહેતા હતા. ગુરુદેવના શ્વાસે શ્વાસે પુરુષાર્થ હતો. તેઓ પુરુષાર્થના મેરુ હતા. પૂજ્ય ગુરુદેવ કહેતા : પુરુષાર્થ કરે તો અનંત ભવ કેવળીએ જોયા જ નથી.

પૂ. મામા પુરુષાર્થ સંબંધી કહેતા કે, ''મારે જગતથી કાંઈ જોઈતું જ નથી અને જગતનો કોઈ પદાર્થ મને કાંઈ પણ આપી શકે તેમ નથી હું તો ભરચક જ્ઞાયક છું'' એવો અભિપ્રાય ઘડાઈ જવો, જીવનમાં વણાઈ જવું, તેનું નામ સમ્યક્ પુરુષાર્થ. પુરુષાર્થના ચાર પ્રયોજન : ધર્મ, અર્થ, કામ ને મોક્ષમાંથી મોક્ષને પુરુષાર્થ મુખ્ય છે. અનંતકાળની નવતત્ત્વસંબંધી ઊંધી શ્રદ્ધા હતી તે બદલાવી, ત્રિકાળી સ્વરૂપની શ્રદ્ધાનું જોર વધારવું તે પુરુષાર્થ છે. પાંચે સમવાય પુરુષાર્થમાં સમાય છે. પોતે સ્વતંત્ર પુરુષાર્થ કરી ભાવ કરી શકે છે. જીવ જેવો પુરુષાર્થ કરે તેવું ફળ ભોગવે. પુરુષાર્થને આધીન જ બંધ મોક્ષ થાય. જ્ઞાયકસ્વભાવનો આશ્રય લેવો તેનું નામ સમ્યક્ પુરુષાર્થ. પુરુષાર્થ એ મૂળભૂત વાત છે. પુરુષાર્થ કરે ને મોક્ષ ન મળે તેમ બને જ નહીં.

જ્ઞાનસ્વભાવ આત્માનો નિર્ણય કરવાનો યત્ન તે સાચો પુરુષાર્થ. જ્ઞાયકનું ભાવભાસન તે પુરુષાર્થનો પાયો છે. તું આત્માનું કરવા ધારે ને ન કરી શકે તેવું છે જ નહીં. પુરુષાર્થ ઉપર જ બધો આધાર છે. જ્ઞાયકનો પુરુષાર્થ એ ગુરુદેવનો જીવનમંત્ર હતો. આત્માના પુરુષાર્થને હાનિ થાય તેવું કોઈ તત્ત્વજ્ઞાન મોક્ષ માટે કામ આવે નહીં. પોતે સ્વતંત્ર પુરુષાર્થ કરી ભાવ કરી શકે છે. હવે પછીની ક્ષણે કેવા ભાવ કરવા તે મારા હાથમાં છે. બંધરૂપે કે મોક્ષરૂપે પુરુષાર્થ કરવો તે તારા હાથમાં છે. પ્રમાણરૂપ વસ્તુ ખ્યાલમાં લઈ અભેદનું જોર આવે તેમાં અનંત ગુણો સવળા જ પરિણમવા લાગે. ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ પર જોર તે પુરુષાર્થની પરાકાષ્ટા છે.

અંતમાં, પૂજ્યમામા અમને ભવાર્ણવમાંથી નીકળવાનો સાચો પુરુષાર્થ દેખાડે એવી ઊંડી ભાવના...

*

*— કાંતિભાઈ મોદી*

પંડિતરત્ન શ્રી હિંમતભાઈના પાર્થિવ દેહે આપણી વચ્ચેથી વિદાય લીધી પણ તેમનો આત્મા અને આત્મિક ગુણો સભર જીવન તો સદાય દરેક મુમુક્ષુઓમાં પ્રર્વતમાન રહેશે જ. તેમનો પંચપરમાગમોનો

ગુજરાતી અનુવાદ, બધી ગાથાઓનું સરળ હરિગીત રચવાનો ભગીરથ આદરણીય પુરુષાર્થ દરેક મુમુક્ષુ જીવના હૃદયમાં કાયમી જીવંત રહેશે જ.

દુન્યવી સંપત્તિ, માનપાન, પ્રસિદ્ધિ વગેરે પ્રાપ્ત કરવા માટે તેમની શક્તિઓ અપાર હતી. શૈક્ષણિક લાયકાત, આગવી પ્રતિભા, કવિત્વ શક્તિ વગેરે મનરંજનક્ષેત્રે ઉપયોગમાં લેવાઈ હોત તો તેઓ ધન-માનપાન પ્રાપ્ત કરી શક્યા હોત પણ પંડિતજીએ આ બધી શક્તિઓને ગુરુઆજ્ઞા અનુસાર શાસ્ત્રોના અનુવાદો, જ્ઞાનની શિબિરો અને ધર્મમાં પ્રવેશતા મુમુક્ષુઓ માટે માર્ગદર્શન આપવા પાછળ સમર્પિત કરી અને ફળસ્વરૂપે તેમણે અધ્યાત્મ જીવનનું અભ્યંતર સ્વરૂપ પ્રાપ્ત કર્યું અને પાયાના ચણતરમાં જ રહીને જીવન વ્યતીત કર્યું. સંતોના વચનો તમારામાં ધર્મ-શ્રદ્ધા જગાડે, શ્રદ્ધા પ્રગટ થયા પછી સ્વનું સત્ય ફોરવી પ્રચંડ પુરુષાર્થ જગાડવામાં મદદ કરે. સાથે સ્વપ્રાપ્તિ માટે આત્મામાં ટકી રહેલાં અનુરૂપ આચરણ શીખવે. પંડિતજીના જીવનમાં તમને સંતોની આ સાર્થક વાણી અને પ્રયાસ બંને સફળ થતાં જોવામાં આવે છે.

જ્ઞાનીઓ 'જીવન'ની વ્યાખ્યા ટૂંકમાં આમ કરે છે. જન્મ અને મૃત્યુ વચ્ચે રહેલા અસ્તિત્વને શ્રેષ્ઠ રીતે નિષ્ઠાપૂર્વક શણગારવું તેનું નામ જીવન 'વ' અક્ષરથી ગુણોમાં વધવાનો સંકેત કરે છે. ન્યાય, નીતિ, સદાચાર, પરોપકાર, પરાયણતા, ઉદારતા, નમ્રતા, વાત્સલ્યભાવ, મધ્યસ્થતા વગેરે ગુણોમાં વધવાનું કહે છે. અને જીવનનો છેલ્લો 'ન' અક્ષરમાં નમવાની વાત કરે છે. માનવી સફળતાનાં સોપાન જેમ જેમ સર કરે તેમ વધારે વધારે નમ્ર બનતો જાય છે. પંડિતરત્ન શ્રી હિમ્મતભાઈનું જીવન સંતોની વ્યાખ્યાને અનુરૂપ હતું. નમ્રતા અને સરળતા તેમનાં જીવનનાં અમૂલ્ય ગુણો હતાં. તેમનું ઘર જે વાસ્તવમાં મંદિર જ હતું. ત્યાં દરેક મુમુક્ષુ વિના સંકોચે, ધર્મ સમજવા, શંકાઓનું નિવારણ કરવા, પ્રેરણા લેવા પહોંચી જતાં અને પંડિતજીનું માર્ગદર્શન સહુ કોઈ ને પાત્રતા અનુસાર મળતું. આમ પંડિતજીનું જીવન દરેક પાત્ર મુમુક્ષુ માટે એક પ્રેરણા-સ્તોત્રરૂપ હતું.

પંડિતજી જીવનભર આત્મસાતગુણોની પ્રાપ્તિ માટે જીવ્યા અને ભૌતિક સંપત્તિની અને માન-પ્રતિષ્ઠાની તેમને ક્યારેય કિંમત આવી નથી. આવા મુઠ્ઠી ઉંચેરા માનવીને મારા શત શત વંદન.

*

## * જ્ઞાયકના પરમોપાસક *

*—કાંતિલાલ હરિલાલ શાહ, કાંદીવલી*

અનંત અનંત ઉપકારી પરમપૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા અનંત અનંત ઉપકારી પૂજ્ય ભગવતી માતા ચંપાબેન—તે, બંને પૂજ્ય ધર્માત્માઓના પ્રિય કૃપાપાત્ર અને અનન્ય ભક્ત પંડિતરત્ન તત્ત્વરસિક, તત્ત્વજ્ઞ, અધ્યાત્મ શાસ્ત્રોના અગાધ જ્ઞાતા, સાદા-સરળ, શાંત, ન્યાયપ્રિય, પુરુષાર્થી તથા જ્ઞાયકના પરમ ઉપાસક ઉપકારી શ્રી હિંમતભાઈને મારી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

પંડિતજીનું જીવન સાવ સાદું અને મુમુક્ષુઓને ઘણું જ પ્રેરણાદાયક હતું. મને તેમનો લગભગ ૪૦ વર્ષનો સમાગમ હતો. ભાષાજ્ઞાન તેમનું ઘણું જ ઉત્તમ પ્રકારનું હતું. અખંડ ધારાપ્રવાહ વહેતો; આપણને કાનમાં અમૃત રેડાતું હોય એવું મીઠું લાગતું. બોલે ત્યારે સાંભળ્યા જ કરીએ એવું મધુરું લાગતું. ભગવાન કુંદકુંદાચાર્યદેવના ગહન અધ્યાત્મ શાસ્ત્રનો ગુજરાતી અનુવાદ વારંવાર જોતાં, અભ્યાસ કરતાં દિલ નાચી ઊઠ્યું કે વાહ ! પૂ. ગુરુદેવશ્રીને પણ ગુજરાતી અનુવાદ ઘણો જ પ્રિય હતો. પૂ. ગુરુદેવશ્રીએ પંડિતજીને

'નિકટ મોક્ષગામી' કહી મહાન આશીર્વાદ આપ્યા હતા. સોનગઢમાં ચર્ચાઓ થાય ત્યારે પૂ. ગુરુદેવશ્રીને, પંડિતજીના અભિપ્રાય જાણવાનો ભાવ રહેતો; અને બહારના આવ્યા હોય ત્યારે પણ પૂ. ગુરુદેવશ્રી કહેતા કે અમારે તો 'આ એક પંડિત' છે. પંડિતજીએ અધ્યાત્મશાસ્ત્રોનો અનુવાદ એટલો અદ્‌ભુત કર્યો છે કે આજ સુધી કોઈ એક પણ ભૂલ કાઢી શક્યું નથી; માત્ર આત્મ કલ્યાણ અર્થે ભવભયથી ડરીને કર્યો છે. તેમનું મનન, મંથન, ચિંતવન એટલું ઉંડાણનું હતું કે તેમનું એક વાક્ય પણ ફરી ન શકે. મને પોતાને પંડિતજીનું ઘણું જ બહુમાન અને તેમનો લગાવ હતો. મને તેમની પાસેથી ઘણી જ આત્મવિદ્યા મળી છે. મારા ઉપર તેમનો ઘણો જ ઉપકાર છે. જ્ઞાયકનું સાચું જાણપણું, તેનો મર્મ, અપાર મહિમા આ બધું મને તેમની પાસેથી જાણવા મળ્યું. તેઓ ઘણા જ વૈરાગી, નિસ્પૃહિ અને નિર્માની હતા અને સ્પષ્ટ વક્તા હતા. પોતે નિખાલસપણે કહેતા કે હું પણ હજુ તમારા જેવો જ છું.

તેમણે જીવનના અંત સુધી જ્ઞાયકને જ ઘૂંટ્યો. પૂ. ગુરુદેવશ્રીની ધર્મસભાના અગ્રગણ્ય વ્યક્તિ હતા. સ્વરૂપસાધનાની મસ્તીમાં રહીને છેવટે સ્વર્ગમાં સિધાવ્યા. આવા પંડિતરત્નને મારી ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. *

## પૂજ્ય મામાશ્રીનું જીવન યાદ કરી તેને અનુસરીએ

*—જયંતિલાલ અ. વૈદ્ય તથા લીલાવતી જ. વૈદ્ય*

આ વખતના આત્મધર્મમાં પ. પૂ. મામાશ્રીના સ્વર્ગવાસના સમાચાર જાણી બહુ જ દુઃખ થયું. ખરેખર તે મહાત્માની જગ્યા પુરવી કઠણ છે. તેઓએ તો મારા જીવનમાં અતિશય પરિવર્તન આણ્યું. પહેલવહેલા સોનગઢ આવ્યો ત્યારે તેમણે મને પૂછ્યું : ''ક્યાંથી આવો છો અને શું કરો છો ? મેં કહ્યું દવાખાનું ચાલે છે. તેમણે કહ્યું : તમારું દવાખાનું કેવું ચાલે છે ? મારો જવાબ હતો કે દવાખાનું 'મારું' હોય તો હું દવાખાનું (જડ) થઈ જાઉં. તે જવાબ સાંભળી તેમને આનંદ થયો. પૂ. મામાએ બહેનશ્રીનો પરિચય કરાવ્યો. પછી તો સોનગઢ મારું જીવન થઈ ગયું. સોનગઢ વરસમાં એક બે વખત ન આવું તો ચેન ન પડે. શ્રી સમયસારજી પરમાગમના હરિગીત ગુજરાતીમાં વાંચતો ત્યારે ખરેખર લાગતું કે આ તો કોઈ અલૌકિક રચના છે. હરિગીત કરનાર B. Sc. છે છતાં માગધી, સંસ્કૃત, ગુજરાતી પર આટલો બધો કમાન્ડ. હરિગીત તો જાણે વાંચ્યા જ કરીએ; એનો આનંદ બેહદ હતો. આ પામર ને 'હું એક શુદ્ધ મમત્વહીન, જ્ઞાનદર્શનપૂર્ણ છું' તેની ધૂન લાગી અને મામાના કહેવા મુજબ સપ્તભંગીની મદદથી અંધશ્રદ્ધા મટી અને તત્ત્વપ્રવેશનાં દ્વાર ખૂલ્યાં. ખરેખર સર્વજ્ઞ અને નિર્વિકલ્પ વીતરાગ સિવાય આ વાત ન હોય. હું જ્ઞાયક જ છું એ નિશ્ચય થાય છે. ખરેખર 'જૈનધર્મોઽસ્તુ મંગલમ્' કાયમ રહો ! અને ભગવાન કુંદકુંદઆચાર્ય, ભગવાન અમૃતચંદ્રાચાર્ય તથા સંતો પંથ બતાવતા રહે અને ચૈતન્યચંદ્ર સદા જાગૃત રહો તેવી પ્રાર્થના. *

## ભૂત-વર્તમાન-ભાવિના વિશિષ્ટ વ્યક્તિ પંડિતરત્ન "મામા"

*—સિદ્ધાર્થ, રૂપા, નિજેષ તથા હેમલ*

સર્વનું કલ્યાણ હો ! બધા મોક્ષમાર્ગને સુખે પ્રગટ કરો ! આવા અમૂલ્ય આશીર્વાદ સતત આપનાર પરમ પૂજ્ય કહાનગુરુદેવથી નિકટમોક્ષગામીના તથા પૂ. ભગવતી માતાના નિકટભવીના મંગળ આશીર્વાદ પ્રાપ્ત કરનાર, પૂ. ગુરુદેવ તથા પૂ. ભગવતી માતાના હૃદયના ઊંડાણને સમજનાર તથા સમજાવનાર,

પંડિતોના પણ પંડિત એવા પૂ. મામાની આજે આપણને ખૂબ જ મોટી ખોટ પડી ગઈ છે. જે ખોટ કોઈથી અને ક્યારેય પુરાય તેમ નથી.

પૂજ્ય મામા વિરલ સમર્થ તત્ત્વવેતા હતાં; જેણે ભારતની પુનિત ભૂમિને વિભૂષિત કરી આ અવનીતલ ને પાવન કરી.

વસ્તુસ્વરૂપનું બંધારણ સમજ્યા વગર મોક્ષમાર્ગમાં એક પગલું પણ ન ભરાય. તે વસ્તુસ્વરૂપનું બંધારણ સમજાવતાં તેઓ કહેતા હતા "વસ્તુ અંશી. તેના ત્રણ અંશ દ્રવ્ય, ગુણ અને પર્યાય છે. વસ્તુ દ્રવ્યપણે રહીને, પર્યાય-અપેક્ષાએ પરિણમે છે દ્રવ્યદૃષ્ટિના વિષયભૂત ધ્રુવ નથી પરિણમતું વસ્તુ પરિણમે છે" તે વાત તેઓ દ્રષ્ટાંત આપી સમજાવતા હતા "માણસ ગરીબ છે, ગરીબાઈ ગરીબ નથી; લીંબું ખાટું છે ખટાશ ખાટી નથી. જે પદાર્થ ટકે છે તે જ પદાર્થ પલ્ટે છે."

સોનગઢ પ્રત્યેના સત્સંગની એમની ભાવના એટલી પ્રબળ હતી કે દરેક મુમુક્ષુને એક જ વાત કહેતા કે કલાક માટે પણ સોનગઢ આવવા મળતું હોય તો તે સત્સંગનો લાભ ચૂકવો નહીં, સત્સંગરૂપી નોળવેલ સૂંઘવા અવશ્ય આવી જવું જેથી સંસારરૂપી સર્પ સામે લડવાની શક્તિ આવી જાય :– તેઓ ગાતા :

"એક ઘડી આધી ઘડી, આધી સે ભી આધ,
તુલસી સંગત સાધકી, કટે કોટિ અપરાધ..."

અમારા કુટુંબ પર પૂ. મામાની ઘણી કૃપાદૃષ્ટિ હતી. જ્યારે પણ મામાને મળવા જઈએ અને કહું કે "મામા ! વંદન, હું રૂપા છું." તો તરત જ લાગણીથી કહે "શું વાંચે છે ?" હું કહુ પ્રવચનસાર. તે સાંભળી તેઓ ખૂબ પ્રમોદ વ્યક્ત કરતા. આવું લાગણીથી પૂછનાર અને પુરુષાર્થની પ્રેરણા આપનાર જતા રહ્યા ! પૂ. મામાને સતત એમ જ થતું કે બધા મુમુક્ષુઓ પંચપરમાગમ, મૂળ શાસ્ત્રનો અભ્યાસ કરી, જ્ઞાયક આત્માને પ્રાપ્ત કરો. પૂ. પંડિતરત્ન મામાએ પરમાગમનો અનુવાદ કરી આપણા મુમુક્ષુસમાજ પર મહાન ઉપકાર કર્યો છે, તે તો જ્યારે મૂળ પરમાગમો વાંચીએ ત્યારે જ કિંમત થાય છે.

અંતમાં ભૂત, વર્તમાન અને ભવિષ્યના વિશિષ્ટ વ્યક્તિ મામા ! અમે પણ આપની સાથે સૂર્યકીર્તિ ભગવાનના સમવસરણમાં (આપની સમવસરણમાં વિશિષ્ટ વ્યક્તિ તરીકેની પૂ. માતાજીના જ્ઞાનની ઘોષણા છે) કેવળજ્ઞાન પ્રગટાવી ભવનો અભાવ કરીએ તેવી ઊંડી ભાવના સાથે આપને તથા આપના ઉપકારને કોટિ કોટિ વંદન.

*

## મુમુક્ષુ સમાજનો તેજસ્વી તારલો : પૂ. મામા

—મનુભાઈ પી. કામદાર, વડોદરા

શરદ પૂનમના પૂર્ણ ચંદ્રરૂપે પ્રકાશીને અદ્‌ભુત શીતળતા આપનાર પ. પૂ. ગુરુદેવશ્રીના નભોમંડળરૂપ મુમુક્ષુ મંડળનો એક તેજસ્વી તારલો અસ્ત પામ્યો.

પ. પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની તેમની અથાગ અને અપૂર્વ ભક્તિ તથા તત્ત્વપ્રત્યેની તેમની અવિરત વધતી રુચિ અને તેને અનુરૂપ દ્રવ્યાનુયોગનાં શાસ્ત્રોનો તલસ્પર્શી અભ્યાસ, મનન, ચિંતન અને ઘોલન એ તેમનું સાહજીક લક્ષણ હતું. તેમનો સંસ્કૃતનો અભ્યાસ પણ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીને શાસ્ત્રાર્થ કરવામાં

ઘણો જ ઉપયોગી થયો હતો. શ્રી હિંમતભાઈ માટે જેટલું લખીએ તેટલું ઓછું છે. તેમને મોક્ષપદની પ્રાપ્તિ ઘણી જ નજીકમાં હશે.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના હિંમતભાઈ હતા પરમ મુમુક્ષુ,
એ જ્ઞાની ગુરુના નિમિત્તથી, ઊઘડ્યાં તેમનાં તત્ત્વચક્ષુ;
ઉઘડેલા એ તત્ત્વચક્ષુથી, યથાર્થ વસ્તુસ્વરૂપ સમજાયું,
પરમ ઉપકારી ગુરુદેવશ્રીના શરણમાં જીવન ઝુકાવ્યું.
ઉજમાળ કર્યું શિષ્યતત્ત્વને અને મનુષ્યભવને સાર્થક કર્યો,
ધન્ય છે એ હિંમતભાઈને, જેણે ગુરુચરણે પોતાને અર્પણ કર્યો;
''તું ભગવાન છો'' એવી ગુરુગર્જનાનો, દેશનાલબ્ધિમાં પોતે પલટાવી,
જીવનનાં છેલ્લાં વર્ષોમાં થયેલ, શારીરિક પ્રતિકૂળતાને ન ગણકારી.
ગુરુના નિમિત્તથી પ્રગટેલ તત્ત્વચક્ષુથી, ઉઘાડી લીધી મોક્ષની બારી.

*

*—અરુણભાઈ જોષી*

પૂજ્ય વિદ્વદ્વર્ય સદ્‌ગુણાલંકૃત શ્રી પંડિતજી હિમ્મતભાઈ પરમ પંથે સંચર્યા એ દુ:ખદ સમાચાર (ભાઈશ્રી રવીન્દ્ર મહેતા દ્વારા) આજ રોજ મળ્યા. ખૂબ જ દુ:ખ થયું. સદ્‌ભાગ્યે થોડો સમય પહેલાં એમનાં દર્શનનો મને લાભ પ્રાપ્ત થયેલો અને 'પ્રવચનસાર' પુસ્તક પણ એમના શુભ હસ્તે મને ભેટ મળેલું. હવે આ બધું એક સંભારણું બની ગયું.

સદ્‌ગત સાથે ગુરુકુળમાં ઇ. સ. ૧૯૬૦ થી ૬૩ દરમ્યાન મેં કામ કરેલું અને એમના સહૃદયી સ્વભાવનો મને અવારનવાર લાભ મળેલો. પરમકૃપાળુ સદ્‌ગતને શાશ્વત શાંતિ આપે એ પ્રાર્થના સહ.

*

*દિગંબર જૈન મુમુક્ષુમંડળ, કાનાતળાવ વતી મોહનભાઈ પટેલ*

પૂ. ગુરુદેવશ્રી તથા પૂ. બહેનશ્રીના ભક્ત શિરોમણિ, ઊંડા આદર્શ ઉત્કૃષ્ટ આત્માર્થી પંડિતરત્ન, સોનગઢના કોહીનુર હીરા આદરણીય શ્રી હિંમતભાઈ જેઠાલાલ શાહ અચાનક દેવગતિ પામતા સમગ્ર દિગંબર મુમુક્ષુ જૈન સમાજ એક ઊંડા શોકમાં ગરકાવ થયો સાથે અમો દિગંબર જૈન મુમુક્ષુમંડળ, કાનાતળાવના પટેલ જૈન સમાજે પણ મંદિર આવી ભક્તિ તથા નવકારમંત્રના જાપ કરી બે મિનિટ મૌન પાળી આ મહાન મોક્ષાર્થી આત્માને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

વિશેષમાં આ મહાન વિભૂતિએ દિગંબર જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. તેમના જેટલા ગુણાનુવાદ ગાઈએ તેટલા ઓછા પડે તેમ છે. તેઓશ્રીનો આત્મા શીઘ્ર રત્નત્રય ધર્મ અંગીકાર કરી મોક્ષ પદની પ્રાપ્તિ કરે એવા ઉત્કૃષ્ટ ભાવપૂર્વક અમો શ્રદ્ધાંજલિ આપીએ છીએ. *

## * ઉપકારી પૂજ્ય પંડિતજી *

*—સ્વ. પ્રેમચંદભાઈ મગનલાલ શેઠ પરિવાર....*

પૂજ્ય મુરબ્બી વડીલ શ્રી પંડિતજી હિંમતભાઈના સ્વર્ગવાસના સમાચાર જાણી અમે સૌ ખૂબ

જ ઘેરા શોકની લાગણી અનુભવીએ છીએ.

તેમણે પંચ પરમાગમના મૂળ ગ્રંથકર્તા તેમ જ ટીકાકારનો ભાવ યથાવત રાખીને દરેક જગ્યાએ ઘણું જ સુંદર ભાષાંતર કર્યું છે. હરિગીતનો ઘણા મુમુક્ષુભાઈ-બહેનો નિયમિત સ્વાધ્યાય કરે છે. આપણે સોનગઢમાં પણ ઘણા વર્ષોથી મહિનામાં ચાર વખત સ્વાધ્યાય થાય છે. તે સિવાય સમયસાર-સ્તુતિ, પૂ. ગુરુદેવ-સ્તુતિ, સમવસરણ-સ્તુતિ વગેરેની બહુ જ સુંદર રચના કરી છે.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોમાં પૂ. પંડિતજીનો, સંસ્કૃત ગાવાનો કળશ-શ્લોકો સુંદર, સ્પષ્ટ, મધુર અવાજ હજુ પણ કેસેટોમાં ગુંજે છે. તે સિવાય સોનગઢમાં બધી જ પ્રતિષ્ઠાઓ થઈ તેમાં તેમનો અવાજ જરૂર સંભળાય. જેમાં તેમની વિદ્વત્તા દેખાઈ આવે છે. પૂ. પંડિતજીનો અવાજ મીઠો મધુર તેમ જ સ્પષ્ટ ઉચ્ચારણવાળો જ હોય છે. પૂજનવિધાનો, વેદી-પ્રતિષ્ઠા, ભક્તિ દરેકમાં તેમનો લાભ અવશ્ય મળે જ.

પૂ. પંડિતજી સોનગઢમાં ઘણા વર્ષોથી રહીને સ્કૂલમાં સર્વિસ કરતા હતા ત્યારે પણ પૂ. પંડિતજી વિશેષ સમય પ્રવચન, વાંચનમાં ગાળતા. અમારા પૂ. પિતાશ્રી સાથે પૂ. પંડિતજીને વર્ષો સુધી ખૂબ જ ગાઢ સંબંધ રહ્યો છે. નિયમિત રીતે સાંજે જમ્યા પછી પૂ. પંડિતજી સાથે ફરવા જતા ત્યારે ખાસ કરીને પૂ. ગુરુદેવશ્રીનાં દરરોજનાં પ્રવચનો, ચર્ચા વગેરે ઉપર ચર્ચા ચાલતી જેની અમો સૌને હજુ પણ યાદ આવે છે. અમારા આખા કુટુંબ ઉપર અમે ત્રણ ભાઈઓ તથા સૌ બાળકો ઉપર પંડિતજીને ખૂબ જ વાત્સલ્ય હતું. પૂ. પંડિતજીના મહા પ્રયાણથી આપણને સૌને મોટી ખોટ પડી છે. એમનો આત્મા શીઘ્ર મોક્ષ ગતિને પામે એવી મંગળ ભાવના ભાવીએ છીએ.

*

*—મહેશભાઈ શાહ-અમદાવાદ*

આજ રોજ પૂ. મામાના દેહવિલયના સમાચાર સાંભળી ઘણો જ ખેદ થયેલ છે.

પૂ. મામાએ મુમુક્ષુઓ માટે નહીં પણ સારી દુનિયા માટે એક અવર્ણનીય કામ કરેલ છે. આજે મુમુક્ષુઓ જે શાસ્ત્રોની ગાથાનું ગુર્જરી ભાષામાં વાંચન કરે છે તે પૂ. મામાની દેન છે અને એ રીતે પૂ. મામા મુમુક્ષુ સમાજ માટે જીવંત છે. શ્રી કુંદુકુંદભગવાને જે રીતે શાસ્ત્રોની, આગમોની રચના કરી તે રીતે પૂ. મામાએ ગુર્જરી ભાષામાં તે શાસ્ત્રોની રચના કરી છે અને જૈન સમાજના મુખમાં શ્રી કુંદકુંદાચાર્યનું નામ ગાજતું કરેલ છે.

પૂ. મામાને શબ્દોથી કે વાણીથી કે બીજી કોઈ રીતે શ્રદ્ધાંજલિ આપી શકાય તેમ નથી.

આ ખેદના પ્રસંગે આખા મુમુક્ષુ સમાજ વતી પૂ. મામાને કોટિ કોટિ વંદન.

*

## પૂ. ગુરુદેવશ્રીના અનન્ય ભક્ત અધ્યાત્મરસિક પૂ. પંડિત શ્રી હિંમતભાઈ

*—ચંદ્રકાંત સી. વાઘર*

હું પામર, અલ્પજ્ઞ, પૂ. મામા વિષે શું, કેટલું, કઈ રીતે લખવા અસમર્થ છું. જેટલું લખીએ તેટલું ઓછું જ છે. તેઓશ્રી તો સંસ્કૃતભાષાના પારંગત–ગંભીર રહસ્યમૂર્તિ, કવિત્વશક્તિથી ભરપૂર હતા. તેમણે બનાવેલ શ્રી સમયસારાદિ પદ્યરચના બધાને ભાવ વિભોર તો કરે જ છે સાથે શબ્દશઃ અનુવાદ શૈલીથી ઘણા, જૈન સિવાયના પણ, એમની પદ્યકૃતિથી આકર્ષાઈને સોનગઢ પ્રત્યક્ષ તેમને મળવા આવતા

અને ઘણો પ્રમોદ વ્યક્ત કરતા હતા. બાકી તો બધાને વિદિત જ છે કે તેમની ચર્ચા પૂ. બહેનશ્રી સાથે તથા પૂ. ગુરુદેવશ્રી સાથે થતી તેથી તેઓ કેટલા ઊંડાણ સુધી પહોંચેલા તેની ઝાંખી થાય છે. તેઓશ્રી તો પોતાના ધ્યેયની સિદ્ધિ કરવા આપણને છોડીને ચાલ્યા ગયા, અને તેથી તેમનો વિરહ દરેકને સાલે તે સહજ છે. તેમનું કાર્ય શીઘ્રતાથી પૂર્ણ કરે અને આપણે સૌ આજ માર્ગમાં પુરુષાર્થી બનીએ અને મનુષ્યભવ સાર્થક કરીએ એ જ તેમના પ્રત્યેની સત્યાર્થ શ્રદ્ધાંજલિ છે.

*

# THE GREAT SPIRITUAL SOUL

*--Hasmukh Maganlal Shah Florida, USA*
*Email: kahanguru@hotmail.com*

When we knew about the departure of this great soul (Mahan-Atma) leaving this transitory world on way to path-of-Liberation (Moksha), we were dismayed with tears in our eyes. But, then composed and thought deeply, what we have learnt from his life and how far we are behind to understand and grasp the knowledge he has exposed in Gujarati language (Matru-Bhasha) to Jains in this world.

This great soul came to this world during August and passed away in August. He himself was AUGUST (eminent, grand, dignified, noble, magnificent, impressive). I do not have enough to do adore this noble soul.

When Pujya Himatbhai accomplished the Gujarati version of "Samysar" Scripture in Surat and before its publication during 1940 from Songadh, Gurudev Shri kanjiswami had written in his own handwriting about the dignity, divinity and importance of this divine scripture and that time Gurudev had uttered, "Himatbhai is very close to the path of Liberation" ("Nikat-Moksha-Gami). At this movement he was overwhelmed with bliss when he heard such words from Gurudev and he felt, his Human-Life has been fulfilled. He did not merely translate Five Great Scriptures from the Sanskrit into Gujarati (Gadya & padya), but fully preserved the substance, theme (bhaav) of Acharya Dev who had written the original scripture.

Shrimad Rajchandra had once said "It will be of great advantage for Mumukshus if such Scriptures of Kund Kund Acharya can be translated into Gujarati language" and similar feeling was expressed by Gurudev Shri Kanjiswami. The desire and wish of divine souls do not go away unfulfilled, and Pujaya Himatbhai accomplished this great task successfully. His dedication, devotion towards Dev, Guru, Shastra and his contribution for the benefit of Jain world will always remain live for generations to come.

Pandit Ratana Himatbhai's voice was very sweet, pleasing and appealing. pratrkraman, many other prayers, stanza in Sanskrit, Hindi, Gujarati and Bhajans he sang are the treasures. His pravachans during Gurudev's many Janma Jayanti are video taped. Hundereds of Mumukshu could not resist their tears when he had given heartfelt tribute to Gurudev at the time of last rites of the Gurudev in Songadh. He was a source of inspiration, guidance, and knowledge. Where we will go now if we wish to have some solace from this miserable world ? But his life is a message

to all of us. what we learnt from Gurudev's tatv-gyan should give us consolation in such grief.

The person who did not have any worldly attachment, who never expected any thing from anywhere. To me, he was a saint. To describe this illustrious son of Kund-Kund Bharati in so many words my vocabulary falls short. He was a great noble spiritual soul after Gurudev and Bahenshri. Here I conclude my tribute to this Great Saint.

*

## "સુવર્ણપુરીનો ચમકતો અંતિમ તારો ખરી ગયો"

*—શ્રી કાન્તિલાલ હરિલાલ ભાયાણી, ભાવનગર*

આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતભાઈ વિષે હું શું લખું ? મારી કઈ તાકાત છે ? તેમનાં અગાધ જ્ઞાન અને શક્તિ પાસે હું તો કાંઈ જ નથી, છતાંય બે શબ્દો શ્રદ્ધાંજલિના લખીને મારે યત્કિંચિત્ ઋણ મુક્ત થવું જોઈએ.

આદરણીય પંડિત શ્રી હિંમતભાઈ તદ્દન સાદા, સરળ અને શાંતિ પ્રિય હતા. તેઓશ્રીએ પંચ-પરમાગમોનો ગુજરાતી અનુવાદ તથા પ્રાકૃત-સંસ્કૃત ગાથાઓનું પદ્યમાં ભાષાંતર ન કર્યું હોત તો આપણે શું સમજી શકત ? તેઓશ્રીની અનેક કૃતિઓમાં શ્રી સમયસારની સ્તુતિ તો કોઈથી ભુલાય તેમ નથી. શ્રી સમવસરણસ્તુતિમાં આખું સમવસરણ આપણી સમક્ષ ખડું કરી દીધું છે. જાણે કે મહાવિદેહક્ષેત્રનું સમવસરણ સાક્ષાત અહીં આવ્યું ન હોય ?

પંચ પરમાગમોનો ગુજરાતી અનુવાદ માત્ર ભાષાંતર નથી પણ શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયના ઊંડા ભાવો જાણી સમજીને આ અનુવાદ કરેલ છે. પંચપરમાગમોના ઉપોદ્ઘાત વાંચતાં સૌ તે દરેક શાસ્ત્રનો ટૂંકો સાર જાણવા મળી જાય છે. દરેક શાસ્ત્રનો નીચોડ તેમાં છે. આ રીતે આ ઉપોદ્ઘાત લખી મુમુક્ષુ સમાજ ઉપર અનહદ ઉપકાર કર્યો છે. તેઓશ્રીની અધ્યાત્મ સાહિત્ય સેવા ભારત વર્ષના ધાર્મિક ઈતિહાસમાં ચિર અંકિત રહેશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

સૌ કોઈની સાથે મળતાવડા, હસતા મુખેથી સૌને બોલાવતા એવા આપણા ધર્મરત્ન પંડિત શ્રી હિંમતલાલભાઈ—સુવર્ણપુરીનો ચમકતો અંતિમ તારો આખરે ભલે ખરી ગયો પણ તેનો પ્રકાશ તો મુમુક્ષુ સમાજ ઉપર જરૂર પડે છે અને સદાય પ્રકાશ પડતો રહેશે તે નિર્વિવાદ છે. *

## સોનગઢનાં તપોવનમાં

*બટુકભાઈ સી. બોટાદરા (બોટાદરા પરિવાર), અમદાવાદ*

કહાન ગુરુએ ધર્મ વાટિકાનું નવ સર્જન કર્યું. આત્મા અને આધ્યાત્મિકતાનો સંદેશ આપી સૂર્યકીર્તિ પદ પામી, જૈન ધર્મના ઈતિહાસમાં નામ અમર કરી, તિમિર ઉલેચી દિવ્ય પ્રકાશ મૂકતા ગયા; તે કહાન ગુરુનાં ચરણકમલમાં મારાં કોટિ કોટિ વંદન. આ ધર્મનાં ક્યારામાં ચંપાનું એક ફૂલ ખીલી, ધર્મની ખુશ્બુ મૂકી પ્રભુ ચરણમાં, ગુરુનાં પંથે, વિલિન થયું. ખીલીને કરમાવું તે તો જીવનનો ક્રમ છે પણ ચંપાનું ફૂલ ધર્મના ઉપવનને-મહેકાવતું ગયું.

હિમાલયમાંથી વહેતી પવિત્ર ગંગોત્રીની જેમ, હિમ ઓગળી સૌને મીઠા જળ આપે તેમ ઊંડાં આદર્શ આત્માર્થી પંડિતરત્ન (મામા) શ્રી હિંમતભાઈ-આત્મશિલ્પી. જેનામાં નિખાલસતા, નિસ્પૃહતા અને

નિર્મળતાનો સ્રોત તેમના જીવનમાં હંમેશા વહ્યા કરતો, સ્વાલંબન-નિરાવલંબન- આત્માલંબન એ એના જીવનનો મહામંત્ર હતો.

ધીરતા, વીરતા અને સ્થિરતા જેવા સદ્‌ગુણોના, વૈભવશાળી સંપત્તિના સાગર હતા, મનન, મૌન અને મનોમંથનના એવા મહામાનવ સંસારમાં રહી, સંસારથી પર સંત જેવું જીવન જીવી, સમાધિની સોડ તાણી ગુરુ ચરણમાં—ગુરુના દ્વારે પોઢી ગયા.

આંતર ચક્ષુના જીવન યાત્રી ને જેણે બાહ્ય નહીં પણ અંતર યાત્રા ખેડી છે એમનું મૃત્યુ મૃત્યુ નથી; એ તો મુક્તિના પંથે ગયા છે. મૃત્યુ હિમની જેમ ઓગળી મંગલમય બની ગયું. જગત જેની વિદાયની નોંધ લે, દુઃખ અનુભવે તેનું જીવન જ સાર્થક થયું ગણાય.

જિંદગીને જીતવાની તમન્ના તો સૌને હોય પણ મૃત્યુ મંગલમય બને તો જિંદગી સાર્થક કહેવાય. 'મૃત્યુ' ને જીતાય છે, પુણ્યથી—શુભ કર્મોથી—શુદ્ધભાવથી, મૌન સમાધિથી, ત્યારે જ મૃત્યુ મંગલ મહોત્સવ બની જાય છે.

વંદન એવા જીવાત્માને અંતર યાત્રી સારથિને-જેમણે મૃત્યુને પણ મહોત્સવ મનાવ્યો. કોટિ કોટિ વંદન ગુરુનાં ચરણમાં. ધન્ય સોનગઢની ધરાને.

*

*—વિનોદ ચુનિલાલ વોરા, જામનગર*

સમસ્ત દિગંબર સમાજના આદરણીય પંડિત શ્રી હિંમતભાઈને મુમુક્ષુ સમાજ ક્યારેય ભૂલી શકશે નહીં. તેમની સ્મૃતિઓ સોનગઢના કણેકણમાં સંઘરાયેલી પડી છે.

તેમની સમવસરણની સ્તુતિમાં સમવસરણની રચનાનો તાદૃશ્ય ચિતાર નજર સમક્ષ આવે છે. સમયસાર-પ્રવચનસાર-નિયમસાર વગેરે શાસ્ત્રોની ગાથા, સંસ્કૃત ટીકાના ગુજરાતી અનુવાદથી શાસ્ત્રસ્વાધ્યાય દરેક મુમુક્ષુઓને સુગમ અને સહેલો થઈ શક્યો છે. તેમની રચેલી સમયસાર-સ્તુતિમાં સમયસાર શાસ્ત્રના હાર્દનો નીચોડ આવી જાય છે. તેમની સદ્‌ગુરુદેવસ્તુતિમાં પૂ. ગુરુદેવના અધ્યાત્મિક જીવનની ઝાંખી આવી ગઈ છે; તેમ જ ગુરુ પ્રત્યેની અર્પણતા તથા મહિમાનાં દર્શન થાય છે.

નિકટ મોક્ષગામી આ ભવ્ય આત્મા શીઘ્ર મોક્ષ દશાને પામે એ જ ભાવના.

*

*—ઈન્દ્રવદન કેશવલાલ જૈન-માલાવાડ*

પૂજ્ય પંડિત શ્રી હિંમતભાઈ જેઠાલાલ શાહ (ગુરુજી)ના સ્વર્ગવાસના સમાચાર જાણી ઘેરો આઘાત લાગ્યો.

જ્યારે હું ૧૯૬૫માં ગુરુકુલ સ્કુલમાં હતો ત્યારે તેઓ અમને વિજ્ઞાન અને ગણિત ભણાવતા હતા. ત્યારથી હું તેમના પરિચયમાં હતો. અત્યાર સુધી કોઈ દિવસ ગુસ્સામાં તેમને જોયા નથી. કાયમ તેમનો ચહેરો હસમુખો જ હોય. તેમણે જે આપણને ગુજરાતી ભાષાંતર કરેલાં પંચપરમાગમ આપ્યા છે તેનો ઉપકાર ક્યારેય ભુલાય તેમ નથી. તેમના આત્માની શાંતિ માટે અને શાશ્વત પૂર્ણ સુખદશારૂપ મોક્ષ પદને પ્રાપ્ત કરે તેવી અમારા કુટુંબીજનો પ્રાર્થના કરીએ છીએ.

*

# માર્ગદર્શક : પૂજ્ય મામા

*—ભગવતી માતાની ચરણરજ બધાં બ્ર૦ બહેનો*

અમારા બ્રહ્મચર્યમય ધર્મજીવનના, પરમપૂજ્ય સદ્‌ગુરુદેવની ઉપકારછાયામાં, સર્વસ્વ-આધારરૂપ પૂજ્ય ભગવતી માતાના ભાઈ એટલે અમારા ધર્મ'મામા'. લૌકિકમાં મામા પ્રતિ ભાણેજને ઘણું આકર્ષણ હોય, પણ આ 'મામા'નું આકર્ષણ કોઈ જુદું જ ! અને એ પણ જુદા જ હેતુએ એટલે કે ધર્મના હેતુએ હતું. નિકટના ભાવિ તીર્થંકર એવા કૃપાળુ ગુરુદેવનાં તાત્ત્વિક કથનોનો આશય ન સમજીને મુંઝાતાં એવાં અમને તત્ત્વજિજ્ઞાસુઓને અનન્ય આધાર હતા— પૂજ્ય ભગવતી માતા અને આદરણીય મામા; પણ અમારાં દુર્ભાગ્યે અમારા ધર્મજીવનના આધારરૂપ બંને સ્તંભ ચાલ્યા ગયા. અમારાં બ્ર૦ બહેનો પ્રત્યે પણ મામાને ઘણો જ કૃપાપૂર્ણ વાત્સલ્યભાવ હતો. પૂજ્ય ભગવતી માતાની અનુપસ્થિતિમાં અમારી બ્ર૦ પ્રતિજ્ઞાના વાર્ષિક દિવસે અમે મામા પાસે આશીર્વાદ લેવા જતાં ત્યારે તો પૂજ્ય મામા જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના અદ્‌ભુત આશીર્વાદ આપતા. તેઓ કહેતા :

જેમ મહાસાગર તરી જનારને ગંગાનદી તરી જવી શું મુશ્કેલ છે ? તેમ અબ્રહ્મ-સાગર તરી જનારને શેષ વિષયો સહેલાઈથી તરી જવાય છે. જોકે માત્ર શુભભાવરૂપ બ્રહ્મચર્ય તો જીવે અનંત વાર ગ્રહણ કર્યું છે, પણ આ તો તમને, પૂજ્ય ગુરુદેવ દ્વારા પ્રરૂપિત અધ્યાત્મતત્ત્વ સમજવાના હેતુએ નિવૃત્તિ લઈ દુર્લભ મહામોંઘા મનુષ્યભવની સફળતાનો અવસર મળ્યો—ભગવતી માતાના સાંનિધ્યમાં આત્મસાધના કરવા રહેવાનું મળ્યું. આ નિવૃત્તિનો પૂરેપૂરો ઉપયોગ આત્મલાભ માટે કરી લેવા જેવો છે. અનુભવી મહાત્માના શ્રીમુખેથી અનુભવની વાત સાંભળવા મળે તે તો જીવનનો અમૂલ્ય લહાવો છે. પૂજ્ય ગુરુદેવ કહેતા : 'દુર્લભ મનુષ્યપણું પામીને જે વિષયોમાં રમે છે તે રાખને માટે રત્નને બાળે છે;' તે તો ઠીક, પણ જે શુભભાવમાં રમે છે તે પણ રાખને માટે રત્નને બાળે છે. આ નિવૃત્તિની પ્રતિજ્ઞા માત્ર શુભભાવ માટે નથી—એ વાત ભૂલવા જેવી નથી. જે ધ્યેયે પ્રતિજ્ઞા લીધી તેને વૃદ્ધિગત રાખી પુરુષાર્થ કરવો. નિયમસારમાં કહ્યું છે કે—આ નવ નોકષાયાત્મક ભાવને હું પ્રમોદથી તજું છું કે જે, મહામોહાંધ જીવોને સતત સુલભ છે, અને નિરંતર આનંદિત મનવાળા સમાધિનિષ્ઠ એવા અમને અતિ દુર્લભ છે. એવા આનંદિત ભાવે નિવૃત્તિનો ઉપયોગ કરી ભવાંતનો પુરુષાર્થ કરવો.

પૂજ્ય ગુરુદેવ 'શુભ શીતળતામય છાંય રહી' તે ભક્તિ ગવાતી હોય, તેમાં 'ભજીને ભગવંત ભવંત લહો' તે લીટી આવે ત્યારે ડોલતા હતા. ભગવંતને ભજી ભવનો અંત લો તો કામનું છે, નહિતર પાછળ ભવની ડાંગ ઊભી જ છે. અધ્યાત્મપ્રધાન તત્ત્વનું વાંચન, મંથન કર્યા કરવું. સર્વોત્કૃટ એવાં પંચ પરમાગમ ફરી ફરીને વાંચવાં. 'હું સમકિત લઈશ જ' એવી આંતરિક સાચી દઢતા તે પાત્રતા છે. પાત્ર થવા વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજો. મૂળ તત્ત્વની સમજણ અને સ્વાનુભવની પ્રાપ્તિ તે જ આશ્રમમાં રહેવાનું સાર્થકપણું છે. તત્ત્વની દઢતા કરી આત્માનુભવની તીવ્ર લગની તે મૂળભૂત પાત્રતા છે. પાત્ર થવા પ્રતીતિ લાવો કે 'હું એક ભગવાન આત્મા છું.' તર્કથી ન્યાયથી તે બેસે તે પાત્રતા છે. સમજણમાં જ પાત્રતા રહેલી છે. જ્ઞાયકતત્ત્વ અનુભવમાં નિર્વિકલ્પપણે વેદાય તે કરવાનું છે. તત્ત્વની પ્રતીતિ સાચી થાય અને લક્ષ થાય ત્યારે નવનોકષાયમાં રહેવું અતિ દુઃસહ લાગે.

આવા મહાન ધર્મોપકારી પૂજ્ય મામાના ચિરવિયોગથી અમને સૌને અતિ દુઃખદ આઘાત લાગ્યો છે. તેઓ સ્વર્ગમાંથી પણ અમારા ઉપર આશિષ વરસાવતા રહે એવી અંતરની ભાવના સહ તેમને કોટિ કોટિ વંદન.

*

ॐ

नमः श्रीधातकी-विदेहभाविजिनवराय।

नमः परमोपकारि श्रीकहानगुरुदेवाय।

वन्दे भगवतीमातरम्।

## અધ્યાત્મરસિક, શ્રુતભક્ત, પંચપરમાગમના અનુવાદક, કુંદકુંદભારતીના પનોતા પુત્ર, કહાનગુરુશાસનના વજ્રસ્તંભ, ઊંડા આદર્શ આત્માર્થી, પંડિતરત્ન આદરણીય

# શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ (B.sc.) પ્રતિ ઉપકૃતભાવભીનો અહોભાવ

**અધ્યાત્મરસિક ! શ્રુતભક્ત !**

સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મવિદ્યાનો યુગ પ્રવર્તાવનાર ચિદાનંદરસાસ્વાદી પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની કૃપાભીની પવિત્ર આજ્ઞા ઝીલીને અને સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની કલ્યાણી પ્રેરણાથી, અધ્યાત્મવિદ્યાના ઉત્કૃષ્ટ જ્યોતિર્ધર પરમપૂજ્ય શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવનાં મહાકલ્યાણકારી શ્રી સમયસાર આદિ પરમાગમોની ગાથા તથા સંસ્કૃત ટીકાનું ઘણું ઊંડું અવગાહન કરી, આચાર્યદેવના હાર્દ સુધી પહોંચી, પૂર્વાપર યથાર્થ સંદર્ભ વિચારી, અત્યંત સાવધાની અને શ્રુત પ્રત્યેની અસાધારણ ભક્તિપૂર્વક ભાવવાહી ગુજરાતી અનુવાદ કરવાનું મહાન સૌભાગ્ય પ્રાપ્ત થયું છે એવા પૂજ્ય બહેનશ્રીના વડીલ બંધુ આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતભાઈ ! આપે અધ્યાત્મજિજ્ઞાસુ સમાજને, અધ્યાત્મરસિકતાપૂર્વક રચાયેલા અનુવાદો દ્વારા, અધ્યાત્મનિધાનની અણમોલ ભેટ આપી મહાન ઉપકાર કર્યો છે. આવી પ્રવચનભક્તિવત્સલતા અને અનુપમ અધ્યાત્મસાહિત્યસેવા ભારતવર્ષના ધાર્મિક ઇતિહાસમાં સુવર્ણાક્ષરે ચિર-અંકિત રહેશે. તે દ્વારા જૈનસાહિત્યસૃષ્ટિમાં આપે સોનગઢ અધ્યાત્મતીર્થને ઉજ્જ્વળ બનાવ્યું છે. અધ્યાત્મરસિકતા અને શ્રુતભક્તિ દ્વારા જૈનશાસનની આવી મહાન સેવા બદલ આપનું જેટલું બહુમાન કરીએ તે ઓછું છે. આવી મહાન સેવા માટે આપને કોટિકોટિ ધન્યવાદ ઘટે છે. આપની શુદ્ધાત્મસ્પર્શી અધ્યાત્મરસિકતાનું અમો બધા અંતરના આદરપૂર્વક બહુ સન્માન કરીએ છીએ.

**પંચપરમાગમના અનુવાદક !**

શ્રી સમયસાર પરમાગમના ગુજરાતી અનુવાદ તથા તેના ઉપોદ્ઘાતથી વ્યક્ત થતા આપના અધ્યાત્મરસભીના ઊંડા આત્માર્થથી પ્રભાવિત થઈને પૂજ્ય ગુરુદેવશ્રીએ આપને અતિપ્રસન્નતાથી 'નિકટ મોક્ષગામી' તરીકે બિરદાવ્યા છે અને પૂજ્ય બહેનશ્રીના સ્વાનુભવવિભૂષિત નિર્મળજ્ઞાનમાં આપના વિષે 'નિકટ ભવી'નો તથા ભૂત, ભવિષ્ય અને વર્તમાનના 'વિશિષ્ટ પુરુષ' તરીકેનો તથા નિર્મળ સ્પષ્ટ જાતિસ્મરણજ્ઞાનમાં 'જૈનંદ' અને 'જયંદ' નામના ધાર્મિક ગુણોવાળા ભાઈ તરીકે સમ્યક્પ્રતિભાસ અંતરથી આવ્યો છે. એવા આપ પૂર્વના સંસ્કારી, અસાધારણ વ્યક્તિત્ત્વના ધારક, ઊંડા આત્માર્થીએ નિજ આત્માના પ્રયોજનાર્થે ભગવત્કુંદ-કુંદાચાર્યદેવનાં પંચપરમાગમોનો—મૂળ પ્રાકૃત ગાથાઓનો ગુજરાતી હરિગીત છંદમાં અને સંસ્કૃત ટીકાઓનો ગુજરાતી ભાષામાં સીધો સરળ ભાવવાહી અનુવાદ કરી લોકોત્તર મહાન ઉપકાર કર્યો છે. શાસ્ત્રોના ગંભીર અર્થો ઉકેલવાની વિલક્ષણ કુશાગ્ર બુદ્ધિ શાસ્ત્રોક્ત અધ્યાત્મવિષયોને શબ્દ-ભાવગંભીરતા જાળવીને સરસ અને સુગ્રાહ્યપણે અનુવાદમાં રજુ કરવાની વિશિષ્ટ કળા, વાંચતાં જ અધ્યાત્મ પ્રત્યે રુચિ જાગૃત કરે એવી અધ્યાત્મરસભરી લેખનશૈલી, કાવ્યમાં અધ્યાત્મતત્ત્વ ઉતારવાની ખાસ શક્તિ વગેરે આપની અસાધારણ વિશેષતાઓએ સમગ્ર મુમુક્ષુ સમાજ ઉપર આપના વિષે 'ઊંડા આદર્શ આત્માર્થી'પણાની છાપ ઊભી કરી છે.

**કુંદકુંદભારતીના પનોતા પુત્ર ! ઊંડા આદર્શ આત્માર્થી !**

પરમાગમોના અનુવાદ દ્વારા કુંદકુંદ-અધ્યાત્મવાણીની ઊંડી ઉપાસના કરી હોવાથી આપ ખરેખર કુંદકુંદભારતીના પનોતા પુત્ર છો. આપ ઊંડા આદર્શ આત્માર્થી હોવા ઉપરાંત ગંભીર, વૈરાગ્યશીલ, શાંત, ઊંડા તત્ત્વચિંતક, સદ્ધર્મરુચિવંત તેમ જ તત્ત્વાન્વેષક છો, વિવેકી, સજ્જન તથા અધ્યાત્મકવિ પણ છો. આપ સંસ્કૃતભાષાનું ઊંડું વિશાળ જ્ઞાન ધરાવો છો, વિશિષ્ટ ક્ષયોપશમવંત પ્રતિભાસંપન્ન વિદ્વાન છો. આપે અધ્યાત્મપ્રધાન જૈન શાસ્ત્રોનું ઊંડું ચિંતન-મનન-અવધારણ કર્યું છે. શાસ્ત્રનાં ઊંડા ભાવભાસનની શક્તિ આપની અદ્‌ભુત છે. આપની આત્મજ્ઞાનપિપાસા અતિ તીવ્ર છે. તેના સાક્ષાત્કાર માટે આપનો અવિરત પ્રયત્ન છે. વૈરાગ્યપરાયણતાની સાથે સાથે આપ આત્મહિતસાધના પણ કરી રહ્યા છો, તે અત્યંત પ્રશંસનીય અને અનુકરણીય છે. ખરેખર મુમુક્ષુસમાજ માટે આપ એક ઉચ્ચ આદર્શ છો.

**કહાનગુરુશાસનના વજ્રસ્તંભ !**

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ પ્રરૂપેલ કુંદકુંદપરમાગમોનાં ગંભીર રહસ્યોને આપ યુક્તિ-ન્યાયપૂર્વક, સાદાં સરળ દૃષ્ટાંત દ્વારા સમજાવો છો અને એ રીતે મુમુક્ષુઓને ગુરુદેવનો આશય સમજાવીને તેમની વાણી પ્રત્યે દૃઢ પ્રતીતિ ઉપજાવો છો. એ રીતે આપ કહાનગુરુશાસનના વજ્રોપમ દૃઢ સ્તંભ છો. પરમાગમોના અનુવાદો દ્વારા કહાનગુરુ-પ્રભાવનાયોગમાં આપનો બહુમૂલ્ય ફાળો છે. પરમાગમોના અનુવાદ ઉપરાંત પરમાગમોના મધુરા ઉપોદ્‌ઘાત, પૂજ્ય ગુરુદેવશ્રીનું જીવનચરિત્ર, સમયસારસ્તુતિ, સીમંધરજિનસ્તુતિ, જિનવાણીસ્તુતિ, સમવસરણસ્તુતિ, સદ્‌ગુરુદેવસ્તુતિ, માનસ્તંભસ્તુતિ, પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન વિષે અધ્યાત્મ તેમ જ તત્ત્વરસથી તરબોળ સુમધુર કાવ્યો, પૂજ્ય બહેનશ્રીનો જીવનપરિચય વગેરે અનેક ગદ્યપદ્યાત્મક આપની પ્રભાવક રચનાઓ કહાનગુરુશાસનપ્રભાવનાનું વિશિષ્ટ અંગ છે. આવી અધ્યાત્મરસપૂર્ણ કાવ્યો રચવાની આશ્ચર્યકારી કવિત્વશક્તિ આપનામાં સહજ રહેલી છે. આ ભવ્ય રચનાઓ દ્વારા સમગ્ર મુમુક્ષુ જગત ખૂબખૂબ ઉપકૃત થયેલ છે. આપની આ અમર કૃતિઓ કહાનગુરુશાસનરૂપ મહેલના વજ્રસ્તંભ સમાન છે.

**આપનું હૃદય અને મંગલ પ્રેરણા !**

સમયસાર આદિ પરમાગમ પ્રત્યે અપાર ભક્તિ આપના જીવનમાં વણાઈ ગઈ હોવાથી આપ વારંવાર કહો છો કે—'આત્મપ્રાપ્તિનો પુરુષાર્થ કરવાનો રસ્તો પ્રાપ્ત કરવો હોય તો જ્ઞાયકના લક્ષે સમયસાર, પ્રવચનસાર વગેરે મૂળશાસ્ત્રોનો ઊંડાણથી અભ્યાસ કરવો જોઈએ'.—એ આપનું હૃદય અને મંગલ પ્રેરણા છે. વર્તમાન જેમની અંતરંગ પરિણતિ શુદ્ધાત્માભિમુખ-તારકજ્ઞાયક તત્ત્વ તરફ નિરંતર પ્રગતિ કરી રહી છે અને આત્મસાક્ષાત્કારના પુરુષાર્થ તરફ ઢળી રહી છે એવા 'નિકટ મોક્ષગામી' અને 'નિકટ ભવી' એવા આપને અમારાં સૌનાં શત શત વંદન તેમ જ હાર્દિક અભિનંદન.

અમારા ગુરુની સભાનો તું તો, 'હિંમત' વિશિષ્ટ વ્યક્તિ છો; જ્ઞાનીનાં તત્ત્વજ્ઞાન તો, તારા હૃદયમાં ઢળ્યાં છે, અને તે તત્ત્વજ્ઞાનનાં દાન, યથાશક્તિ તું મુમુક્ષુઓને આપતો; શાંત તું મૂર્તિના જેવો, સ્નેહસાગર-શો અમારો, આદરણીય પંડિતરત્ન તું છો.

આવા અનેક ઉત્તમ સદ્‌ગુણોના ધારક એવા આપશ્રી પ્રત્યે 'ઉપકૃતભાવભીનો અહોભાવ' વ્યક્ત કરવાનું સૌભાગ્ય તેમ જ સુઅવસર અમને પ્રાપ્ત થયો તે બદલ અમે ધન્યતા અનુભવીએ છીએ. આપનું સ્વાસ્થ્ય હંમેશાં સુખાકાર રહે અને આપ રત્નત્રયની શીઘ્ર પ્રાપ્તિ કરો એવી સહૃદય ઊંડી ભાવના સાથ—

પૂ. બહેનશ્રી ચંપાબેનની ૮૯મી
જન્મજયંતી પ્રસંગે
સોનગઢ, તા. ૨૪-૮-૨૦૦૨

*આપશ્રીના ગુણાનુરાગી ગઢડાનિવાસી (હાલ ચેન્નાઈ)*
*કાન્તિલાલ અમીચંદ કામદાર, પ્રવીણાબેન કાન્તિલાલ કામદાર,*
*અશ્વિન કાન્તિલાલ કામદાર અને ભરત કાન્તિલાલ કામદાર*

# આદરણીય પૂ. પંડિતજીના સ્વર્ગવાસ નિમિત્તે આવેલ તારની યાદી

| | |
|---|---|
| શાંતિલાલ વી. શેઠ એન્ડ ફેમિલી | બેંગ્લોર |
| યુગલકિશોરજી જૈન 'યુગલ' | કોટા |
| વાંકાનેર દિગંબર જૈનસંઘ | વાંકાનેર |
| મનહરલાલ ધીરજલાલ શાહ ફેમિલી | સુરત |
| બળવંતરાય મહેતા (પ્રમુખ) દિગંબર જૈન સ્વાધ્યાય મંડળ | ગોહાટી |
| જેઠાલાલ હંસરાજ દોશી, દિગંબર જૈન મુમુક્ષુમંડળ, | સિકંદ્રાબાદ |
| કાંતિલાલ અમીચંદ કામદાર એન્ડ ફેમિલી | ચેન્નાઈ |
| મીના વિનોદ શાહ | જમશેદપુર |
| પ્રમુખ, શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ | સુરેન્દ્રનગર |
| ચંદ્રકાંત એમ. શાહ | મુંબઈ |
| શ્રી બોરીવલી દિગંબર જૈન મુમુક્ષુમંડળ | બોરીવલી |
| બોરીવલી યુવકમંડળ | મુંબઈ |
| શ્રી સૂર્યકીર્તિ ભજનમંડળ | મલાડ |
| મુમુક્ષુમંડળ, દાહોદ | દાહોદ |
| હૈદ્રાબાદ મુમુક્ષુમંડળ | હૈદ્રાબાદ |
| મનુભાઈ શેઠ | બેંગ્લોર |
| જલગાંવ મુમુક્ષુમંડળ | જલગાંવ |
| કુમુદબેન અને સુમિત્રા બી. શાહ | ચેન્નાઈ |
| દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ | રાજકોટ |
| બ્ર. જ્યોત્સ્નાબેન તથા સર્વ બ્રહ્મચારી બહેનો | રાજકોટ |
| હસમુખલાલ દોશી | સિકંદ્રાબાદ |
| સૌરભ અને શીલા જૈન | ઈંદોર |
| પ્રવીણભાઈ વોરા | મુંબઈ |
| અજમેરા એન્ડ સન્સ (સિતાબડી) | નાગપુર |
| ચંદ્રિકાબેન પ્રફુલ્લચંદ્ર ઠોસાણી એન્ડ ફેમિલી | ભીલાઈ |
| મધુર મહેતા તથા પ્રવીણાબેન | હોંગકોંગ |
| બાબુભાઈ મહેતા | ફતેહપુર |
| કોકિલાબેન ગાંધી | વડોદરા |
| દિગંબર જૈન મુમુક્ષુમંડળ | સુરત |
| અશોકભાઈ જૈન | ખંડવા |
| મોતીલાલ જૈન | ખંડવા |
| કેવલચંદ પાંડ્યા | ગુના |
| અરુણ જોષી | ભાવનગર |

## શોક સંદેશ

| | |
|---|---|
| Echjay forging P Ltd | kanjur marg |
| ketan Bavisi | Thane |
| kantibhai modi | vile parle |
| Rajesh shah | |
| Ajitbhai, manjula | Nairobi |
| shirish Rasiklal sanghvi | nasik |
| Devang, Nilesh, sandip, veena, Manish | chicago |
| Jayant N. parekh | Newyork |
| Digamber Jain trust-- (Bhabhutmalji & pravinbhai) | Banglor |
| Jethalal Hansraj parivar & Dhirajlal Maganlal parivar | secundrabad |
| બાબુભાઈ રતનશી શાહ | લંડન |
| પૂર્ણિમાબેન | આગ્રા |
| કહાનગુરુ સ્વાધ્યાય મંડલના સભ્યો | વડોદરા |
| રસિકલાલ ભૂરાલાલ ગોપાલજી કામદાર-પરિવાર | સુરત |
| શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર | સનાવદ |
| અખિલ ભારતીય જૈન યુવાફેડરેશન | જયપુર |
| શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ (મહામંત્રી, પૃથ્વીચંદ જૈન) | દિલ્હી |
| આત્મસાધના કેન્દ્ર— શ્રી દિગંબર જૈન કુંદકુંદકહાન આત્માર્થી ટ્રસ્ટ | નવી દિલ્હી |
| શ્રી દિગંબર જૈન ત્રિભુવનતિલક સીમંધરન્યાસ | ગ્વાલીયર |
| આનંદકુમાર, મમતા, પ્રણવ, સારિકા | અમેરિકા |

*

# ભવાર્ણવમાં રક્ષક : પૂ. મામા

—બ્ર. આશાબેન, ચંદ્રાબેન તથા સ્વાધીનબેન, સોનગઢ

ઉપકારી ! આદર્શ સભી કે, થે અજાતશત્રુ જગકે,
સમકિત સન્મુખકી પરિણતી થી, રાહીથે તુમ શિવમગકે
શત્ સહસ્ર વર્ષો તક હમ સબ, તુમ્હે ભુલા નહીં પાયેંગે.
પંચ પરમશ્રુત અનુવાદોંસે, સમ્યક્ દીપ જગાયેંગે.

કૃપાળુ મામાનો સ્મૃતિઅંક ! જેની એક ક્ષણની પણ વિસ્મૃતિ ન થાય, એવા જીવનના શ્વાસે શ્વાસમાં વસનારા, દૈવી સંતોના અદ્ભુત કૃપાપાત્ર આ લોહપુરુષનું આપણે શું ગુણગાન કરી શકીશું ? પૂ. ભગવતી માતા અને પૂ. મામા વચ્ચેના કડી રૂપ લાભના ૪૩-૪૪ વર્ષનો નિકટના પરિચયના અનેકાનેક પ્રસંગો સ્મૃતિપટ પર તાજા થાય અને હૃદય બોલી ઊઠે, વાહ ! વાહ ! સાતિશય ગુણોધારી, નિકટ મોક્ષગામીની શી નિર્માનતા ! માનના ભાવ તો નહીં પણ માનનો તો અંતરથી ત્રાસ હતો ત્રાસ. શી નિસ્પૃહતા ! શી તત્ત્વ સંબંધી દૃઢતા ! શો કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેના અહોભાવ ! ને શો તેમના ટીકાકાર પ્રત્યેનો મહિમા ! પૂ. ગુરુદેવને તો જ્ઞાન ને આનંદ સ્વરૂપે પૂર્ણ જોઉં છું, ને બહેનશ્રીની તો ધૂન રહે છે ધૂન. એમ અતિશય મહિમા ભક્તિ સહિત જીવનની છેલ્લી શ્વાસે પણ બહેનશ્રી પાસે જાઉં છું, બહેનશ્રી પાસે જાઉં છું એમ કહી આ વિદેહીરત્ન મહાપુરુષો પાસે અધૂરી સાધના પૂરી કરવા પહોંચી ગયા. આપણે પણ તેમના હૃદયની ગંભીરતા સમજવા થોડો પ્રયત્ન કરીએ.

મામા ! આપે તો પંચપરમાગમોનો અનુવાદ કરીને અમારા ઉપર અનંત અનંત ઉપકાર કર્યો છે—એમ સાંભળતાં પૂ. મામા ખૂબ જ વૈરાગ્ય ને દૃઢતાથી બોલ્યા—''અનુવાદ કરનાર હું કોણ ? હું તો પામર પ્રાણી કાંઠે ઊભો હતો. આ તો જેમ ગંગાનદીનું પાણી બહુ નિર્મળ છે, પવિત્ર છે એમ એની પ્રશંસા બધી હિમાલયને લાગુ પડે છે એમ અનુવાદની બધી પ્રશંસા પૂ. ગુરુદેવરૂપ હિમાલયને ખાતે જાય છે. જેમ વસંતઋતુમાં કોયલ ટહુકાર કરે છે તે વસંતઋતુનો પ્રતાપ છે તેમ પૂ. ગુરુદેવ અને પૂ. બહેનશ્રીએ એવી પવિત્ર વસંતઋતુ ખીલવી કે જેમાં સહજ મધુર અનુવાદ થઈ ગયા !

મામા ! બે હજાર વર્ષમાં આવા સ્વાનુભૂતિના સ્તંભ સમાન પંચપરમાગમની ગાથાઓનો અનુવાદ ન થયો આ તો આશ્ચર્ય લાગે ! પૂ. મામા (ગંભીર મુસ્કરાહટ સાથે) હા, મને પણ આશ્ચર્ય થાય, સમર્થ વ્યક્તિઓ પં. ટોડરમલજી, બનારસીદાસજી વગેરે ઘણા થયા, પણ આ પંચપરમાગમના અનુવાદનો લાભ મને મળ્યો તે મારા જીવનની અમૂલ્ય ઉપલબ્ધિ છે. સત્પુરુષોની મહાન કૃપા છે.

પ્રશ્ન :–મામા ! આપને તો પૂ. ગુરુદેવ અને પૂ. બહેનશ્રીનુ ઘણું સાન્નિધ્ય મળ્યું છે.

મામા :–પૂ. ગુરુદેવ અને પૂ. બહેનશ્રી જેવી પરિણતિ જેટલા અંશે આપણા જીવનમાં ઘડાય તેટલું તેમનું સાન્નિધ્ય, બાકી બહારના સાન્નિધ્યની કાંઈ કિંમત નથી.

પ્રશ્ન :–જો અમારી એવી પરિણતિ ન ઘડાય તો ?

મામા :–તો થયું...તો તમે ચતુર્ગતિમાં રખડો એમ તો મારાથી કેમ કહેવાય ? કેમ કે સત્પુરુષોની જેમ પરિણતિ ઘડ્યા સિવાય ભવાંતનો બીજો કોઈ ઉપાય જ નથી. પૂ. મામા કહેતા હતા—

✍ હું ભરચક ભરેલો ધ્રુવ જ્ઞાયક છું એ તો જૈનશાસનનો પાયો છે, તે તો અધ્યાત્મની ધરી છે, તે જ

ગુરુદેવનો મૂળમંત્ર છે. સમયસાર નિયમસારમાં આચાર્યદેવે તેના ઉપર ખૂબ જ જોર આપ્યું છે. કોઈ પણ શર્તે તે વાત ઢીલી કરવા જેવી નથી. નહીંતર જૈનશાસનમાં કાંઈ રહેશે જ નહીં. શુદ્ધિ પ્રગટ કરવા જેવી છે પણ તેનો આધાર શું ? કઈ વિધિથી શુદ્ધિ પ્રગટ થશે ?—તો ધ્રુવ જ્ઞાયકના જોરે. પ્રારંભથી પૂર્ણતા સુધી બધું ધ્રુવજ્ઞાયકના જોરમાં સમાયેલું છે; તે જ મૂળ વસ્તુ છે.

✍ અભેદ જ્ઞાયકનું જોર થતાં સમકિત, ને તેનું જ જોર વધતાં વધતાં મુનિદશા, શ્રેણી અને કેવળજ્ઞાન. કેવળજ્ઞાન થતાં પ્રયોગ પૂરો થયો, પણ તેનું જે જોર તે તો એવું ને એવું ઊભું રહ્યું. 'હું તો ધ્રુવ જ્ઞાયક જ' એ પરિણમનને જ પરમાવગાઢ સમકિત કહ્યું. શ્રદ્ધાના જોરે સિદ્ધ સંસારમાં આવતા નથી.

✍ હું પરિપૂર્ણ ચૈતન્ય-ચક્રવર્તી છું એવી જે સંતોષવૃત્તિ, તૃપ્તિ તે પુરુષાર્થ છે.

✍ મારું કાંઈ ગયુ નથી, હું તો એવો ને એવો પરિપૂર્ણ જ્ઞાયક છું એમ ભાસવું તે પુરુષાર્થ છે.

✍ ભરચક ધ્રુવ જ્ઞાયકનું જોર તે પુરુષાર્થ છે. જ્ઞાયકનો પાકો નિર્ણય કરવો તે પુરુષાર્થ છે. શ્રદ્ધાનું જોર ધ્રુવ જ્ઞાયક તરફ લઈ જવું તે પુરુષાર્થ છે.

✍ બાહ્ય પ્રવૃત્તિ (ક્રિયાકાંડ) તે મોક્ષમાર્ગ નથી પણ આત્માની મહિમા પૂર્વક પરિણતિમાં પલટો થવો તે મોક્ષમાર્ગ છે.

✍ આત્મા અરૂપી હોવાથી તેના મોક્ષ માટેનો પુરુષાર્થ તે પણ અરૂપી જ હોય, તેની પ્રાપ્તિ માટે પ્રયોગ પણ અરૂપી જ હોય. શરીરાદિની ક્રિયા તે કાંઈ મોક્ષમાર્ગ નથી.

✍ 'હું આ રહ્યો સ્વભાવે જ્ઞાયક.' આ એક વાક્યમાં ૧૨ અંગનો સાર સમાય છે. આ પરને જાણું તો જ્ઞાયક એમ નહીં પણ સ્વભાવે જ્ઞાયક જ છું એવી પરિણતિ ઘડાઈ જવી તે જ જ્ઞાયકનું આલંબન.

✍ અનંતકાળથી તુ પોતે કર્તા થઈને પર્યાય ઉપર જોર આપતો આવ્યો છે, હવે તું સ્વયં કર્તા થઈને પૂર્ણજ્ઞાયકભાવ ઉપર લક્ષ કર, જોર દે, ત્યાં જા; બસ આ સર્વ શાસ્ત્રનો સાર છે.

✍ શાસ્ત્રોના શબ્દોને પૂ. ગુરુદેવના શબ્દોને પોતાની પરિણતિ સાથે મેળવતા શીખ; પુણ્ય પાપ સરખાં છે, એક તૃણના બે કટકા કોઈ કરી શકતું નથી, આ તો શાસ્ત્રના શબ્દ છે, પણ મને પોતાને એમ વેદનમાં લાગે છે—એમ પોતાની પરિણતિમાં લાગે તો માર્ગ સૂઝે.

આપણને પૂ. ગુરુદેવ મળી ગયા, બસ હવે આપણો તો મોક્ષ થશે જ ને ! એવી ખોટી હુંફમાં રહેવા જેવું નથી. અનંત વાર સમોસરણમાં જઈને પાછો આવ્યો છે. જેમાં તરતું જ્ઞાયકતત્ત્વ પરમ પારિણામિકભાવ મુખ્ય તરવરતો હોય, એવું જે તત્ત્વજ્ઞાન તે જ મોક્ષને આપે છે. એમ શ્વાસે શ્વાસે પંચપરમશ્રુતના સારભૂત જ્ઞાયકનો પુરુષાર્થ કરો—એવું કહેનાર કૃપાળુ મામાનાં ચરણોમાં લાખ, કરોડ વંદન. મામા ! આ ભીષણ ભવાર્ણવમાં અમારી રક્ષા કરજો બસ એજ પ્રાર્થના.

*

*શાહ પ્રેમચંદભાઈ કાનજીભાઈ, લાઠી*

પંડિતજી સંસ્કૃતના પ્રકાંડ વિદ્વાન હતા. એમનું નિરંતર ચિંતન, અધ્યયન, મનન, લેખન અમારા માટે અનુકરણીય, આદર્શ, ને પ્રેરણાદાયક છે.

પંચ પરમાગમોનો ગુજરાતી અનુવાદ બે હજાર વર્ષમાં કોઈએ નથી કર્યો તે પંડિતજીએ કર્યો તેના વખાણ પૂ. ગુરુદેવશ્રી કરતા હતા. તેમનો ઉપકાર મુમુક્ષુ સમાજ ભૂલે તેમ નથી. *

## અધ્યાત્મ-જગતમાં સદા અમર : પૂજ્ય હિંમતભાઈ

*—વિનોદભાઈ દોશી તથા સુશીલાબેન દોશી, લંડન*

પંડિતપ્રવર પૂજ્ય શ્રી હિંમતભાઈ શાહના સ્વર્ગવાસ થયાના સમાચાર ગઈ કાલે મળ્યા. સાંભળી ઘણા જ દિલગીર થયા છીએ. છેલ્લા વીસ વર્ષથી અમને તેમના તરફથી આત્માર્થ માટે બહુ જ ઉપયોગી માર્ગદર્શન મળ્યું છે. તેઓશ્રીએ આત્માર્થ માટે જ જીવન સમર્પિત કરી દીધેલ હતું અને શ્રી ગુરુચરણમાં રહીને સ્વ-પર હિતના કાર્યમાં લાગેલા જ રહ્યા. તેમનું તદન સાદું તથા નિસ્પૃહ જીવન બધા મુમુક્ષુઓને પ્રેરણાદાયક છે. તેઓશ્રીએ પાંચ પરમાગમોનો અનુવાદ કરી, સુંદર મધુર હરિગીતોની રચના કરી, શ્રી સદ્ગુરુસ્તુતિ, શ્રી સમયસારસ્તુતિ વગેરે ઘણું સાહિત્ય સંર્જન કર્યું. તે બધું વર્તમાનના તથા ભવિષ્યના આત્માર્થી જીવોને ઘણું જ લાભદાયી નીવડશે, તથા તેમનું સર્જન આધ્યાત્મિક જગતમાં સદા અમર રહેશે. તેઓશ્રીનો જેટલો ગુણાનુવાદ કરીએ તેટલો ઓછો છે. તેઓશ્રીએ અમને ઘણો જ પ્રેમ તથા માર્ગદર્શન આપેલ છે.

*

## પૂ. મામાની આધ્યાત્મિક સ્મૃતિ

*—એસ. ટી. વોરા, નવરંગપુરા*

Today is lost memory, for our late honourable Pujya mama for the comman society, but it will last for ever for spiritual society.

નદીનાં વહી ગયેલાં પાણી પાછાં કદી વળતાં નથી. તેમ પૂ. મામાશ્રી હવે કદી પાછા આવવાના નથી. નદીના કિનારાની જમીનો જેમ ફળદ્રુપ થાય છે તેવી રીતે પૂ. મામાશ્રીના અનુવાદ કરાયેલાં પંચપરમાગમનાં શાસ્ત્રો વાંચીએ તો જ્ઞાનરૂપી જમીન ફળવાથી દર્શનમોહ ક્ષીણ થાય છે, જે મોક્ષ જવા માટે પ્રથમ પગથિયું છે. આવી મહાન બક્ષીસ પૂ. મામાશ્રી આપણને આપીને ગયા છે. તેમના ઉપકારનો બદલો આપણા જેવા પામર ક્યારે વાળી શકીશું ? તેનું દુઃખ મનમાં જરૂર ઘમરોળાય છે.

પૂ. મામાશ્રી જ્યાં હોય ત્યાં પોતાના સ્વરૂપચિંતનમાં જ હશે તે નિર્વિવાદે તેમના ચરણોમાં કોટિ કોટિ વંદન.

*

*—શાહ ભગવાનજી કચરાભાઈ, લંડન*

જત પંડિતજી શ્રી હિંમતભાઈના શનિવારે થયેલ દુઃખદ અવસાનના ખબર જાણી અત્યંત દિલગીર થયા છીએ. પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ, તેમના આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાય. એમનું જ્ઞાન અને ધર્મના ઊંડા સંસ્કારો અને જીવન મુજબ તેઓ નિકટ મોક્ષગામી છે. પંડિતજીના ઉપકાર વિષે જેટલું કહીએ એટલું ઓછું છે. તેમને અમો હૃદયપૂર્વક ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. તેઓ ખૂબ જ નિખાલસ, સરળ સ્વભાવી અને સાદું જીવન જીવનાર હતા, જે આપણે સૌએ અનુકરણ કરવા જેવું છે.

*

*—ઝવેરચંદ પૂનમચંદ તથા લક્ષ્મીબેન, લંડન*

આપણા સૌથી જૂના વિદ્વાન અને માનનીય પંડિત શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહના જવાથી આપણા સોનગઢ સમાજમાં ઘણી ખોટ પડી એટલું જ નહિ પણ સારા દિગંબર સમાજમાં મોટી ખોટ

પડી છે. તેમના હાથે પૂ. ગુરુદેવે પ્રરૂપેલા ધર્મની પ્રભાવનાનાં ઘણાં ઘણાં કાર્યો થયા છે અને તે જ કાર્યોથી સારા દિગંબર સમાજમાં ઉન્નતિ આવી અને ઘરે ઘરે પંચપરમાગમો વંચાય છે અને ખૂબ પ્રસિદ્ધિ પામ્યા. ગુજરાતી ભાષાંતર થવાથી આપણા ગુજરાતી સમાજમાં નાના મોટા સૌ અભ્યાસી થયા અને દરેકને આત્મહિત કરવાની ભાવના જાગી. ધર્મની પ્રભાવના થવામાં પંડિતજીનો પણ મોટો ફાળો છે.

પંડિતજીએ પોતાની આખી જિંદગી પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં ગાળીને મુમુક્ષુઓ તેમ જ સોનગઢ વાસીઓને ખૂબ લાભ આપ્યો. આપણી વચ્ચેથી વિદાય લીધી ને સ્વર્ગમાં પૂજ્ય ગુરુદેવ પાસે જઈને તેઓ વસ્યા ને પાછા સાથે જ રહેશે. એ રીતે સુવર્ણપુરી પણ ત્યાં જ વસી જશે. ધીમે ધીમે બીજા ભવ્ય મુમુક્ષુઓ પણ તેમાં ભળતા જશે. તે મહાન આત્માને શત શત શ્રદ્ધાંજલિ !

*

*—શ્રી જયસુખલાલ છગનલાલ વાધર ચેરીટેબલ ટ્રસ્ટ, જામનગર*

આત્માર્થી આદરણીય, આપણા સૌના વડીલ પંડિત શ્રી હિંમતભાઈના દુ:ખદ અવસાનના સમાચાર જાણી અત્યંત દુ:ખ અને આઘાતની લાગણી થયેલ છે.

પંડિતશ્રીના અવસાનથી સમગ્ર દિગંબર સમાજને ન પૂરી શકાય તેવી મોટી ખોટ પડી છે. સ્વર્ગસ્થ આત્મા તુરત સિદ્ધપદને પામે તે જ પ્રાર્થના અને શ્રદ્ધાંજલિ.

*

*—હસમુખભાઈ પાલેજવાળા તથા કુટુંબીજનો*

આપણા પંડિતજી શ્રી હિંમતમામા આપણા સર્વેની વચ્ચેથી ચાલ્યા ગયા. આવા પ્રખર પંડિત મહાન વ્યક્તિએ પંચપરમાગમનો ગુજરાતીમાં અનુવાદ કરી આપણા ઉપર ઘણો જ ઉપકાર કર્યો છે તે ક્યારેય ભૂલી શકાય તેમ નથી. આપણા તારણહાર પરમપૂજ્ય ધર્મપિતા ગુરુદેવશ્રી તત્ત્વજ્ઞાન સંબંધી તેઓશ્રી સાથે ચર્ચા કરતા. પંડિતજી પાસેથી આપણને પણ ક્યારેક તત્ત્વચર્ચાનો લાભ મળતો હતો. રત્ન જેવા પંડિતજીને કેમ ભુલાય ? એમને કેવા શબ્દોમાં શ્રદ્ધાંજલિ આપવી તેના શબ્દો મારી પાસે નથી. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને, જ્યાં બિરાજતા હોય ત્યાં પરમ ચિર શાંતિ આપે તેવી ભાવના સહ તેમને પ્રણામ.

*

## * અમ બાળકોના વહાલા મામા *

*–ચિદ્રૂપ શાહ, જિનેંદ્રા શાહ, રિદ્ધિ શાહ, સુજય શાહ (અમદાવાદ)*

પૂજ્ય મામા બાળકો ઉપર ખૂબ જ વાત્સલ્ય વરસાવતા હતા. લૌકિક ભણતરની સાથે ધર્મને જીવનમાં કેમ ઉતારવો તે પૂ. મામાએ શીખવ્યું છે. પૂ. મામા કહેતા કે જિંદગીના ઊભા કાપા પાડવા એટલે દિવસના ઊભા ભાગ પાડવા જેથી ધર્મધ્યાન અને વાંચન વિચારનો સમય કાઢી શકાય, જે અમારા જીવન માટે ઘણું જ ઉપયોગી બન્યું છે. સત્સંગના અદ્ભુત મહિમાના પદો ગાતાં તેઓ કહેતા :

"એક ઘડી આધી ઘડી, આધી સે ભી આધ;
તુલસી સંગત સાધુ કી, કટે કોટિ અપરાધ."

એક ક્ષણની સજ્જન પુરુષની સંગતિ ભવાર્ણવ તરવામાં નૌકા સમાન છે. ક્યારેક વૈરાગ્યથી

ગાતા, જે જીવનમાં વૈરાગ્યની આવશ્યકતા દર્શાવે છે :–

''તમે કેટલા બંગલાઓ બંધાવ્યા, તમે કેટલા દામ ગાંઠે બચાવ્યા;
ચલાવી તમે ત્યાં કેટલી દુકાનો; પ્રભુ એ તમોને નથી પૂછવાનો.

પરંતુ તમે આત્મતત્ત્વની શ્રદ્ધામાં કેટલા આગળ વધ્યા, તે પ્રભુ તમોને નક્કી પૂછવાનો. 'પુરુષાર્થ' માટે અંગ્રેજી કવિતા પૂ. મામા નીચે મુજબ કહેતા...

The heights by great men, reached & kept,
Were not attained by sudden flight,
But they while their companions slept,
Were toiling upwards in the night.

અર્થ : મહાન પુરુષોએ જે ઊંચાઈઓ પ્રાપ્ત કરી હતી અને ટકાવી હતી તે આકસ્મિક ઉડ્ડયનથી પ્રાપ્ત થઈ નહોતી પણ જ્યારે તેમના સોબતીઓ (મિત્રો) ઊંઘતા હતા ત્યારે તે પુરુષો રાત્રિમાં આગળને આગળ સખત પરિશ્રમ કરતા હતા.

પૂ. મામા કહેતા.

"Art is long and time is fleeting, Let the dead past bury its dead;
Act Act in the leaving present, Heart within and god over head."

કાર્ય પુષ્કળ છે અને સમય ચંચળ (થોડો) છે. મૃત ભૂતકાળના મૃત પ્રસંગો દાટી દેવા, જીવંત વર્તમાનમાં કાર્ય કરો, કાર્ય કરો. અંદરમાં અંતરાત્માને અને માથા પર ઈશ્વર રાખીને. પૂ. મામા આવી કવિતાઓ દ્વારા પુરુષાર્થની પ્રેરણા આપતા અને તે બહુ જ યાદ આવે છે. એવા કુંદકુંદભારતીના પનોતા પુત્રને અમારા શત શત વંદન....

*

## ઊંડા આદર્શ આત્માર્થી પૂજ્ય મામાની આત્માર્થ પોષક શિખામણ

*— નરેન્દ્ર, હંસા, હિતેષ, સોનલ, આગમ.....*

જગતશિરોમણિ પૂજ્ય ગુરુદેવના શાસનના અણમોલ રત્ન અને પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના વડીલ બંધુ આદરણીય પૂ. મામાની ચિરવિદાયથી મુમુક્ષુસમાજે એક પવિત્ર આત્માની શીતળ છાયા ગુમાવી છે. આત્માર્થી મુમુક્ષુ સમાજે તેમનું શિરછત્ર ગુમાવ્યું છે. તેઓ મુમુક્ષુઓ માટે ઊંડા આદર્શ આત્માર્થી હતા.

'મુમુક્ષુ'ની પરિભાષા સંબંધી પૂ. મામા કહેતા :

''નિર્વિષયી, નિષ્કષાયી, ઉપશાંતમૂર્તિ, શાંતમુદ્રા એવા મહાત્માને જોઈ તેમના જેવા થવાનો નિષ્કારણ શોખ જેને હોય તેને 'મુમુક્ષુ' કહેવાય.''

મુમુક્ષુના ધાર્મિક સદ્‌ગુણો સંબંધી પૂ. મામા કહેતા :

૧. દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ઊંડી ઉલ્લાસભીની ભક્તિ :—

દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ઊંડી ઉલ્લાસભીની ભક્તિ અને અર્પણતા એટલે એના પર એની પાકી શ્રદ્ધા. પૂ. ગુરુદેવ અને પૂ. બહેનશ્રી ચંપાબેન પ્રત્યે પાકી શ્રદ્ધા. તે કહે તે પ્રમાણવચન.

૨. સહૃદય આત્માર્થિતા :—સાચી આત્માર્થિતા, કામ એક આત્માર્થનું બીજો નહીં મનરોગ.

આત્માનું જ એક પ્રયોજન, બીજું કાંઈ પ્રયોજન નહીં. હાર્દિક આત્માર્થિતા તે મુમુક્ષુનો ધાર્મિક સદ્‌ગુણ છે.

૩. સ્વાનુભૂતિ પ્રત્યે અંતરથી અહોભાવ :—

સ્વાનુભૂતિ પરિણત પૂ. ગુરુદેવ અને પૂ. બહેનશ્રી પ્રત્યે અહોભાવ ખાસ રહેવો જોઈએ. સ્વાનુભૂતિ એટલે તો ઠીક એમ pass over ન થાય. સ્વાનુભૂતિ કોઈ અદ્‌ભુત ચીજ છે અને તે મનુષ્યજીવનનું પ્રથમ કર્તવ્ય છે. સ્વાનુભૂતિ એટલે સમ્યગ્દર્શન. એ વાત પરમ સત્ય લાગવી જોઈએ ને હૃદયમાં ઊંડી ઊતરવી જોઈએ.

૪. જ્ઞાનીઓ પ્રત્યે સમર્પિત હૃદય :— જ્ઞાનીઓ પ્રત્યે સમર્પિત હૃદય ખાસ હોવું જોઈએ.

૫. તત્ત્વનિર્ણય :—સ્વાનુભૂતિની પ્રાપ્તિ માટે જ્ઞાનસ્વભાવી આત્માનો ગમે તેમ કરીને પણ દૃઢ નિર્ણય કરવો. જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય દૃઢ કરવામાં સહાયભૂત તત્ત્વજ્ઞાનનો—દ્રવ્યોનું સ્વયંસિદ્ધ સત્યપણું ને સ્વતંત્રતા, દ્રવ્યગુણપર્યાય, ઉત્પાદવ્યયધ્રૌવ્ય, નવતત્ત્વોનું સાચું સ્વરૂપ, જીવ અને શરીરની તદ્દન ભિન્ન ભિન્ન ક્રિયાઓ, પુણ્ય અને ધર્મના લક્ષણભેદ, નિશ્ચયવ્યવહાર ઇત્યાદિ અનેક વિષયોના સાચા બોધનો—અભ્યાસ કરવો. તેની સાથે તત્ત્વજ્ઞાનનો શિરમોર— મુગટમણિ જે શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય–તેનો દિવ્ય મહિમા હૃદયમાં સર્વાધિકપણે અંકિત કરવા યોગ્ય છે.

પૂ. મામાએ પંચપરમાગમોનો ગદ્ય ને પદ્યાનુવાદ કરી મુમુક્ષુ સમાજને અણમોલ ભેટ આપી છે જે ચિરકાળ પર્યંત રહેશે. આવા 'નિકટ મોક્ષગામી' ને અમારા શત શત વંદન.

*

# પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહ

*—હરિભાઈ પટેલ–સુરત*

તત્ત્વના મહાનજ્ઞાતા, તત્ત્વરસિક, જ્ઞાયકસ્વભાવના પરમ ઉપાસક પંડિતરત્નને મારી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. તેઓએ સુરતમાં રહીને શ્રી ગ્રંથાધિરાજ સમયસારનો ગુજરાતી અનુવાદ કર્યો ત્યારથી પંડિતજી પ્રત્યે મને આદર ને અહોભાવ આવ્યો કે આવા પુરુષના સાંનિધ્યમાં રહેવાનું બને તો ઘણું સારું. જોગાનુજોગ નૂતન જિનાલયના શિલાન્યાસ પ્રસંગે પંડિતજી સુરત આવ્યા, ત્યારથી તેમની નિકટમાં આવવાનું બન્યું, અને તેમની પ્રેરણાથી અને તેમના આશીર્વાદથી મને સોનગઢ કાયમ રહેવાની ભાવના સફળ થઈ.

પંડિતજી સાથે રોજ સાંજના ફરવા બધા મુમુક્ષુભાઈઓ જતા અને હું પણ જતો અને ત્યારે તત્ત્વચર્ચાઓ, મને ઓછી સમજાય પણ, સરસ થતી, ને પંડિતજીના જવાબોથી મને તેમના પ્રત્યે આદરભાવ ઘણો આવતો. પછી તો કહેવાનું જ શું ? તેમનો નિખાલસ અને આદરદાયી સ્વભાવ સાથે તત્ત્વસમજાવવાની શૈલી અજોડ હતી. હું જ્યારે જ્યારે તેમના નિવાસસ્થાને જતો ને તેમને નમસ્કાર કરીને, 'હું હરિભાઈ' કહેતો, ત્યારે તેઓ છેલ્લે છેલ્લે ઘણી વાર પ્રમોદથી 'હરિનો માર્ગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને' કહી ગાતા ને તેનો અર્થ સમજાવતા, એવી અનહદ કૃપા મારા પર તેમની હતી. પંડિતજીના નિકટ સાનિધ્યમાં રહીને મને સાચા તત્ત્વજ્ઞાનની સમજણ ને ચોખવટ થઈ છે. આ બધો ઉપકાર પંડિતજીનો છે.

આવા સ્વપર કલ્યાણક પંડિતજીના સથવારાથી અમે ભવભ્રમણનાં દુઃખથી છૂટીએ એ જ ભાવના.

## પૂજ્ય ગુરુદેવશ્રીના દરબારના અણમોલ રત્ન : પૂ. મામા

*—ધીરજલાલ ડેલીવાળા, ચેતન, રાજેન્દ્ર તથા અક્ષય*

જેનું દ્રવ્ય ત્રિકાળ મંગળ છે એવા પૂ. ગુરુદેવના દરબારના અણમોલરત્ન પૂ. મામાના વિયોગથી મુમુક્ષુ સમાજે પોતાનું શિરછત્ર ગુમાવ્યું છે. સત્સંગનો મહિમા સમજાવતાં પૂજ્ય મામા કહેતા હતા કે રત્ન જેવા સત્સાધક મહાત્માઓ મળ્યા તેનો લાભ ન લીધો તો રાખને માટે રત્ન બાળવા જેવું છે. સત્સંગ એ સર્વ સુખનું મૂળ છે. સત્પુરુષના સંગમાં રહી આત્માને ઓળખવાનો પ્રયત્ન કરવો. સોનગઢને નિવૃત્તિનું સાધન બનાવી આત્મકલ્યાણમાં વાપરે તો તેના જેવું નિમિત્ત ક્યાંય નથી.

તારો આત્મા અનંત શક્તિવાળો આવો મહાન છે. તેનો મહિમા સાંભળતાં તને ઝણઝણાટી નથી થતી ! તું પૂરેપૂરો ભરેલો, કદી ઓછો નહીં થયેલો તેવો આત્મા છે તેનું તને મહાત્મ્ય નથી આવતું ! મનુષ્યભવ દુર્લભ છે. સત્સંગ દુર્લભ છે તે બતાવતાં પૂ. મામા કાગડાનું દૃષ્ટાંત આપી કહેતા હતા કે, કાગડો ઊડતો હોય અને તેના મોઢામાં રત્નચિંતામણિ આવી જાય તેવો યોગ તને મળ્યો છે; માટે મારી મુક્તિ કેમ થાય એવું આ મનુષ્યભવમાં ચિંતવવું જોઈએ.

જ્યારે જ્યારે હું મામાના ઘરે જતો ત્યારે મામા કહેતા, ''કાં ! દરબાર, કેમ છો ? સોનગઢ રહેવું છે ને !'' એ શબ્દો કાનમાં ગુંજે છે. તેમનાં સોનગઢ રહેવાનાં તથા મનુષ્યભવ સફળ કરવાનાં આશીર્વાદ સાકાર કરું એ જ ભાવના.

આવા પંચપરમાગમનો સુંદર સરળ અનુવાદ કરનાર નિકટમોક્ષગામી પૂ. મામાને મારા શત શત વંદન.

*

## પંડિતરત્ન નિકટ મોક્ષગામી વિશિષ્ટ વ્યક્તિ પૂ. મામાશ્રી

*—દીપક કાંતિલાલ શાહ*

ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન, સારાયે મુમુક્ષુમંડળના મુગટ સમાન એવા પૂ. હિંમતભાઈ જે. શાહ (પૂ. મામાશ્રી)નું દેહાવસાન થતાં આધ્યાત્મિક જગતમાં અસહ્ય તેમ જ અકલ્પનીય સોપો પડી ગયો છે. તેઓશ્રી આધ્યાત્મિક જગતના એક અણમોલ સિતારા હતા. જગતમાં એવા કયા સદ્‌ગુણો છે કે જે પૂ. મામામાં ન હતા? આત્માર્થની ભાવનાવાળા જીવો માટે પૂ. મામાનું સમગ્ર જીવન પ્રેરણાદાયી હતું. અધ્યાત્મના વિષયમાં, તત્ત્વસંબંધી એમની સૂઝ--સમજ આશ્ચર્યકારક હતી. અધ્યાત્મના અણમોલ અને ગહન સિદ્ધાંતોને અનેક પડખેથી, અનેક અપેક્ષાઓથી, બારીકાઈથી, ઊંડાણપૂર્વક જોઈ, વિચારી, નિર્ગ્રંથ મુનિના હાર્દ સુધી પહોંચી એમના આશય ને બરાબર સમજી, વિચારીને પછી જ તેઓ યોગ્ય રીતે પ્રસ્થાપિત કરતા. તત્ત્વસંબંધી ગહન રહસ્યોને તેઓ સીધી, સાદી અને સરળ ભાષામાં જ્યારે સમજાવતા ત્યારે પૂર્વના સંસ્કારનું બળ તેમાં આપોઆપ જણાઈ આવતું.

પૂ. મામાશ્રીના રોમેરોમમાં પૂ. શ્રી સીમંધરભગવાન, પૂ. શ્રી કુંદકુંદાચાર્યદેવ, પૂ. ગુરુદેવશ્રી તથા પૂ. માતાજી વસેલા હતાં. જ્ઞાની ધર્માત્મા પ્રત્યે તેમને અનહદ ભક્તિભાવ તથા અર્પણતા હતી. શ્રી સમયસારસ્તુતિ, ગુરુદેવશ્રીની સ્તુતિ વગેરે રચી મુમુક્ષુ જગતને અણમોલ ભેટ આપી છે. તેમના ભક્તિગીતોમાં ગજબનું ઊંડાણ અને અર્પણતા રહેલી છે. તેઓશ્રી કામણગારો કંઠ ધરાવતા હતા. તેઓશ્રીના સ્વકંઠે

ગવાયેલાં ભક્તિગીતો સાંભળતાં સારો મુમુક્ષુસમાજ ડોલી ઊઠતો અને તેમાં રહેલા ભાવોમાં તરબોળ થઈ જતો હતો.

પૂ. મામા નિજાત્મકલ્યાણની ભાવના સહિત સોનગઢ આવીને વસ્યા. ત્યારબાદ એમનું સમગ્ર જીવન 'સાધનામય' બની રહ્યું તે આયુષ્યના અંત સુધી. અંતે આત્માની ઉગ્ર સાધનામાં લીન રહી તેઓશ્રીએ શાંતિપૂર્વક દેહ છોડ્યો.

આવી મહાન વિરલ વ્યક્તિના જીવનમાંથી પ્રેરણા લઈ આપણે પણ આપણું જીવન નિજ આત્મકલ્યાણ અર્થે શુદ્ધાત્મલક્ષી બનાવીએ એવી ભાવના સહિત પૂ. મામાનાં ચરણોમાં ભક્તિભાવે વંદન કરીને તેમના પ્રત્યે શ્રદ્ધા સુમન અર્પણ કરું છું.

(રાગ—સુંદર દિવ્ય એ જ્યોત)

''શ્રી કુંદકુંદભારતીના પનોતા પુત્ર ''પૂ. મામાશ્રી''ની વસમી વિદાય વેળા રે''

પવિત્ર, પાવની જ્યોતિ, જિજ્ઞાસુને શરણ થાતી;
વિલીન થઈ આંખથી જોને રઝળતા મેલી અમે સૌને.

હવે નજરે ન દેખાતી, નિરખવા આંખડી તરસતી,
સ્મરણ રૂડું રહ્યું તમારું, ફરી ફરીને હું સંભારું.

સમજ વિણના અમે નાદાન, શું કરીએ અર્થ આગમના ?
રહસ્યો સૂક્ષ્મ તત્ત્વનાં હવે શી રીતે સમજાશે ?

તમે પંડિતરત્ન છો, જીવન શાસન સમર્પિત છો,
સેવક અદના ગુરુજીના (માતના) નિકટના મોક્ષગામી છો.

અખિલ આ વિશ્વના આરે, હવે મળશું કહો ક્યારે ?
મધુરા સાદ સુણવાને, હૃદય ઝંખે ન એ માને.

*

## આધ્યાત્મિક સાહિત્ય–સર્જક પંડિત-રત્ન પૂજ્ય શ્રી હિંમતલાલભાઈ

*—મનુભાઈ રતીલાલ કામદાર તથા ચંદ્રાબેન મનુભાઈ કામદાર, સોનગઢ*

અધ્યાત્મના ઉત્કૃષ્ટ પંચ-પરમાગમ જિનવાણીના ગુજરાતી માતૃભાષામાં ગદ્ય-પદ્ય અનુવાદક પંડિતરત્ન પૂજ્ય શ્રી હિંમતલાલભાઈ આજીવન આધ્યાત્મિક સાહિત્યસર્જક તથા તત્ત્વજ્ઞાનના હાર્દિક ભાવોને અંતરના ઊંડાણમાંથી સમજનાર ઊંડા આદર્શ આત્માર્થી હતા. નાનપણથી અધ્યાત્મના રસિક, ઊંડા સંસ્કારી, તત્ત્વ-શોધન માટેના પુરુષાર્થી, ઊંડા ચિંતક-વિચારક તથા વૈરાગી હતા. સાદું જીવન અને ઉચ્ચ વિચારો એ તેમનો જીવન મંત્ર હતો. ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ તેમના આદર્શ અધ્યાત્મ પ્રેમથી રંગાયેલા જીવનનું અવલોકન કરીને તેમને ''નિકટમોક્ષગામી'' કહ્યા હતા.

પંચપરમાગમોમાં રહેલાં ઊંડા આધ્યાત્મિક વિષયોના ભાવોને પોતાની આગવી વિશિષ્ટ આત્મ-સૂઝથી સમજીને માતૃભાષામાં યથાતથ પ્રકાશિત કરનાર પંડિત-રત્ન હિંમતલાલભાઈ સુવર્ણપુરીના ઉત્તમ ઉચ્ચ કોટિના મહાન પંડિતરત્ન, સર્વ મુમુક્ષુઓના દર્પણ સમાન આદર્શ, વૈરાગ્ય–જીવનના આત્મસન્મુખી સાધક

## માર્ગદર્શક : પૂજ્ય મામા

*—ભગવતી માતાની ચરણરજ બધાં બ્ર૦ બહેનો*

અમારા બ્રહ્મચર્યમય ધર્મજીવનના, પરમપૂજ્ય સદ્‌ગુરુદેવની ઉપકારછાયામાં, સર્વસ્વ-આધારરૂપ પૂજ્ય ભગવતી માતાના ભાઈ એટલે અમારા ધર્મ'મામા'. લૌકિકમાં મામા પ્રતિ ભાણેજને ઘણું આકર્ષણ હોય, પણ આ 'મામા'નું આકર્ષણ કોઈ જુદું જ ! અને એ પણ જુદા જ હેતુએ એટલે કે ધર્મના હેતુએ હતું. નિકટના ભાવિ તીર્થંકર એવા કૃપાળુ ગુરુદેવનાં તાત્ત્વિક કથનોનો આશય ન સમજીને મુંઝાતાં એવાં અમને તત્ત્વજિજ્ઞાસુઓને અનન્ય આધાર હતા--- પૂજ્ય ભગવતી માતા અને આદરણીય મામા; પણ અમારાં દુર્ભાગ્યે અમારા ધર્મજીવનના આધારરૂપ બંને સ્તંભ ચાલ્યા ગયા. અમારાં બ્ર૦ બહેનો પ્રત્યે પણ મામાને ઘણો જ કૃપાપૂર્ણ વાત્સલ્યભાવ હતો. પૂજ્ય ભગવતી માતાની અનુપસ્થિતિમાં અમારી બ્ર૦ પ્રતિજ્ઞાના વાર્ષિક દિવસે અમે મામા પાસે આશીર્વાદ લેવા જતાં ત્યારે તો પૂજ્ય મામા જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના અદ્‌ભુત આશીર્વાદ આપતા. તેઓ કહેતા :

જેમ મહાસાગર તરી જનારને ગંગાનદી તરી જવી શું મુશ્કેલ છે ? તેમ અબ્રહ્મ-સાગર તરી જનારને શેષ વિષયો સહેલાઈથી તરી જવાય છે. જોકે માત્ર શુભભાવરૂપ બ્રહ્મચર્ય તો જીવે અનંત વાર ગ્રહણ કર્યું છે, પણ આ તો તમને, પૂજ્ય ગુરુદેવ દ્વારા પ્રરૂપિત અધ્યાત્મતત્ત્વ સમજવાના હેતુએ નિવૃત્તિ લઈ દુર્લભ મહામોંઘા મનુષ્યભવની સફળતાનો અવસર મળ્યો—ભગવતી માતાના સાંનિધ્યમાં આત્મસાધના કરવા રહેવાનું મળ્યું. આ નિવૃત્તિનો પૂરેપૂરો ઉપયોગ આત્મલાભ માટે કરી લેવા જેવો છે. અનુભવી મહાત્માના શ્રીમુખેથી અનુભવની વાત સાંભળવા મળે તે તો જીવનનો અમૂલ્ય લહાવો છે. પૂજ્ય ગુરુદેવ કહેતા : 'દુર્લભ મનુષ્યપણું પામીને જે વિષયોમાં રમે છે તે રાખને માટે રત્નને બાળે છે;' તે તો ઠીક, પણ જે શુભભાવમાં રમે છે તે પણ રાખને માટે રત્નને બાળે છે. આ નિવૃત્તિની પ્રતિજ્ઞા માત્ર શુભભાવ માટે નથી—એ વાત ભૂલવા જેવી નથી. જે ધ્યેયે પ્રતિજ્ઞા લીધી તેને વૃદ્ધિગત રાખી પુરુષાર્થ કરવો. નિયમસારમાં કહ્યું છે કે—આ નવ નોકષાયાત્મક ભાવને હું પ્રમોદથી તજું છું કે જે, મહામોહાંધ જીવોને સતત સુલભ છે, અને નિરંતર આનંદિત મનવાળા સમાધિનિષ્ઠ એવા અમને અતિ દુર્લભ છે. એવા આનંદિત ભાવે નિવૃત્તિનો ઉપયોગ કરી ભવાંતનો પુરુષાર્થ કરવો.

પૂજ્ય ગુરુદેવ 'શુભ શીતળતામય છાંય રહી' તે ભક્તિ ગવાતી હોય, તેમાં 'ભજીને ભગવંત ભવંત લહો' તે લીટી આવે ત્યારે ડોલતા હતા. ભગવંતને ભજી ભવનો અંત લો તો કામનું છે, નહિતર પાછળ ભવની ડાંગ ઊભી જ છે. અધ્યાત્મપ્રધાન તત્ત્વનું વાંચન, મંથન કર્યા કરવું. સર્વોત્કૃટ એવાં પંચ પરમાગમ ફરી ફરીને વાંચવાં. 'હું સમકિત લઈશ જ' એવી આંતરિક સાચી દૃઢતા તે પાત્રતા છે. પાત્ર થવા વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજો. મૂળ તત્ત્વની સમજણ અને સ્વાનુભવની પ્રાપ્તિ તે જ આશ્રમમાં રહેવાનું સાર્થકપણું છે. તત્ત્વની દૃઢતા કરી આત્માનુભવની તીવ્ર લગની તે મૂળભૂત પાત્રતા છે. પાત્ર થવા પ્રતીતિ લાવો કે 'હું એક ભગવાન આત્મા છું.' તર્કથી ન્યાયથી તે બેસે તે પાત્રતા છે. સમજણમાં જ પાત્રતા રહેલી છે. જ્ઞાયકતત્ત્વ અનુભવમાં નિર્વિકલ્પપણે વેદાય તે કરવાનું છે. તત્ત્વની પ્રતીતિ સાચી થાય અને લક્ષ થાય ત્યારે નવનોકષાયમાં રહેવું અતિ દુઃસહ લાગે.

આવા મહાન ધર્મોપકારી પૂજ્ય મામાના ચિરવિયોગથી અમને સૌને અતિ દુઃખદ આઘાત લાગ્યો છે. તેઓ સ્વર્ગમાંથી પણ અમારા ઉપર આશિષ વરસાવતા રહે એવી અંતરની ભાવના સહ તેમને કોટિ કોટિ વંદન.

*

ॐ

नमः श्रीधातकी-विदेहभाविजिनवराय।

नमः परमोपकारि श्रीकहानगुरुदेवाय।

वन्दे भगवतीमातरम्।

## અધ્યાત્મરસિક, શ્રુતભક્ત, પંચપરમાગમના અનુવાદક, કુંદકુંદભારતીના પનોતા પુત્ર, કહાનગુરુશાસનના વજ્રસ્તંભ, ઊંડા આદર્શ આત્માર્થી, પંડિતરત્ન આદરણીય

# શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ (B.sc.) પ્રતિ ઉપકૃતભાવભીનો અહોભાવ

**અધ્યાત્મરસિક ! શ્રુતભક્ત !**

સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મવિદ્યાનો યુગ પ્રવર્તાવનાર ચિદાનંદરસાસ્વાદી પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની કૃપાભીની પવિત્ર આજ્ઞા ઝીલીને અને સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની કલ્યાણી પ્રેરણાથી, અધ્યાત્મવિદ્યાના ઉત્કૃષ્ટ જ્યોતિર્ધર પરમપૂજ્ય શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવનાં મહાકલ્યાણકારી શ્રી સમયસાર આદિ પરમાગમોની ગાથા તથા સંસ્કૃત ટીકાનું ઘણું ઊંડું અવગાહન કરી, આચાર્યદેવના હાર્દ સુધી પહોંચી, પૂર્વાપર યથાર્થ સંદર્ભ વિચારી, અત્યંત સાવધાની અને શ્રુત પ્રત્યેની અસાધારણ ભક્તિપૂર્વક ભાવવાહી ગુજરાતી અનુવાદ કરવાનું મહાન સૌભાગ્ય પ્રાપ્ત થયું છે એવા પૂજ્ય બહેનશ્રીના વડીલ બંધુ આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતભાઈ ! આપે અધ્યાત્મજિજ્ઞાસુ સમાજને, અધ્યાત્મરસિકતાપૂર્વક રચાયેલા અનુવાદો દ્વારા, અધ્યાત્મનિધાનની અણમોલ ભેટ આપી મહાન ઉપકાર કર્યો છે. આવી પ્રવચનભક્તિવત્સલતા અને અનુપમ અધ્યાત્મસાહિત્યસેવા ભારતવર્ષના ધાર્મિક ઇતિહાસમાં સુવર્ણાક્ષરે ચિર-અંકિત રહેશે. તે દ્વારા જૈનસાહિત્યસૃષ્ટિમાં આપે સોનગઢ અધ્યાત્મતીર્થને ઉજ્જ્વળ બનાવ્યું છે. અધ્યાત્મરસિકતા અને શ્રુતભક્તિ દ્વારા જૈનશાસનની આવી મહાન સેવા બદલ આપનું જેટલું બહુમાન કરીએ તે ઓછું છે. આવી મહાન સેવા માટે આપને કોટિકોટિ ધન્યવાદ ઘટે છે. આપની શુદ્ધાત્મસ્પર્શી અધ્યાત્મરસિકતાનું અમો બધા અંતરના આદરપૂર્વક બહુ સન્માન કરીએ છીએ.

**પંચપરમાગમના અનુવાદક !**

શ્રી સમયસાર પરમાગમના ગુજરાતી અનુવાદ તથા તેના ઉપોદ્‌ઘાતથી વ્યક્ત થતા આપના અધ્યાત્મરસભીના ઊંડા આત્માર્થથી પ્રભાવિત થઈને પૂજ્ય ગુરુદેવશ્રીએ આપને અતિપ્રસન્નતાથી 'નિકટ મોક્ષગામી' તરીકે બિરદાવ્યા છે અને પૂજ્ય બહેનશ્રીના સ્વાનુભવવિભૂષિત નિર્મળજ્ઞાનમાં આપના વિષે 'નિકટ ભવી'નો તથા ભૂત, ભવિષ્ય અને વર્તમાનના 'વિશિષ્ટ પુરુષ' તરીકેનો તથા નિર્મળ સ્પષ્ટ જાતિસ્મરણજ્ઞાનમાં 'જૈનંદ' અને 'જયંદ' નામના ધાર્મિક ગુણોવાળા ભાઈ તરીકે સમ્યક્‌પ્રતિભાસ અંતરથી આવ્યો છે. એવા આપ પૂર્વના સંસ્કારી, અસાધારણ વ્યક્તિત્ત્વના ધારક, ઊંડા આત્માર્થીએ નિજ આત્માના પ્રયોજનાર્થે ભગવત્કુંદ-કુંદાચાર્યદેવનાં પંચપરમાગમોનો–મૂળ પ્રાકૃત ગાથાઓનો ગુજરાતી હરિગીત છંદમાં અને સંસ્કૃત ટીકાઓનો ગુજરાતી ભાષામાં સીધો સરળ ભાવવાહી અનુવાદ કરી લોકોત્તર મહાન ઉપકાર કર્યો છે. શાસ્ત્રોના ગંભીર અર્થો ઉકેલવાની વિલક્ષણ કુશાગ્ર બુદ્ધિ શાસ્ત્રોક્ત અધ્યાત્મવિષયોને શબ્દ-ભાવગંભીરતા જાળવીને સરસ અને સુગ્રાહ્યપણે અનુવાદમાં રજુ કરવાની વિશિષ્ટ કળા, વાંચતાં જ અધ્યાત્મ પ્રત્યે રુચિ જાગૃત કરે એવી અધ્યાત્મરસભરી લેખનશૈલી, કાવ્યમાં અધ્યાત્મતત્ત્વ ઉતારવાની ખાસ શક્તિ વગેરે આપની અસાધારણ વિશેષતાઓએ સમગ્ર મુમુક્ષુ સમાજ ઉપર આપના વિષે 'ઊંડા આદર્શ આત્માર્થી'પણાની છાપ ઊભી કરી છે.

# ભવાર્ણવમાં રક્ષક : પૂ. મામા

—બ્ર. આશાબેન, ચંદાબેન તથા સ્વાધીનબેન, સોનગઢ

ઉપકારી ! આદર્શ સભી કે, થે અજાતશત્રુ જગકે,
સમકિત સન્મુખકી પરિણતી થી, રાહીથે તુમ શિવમગકે
શત્ સહસ્ર વર્ષો તક હમ સબ, તુમ્હે ભુલા નહીં પાયેંગે.
પંચ પરમશ્રુત અનુવાદોંસે, સમ્યક્ દીપ જગાયેંગે.

કૃપાળુ મામાનો સ્મૃતિઅંક ! જેની એક ક્ષણની પણ વિસ્મૃતિ ન થાય, એવા જીવનના શ્વાસે શ્વાસમાં વસનારા, દૈવી સંતોના અદ્‌ભુત કૃપાપાત્ર આ લોહપુરુષનું આપણે શું ગુણગાન કરી શકીશું ? પૂ. ભગવતી માતા અને પૂ. મામા વચ્ચેના કડી રૂપ લાભના ૪૩-૪૪ વર્ષનો નિકટના પરિચયના અનેકાનેક પ્રસંગો સ્મૃતિપટ પર તાજા થાય અને હૃદય બોલી ઊઠે, વાહ ! વાહ ! સાતિશય ગુણોધારી, નિકટ મોક્ષગામીની શી નિર્માનતા ! માનના ભાવ તો નહીં પણ માનનો તો અંતરથી ત્રાસ હતો ત્રાસ. શી નિસ્પૃહતા ! શી તત્ત્વ સંબંધી દૃઢતા ! શો કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેના અહોભાવ ! ને શો તેમના ટીકાકાર પ્રત્યેનો મહિમા ! પૂ. ગુરુદેવને તો જ્ઞાન ને આનંદ સ્વરૂપે પૂર્ણ જોઉં છું, ને બહેનશ્રીની તો ધૂન રહે છે ધૂન. એમ અતિશય મહિમા ભક્તિ સહિત જીવનની છેલ્લી શ્વાસે પણ બહેનશ્રી પાસે જાઉં છું, બહેનશ્રી પાસે જાઉં છું એમ કહી આ વિદેહીરત્ન મહાપુરુષો પાસે અધૂરી સાધના પૂરી કરવા પહોંચી ગયા. આપણે પણ તેમના હૃદયની ગંભીરતા સમજવા થોડો પ્રયત્ન કરીએ.

મામા ! આપે તો પંચપરમાગમોનો અનુવાદ કરીને અમારા ઉપર અનંત અનંત ઉપકાર કર્યો છે—એમ સાંભળતાં પૂ. મામા ખૂબ જ વૈરાગ્ય ને દૃઢતાથી બોલ્યા—''અનુવાદ કરનાર હું કોણ ? હું તો પામર પ્રાણી કાંઠે ઊભો હતો. આ તો જેમ ગંગાનદીનું પાણી બહુ નિર્મળ છે, પવિત્ર છે એમ એની પ્રશંસા બધી હિમાલયને લાગુ પડે છે એમ અનુવાદની બધી પ્રશંસા પૂ. ગુરુદેવરૂપ હિમાલયને ખાતે જાય છે. જેમ વસંતઋતુમાં કોયલ ટહુકાર કરે છે તે વસંતઋતુનો પ્રતાપ છે તેમ પૂ. ગુરુદેવ અને પૂ. બહેનશ્રીએ એવી પવિત્ર વસંતઋતુ ખીલવી કે જેમાં સહજ મધુર અનુવાદ થઈ ગયા !

મામા ! બે હજાર વર્ષમાં આવા સ્વાનુભૂતિના સ્તંભ સમાન પંચપરમાગમની ગાથાઓનો અનુવાદ ન થયો આ તો આશ્ચર્ય લાગે ! પૂ. મામા (ગંભીર મુસ્કરાહટ સાથે) હા, મને પણ આશ્ચર્ય થાય, સમર્થ વ્યક્તિઓ પં. ટોડરમલજી, બનારસીદાસજી વગેરે ઘણા થયા, પણ આ પંચપરમાગમના અનુવાદનો લાભ મને મળ્યો તે મારા જીવનની અમૂલ્ય ઉપલબ્ધિ છે. સત્‌પુરુષોની મહાન કૃપા છે.

પ્રશ્ન :—મામા ! આપને તો પૂ. ગુરુદેવ અને પૂ. બહેનશ્રીનુ ઘણું સાન્નિધ્ય મળ્યું છે.

મામા :—પૂ. ગુરુદેવ અને પૂ. બહેનશ્રી જેવી પરિણતિ જેટલા અંશે આપણા જીવનમાં ઘડાય તેટલું તેમનું સાન્નિધ્ય, બાકી બહારના સાન્નિધ્યની કાંઈ કિંમત નથી.

પ્રશ્ન :—જો અમારી એવી પરિણતિ ન ઘડાય તો ?

મામા :—તો થયું...તો તમે ચતુર્ગતિમાં રખડો એમ તો મારાથી કેમ કહેવાય ? કેમ કે સત્પુરુષોની જેમ પરિણતિ ઘડ્યા સિવાય ભવાંતનો બીજો કોઈ ઉપાય જ નથી. પૂ. મામા કહેતા હતા—

✍ હું ભરચક ભરેલો ધ્રુવ જ્ઞાયક છું એ તો જૈનશાસનનો પાયો છે, તે તો અધ્યાત્મની ધરી છે, તે જ

અને તેજસ્વી ગુરુભક્ત હતા. તેમને અમો ઊંડી હાર્દિક શ્રદ્ધાંજલિ હૃદયના ઊંડાણથી અર્પીએ છીએ.

*

*શ્રી રાણપુર દિગંબર જૈન મુમુક્ષુમંડળ વતી*
*પ્રમુખ—ત્રંબકલાલ પ્રેમચંદ શેઠ*

આપણા આદરણીય પંડિતજી પૂ. હિંમતલાલ જેઠાલાલ શાહનો દેહવિલય થયાના સમાચાર સાંભળી અમો સૌને બહુ આઘાત લાગ્યો છે. પોતાનો સૌ પ્રત્યેનો નિરાળો આત્મીયતા ભર્યો સ્વભાવ, તેમ જ આપણા ધર્મમાં મેળવેલ અનેરી સિદ્ધિઓનું વર્ણન થઈ શકે તેમ નથી. આપણી સંસ્થા પણ તેનું ગૌરવ અનુભવે છે.

અનંત અનંત પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની તેમના પર અપાર કૃપા હતી.

પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતી બહેનશ્રીના છેલ્લા જન્મોત્સવ પ્રસંગે પૂ. મામાને અર્પણ કરેલ સન્માનપત્ર આપણા માટે અપાર આનંદનો પ્રસંગ હતો.

અંતમાં પોતે કરેલ પરમાગમ શાસ્ત્રોનાં ભાષાંતરનો આપણે સૌ સ્વાધ્યાય, શ્રવણ, મનન વારંવાર કરીએ એ જ સાચી શ્રદ્ધાંજલિ.

સદ્‌ગત આત્માને ચિર શાંતિ મળે એ જ ભાવના.

*

## * અજોડ આદર્શરૂપ : પૂજ્ય મામા *

*દૂધીબેન જેઠાલાલ સંઘજી શાહ-*
*પરિવાર અને ડૉ. સવિતાબેન*

સોનગઢમાં જ્ઞાની ધર્માત્મા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય ભગવતી માતાની પવિત્ર છત્રછાયામાં મામાએ તેમનું જીવન આત્મસાધનામાં વિતાવ્યું તે અતિ પ્રશંસનીય છે. પૂજ્ય કુંદકુંદદેવ રચિત પંચ પરમાગમનું ગુજરાતી ભાષામાં અનુવાદ કરી સહુ મુમુક્ષુ ઉપર અમૂલ્ય ઉપકાર કર્યો છે. તેમની 'નિજ કલ્યાણ' અર્થે આત્મપ્રવૃત્તિ સહુ આત્માર્થી માટે અજોડ આદર્શરૂપ છે. વર્તમાનમાં વિદેહક્ષેત્રમાં પ્રત્યક્ષ પરમ પૂજ્ય સીમંધરસ્વામી પાસે પૂજ્ય કુંદકુંદદેવ, પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય ભગવતી માતા તથા સર્વ જ્ઞાની ધર્માત્મા સાથે આવા નિકટ મોક્ષગામી ભવ્ય પૂજ્ય મામા પણ સત્સંગમાં જરૂર ઓતપ્રોત હશે તે નિઃસંદેહ છે.

દિગંબર જૈનધર્મની પ્રભાવના તેમની જીવનધારા હતી. આપણે સૌ સ્વલક્ષે જૈનધર્મના ધારક બનીએ તે જ પૂજ્ય મામા પ્રત્યેની ભાવભરી શ્રદ્ધાંજલિ છે.

*

## સહજાત્મસ્વરૂપ....સર્વજ્ઞદેવ.....પરમગુરુ

*—જિનબાળ અમરચંદ ડગલી...(લંડન)*

શ્રી કુંદકુંદભારતીના પનોતા પુત્ર, ગુરુકુળના અમારા વહાલા ગુરુજી, ધર્મમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના વડીલ બંધુ, વર્તમાન યુગના એક માત્ર આદર્શ વિદ્વદ્રત્ન, અધ્યાત્મપંડિત, અનન્ય અધ્યાત્મ-કવિ

....પરમ પૂજ્ય મામા શ્રી હિંમતભાઈ જે. શાહ શનિવાર શ્રાવણ વદ ૮, તા. ૩૧-૮-૨૦૦૨ના સાંજના ૭-૨૦ સ્વર્ગવાસ પામ્યાના અત્યંત વૈરાગ્યમય સમાચાર જાણી બહુ જ દુઃખ થાય છે. આ મહાનુભાવની ચિરવિદાયથી મુમુક્ષુ જગતને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. પૂજ્ય શ્રી કહાનગુરુદેવ અને પૂજ્ય ભગવતી માતાજી બહેનશ્રી ચંપાબેનના વિરહમાં મુમુક્ષુ સમાજ માટે તેઓશ્રીના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના સાંનિધ્યની અનેરી હૂંફ હતી. તેમને તો વૈમાનિક સ્વર્ગમાં પૂ. ગુરુદેવ, પૂ. ભગવતી માતાજી અને ત્યાંથી મહાવિદેહક્ષેત્રે સમવસરણમાં બિરાજમાન જીવંતસ્વામી શ્રી સીમંધર ભગવાનનું સાંનિધ્ય પ્રાપ્ત થઈ ગયું. પરંતુ અહીં આપણને તેમના વિરહની મોટી ખોટ આવી પડી. નિકટભવી એવા તેઓશ્રીનો પવિત્ર આત્મા શીઘ્રતઃ ભાવિ ભગવાન શ્રી સૂર્યકીર્તિનાથના સમવસરણમાં અને ભાવિ ગણધર શ્રી દેવેન્દ્રકીર્તિદેવના સંગમાં શાશ્વત સુખ-શાંતિ આનંદને પામશે. તેઓશ્રીએ ભગવાન શ્રી કુંદકુંદ આચાર્યદેવનાં શાસ્ત્રોનાં ગદ્ય-પદ્ય ગુજરાતી અનુવાદ, સમયસાર સ્તુતિ, ગુરુદેવ સ્તુતિનું અમુલ્ય ભેટણું, મુમુક્ષુ જગતને આપેલ છે. તેઓશ્રીના આ આદર્શ સાહિત્યવારસામાંથી મુમુક્ષુઓને હંમેશાં વીતરાગ સર્વજ્ઞદેવના પવિત્ર સત્-સનાતન દિગંબર માર્ગે ચાલવાની પ્રેરણા મળતી રહેશે. મુમુક્ષુ સમાજના વહાલા મામાની ચિર વિદાયનું દુઃખ, પૂ. ગુરુદેવ અને પૂ. ભગવતી માતાજીએ પ્રકાશેલા વીતરાગ માર્ગે જ્ઞાન-વૈરાગ્યના સિંચન દ્વારા હળવું થાય તેવી ભાવના.

*

*—પ્રફુલ્લા, હર્ષિલ, મયુરી, દષ્ટિ: ઘાટકોપર*

પંડિતરત્ન ઊંડા આદર્શ આત્માર્થી પૂ. હિંમતભાઈ જેઠાલાલ શાહ, આપણા મામા પૂ. ગુરુદેવશ્રીની સભાના વિશિષ્ટ પુરુષ તથા ધન્યાવતાર પૂ. ભગવતી માતાના બંધુના વિયોગથી સુવર્ણપુરીના સુવર્ણમય અધ્યાત્મયુગમાં શૂન્યાવકાશ ઊભો થયો છે. પૂ. મામાની તત્ત્વચર્ચાના મધુર ટહૂકાનો ગુંજારવ શમી ગયો છે. આપણે જાણે કે નોધારા બની ગયા. તત્ત્વ સંબંધી મુંઝવણનો ઉકેલ હવે કોણ બતાવશે ? કુંદકુંદાચાર્ય, પૂ. ગુરુદેવશ્રી અને પૂ. ભગવતીમાતાના હૃદય સુધી પહોંચીને તત્વોનાં ગૂઢ રહસ્યો ખોલનાર પૂ. મામા હવે આપણી વચ્ચે નથી રહ્યા, પરંતુ પંચપરમાગમના ગુજરાતી અનુવાદ, શ્રી સમયસારજીની સ્તુતિ, પૂ. ગુરુદેવશ્રીની સ્તુતિ અને પરમાગમના મધુરા ઉપોદ્‌ઘાત વગેરે દ્વારા પૂ. પંડિતજી સદાય આપણી વચ્ચે જ છે. તેઓ આપણી વચ્ચેથી ગયા નથી.

સમવસરણમાં આરસમઢેલી સ્તુતિ દ્વારા તથા પ્રવચનમંડપમાં આરસમઢ્યાં હરિગીત દ્વારા પૂ. મામા સોનગઢમાં જીવંત છે. એ વિદેહી મહામાનવને અમારી શત શત શ્રદ્ધાંજલિ.

*

## શ્રુતભક્ત આત્માર્થી વિદ્વાન પંડિતરત્ન : પૂ. મામા

*—રસિકલાલ હરિલાલ ધોળકીયા—ઈન્દુમતી રસિકલાલ ધોળકિયા*

પંડિતરત્ન આત્માર્થી હિંમતભાઈ પૂ. કહાનગુરુદેવ તથા પ્રશમમૂર્તિ પૂ. બહેનશ્રી ચંપાબેન, બન્ને જ્ઞાની ધર્માત્માના કૃપાપાત્ર હતા.

હજારો વર્ષ પહેલા લખાયેલા પરમાગમરૂપ આ અમૂલ્ય વીતરાગ-વારસાને ગુજરાતી માતૃભાષામાં અનુવાદ કરીને પંડિતજીએ આપણા માટે અને આપણી ભાવી પેઢીને પણ તત્ત્વાભ્યાસ માટે સુગમતા કરી દીધી છે.

....પરમ પૂજ્ય મામા શ્રી હિંમતભાઈ જે. શાહ શનિવાર શ્રાવણ વદ ૮, તા. ૩૧-૮-૨૦૦૨ના સાંજના ૭-૨૦ સ્વર્ગવાસ પામ્યાના અત્યંત વૈરાગ્યમય સમાચાર જાણી બહુ જ દુઃખ થાય છે. આ મહાનુભાવની ચિરવિદાયથી મુમુક્ષુ જગતને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. પૂજ્ય શ્રી કહાનગુરુદેવ અને પૂજ્ય ભગવતી માતાજી બહેનશ્રી ચંપાબેનના વિરહમાં મુમુક્ષુ સમાજ માટે તેઓશ્રીના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના સાંનિધ્યની અનેરી હૂંફ હતી. તેમને તો વૈમાનિક સ્વર્ગમાં પૂ. ગુરુદેવ, પૂ. ભગવતી માતાજી અને ત્યાંથી મહાવિદેહક્ષેત્રે સમવસરણમાં બિરાજમાન જીવંતસ્વામી શ્રી સીમંધર ભગવાનનું સાંનિધ્ય પ્રાપ્ત થઈ ગયું. પરંતુ અહીં આપણને તેમના વિરહની મોટી ખોટ આવી પડી. નિકટભવી એવા તેઓશ્રીનો પવિત્ર આત્મા શીઘ્રતઃ ભાવિ ભગવાન શ્રી સૂર્યકીર્તિનાથના સમવસરણમાં અને ભાવિ ગણધર શ્રી દેવેન્દ્રકીર્તિદેવના સંગમાં શાશ્વત સુખ-શાંતિ આનંદને પામશે. તેઓશ્રીએ ભગવાન શ્રી કુંદકુંદ આચાર્યદેવનાં શાસ્ત્રોનાં ગદ્ય-પદ્ય ગુજરાતી અનુવાદ, સમયસાર સ્તુતિ, ગુરુદેવ સ્તુતિનું અમુલ્ય ભેટણું, મુમુક્ષુ જગતને આપેલ છે. તેઓશ્રીના આ આદર્શ સાહિત્યવારસામાંથી મુમુક્ષુઓને હંમેશાં વીતરાગ સર્વજ્ઞદેવના પવિત્ર સત્-સનાતન દિગંબર માર્ગે ચાલવાની પ્રેરણા મળતી રહેશે. મુમુક્ષુ સમાજના વહાલા મામાની ચિર વિદાયનું દુઃખ, પૂ. ગુરુદેવ અને પૂ. ભગવતી માતાજીએ પ્રકાશેલા વીતરાગ માર્ગે જ્ઞાન-વૈરાગ્યના સિંચન દ્વારા હળવું થાય તેવી ભાવના.

*

—*પ્રફુલ્લા, હર્ષિલ, મયુરી, દષ્ટિ; ઘાટકોપર*

પંડિતરત્ન ઊંડા આદર્શ આત્માર્થી પૂ. હિંમતભાઈ જેઠાલાલ શાહ, આપણા મામા પૂ. ગુરુદેવશ્રીની સભાના વિશિષ્ટ પુરુષ તથા ધન્યાવતાર પૂ. ભગવતી માતાના બંધુના વિયોગથી સુવર્ણપુરીના સુવર્ણમય અધ્યાત્મયુગમાં શૂન્યાવકાશ ઊભો થયો છે. પૂ. મામાની તત્ત્વચર્ચાના મધુર ટહૂકાનો ગુંજારવ શમી ગયો છે. આપણે જાણે કે નોધારા બની ગયા. તત્ત્વ સંબંધી મુંઝવણનો ઉકેલ હવે કોણ બતાવશે ? કુંદકુંદાચાર્ય, પૂ. ગુરુદેવશ્રી અને પૂ. ભગવતીમાતાના હૃદય સુધી પહોંચીને તત્વોનાં ગૂઢ રહસ્યો ખોલનાર પૂ. મામા હવે આપણી વચ્ચે નથી રહ્યા, પરંતુ પંચપરમાગમના ગુજરાતી અનુવાદ, શ્રી સમયસારજીની સ્તુતિ, પૂ. ગુરુદેવશ્રીની સ્તુતિ અને પરમાગમના મધુરા ઉપોદ્ઘાત વગેરે દ્વારા પૂ. પંડિતજી સદાય આપણી વચ્ચે જ છે. તેઓ આપણી વચ્ચેથી ગયા નથી.

સમવસરણમાં આરસમઢેલી સ્તુતિ દ્વારા તથા પ્રવચનમંડપમાં આરસમઢ્યાં હરિગીત દ્વારા પૂ. મામા સોનગઢમાં જીવંત છે. એ વિદેહી મહામાનવને અમારી શત શત શ્રદ્ધાંજલિ.

*

## શ્રુતભક્ત આત્માર્થી વિદ્વાન પંડિતરત્ન : પૂ. મામા

—*રસિકલાલ હરિલાલ ધોળકીયા—ઈન્દુમતી રસિકલાલ ધોળકિયા*

પંડિતરત્ન આત્માર્થી હિંમતભાઈ પૂ. કહાનગુરુદેવ તથા પ્રશમમૂર્તિ પૂ. બહેનશ્રી ચંપાબેન, બન્ને જ્ઞાની ધર્માત્માના કૃપાપાત્ર હતા.

હજારો વર્ષ પહેલા લખાયેલા પરમાગમરૂપ આ અમૂલ્ય વીતરાગ-વારસાને ગુજરાતી માતૃભાષામાં અનુવાદ કરીને પંડિતજીએ આપણા માટે અને આપણી ભાવી પેઢીને પણ તત્ત્વાભ્યાસ માટે સુગમતા કરી દીધી છે.

પૂ. બહેનશ્રીના નિર્મળજ્ઞાનમાં આપના વિષે 'નિકટ ભવ્યતા' નો તેમ જ ભૂત, ભવિષ્ય અને વર્તમાનના વિશિષ્ટ પુરુષપણાનો પ્રતિભાસ અંતરથી આવ્યો છે. એવા અનેક ઉત્તમ સદ્ગુણોના ધારક આપશ્રીને વંદન.

*

## ગુણનિધિ પૂજ્ય પંડિતજી

*—ધીરજલાલ પી. દેસાઈ*

આ ધીર, ગંભીર તે પંડિતજી ! ને મિતભાષી તેને જાણો રે !
આ નિરાભિમાની તે પંડિતજી ! ને શ્રુતભક્ત પહિચાનો રે !
આ કુંદભારતીના પુત્તરના—છે ઊંચા ઘણા આદર્શો રે !
આ આતમહિત સાધક પંડિતજી ! શા અદ્ભુત યુક્તિ–ન્યાયો રે !
આ પંડિતના પંડિત પંડિતજી ! પંડિત-રતન છે કહેવાયા રે !
આ હિંમતવાન હિંમત પંડિતજી ! હાથીની ગતથી ચાલ્યા રે !
આ નેકી, કૃતજ્ઞ પંડિતજી ! જીવતા સૌને શીખવાડ્યું રે !
આ તારકતત્ત્વાન્વેષક જી ! તત્ત્વજ્ઞાનની ધરી દેખાડી રે !
આ બહેનશ્રીના વ્હાલા ભાઈ તમ બંધુ વ્રજ ઈજનેર તમારા રે !
આ જેઠાભાઈના કુંવર પંડિતજી ! તેજબાની કૂખ દિપાવી રે !
આ શત શત ગુણના ધારકજી ! અમ હૃદય સહુના વસિયા રે !
હે ગુણનિધિ ધારક પંડિતજી ! હો મુક્તિ તક સાથ તમારો રે !

*

*—નવીન ઝોબાળિયા તથા નિરંજન ઝોબાળિયા*

આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહના (ગુરુકુલ વિદ્યાલયમાં અમારા ગુરુજીના) વિયોગના સમાચારથી અમો એ અત્યંત આઘાત અનુભવ્યો છે. ઉચ્ચ સંસ્કાર આપવા બદલ તેઓનો અમારા ઉપર ખૂબ જ ઉપકાર હતો. તેઓ તો તેમનો મનુષ્યભવ સાર્થક કરી મોક્ષના પંથે ચાલી નીકળ્યા છે. આપણને પણ જૈન ધર્મના ઊંડા સંસ્કાર આપી મુમુક્ષુ સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે.

પૂ. મામા શીઘ્ર મોક્ષને પામે તે જ ભાવના

*

## કૈવલ્ય પુરુષ

*—કાંતિલાલ અનુપચંદ દોશી, (સાવરકુંડલાવાળા)*

પૂ. મામાશ્રી એકાન્ત પ્રિય, શાંત, સૌમ્ય, સરળ, સ્વાધ્યાયી, સમ્યક્સન્મુખ પરિણતિ, વિજ્ઞાનના સ્નાતક હોવા છતાં પ્રાકૃત, સંસ્કૃત, અંગ્રેજી, હિંદી અને ગુજરાતી ભાષા પર તેમનું અપૂર્વ પ્રભુત્વ હતું. અધ્યાત્મ શક્તિનો અપાર મહિમાની સાથે સંસારની લોકજીવન વ્યવસ્થાનો ઊંડો ખ્યાલ તેમની તજ્જ્ઞ શક્તિનો સચોટ પુરાવો આપણને પ્રાપ્ત થાય છે.

તેઓ પ્રશાંત મહાસાગરના શાંત ગંભીર ઊંડા પાણીના દળ જેવા હતા. લોકમાં તેમની આત્મશક્તિ પંચપરમાગમના અનુવાદથી ગૌરવ ગાથામાં લીધી છે. તેમના દિલ દરિયાના અને પૂર્ણ આત્મશુદ્ધિની

તપત પ્રવાહના પેટાળમાં કેટલી વિસ્મય અને આશ્ચર્યજનક અવનવીનતા પડી છે તે જાણવા આપણા જીવને મોક્ષગામી મરજીવો બનાવી તેમાં ડૂબકી મારો તો જ ખ્યાલ આવે. *

## ઊંડા આદર્શ આત્માર્થી : પૂ. મામા

*—અનંતરાય ચુનીલાલ બોટાદરા*
*—લાભુબેન અનંતરાય બોટાદરા, અમદાવાદ*

પૂ. ગુરુદેવશ્રીના શાસનના અણમોલ રત્ન પૂ. હિંમતમામા ઊંડા આદર્શ આત્માર્થી હતા. તેઓ તત્ત્વજ્ઞાનમાં ઊંડા હતા, મુમુક્ષુઓ માટે આદર્શરૂપ હતા, અને તેમનો ક્ષયોપશમ મુખ્યપણે આત્માના પ્રયોજનાર્થે હતો.

તેઓ કહેતા હતા કે જેમ લક્ષ વિના ફેંકેલું તીર નકામું જાય છે, તેમ ધ્યેય વિનાનું મનુષ્ય જીવન કાર્યકારી નથી. તેમનું જીવન સાધ્યલક્ષી હતું.

આવા સાધ્યલક્ષીના આશીર્વાદથી મારું જીવન બદલાઈ ગયું હતું. મનુષ્યપણાનો એક એક સમય રતન જેવો છે. રત્ન જેવા સત્સંગથી ગુંથાયેલો મનુષ્યભવ ક્યારે મળશે ? આત્મદર્શનથી ઓછું ધ્યેય આ મનુષ્યભવમાં રાખવું તે મનુષ્યપણાની કિંમત આપી ન કહેવાય.

સમયસારાદિ પંચપરમાગમોનો ગદ્ય-પદ્યમાં અનુવાદ કરી મુમુક્ષુ સમાજ પર તેમણે મહાન ઉપકાર કર્યો છે, છતાં તેમણે કાંઈ સન્માનની આશા રાખી ન હતી. આમ તેમનું જીવન શ્રુતભક્તિ અને નિસ્પૃહતાથી વિશેષ શોભી ઊઠે છે. આવા 'નિકટ મોક્ષગામી' ને કોટિ કોટિ વંદન.

*

## પરમાગમોના પરમ ઉપાસક : પૂ. મામા

*—રશ્મિબેન ડી. ડગલી, બોટાદ*

શ્રાવણ વદ આઠમને શનિવારે સાંજે, તા. ૩૧-૮-૨૦૦૨ ને ૭-૨૦ કલાકે ફરી એકવાર વજ્રપાત થયો અને આપણા સુવર્ણપુરીમાંથી વધુ એક સિતારો ખરી ગયો. આપણા વહાલસોયા પૂ. ભગવતીમાતાજીના વડિલબંધુ હિંમતભાઈ કે જેને આપણો સમાજ 'મામા'ના હુલામણા નામથી ઓળખે છે તેમનો દેહવિલય થતાં સમગ્ર દિગંબર સમાજ જાણે દિગ્મૂઢ થઈ ગયો.

''મામા'' વિષે પૂ. ગુરુદેવશ્રીએ સભામાં તેમના શ્રીમુખેથી કહેલ કે, આ ''નિકટ મોક્ષગામી'' છે, છતાં પણ નરમ એવા કે કાંઈ જ ન બોલે. તેમને પૂ. માતાજી સાથે થયેલ ચર્ચા અને પત્ર-વ્યવહાર સુવર્ણપુરીના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થશે. *

## ઊંડા આદર્શ આત્માર્થી : પૂજ્ય મામા

*—શ્રી યોગેશ ડી. મોદી–અમદાવાદ*

પંડિતરત્ન શ્રી હિંમતભાઈ નાનપણથી સ્વભાવે ગંભીર, શાંત, વૈરાગ્યશાળી અને તત્ત્વાન્વેષક હતા. તેમનો દેહવિલય ૯૪ વર્ષની વયે થયો. છેલ્લી સ્થિતિ સુધી અંદરમાં ઘણી સાધના અને જાગૃતિ હતી. ૨૪ કલાક અગાઉ તેમણે કહ્યું કે ''હું બહેનશ્રી પાસે જાઉં છું.'' દેહથી ભિન્ન પોતાની આત્મિક સભાનતા પૂરેપૂરી હતી. તેમનો ઉપકાર મુમુક્ષુ સમાજ ઉપર ખૂબ જ છે. તેઓશ્રી આત્મસાધના વધારી

શીઘ્ર સિદ્ધપદને પામે; અને ત્યારે અમ બાળકને સાથે રાખે તેવી ભાવના.

*

## અણમોલ વ્યક્તિ-આધ્યાત્મિક પ્રતિભા પંડિતરત્ન પૂજ્ય શ્રી હિંમતભાઈ

*—શ્રી મયંકભાઈ ભાયાણી-ભાવનગર*

પૂજ્ય કહાનગુરુ-શાસનના વજસ્તંભ એવા પૂ. પંડિતજીનું વ્યક્તિત્વ સમુદ્ર જેટલું વિશાળ છે. આપણે એક છીપલી જેવડા નાના માણસ તેઓશ્રીના ગુણગાન કઈ રીતે, કયા શબ્દોમાં વ્યક્ત કરી શકીએ ? છીપલીએ કેટલું પાણી ઉલેચી શકાય ? પૂજ્ય પંડિતજીનો સારાયે સમાજ ઉપર જે મહાન ઉપકાર છે તેનો પ્રત્યુપકાર વાળવા, ઋણ ચૂકવવા આપણે સર્વથા અસમર્થ છીએ.

પૂ. ગુરુદેવશ્રી તેમને 'નિકટ મોક્ષગામી, 'પંડિતોના પંડિત' વગેરે શબ્દોથી અવારનવાર સંબોધન કરતા. તેમનું જીવન જ આપણા માટે પ્રેરણાસ્તોત્ર રહ્યું છે. તેઓશ્રીનું સાદગીપૂર્ણ અધ્યાત્મજીવન, નિરાભિમાની, નિર્માનીપણું એ એક આદર્શ દૃષ્ટાંતરૂપ છે.

આપણે તેઓશ્રીએ બતાવેલ માર્ગે ચાલી આપણું જીવન સફળ કરીએ એ જ તેઓ પ્રત્યેથી ભક્તિ, એ જ સાચી સ્મરણાંજલિ છે.

*

## કુંદકુંદભારતીના હાર્દ પ્રકાશક પ્રતિભાસંપન્ન વિદ્વાન

*— શ્રીમતી રેખાબેન કે. ઝોબાળીયા, બોરીવલી*

(રાગ : આઓ બચ્ચોં તુમ્હે સુનાઉં....)

આવો ભકતો સાંભળજો ગાથા ઊંડા આત્માર્થીની,
ગુરુ કહાનના શાસનના શણગાર પનોતા પુત્રની,
પંડિત રત્નની....નિકટ ભવીની....
તેજબા માતની પવિત્ર કૂખે જન્મ થયો વઢવાણમાં,
સદાચારી ને ધર્મપ્રેમી પ્રામાણિક શિષ્ટ કુટુંબમાં,
સત્યના શોધક, વૈરાગી, નિર્માની જ બાલાપનમાં,
નમ્ર, વિવેકી, ગંભીર, શાંત, વિચારક સિદ્ધાંતવાદીની....ગુરુ કહાનના૦
જીવન સાધ્યું મોક્ષપ્રાપ્તિનું, સાચા ગુરુની પ્રાપ્તિ થઈ,
ધ્યેય માત્ર આત્માની ઉન્નતિ, પ્રસિદ્ધિથી દૂર રહી,
બેનની સાથે વાંચન–ચિંતન કરતાં એકાંત પ્રિય થઈ,
જોડ હતી શું ભાઈ–બહેનની ! બહેનના જેવા ભાઈની....ગુરુ કહાનના૦
સાક્ષાત્ જ્ઞાની ઘરમાં જ થાતાં પ્રમોદનો નહિ પારજી,
ઉભય મહાન વિભૂતિઓ મળતાં અદ્‌ભુત પુરુષાર્થ ઉલ્લસ્યોજી,
ભવભ્રમણને ટાળવાની તીવ્ર ઝંખના જાગીજી,
તત્ત્વના ઊંડા અભ્યાસી ને તીક્ષ્ણ બુદ્ધિના ધારકજી....ગુરુ કહાનના૦

પ્રાકૃતગાથા સંસ્કૃતટીકા અદ્ભુત સમયસારની,
કૃપાભીની આજ્ઞા ગુરુદેવની, પ્રેરણા ભગવતીમાતની,
સ્વકીય સૂઝથી ગુજરાતીમાં અજોડ અનુવાદ કર્યાની,
વાહ ! વાહ ! શું વાત કરવી કાઠિયાવાડના ભાગ્યની....ગુરુ કહાનના૦

સંસ્કૃતના ઊંડા અભ્યાસી, મધુરા ઉપોદ્ઘાતજી,
પ્રવચનસાર, પંચાસ્તિકાય ને સાથે નિયમસારજી,
પરમાગમ પંચ કુંદપ્રભુનાં ગદ્ય-પદ્ય અનુવાદકજી,
ઉપકૃતતાની લાગણીઓ અનુભવીએ 'મૂગા પંડિત'ની....ગુરુ કહાનના૦

સમયસાર ને સમવસરણ, સીમંધરપ્રભુ, સદ્ગુરુજી,
માનસ્તંભ ને જિનવાણી સ્તુતિઓની હાર ચાલીજી,
સુમધુર કાવ્યોની રચનાઓ તત્ત્વરસ તરબોળજી,
ગુરુદેવશ્રી ને ભગવતીમાત વિષે અધ્યાત્મકવિની,....ગુરુ કહાનના૦

વિદેહક્ષેત્રના 'જયંદ' આવ્યા 'હિંમત' થઈ ભરતમાં,
આજે અમને છોડી ચાલ્યા બેની પાસે સ્વર્ગમાં,
'વિશિષ્ટ વ્યક્તિ' ગુરુસભાની, ખોટ પડી છે સુવર્ણમાં,
શ્રદ્ધાંજલિ 'મામા' ને અર્પિએ 'નિકટ મોક્ષગામી'ને,....ગુરુ કહાનના૦

*

## * શાસન સિતારો પંડિતરત્ન હિંમતભાઈ *

–સત્યદેવ એસ. જૈન, બગદાણા

સ્વયંપ્રકાશી ભાનુ કહાનસદ્ગુરુ, શીતળ ચંદ્ર ચંપામાત,
શાસન તું શોભતો સિતારો, વચ્ચે હિંમત ભાત.

અહો ! અનંત ઉપકારી શ્રી સદ્ગુરુકહાનના અનન્ય ભક્ત તથા ભગવતી ચંપામાતના બંધુ આદરણીય પંડિતરત્ન હિંમતભાઈ વસમી વિદાય લઈને આપણા મુમુક્ષુ સમાજની વચ્ચેથી ચાલ્યા ગયા એ જબ્બરજસ્ત ખોટ છે. જગતભાનુ ગુરુદેવ અને શીતળ ચંદ્ર સમાન ભગવતી ચંપામાતની વચ્ચે તે શાસન સિતારો શોભતો હતો.

તેમને સદ્ગુરુનો મહિમા પારાવાર હતો. એમણે સ્તુતિમાં કહ્યું છે, 'કરુણા અકારણ સમુદ્ર તને નમું હું'. છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્રમાં તળીએ એકલાં રત્ન ભર્યા પડ્યાં છે એમ કહાનગુરુના સમુદ્રમાં માતાજી ને મામા જેવા તળસ્પર્શી મહારત્નો પાક્યા છે. એ રત્નોનો પ્રકાશ સૌ સાધર્મીને મળતો રહે એ જ ભાવના. તેમને મારા આત્માના ઉંડાણના ભાવથી શ્રદ્ધાંજલિ સમર્પણ કરું છું.

*

## પંડિતરત્ન પૂ. હિંમતભાઈ શાહના દેહવિલય પ્રસંગે શ્રદ્ધાંજલિ

*જ્યોતીન્દ્ર કામદાર-વઢવાણ*

(વિરહગીત)

કાળજા કેરો કટકો અમારો આજે ચાલ્યો ગ્યો
સૌ ભક્તોને રડતાં મૂકીને આજે ચાલ્યો ગ્યો
અમને સૌ રડતાં મૂકીને આજે ચાલ્યો ગ્યો

અધ્યાત્મિક સંપત્તિનો કુબેર ચાલ્યો ગ્યો
કા'નગુરુનો ભામાશા આજે અમ પાસેથીહાલ્યો ગ્યો

સ્વદ્રવ્યનો રક્ષક આજે સ્વર્ણથી ચાલ્યો ગ્યો
સ્વદ્રવ્યનો ધારક આજે અમથી ચાલ્યો ગ્યો

સ્વદ્રવ્યનો ગ્રાહક આજે જોને ચાલ્યો ગ્યો
કા'નગુરુનો ભક્તશિરોમણી આજે ચાલ્યો ગ્યો

તત્ત્વપિપાસુ, સત્ આરાધક ધર્મી ચાલ્યો ગ્યો
વીતરાગ ધરમ કેરો ઉપાસક, આજે ચાલ્યો ગ્યો

શાસન પ્રભાવક, શાસન પ્રસારક આજે ચાલ્યો ગ્યો
ઊંડો ને આદર્શ આત્માર્થી, અમને છોડી ગ્યો

શાસનને સંપૂર્ણ સમર્પિત, સેવક ચાલ્યો ગ્યો
દયા, શાંતિ, સમતા, ક્ષમાનો ધારક ચાલ્યો ગ્યો

સત્ય, ત્યાગ ને વૈરાગ્યનો ધારક ચાલ્યો ગ્યો
જ્ઞાયકની મસ્તીમાં રમંતો, રમનાર ચાલ્યો ગ્યો

ધ્રુવધામનો પૂજક જોને, અમ પાસથી હાલ્યો ગયો
પુરુષાર્થી હતો ખૂબ ગજબનો, આજે ચાલ્યો ગ્યો
લગની લગાવી'તી ગજબની એણે, આજે ચાલ્યો ગ્યો

પરમાગમના ન્યાય દેનારો, આજે ચાલ્યો ગ્યો
પરમાગમનો મર્મી અદ્‌ભુત, અમ પાસથી ચાલ્યો ગ્યો
પરમાગમનો અવગાહક એ અમ પાસેથી ચાલ્યો ગ્યો
પરમાગમનો ઉદ્‌ઘાટક એ અમ પાસેથી ચાલ્યો ગ્યો

સૌને જ્ઞાનામૃત પાનારો આજે ચાલ્યો ગ્યો
વિરલ પંડિતરત્ન હતો એ, અમ પાસેથી ચાલ્યો ગ્યો
જૈનજગતનો એક જ હતો, એ સુકવિ ચાલ્યો ગ્યો
શાસનનો અણમોલો હીરો, આજે લૂંટાઈ ગયો

'હે જિન તેરો સુજસ ઉજાગર' ગાનાર ચાલ્યો ગ્યો
'સ્વામી સીમંધર જિણંદ' નો ગાનાર ચાલ્યો ગ્યો
'અખિલંમધુરં કાનજીસ્વામી'નો ગાનાર ચાલ્યો ગ્યો
અધ્યાત્મના બાગનો મોરલો, આજે ઊડી ગયો

સંત ચરણ ઉપજીવી સાધક, આજે ચાલ્યો ગ્યો
શાસનનો એ પુત્ર પનોતો, સૌને છોડી ગયો
સંસ્કારમૂર્તિ અત્યંત રૂડો, જીવ ચાલ્યો ગ્યો
નિકટ મોક્ષગામી આતમા, આજે ચાલ્યો ગ્યો
ગુરુનો વિરહ નો'તો ખમાતો, એ ગુરુને મળવા ગ્યો
બેનીને મળવા બાંધવ જોને, આજે દોડી ગ્યો

શિવપુરીનો યાત્રી હતો એ, યાત્રાએ ચાલી ગ્યો
શિવપુરીની ભાગોળે એ તો, આજે જ પહોંચી ગ્યો
કાળજાકેરો કટકો અમારો.....

*

## આદરણીય પૂજ્ય શ્રી હિંમતમામા

*શ્રી મણીલાલભાઈ*
*શ્રી દિ. જૈન એસોસિયેશન ટ્રસ્ટીગણ–લંડન*

હિંમતમામા સ્વર્ગે સિધાવ્યા,
મુમુક્ષુઓ દુ:ખમાં ડૂબી ગયા;

એમનો અસીમ ઉપકાર શબ્દોમાં વર્ણવ્યો ન જાય,
હૃદયની ભાષા પૂરેપૂરી વાણીથી ન કથાય.

સમયસાર, નિયમસાર, પ્રવચનસારના હરિગીતો ગાઈએ,
સમયસારની અને ગુરુદેવની સ્તુતિ જ્યારે બોલીએ,
ત્યારે એમની સ્મૃતિ અચૂક નજર સમક્ષ થાય,
આવા અવર્ણનીય ઉપકારને કેમ ભૂલાય ?

આગમોના ભાવોને અકબંધ જાળવી,
ગુરુદેવના આશયને બરાબર મેળવી;
ગુજરાતી માતૃભાષામાં અનુવાદ કરી,
સોના સમ ગુરુવાણીમાં જાણે સુગંધ ભરી.

જેમ નિશ્ચયની સાથે હસ્તાવલંબન વ્યવહાર હોય,
તેમ ગુરુદેવની વાણીની સાથે સંકળાયેલ હરિગીતો હોય;
ગુરુદેવનો પ્રતાપ–મહિમા પંચમઆરાના અંત સુધી રહેશે,
ત્યાં સુધી સાથે હિંમતમામાની સ્તુતિઓ–હરિગીતો ગાજશે.

મા હોય તે જન્મ આપે–જતન કરે,
આ ડબલ મા ''મામા'' તો મોક્ષના દ્વાર ખૂલ્લા કરે;
માણસ જીવતો આવે ને મરણ પામીને જાય,
મામા તો જીવતા આવ્યા ને જીવતા ગયા.

મામા પોતાનું નામ અમર કરી ગયા,
મુમુક્ષુઓના હૃદયમાં અનોખું સ્થાન પામી ગયા;
મામા મુમુક્ષુઓના દિલમાં સદાય જીવંત જ રહેશે,
મામા સદાય પ્રેમ, આદર અને માનથી બિરાજશે.

*

## આ કાળના વિશિષ્ટ પુરુષ શ્રી હિંમતભાઈ

–સુરત દિ. જૈન મુમુક્ષુમંડળ

આદરણીય પંડિતજી પૂ. ગુરુદેવશ્રીના હૃદયના ઝગમગતા તારા હતા. અનેક સદ્‌ગુણોના નિકેતન એવા આદરણીય પંડિતજીના નિરભિમાનતા, નિસ્પૃહતા અને નીડરતા આદિ ગુણો ઊડીને આંખે વળગે તેવા છે. ખરેખર પૂ. ભગવતી માતાએ તેમને 'ઊંડા આદર્શ આત્માર્થી' એવું બિરુદ આપ્યું તે ઘણું જ યોગ્ય છે. જેમ સમ્યગ્દર્શન એ મોક્ષમાર્ગનું મૂળ છે તેમ આદર્શ આત્માર્થિતા એ સમ્યગ્દર્શનનું મૂળ છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવાની ગમે તેટલી ઉત્કટ ભાવના હોવા છતાં પણ પૂર્ણ આત્માર્થિતા વગર તે પ્રગટી શકે નહીં.

પંચ પરમાગમોના ઉપોદ્‌ઘાત લખીને તો તેમણે કમાલ કરી છે. ઉપોદ્‌ઘાત વાંચતા જ આખા શાસ્ત્રનો સાર નજર સમક્ષ તરવરવા લાગે છે. આદરણીય પંડિતરત્ન પૂજ્ય હિંમતમામાના વિયોગથી આપણા મુમુક્ષુ સમાજને ન પુરાય તેવી મોટી ખોટ પડી છે. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મયુગના

શરૂઆતથી જ તેઓ સાક્ષી હતા. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરહ પડ્યો તો આપણને પ્રશમમૂર્તિ ભગવતી માતાએ સહારો આપ્યો. પરંતુ હવે આપણું કોણ ? ખરેખર એ પ્રશ્ન અત્યંત મુંઝવી રહ્યો છે.

અંતમાં પ. પૂ. ગુરુદેવશ્રી તથા પૂ. ભગવતીમાતાના અત્યંત કૃપાપાત્ર 'ઊંડા આદર્શ આત્માર્થી', નિકટ મોક્ષગામી આદરણીય પંડિતરત્ન પૂ. શ્રી હિંમતમામાને અંદરના ઊંડાણથી લાખ લાખ વંદન હો. તેઓ શીઘ્ર કેવળજ્ઞાન લક્ષ્મીને પ્રાપ્ત થાય એવી ભાવના. તેમની આદર્શ આત્માર્થિતાને આપણા જીવનનું ધ્યેય બનાવી આપણે પણ આપણો અમૂલ્ય મનુષ્યભવ સફળ કરીએ એ જ અભ્યર્થના.

*

## અણમોલ રત્ન : પૂ. મામા

*—દાહોદ મુમુક્ષુ વૃંદ—મહાવીરનગર તેરાપંથી દિગંબર જૈન મંદિર*

જ્યારે જગતમાં સર્વોત્કૃષ્ટ પુણ્ય અને પવિત્રતાના સંગમ એવા તીર્થંકરના જીવનો અવતાર થાય ત્યારે તે જીવના પ્રભાવના-ઉદયરૂપ નિમિત્તો સાથે હોય એવો અનાદિ નિયમ છે.

આપણા સુવર્ણપુરીના અલૌકિક ઈતિહાસના રાજા—ત્રિલોક પૂજ્ય તીર્થંકરનું મંગલ દ્રવ્ય—એવા પૂ. ગુરુદેવશ્રી તથા ભગવત્‌સ્વરૂપ પૂ. બહેનશ્રીના અધ્યાત્મ દરબારનું અણમોલ રત્ન એટલે પૂ. આદરણીય મામા.

મહાપુરુષોની કુંદનકૃપાને પાત્ર તથા શ્રુતદેવતાના વરદાનને વરેલા, કુંદકુંદ-ભારતીના પનોતા પુત્ર એવા પૂજ્ય મામાના સદ્‌ગુણો અકથનીય છે; કેમ કે તે પવિત્ર વિદેહી આત્મા છે અને એટલે જ જ્યારે સુવર્ણપુરી તીર્થધામમાં અમે દર્શન શરૂ કરીએ જિનમંદિરથી ક્રમે ક્રમે સમવસરણ ને છેલ્લે નંદીશ્વરના દર્શન કરીએ ત્યારે સહેજે એમ થઈ જાય કે હજુ એક મંદિર બાકી રહે છે ને તે....મુમુક્ષુતાના પરમ ગુણોથી શોભાયમાન માનવનું મંદિર એટલે પૂ. મામાનું નિવાસસ્થાન કે જેના હીંચકામાં ભગવત્ કુંદકુંદાચાર્ય તથા અમૃતચંદ્રાચાર્યના મધુરા શ્લોકો-હરિગીતો ગુંજતા હોય...ને તરત જ એ દિશામાં જ વળી જવાય. કાંઈક જિજ્ઞાસાના લોભ સાથે કે....આજે મામા કાંઈક નવો ન્યાય ખોલશે....મોડા જઈશું તો રહી જઈશું.

આપના નિરંતર જ્ઞાયકતત્ત્વના ચાલતા રટણના ફળરૂપે આપના કરકમલથી ઝરેલી ગદ્ય-પદ્ય રચનાઓ, ગામેગામના સ્વાધ્યાયમંદિરોમાં મુમુક્ષુના કંઠે હંમેશ ગુંજે છે. તે રીતે આપ ચિરસ્મરણીય છો.

પૂ. માતાજીનો આપ સાથે થયેલો પરમાર્થપ્રકાશક પત્રવ્યવહાર પણ 'જ્ઞાનવૈભવ' —સાધનાવાણી પુસ્તકરૂપે મુમુક્ષુઓને સાંપડ્યો તે માટે અમે આપ પ્રત્યે અત્યંત આભારવશતાની લાગણી અનુભવીએ છીએ. શાસ્ત્રોના ઉકેલ કરવાની ને આત્માર્થ પોષાય તેવી આપની તર્કસંગત તત્ત્વચર્ચાઓ અમ અલ્પ બુદ્ધિ જીવોને સરળ રીતે આપ દ્વારા સમજાઈ જતી તે ઉપકારનો બદલો વાળવા અસમર્થ છીએ.

આપશ્રી સ્વભાવે અતિગંભીર, વૈરાગ્યવંત, શાંત, ઊંડા તત્ત્વચિંતક ને સજ્જનતાથી શોભાયમાન ગુણોના ધારક હતાં. જ્યારે જ્યારે પણ આપનો સત્સંગ મેળવવાનો મોકો અમને મળ્યો તે મીઠાં સંસ્મરણો, અધ્યાત્મતત્ત્વના અપૂર્વ ખુલાસાઓ, પંચપરમાગમનો જ્ઞાયકના લક્ષે અભ્યાસ કરવાનો નિત્ય સંદેશ, 'તારકતત્ત્વ'નો મહા અંતિમ મંત્ર વગેરે યાદ કરતાં અમારું હૃદય ભિંજાઈ જાય છે.

પંચપરમાગમ શ્રુતના ગુર્જર સર્જનહાર એવા આપને, આપના ઉપકારોને, દાહોદ મુમુક્ષુ સમાજ કોટિ કોટિ વંદન કરે છે.

અર્પણતા કરી બહુ જોર જ્ઞાની ચરણે રહ્યા
લક્ષે લઈ તારક તત્ત્વ, સ્વર્ગે સાથે થયા
પારદર્શી આપ જીવન અમ આદર્શ રહે
નિત મળે આ સત્સંગ, ભાવના ઉર વહે.

*

*—જ્ઞાનસુધા મહિલામંડળ-દાહોદ*

## "તારું જીવન ખરું તારું જીવન"

રાગ :—તોટક (તુમ વીર ધવલ ગુણ કીર્તિ ધરે)

સાગર સમ અતિ ગંભીર જીવન, હિમ સમુ શીતલ ઝરે વદન,
પૂર્વ વિદેહી જીવ જયંદ-જિણંદ, વિદ્વતા પ્રતિભા છે, સત્ સંપન્ન.
શ્રુત ઉકેલ્યા રૂડા અતિ ગહન, અનુવાદ મળ્યા ભાગ્યે ભવિજન;
યુગ યુગ સેવ્યા જેણે સંત ચરન, તારકતત્ત્વ પ્રતિ જેનું શીઘ્ર ગમન.
ગુરુ માત કૃપાના આશીર્વચન, મોક્ષપુરી ગમન છે નિકટમહીં;
એવા પવિત્રાત્માને છે પ્રણમન, મામા આપ જીવન ખરૂં આપ જીવન.

*

*—શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, કલકત્તા.*

પંચ પરમાગમોના ગંભીર ભાવોનો અક્ષરશઃ અનુવાદ અધ્યાત્મ પંડિતરત્ન શ્રી હિંમતભાઈએ કર્યો, ગાથાના ભાવો અનુસાર હરિગીતની રચના કરી. આમ વીતરાગ દેવ-શાસ્ત્ર- ગુરુની અપૂર્વ સેવા કરનાર નિઃસ્પૃહી આદરણીય પંડિતજી આજે આપણી વચ્ચે રહ્યા નથી જે દુઃખદ વિરહથી થયેલ ક્ષતિ સમાજમાં ક્યારેય પૂરી થઈ શકે તેમ નથી. *

*શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, જેતપુર*

વંદનીય, આગમ (ધર્મ શાસ્ત્ર) અનુવાદક પં. શ્રી હિંમતભાઈ શાહનું દુઃખદ અવસાન થયાના સમાચાર જાણીને અમારું મુમુક્ષુમંડળ ઘણી જ આઘાતની લાગણી અનુભવે છે.

તેઓ નિરાભિમાની, શાંત સ્વભાવી, આગમના અનુવાદમાં સ્થંભ સમાન હતા. પૂ. ગુરુદેવશ્રીના શાસનની શોભા હતા. તેમના વિયોગથી સમાજને ઘણી જ ખોટ પડી છે. તેમના ઉપકાર ક્યારે પણ ભૂલી શકાશે નહિ.

તેઓ પોતાના પુરુષાર્થ મારફત સત્વરે અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ કરે એવી અમારી હાર્દિક પ્રાર્થના છે. *

*—શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, જલગાંવ*

ગઈકાલે ખૂબ જ દુઃખદ સમાચાર સોનગઢથી મળતાં સર્વ મુમુક્ષુઓને આઘાત થયો.

તાત્ત્વિક શબ્દોની ટંકશાળ એવા પંડિતજીએ ખૂબ જ પાયાનું કાર્ય—પંચપરમાગમની ગાથાઓનો અને સમર્થ આચાર્યની ટીકાનો સુંદર ગુજરાતી અનુવાદ કરી મુમુક્ષુ જગત ઉપર અનહદ ઉપકાર કર્યો

છે, જે અમૂલ્ય છે. તેના ફળસ્વરૂપ ઘરે ઘરે શાસ્ત્રજીની પધરામણી થઈ અને અભ્યાસ દ્વારા આત્મકલ્યાણનો માર્ગ મળ્યો. સદા પ્રસિદ્ધિથી દૂર રહેતા આવા વિદ્વાન ગુણી પંડિતજી સોનગઢના હીરલા હતા. પૂજ્ય ગુરુદેવના હૃદયના ઊંડાણને સમજનાર, આજ્ઞાંકિત, અજોડ સદ્‌ગુણી આપણા સૌના વહાલા ઉપકારીની આ ખોટ સહન કરવી મુશ્કેલ છે.

અમો સૌ મુમુક્ષુ હૃદયના ઊંડાણથી તેમને શ્રદ્ધાંજલિ અર્પિએ છે. તેઓ શીઘ્ર પૂર્ણતાને પામે તેવી સર્વજ્ઞદેવને પ્રાર્થના કરીએ છીએ.

*

## મુમુક્ષુ સમાજના અપાર ઉપકારી : આદરણીય પંડિતજી

*શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, મુંબઈ*
*પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ, દેવલાલી*
*શ્રી કુંદકુંદ-કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટ, મુંબઈ*
*૧. મુકુંદભાઈ ખારા ૨. કાંતિભાઈ આર. મોટાણી ૩. પ્રવીણભાઈ પી. વોરા.*

મુમુક્ષુ સમાજના અપાર-ઉપકારી આદરણીય પંડિતજીનો પૂજ્ય ગુરુદેવ શ્રી કહાનગુરુદેવશ્રીની શાસનપ્રભાવનામાં અતિ મહત્ત્વપૂર્ણ ફાળો રહેલો છે. તે મુમુક્ષુ સમાજ માટે અવિસ્મરણીય રહેશે. આપણા મુમુક્ષુ સમાજ ઉપર પંડિતજીનો અપાર અને અનહદ ઉપકાર છે. તેઓશ્રીએ અનેક શાસ્ત્રોનો ગુજરાતી અનુવાદ તથા તેની મૂળ ગાથાઓના ગુજરાતી પદ્યાનુવાદ, હરિગીત છંદમાં કર્યો છે તે સમાજને ઉપકારી છે. તદુપરાંત સમવસરણ સ્તુતિ, સમયસાર સ્તુતિ તથા પૂજ્ય કહાનગુરુદેવશ્રીની ઉપકૃતભાવભીની સ્તુતિની રચના અવિસ્મરણીય રહેશે. પંડિતજી પોતે અધ્યાત્મરસિક વિદ્વાન હોવા ઉપરાંત ગંભીર, વૈરાગ્યશાળી, શાંત અને મૃદુ તથા કવિ પણ હતા. આવા આપણા પંડિતજીનાં જવાથી આપણા સમાજને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

આપણા મુમુક્ષુ સમાજને પંડિતજીએ અમૂલ્ય અધ્યાત્મ વારસો આપેલ છે. તેને સ્મરણ કરી આજની પળે અમો હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

*

*—શ્રી મોરબી દિગંબર જિનમંદિર ટ્રસ્ટ*

આદરણીય પંડિતરત્ન પૂ. શ્રી હિંમતભાઈનું શ્રાવણ વદ-૮ ને શનિવાર સોનગઢ મુકામે દેહાવસાન થતાં આ સભા ઘેરા શોકની લાગણી વ્યક્ત કરે છે.

પ. પૂ. ગુરુદેવશ્રીના પરિચયમાં આવ્યા પછી પોતાનું સમગ્ર જીવન સોનગઢના ઉત્કર્ષ માટે અર્પણ કરીને સોનગઢને જ પોતાનું કાર્યક્ષેત્ર બનાવી તન-મન-ધનથી જે સેવા કરેલ છે તે ક્યારેય વિસ્મરણ થવા યોગ્ય નથી.

પ. પૂ. ગુરુદેવ તથા પ. પૂ. ભગવતી માતાનો આ ક્ષેત્રથી વિયોગ થતાં જે શૂન્યાવકાશ સર્જાયેલ તે પૂ. શ્રી હિંમતભાઈના પ્રત્યક્ષ યોગથી વર્તાયેલ નહીં; પરંતુ હવે આ ખોટ જરૂર અનુભવાશે.

*

*—શ્રી દિગંબર જૈન એસોસીયેસન, લંડન*

આદરણીય પંડિતજીનો દિગંબર મુમુક્ષુ સમાજ ઉપર મહાન ઉપકાર વર્તે છે, જેનો આભાર વ્યક્ત કરવા શબ્દો ઓછા પડે છે. દિગંબર સમાજે એક મહાન જ્ઞાનરત્ન ગુમાવ્યું. આપણને પરમાત્મા થવા માટે જે સમજી શકાય તેવો સહેલો રસ્તો બતાવ્યો છે તેનો ઉપકાર આપણે કઈ રીતે ભૂલી શકીએ ? તેઓ એક મહાન દિવ્ય વ્યક્તિ હતા, જે તેમના જીવન ઉપરથી આપણે જોઈ શકીએ છીએ. તેમનો આત્મા મોક્ષપંથે પ્રયાણ કરે તેવી અંતરની ભાવના સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

*

*—શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, રાજકોટ*

પંડિત શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહનો મુમુક્ષુ સમાજ ઉપર ઘણો જ ઉપકાર છે. તેઓશ્રીએ પંચપરમાગમોનો ગુજરાતી અનુવાદ અતિ કાળજીપૂર્વક પૂજ્ય ગુરુદેવશ્રીની હયાતિમાં કરેલો. એ ઉત્તમ કાર્યનો લાભ રાજકોટનો આખા મુમુક્ષુ સમાજ હંમેશા લઈ રહ્યો છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, રાજકોટના ટ્રસ્ટીઓ અને સંઘ વતી પંડિતજીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

*

*—ઘાટકોપર ભગવતી મહિલામંડળ*

આપણા ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન પૂ. હિંમતલાલ જેઠાલાલ શાહ, પંચપરમાગમના અનુવાદક, સમવસરણાદિ સ્તુતિ રચનારા આપણી વચ્ચે નથી રહ્યા, પરંતુ પંચપરમાગમના અનુવાદ, હરિગીત, મધુર ઉપોદ્‌ઘાત દ્વારા તેઓ અક્ષર દેહે આપણી વચ્ચે જ છે. તેઓને શત શત શ્રદ્ધાંજલિ.

*

*—શ્રીકુંદકુંદ કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, પાર્લા-શાંતાક્રૂઝ*

પૂજ્ય ગુરુદેવશ્રીના અનન્ય ભક્ત અને પંડિતનું બિરુદ પામનાર તથા ભગવતી માતાના વડીલ બંધુ પ્રખર વિદ્વાન શ્રી હિંમતભાઈ જે. શાહના દેહ વિલયના ઓચિંતા સમાચાર સાંભળી અમારા મંડળના સર્વે સભ્યો તથા ટ્રસ્ટીગણે ઊંડો આઘાત અનુભવેલ છે. તેઓ શીઘ્ર મોક્ષરમણીને વરે એમ અમારા સૌની ભાવભરી શ્રદ્ધાંજલિ આપીએ છીએ.

*

આપણા સૌના આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતભાઈ જે. શાહના સ્વર્ગવાસના સમાચાર સાંભળીને અમે, વોશિંગટન ડી. સી. મેટ્રોપોલીટન વિસ્તારના આધ્યાત્મિક સ્વાધ્યાય ગ્રુપના સભ્યો, અત્યંત દુઃખની લાગણી અનુભવીએ છીએ.

આ દુઃષમ કાળમાં પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ સમ્યગ્દર્શનનો યુગ પ્રવર્તાવ્યો. અધ્યાત્મનાં રહસ્યો ખુલ્લાં કરીને અલૌકિક ધાર્મિક ક્રાંતિ કરી. પૂ. ગુરુદેવશ્રીના પરમ ભક્ત મુ. શ્રી હિંમતભાઈ તે ક્રાંતિસેનાના અગ્રગણ્ય સેનાનીઓમાંના એક હતા.

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ પ્રણીત પંચપરમાગમો તથા તેમની શ્રીમાન અમૃતચંદ્ર આચાર્ય દ્વારા રચિત ટીકાઓનો ગુજરાતી અનુવાદ કરીને શ્રી હિંમતભાઈએ આખા મુમુક્ષુસમાજ ઉપર અવર્ણનીય ઉપકાર

કર્યાં છે, જેને માટે આપણે સૌ તેઓશ્રીના સદાકાળ ઋણી રહેશું.

વોશિંગ્ટનમાં વસતા અમારા જેવા જિજ્ઞાસુઓ ભેગા મળીને દર રવિવારે બે કલાક સમયસારાદિ શાસ્ત્રોનો સમૂહ સ્વાધ્યાય કરીએ છીએ. આ સ્વાધ્યાયની શરૂઆત અમે શ્રી હિંમતભાઈ વિરચિત 'સમયસાર સ્તુતિ' ગાઈને જ કરીએ છીએ.

આ પત્ર દ્વારા અમે સૌ પંડિતરત્ન હિંમતભાઈને અમારી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. એમનો આત્મા ઉત્તરોત્તર આધ્યાત્મિક પ્રગતિ સાધીને પૂ. ગુરુદેવ તથા પૂ. ભગવતી માતાની મંગલવર્ષિની છાયામાં અંતિમ સાધ્યને શીઘ્રાતિશીઘ્ર સાધો એવી પવિત્ર ભાવના ભાવીએ છીએ.

અમેરિકાના વિભિન્ન ગામોમાં રહેતા મુમુક્ષુઓ

| | |
|---|---|
| ૧. રજનીકાંત ગોસલીઆ; ગ્લેનડેલ, MD | ૨. ડૉ નિરેન નાગડા; જર્મનટાઉન, MD |
| ૩. જયાબેન નાગડા; જર્મનટાઉન, MD | ૪. કલાબેન જૈન; સ્પ્રીંગફીલ્ડ, VA |
| ૫. ભવાનજી જૈન; સ્પ્રીંગફીલ્ડ, VA | ૬. કુશલ જૈન; પોટોમેક ફોલ્સ, VA |
| ૭. માનકુંવર જૈન; પોટોમેક ફોલ્સ, VA | ૮. સરલા ગોસલીઆ; ગ્લેનડેલ, MD |
| ૯. નરેન્દ્ર ગોડા, હસ્ડન, VA | ૧૦. જ્યોતિબહેન ગોડા, હસ્ડન, VA |
| ૧૧. મનસુખલાલ હરીયા | ૧૨. તલક શાહ, રોકવીલ, MD |
| ૧૩. રંજન શાહ, રોકવીલ, MD | ૧૪. પ્રતીક્ષ માણેકજી ખોના, MD |
| ૧૫. પ્રતીક્ષા મોમાયા, સીલ્વર સ્પ્રીંગ, MD | ૧૬. પ્રમીલા એમ. ખોના, સીલ્વર સ્પ્રીંગ, MD |
| ૧૭. અંજુ વોરા, સીલ્વર સ્પ્રીંગ, MD | ૧૮. દેવાંગ કામદાર, સીલ્વર સ્પ્રીંગ, MD |
| ૧૯ જયવંતી શાહ, લનહામ, MD | ૨૦. પ્રબોધ, અરૂણા શાહ, VA |
| ૨૧. જ્યોતિ કમલ સંઘાણી | ૨૨. કનુ દોશી, MD |

*

*—શ્રી ઘાટકોપર ભજન મંડળી, મુંબઈ*

૫. પૂ. સદ્ગુરુદેવશ્રી તથા પ્રશમમૂર્તિ ભગવતી માતાના અત્યંત કૃપાપાત્ર એવા ઊંડા આદર્શ આત્માર્થી આદરણીય પંડિતરત્ન પૂ. હિંમતમામાના વિયોગથી અમને અત્યંત દુઃખ થયું છે. પૂ. મામાએ દર્શાવેલા 'આદર્શ આત્માર્થી'પણાને આપણા જીવનનું ધ્યેય બનાવીએ.

*

*—શ્રી કુંદ-કહાન-સૂર્ય સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, બેંગલોર*

*—મનુભાઈ, મનિષ, રશ્મિન, એચ. એમ શેઠ વગેરે મુમુક્ષુસંઘ*

પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય માતાજી બાદ પૂ. પંડિતજીનું છત્ર આપણે ગુમાવ્યું છે તે વિચાર આવતાં અત્યંત દુઃખ થાય છે. આપણને સૌને આધ્યાત્મિક માર્ગદર્શન આપનાર પૂજ્ય પંડિતજી આજે આપણી વચ્ચે નથી. સમયસારજી આદિ પંચપરમાગમોનો અનુવાદ તથા હરિગીતનું અભૂતપૂર્વ મહાન કાર્ય બદલ આપણે સૌ તેમના જીવનભર ઋણી છીએ.

પૂ. ગુરુદેવ, પૂ. માતાજી તથા આદરણીય પંડિતરત્ન પૂ. હિંમતભાઈએ બતાવેલ પુરુષાર્થના માર્ગે આપણે સૌ શીઘ્ર આત્મજ્ઞાન પ્રાપ્ત કરીએ તેવી ભાવના. *

# આચાર્ય ભગવંતોના ગંભીર ભાવો ખોલનાર : પંડિતજી

*—શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ-નવરંગપુરા*

પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા ભગવતીમાતા ચંપાબેનના અનન્યભક્ત અધ્યાત્મરસિક, શાંત, વિવેકી, ગંભીર અને વૈરાગ્યશાળી, સજ્જન, વિદ્વાન ભાઈ શ્રી હિંમતભાઈ જેઠાલાલ શાહના દેહવિલયના સમાચાર મુમુક્ષુ ભાઈ-બહેનો માટે અત્યંત આઘાતજનક છે.

તેઓશ્રીએ શ્રી સમયસારજી, પ્રવચનસારજી વગેરે આધ્યાત્મિક મહાન ગ્રંથોના અનુવાદ ઉપરાંત તેની મૂળ ગાથાઓનો ગુજરાતી પદ્યાનુવાદ હરિગીત છંદમાં કર્યો છે. તે મધુર, સ્પષ્ટ અને સરળ હોવાના કારણે જિજ્ઞાસુ જીવોને બહુ જ ઉપયોગી અને ઉપકારી થયેલ છે. તેઓશ્રી ખરેખર અભિનંદનીય છે. જિનવાણીના પ્રકાશનમાં તેમનો મહત્ત્વનો ફાળો રહ્યો છે.

આચાર્ય ભગવંતોના ગંભીરભાવો યથાર્થપણે જળવાઈ રહે એવી રીતે તેને સ્પર્શીને અનુવાદ કર્યો છે. સાથે તેમની કવિત્વશૈલી જણાઈ આવે છે. અનેક જગ્યાએ ફુટનોટ દ્વારા તેના અર્થો અને ખુલાસાઓ કરીને ઘણી સ્પષ્ટતા કરવામાં આવી છે. આવા સર્વોત્કૃષ્ટ શાસ્ત્ર આપણી માતૃભાષામાં પ્રાપ્ત થવામાં તેમનો મહત્ત્વનો ફાળો છે. તેમના લખેલા ઉપોદ્‌ઘાતમાં તેમનું અંતર પ્રતિબિંબિત થયેલ છે. તેઓશ્રી ઉચ્ચ કેળવણી પામેલ અને સંસ્કૃતમાં પ્રવીણ હતા.

વીતરાગમાર્ગમાં કેલી કરતા શીઘ્ર શીઘ્ર પૂરણતાને પ્રાપ્ત થાવ...

*

*—બેંગલોર દિગંબર મુમુક્ષુમંડળ*

*૧. ભબુતમલજી ભંડારી ૨. પ્રવીણભાઈ દોશી, ૩. માંગીલાલજી ભંડારી,*
*૪. ચંપાલાલજી ભંડારી, ૫. રમેશ ભંડારી, ૬. માણેકલાલજી જૈન*

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ધર્મસભાના અગ્રગણ્ય રત્નોમાં મુખ્ય કોહીનૂરના હીરા સમાન શ્રી પંડિતજીએ આપણા દિગંબર મુમુક્ષુ સમાજ પર અનેક પ્રકારે ઉપકાર કરેલ છે. પંડિતરત્ન શ્રી હિંમતભાઈ, પૂ. ગુરુદેવશ્રીની આજ્ઞા અનુસાર ગુજરાતી અનુવાદ ખૂબ જ કાળજીપૂર્વક મૂળ ભાવો જળવાયા—તદ્‌ઉપરાંત—મૂળ ગાથાનાં—ગુજરાતીમાં જે હરિગીતની ગૂંથણી તે તો કોઈ ધન્ય પળે થઈ ગઈ.

આવા અનેક પ્રકારે, અનેક સુંદર કાર્યો દ્વારા શ્રી હિંમતભાઈ પંડિતજીના આપણા પર ઉપકાર છે. પંડિતજી શ્રી હિંમતભાઈનું નામ, તેઓશ્રીના અનેકવિધ ઉપકારોથી જૈન-ઇતિહાસમાં અમર રહેશે. અમારા હાર્દિકભાવપૂર્વક અમે સૌ તેમને આ પુષ્પ દ્વારા શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.

*

*—શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુમંડળ, મલાડ.*

પૂજ્ય પંડિતજી અલૌકિક પુરુષ હતા. તેઓ વૈરાગ્યમય જીવન જીવ્યા. પૂજ્ય ગુરુદેવ અને સોનગઢતીર્થ પ્રત્યે તેઓને પૂરેપૂરી અર્પણતા હતી. સોનગઢમાં પવિત્ર વાતાવરણ સહેજે સૌ કોઈ આત્માર્થીને અનુભવાય છે; કારણ કે એ પવિત્ર ભૂમિ છે. પરમ પૂજ્ય આચાર્ય શ્રી કુંદકુંદભગવાન, વિદેહી શ્રી સીમંધર-ભગવાનના સમવસરણમાં આઠ દિવસ રહેલા તેથી તેમણે લખેલાં પરમાગમો શુદ્ધાત્માનો મહિમા પ્રગટ કરે છે. શ્રી મહાવીર ભગવાને આપેલો ઉપદેશ પંચમ આરાના અંત સુધી ચાલુ રહેશે તેથી કુંદકુંદાચાર્યદેવને

વિદેહના સીમંધરસ્વામીએ આશીર્વાદ આપ્યા કે ''સદ્ધર્મવૃદ્ધિ હજો''. એ વાત આપણને પૂજ્ય ગુરુદેવે પ્રવચનમાં કહી છે.

પૂજ્ય ગુરુદેવની આજ્ઞા પ્રમાણે પંડિતજીએ કરેલા સમયસારાદિ પરમાગમોના ગુજરાતી અનુવાદ અને પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેપપ્રવચનો અને બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃતોનો ખજાનો આ પ્રવાહને ચાલુ રાખશે. ક્યાં સુધી ? પંચમઆરાના અંતિમ સમય સુધી. તેનાથી અનેક જીવો રત્નત્રયને પામશે. જેમ કુંદકુંદાચાર્યનાં શાસ્ત્રો પ્રાકૃત ભાષામાં હતાં તેની ટીકા સંસ્કૃતમાં થતા તે દિવ્યધ્વનિ ચારે દિશામાં ફરી પ્રગટ થઈ, તેમ પૂ. પંડિતજીએ કરેલા સમયસારાદિ ગુજરાતી અનુવાદો, અખંડ રીતે શુદ્ધાત્માના ભાવોથી ભરેલા હોવાથી પૂજ્ય ગુરુદેવની હાજરીમાં પ્રકાશિત થયા તે, તથા પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃતો ભવિષ્યમાં દિવ્યધ્વનિ સરિતા પંચમઆરાના અંત સુધી ચાલુ રાખશે.

પૂજ્ય પંડિતજીને સોનગઢ અખંડ શુદ્ધાત્મ-ઉપદેશનું કેન્દ્ર રહે તે જ તેમના હૃદયની ભાવના હતી. તેમણે રચેલી સમયસારજી સ્તુતિ, પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપપ્રવચન પહેલાં આપણે ગાઈએ છે તે જ્ઞાન અને વૈરાગ્યની ગંગા છે. આપણે સૌ આ જ્ઞાન સરિતામાંથી અંજલિ ભરી ભરી તેનું પાન કરીએ અને તેઓ રત્નત્રય પ્રાપ્ત કરી મોક્ષપદની પ્રાપ્તિ કરે તે જ પૂ. પંડિતજીને શ્રદ્ધાંજલિ છે. *

*—શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન તીર્થસુરક્ષા ટ્રસ્ટ,*
*મહામંત્રી : વસંતભાઈ એમ. દોશી*

આપણા સૌના વડીલને અધ્યાત્મના પ્રખર જાણકાર પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના દુ:ખદ અવસાનના સમાચાર મળતાં અમને દુ:ખ ને આઘાત લાગ્યો છે. તેઓશ્રીની સાહિત્યિક સેવાઓ મુમુક્ષુજીવો માટે ઉપકારી છે. પૂ. ગુરુદેવશ્રીની પાવન નિશ્રામાં રહી પંચપરમાગમ શાસ્ત્રોનો ગુજરાતી અનુવાદ તથા ગાથાઓનો પદ્યાનુવાદ કરેલ છે તે જિજ્ઞાસુઓ માટે હરહંમેશ માર્ગદર્શક—પથપ્રદર્શક બની રહેશે. તેઓ નિર્માન વ્યક્તિત્વના ધણી હતા ને આત્માર્થના ખોજી હતા; તે આપણે માટે ગૌરવનો વિષય છે.

